# રૂઢિપ્રયોગ અને કહેવત સંગ્રહ

પુનઃ મુદ્રણ
૨૦૧૦

सत्यमेव जयते

ભાષા નિયામકની કચેરી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર
૧૯૯૮

**RUDHIPRAYOG ANE KAHEVAT SANGRAH**
by Director of Languages
Gujarat State, Gandhinagar.

**રૂઢિપ્રયોગ અને કહેવત સંગ્રહ**

© ભાષા નિયામકની કચેરી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર (ગુજરાત)
પિનકોડ - ૩૮૨૦૧૦

**પ્રથમ આવૃત્તિ : ૧૯૯૨**
**દ્વિતીય આવૃત્તિ : ૨૦૧૦**

**કિંમત : રૂા.**

**પ્રકાશક**
**ભાષા નિયામકની કચેરી**
ગુજરાત રાજ્ય
ગાંધીનગર (ગુજરાત)
ભારત

**મુદ્રક :**

# પ્રાસ્તાવિક

લોકશાહીમાં, એની ખૂબ જ જાણીતી વિભાવના પ્રમાણે, વહીવટ લોકોનો હોય, લોકો માટે હોય અને લોકો દ્વારા ચાલતો હોય તો લોકભાષા જ રાજભાષા હોવી જોઈએ. ગાંધીજીએ આગ્રહપૂર્વક કહેલું કે, સ્વરાજની ભાષા માતૃભાષા જ હોવી જોઈએ. સમાજનો અદનામાં અદનો માનવી પણ પોતે વહીવટનો ભાગીદાર છે એવી એને અનુભૂતિ કરાવવી હોય તો સમગ્ર વહીવટ લોકોની ભાષામાં જ થવો જોઈએ. રાજભાષા લોકો સમજી શકે એવી શુદ્ધ હોવા સાથે સાહજિક-સરળ અને સ્પષ્ટ હોવી ઘટે. આવી સ્વાભાવિકતા લાવવામાં કહેવતો અને રૂઢિપ્રયોગોનો ફાળો અમૂલ્ય છે.

ગુજરાતી ભાષામાં રૂઢિપ્રયોગો અને કહેવતોનો અર્થ સાથેનો કોશ ઘણા દાયકાઓથી સુલભ ન હતો. ગુજરાતી ભાષામાં લગભગ ૯૦ વર્ષ પૂર્વે સન ૧૯૦૨માં શ્રી જમશેદજી નશરવાનજી પીતીતે 'કહેવતમાળા' ભાગ ૧ અને ૨ તૈયાર કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો. શ્રી જમશેદજી પીતીત પારસી હતા. ગુજરાતી ભાષા પ્રત્યેના પ્રેમના કારણે એમણે સીમાચિહ્નરૂપ 'કહેવતમાળા' નામનો આ સંગ્રહ તૈયાર કર્યો, પરંતુ દસેક હજાર ઉપરાંત કહેવતોનો આ સંગ્રહ પ્રસિદ્ધ થાય તે પહેલાં એમનું અવસાન થયું. એમનાં માતુશ્રી અને એમના મિત્ર શ્રી જીજીભાઈ પેસ્તનજી મિસ્ત્રીએ એમનું આદર્યું અધૂરું કાર્ય પૂરું કર્યું અને 'કહેવતમાળા' ભાગ-૧,૨ પ્રસિદ્ધ કર્યા. એમાં કક્કાવારી પ્રમાણે ગોઠવીને કહેવતો આપી છે, સાથે દેશવિદેશની ભાષાઓનાં અવતરણો પણ આપ્યાં છે. કાળક્રમે વિચારીએ તો ગુજરાતીમાં સૌ પ્રથમ સ્વ. દામુભાઈ ડાહ્યાભાઈ મહેતાએ 'ગુજરાતી કહેવતોનો સંગ્રહ' પ્રકાશિત કર્યો. તેમના પહેલાં નર્મદે પોતાના કોશમાં કહેવતો રજૂ કરી છે.

છેલ્લા બે દાયકામાં 'કહેવતોનાં કથાનકો' એવા સમાન શીર્ષકવાળા બે ગ્રંથો, એક સ્વામી પ્રણવતીર્થજી (પૂર્વાશ્રમના નિવૃત્ત માહિતી નિયામક, વડોદરા રાજય) અને બીજાં શ્રી શારદાપ્રસાદ વર્મા દ્વારા પ્રસિદ્ધ કરાયા છે. આમાં કહેવત કથાનકો રસિક રીતે નિરૂપાયાં છે. શ્રી જયભિખ્ખુએ પણ 'બાર હાથનું ચીભડું' અને 'તેર હાથનું બી' એ બંને મથાળાં હેઠળ કુલ ચાર પુસ્તિકાઓ પ્રકાશિત કરી છે. 'ભગવદ્‌ગોમંડળ'માં તો ગુજરાતી કહેવતોનો ખજાનો છે. આ ઉપરાંત 'આપણી કહેવતો' નામે એક સંગ્રહ શ્રીમતી અનસૂયાબહેન ત્રિવેદી દ્વારા અને બીજો એક સંગ્રહ શ્રી આશારામ દલીચંદ શાહ

રચિત 'ગુજરાતી કહેવતસંગ્રહ' નામે અમદાવાદથી 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય' દ્વારા પ્રકાશિત થયા છે. શ્રી દુલેરાય કારાણીએ 'કચ્છી કહેવતો' નામે સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે. આવા છૂટાછવાયા પ્રયાસો ઘણા થયા પરંતુ ગુજરાતીમાં રૂઢિપ્રયોગ અને કહેવતો વિશે એક અદ્યતન સુસંકલિત પ્રકાશન થયું ન હતું તેથી, ભાષાનિયામક કચેરી મારફતે સરકારે 'પ્રાદેશિક ભાષાઓનો વિકાસ' એ આયોજન યોજના હેઠળ આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે.

પ્રાદેશિક ભાષાઓના વિકાસની દિશામાં ગુજરાત સરકાર, ગુજરાત રાજ્યની રચના થઈ તે સમયથી સતત પ્રયત્નશીલ રહી છે. ભાષા-વિકાસના ક્ષેત્રે ભાષાનિયામક કચેરી મારફતે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે અને સાહિત્ય પરિષદ જેવી ભાષા-સાહિત્યનું કામ કરતી અનેક સંસ્થાઓને સહાય ઉપરાંત સંખ્યાબંધ શબ્દકોશો, શબ્દસંચયો તથા અન્ય પ્રકાશનો બહાર પાડ્યાં છે. એમાં 'ત્રિભાષી વહીવટી શબ્દકોશ', મહેતા અને મહેતા કૃત 'ગુજરાતી - અંગ્રેજી શબ્દકોશ ગ્રંથ ૧ અને ૨, 'બૃહદ વહીવટી કોશ', 'ગુજરાતી ભાષા-પરિચય', 'ગુજરાતી ભાષાની જોડણી : નિયમો અને શબ્દાવલી' સાર્વત્રિક આવકાર પામ્યાં છે. ગુજરાતી લઘુલિપિના ક્ષેત્રે પણ બે મૂલ્યવાન પાયાનાં પ્રકાશનો પ્રસિદ્ધ કરાયાં છે.

સ્વાભાવિક રીતે એવો પ્રશ્ન થાય કે રૂઢિપ્રયોગો અને કહેવતોની સરકારી લખાણમાં શી જરૂર ? બીબાંઢાળ નમૂનામાં જ લખાતા રહેલા મુસદ્દા, ઠરાવો, પત્રો, પરિપત્રો કે નોંધમાં આવા ભાષાકીય કે સાહિત્યિક પ્રયોગો કેટલા અંશે વાજબી કે ઉપયોગી ? અલબત્ત, લોકરાજ્યમાં લોકભાષા રાજભાષાનું સ્થાન પામી છે. આથી ગુજરાતી ભાષાનો આ લોકવારસો લોકાભિમુખ વહીવટમાં ઝિલાશે તો રાજભાષા વધુ સમૃદ્ધ બનશે. ઊંડા મૂળ નાખી રહેલી લોકશાહીમાં રાજગૃહોનું ઝડપભેર લોકગૃહમાં રૂપાંતર કરવામાં વાણી, વિચાર અને વર્તન ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી વાણી અને વિચાર ઉપર પ્રબળ અસર પાડનારાં રૂઢિપ્રયોગો અને કહેવતોના આવા સંગ્રહની ઘણા સમયથી ખોટ વરતાતી હતી. આ નાનકડો છતાં શક્ય તેટલો અદ્યતન અને પ્રતિનિધિરૂપ સંગ્રહ પ્રારંભમાં જણાવ્યું તેમ, સતત વિકસી અને વિસ્તરી રહેલા રાજભાષાના પ્રવાહમાં સરળતા, સાહજિકતા અને ગતિશીલતા લાવવામાં ચૂંટાયેલા લોક-પ્રતિનિધિઓ, વહીવટકર્તાઓ, અધિકારીઓ અને કર્મચારીઓને ખૂબ ઉપયોગી પુરવાર થશે. વિવિધ પ્રદેશોમાંથી ચૂંટાઈ આવતા લોકપ્રતિનિધિઓને મહદંશે લોકોની વાતો વાજબી રીતે જ લોકબોલીમાં કરે છે. આનાથી રાજભાષાનું પોત મજબૂત બને છે અને વક્તવ્ય ધારદાર

બને છે. આનાથી લોકોનાં વક્તવ્યો પોતાનાં ખમીરને જુસ્સાપૂર્વક વ્યક્ત કરી શકે તેવાં ઓજસપૂર્ણ પણ થશે.

આ સંગ્રહ તૈયાર કરવામાં ભાષાનિયામક કચેરીનાં સંશોધન અધિકારી શ્રીમતી જ્યોત્સ્નાબહેન સિ. ઝવેરી અને સંશોધન-શાખાએ ભારે ચીવટપૂર્વક કામગીરી કરી આ પ્રકાશન તૈયાર કરવામાં ઘણી સહાય કરી. ત્યારબાદ વિદ્વાન પરામર્શકો પ્રા. રતિલાલ સાં. નાયક અને શ્રી કનૈયાલાલ ગ. જોશીએ એકેએક રૂઢિપ્રયોગ અને કહેવત તપાસી, તે અંગે ચર્ચા કરી આ પ્રકાશનને અદ્યતન અને ઉપયોગી બનાવવા જે નિષ્ઠાપૂર્વક પરિશ્રમ ઉઠાવ્યો તે ધન્યવાદને પાત્ર છે. એમના સહકારથી જ આ સંગ્રહ આટલો સત્ત્વશીલ બની શક્યો છે. તે સૌના સહકારની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લેતાં આનંદ અનુભવું છું.

ધૂળેટી

**– કાલિદાસ ના. ત્રિવેદી**

તા. ૧૯/૩/૯૨

**ભાષાનિયામક**

ગાંધીનગર

રાજભાષામાં જ લખીએ,
શુદ્ધ, સરળ, સ્પષ્ટ ગુજરાતી લખીએ.

કચેરી સમયે રાજભાષામાં જ બોલીએ,
રાજભાષામાં જ લખીએ.

લોકાભિમુખ વહીવટમાં જનતાનું કામ
જનતાની ભાષામાં જ ચાલે એ જરૂરી છે.

યથા વક્તા તથા વાચા.

શુદ્ધ જોડણીનો આગ્રહ સાર્વત્રિક બનાવીએ.

## રૂઢિપ્રયોગો અને કહેવતો વિશે કંઈક...

'રૂઢિપ્રયોગ અને કહેવતસંગ્રહ' પ્રગટ થાય છે ત્યારે રૂઢિપ્રયોગ અને કહેવત વિશે કંઈક કહેવું ઉચિત ગણાશે.

ગુજરાતીમાં રૂઢિપ્રયોગ અને કહેવતસંગ્રહ ભલે ઓછા હોય પરંતુ એમના વિશે લખાયું છે ઘણું. વાગ્વ્યવહારને સચોટ અને મર્મગામી બનાવવામાં રૂઢિપ્રયોગ અને કહેવતોનું પ્રદાન અનન્ય છે.

રૂઢિપ્રયોગ અને કહેવત તો, પ્રા. યશવંત શુક્લ કહે છે તેમ, 'ભાષાનું ઘરેણું છે; પ્રજાનું સંઘરાયેલું ડહાપણ છે.' કવિશ્રી ઉમાશંકર જોશીના શબ્દોમાં કહીએ તો, 'કહેવત તો લોકકવિતાની ધ્રુવપંક્તિ છે' કહેવત એટલે કહેવાત, કહેલી વાત, કથન, લોકોક્તિ. અગાઉ બનેલા ચોટદાર જાણીતા બનાવો, વાર્તાલાપોમાંથી કહેવતો અને રૂઢિપ્રયોગો જન્મે છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા કહે છે તેમ, 'કહેવતો સામાજિક પરિસ્થિતિ અને પ્રચલિત માન્યતાઓમાંથી ઉદ્ભવે છે.' નર્મદ કહેવત વિશે નોંધે છે : 'પરંપરાથી લોકોમાં કહેવાતું આવેલું બોધરૂપ, દૃષ્ટાંતરૂપ વાક્ય. વિદ્વાનો, ડાહ્યા માણસો, અનુભવી માણસો જે વચન કહી ગયા તે છે કહેવત.'

રૂઢિપ્રયોગ અને કહેવત એટલે પ્રજાનું ઘૂંટાયેલું ભાષાબદ્ધ થયેલું ડહાપણ; અનુભૂત વાણી, સર્વાત્મક અનુભવોનું સ્વીકૃત લાઘવયુક્ત કથન. સંસ્કૃતમાં તેને ભાષા દ્વારા પ્રગટેલું 'અનુભવ-નવનીત' કહ્યું છે. કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે તો કહેવતને 'જીવનસંસારની આચાર-સંહિતાનો સાર' કહી છે. એરિસ્ટોટલે એને 'તત્ત્વજ્ઞાનનાં ખંડેરોમાંથી વીણી કાઢેલા ટુકડા' તરીકે ઓળખાવી છે, તો ડિઝરાયલીએ તેને 'ડહાપણનો કટકો' કહેલ છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં

કહેવતને 'કોયડાઓને ઉકેલતી કૂંચી' કહી છે. શેક્સપિયરે એના એક સોનેટમાં કહેવતને 'માર્ગસૂચક સ્તંભ કહી છે તો ટેનિસને એને 'દીવાદાંડી' રૂપે ઓળખાવી છે. શ્રી નરસિંહરાવ દિવેટિયાએ કહેવતને 'તિમિરને નિવારતી જ્યોતિ' કહી છે, તો ન્હાનાલાલે એને 'કિરણાવલિ' તરીકે ઓળખાવી છે. એમર્સન કહે છે તે પ્રમાણે, 'કહેવત એટલે એક માણસની સમયસૂચકતા અને ઘણાનું ડહાપણ. એની રચનામાં લોક-અનુભવ, લોક-અવલોકન અને લોક-ડહાપણનો ફાળો છે.' સાચા અર્થમાં રૂઢિપ્રયોગ અને કહેવત એ 'લોકવાણી' છે.

ચલણી સિક્કો ભૌતિક વ્યવહારમાં વિનિમયનું વાહન છે એમ રૂઢિપ્રયોગ અને કહેવત જનસમાજમાં દઢ બનેલા વિચારના વિનિમયનું, સંસ્કારનું વાણી વાહન છે.

એક અરબી લોકોક્તિ છે કે, "લવણ વિનાનું ભોજન જેમ લૂખું, તેમ કહેવત વિનાની ભાષા લૂખી." દરેક ભાષામાં કહેવતોથી લેખનમાં લાવણ્ય પ્રગટે છે અને ભાષાનો વૈભવ સમજાય છે.

કહેવતનાં રૂપ-આકાર વિશે પણ ઘણા મત પ્રવર્તે છે. ઓછામાં ઓછા શબ્દોમાં ભારોભાર અર્થનું ભરણું એ એની વિશિષ્ટતા છે. ટૂંકાણ-લાઘવ એ એનો આત્મા છે. એ લોક-અનુભવની અભિવ્યક્તિ છે; લોક-માન્યતાનું પ્રમાણપત્ર છે. લાઘવ એનું બાહ્ય સૌંદર્ય છે તેમ અર્થઘનતા એનું આંતર સૌંદર્ય છે. એમાં વ્યક્ત થયેલ લોકાનુભવમૂલક ઉક્તિ તેને સનાતનપણું બક્ષે છે અને તેનાથી પરંપરાપ્રાપ્ત ભાષાવૈભવમાં ઉમેરો થાય છે. કંચનની જેમ કહેવતને પણ કાટ લાગતો નથી, અલબત્ત, સંક્રાંતિકાળમાં એ નવાં કલેવર ધારણ કરતી જ રહે છે.

કહેવતની જેમ રૂઢિપ્રયોગનું ગોત્ર પણ લોક-અનુભવ જ છે. તેથી બંનેમાં સામ્ય ઘણું છે, તો ભેદ પાતળો પરંતુ પરખાય એવો છે. 'ચલણીપણું' એનું પણ એક વિશિષ્ટ લક્ષણ બની જાય છે. રૂઢિપ્રયોગમાં કહેવત જેવો જ લાક્ષણિક અર્થનો રણકો હોવો જરૂરી છે. આમ છતાં રચનાની દૃષ્ટિએ વિચારતાં, કહેવત સામાન્ય રીતે સ્વતંત્ર કથનનો ઘાટ ધારણ કરે છે, જ્યારે રૂઢિપ્રયોગ કથન શબ્દસમૂહમાં તાણાવાણાની જેમ ગૂંથાઈ જાય છે. કહેવતનું સ્વરૂપ સઘળા સંયોગોમાં એનું એ રહે છે, જ્યારે રૂઢિપ્રયોગનાં કાળ, લિંગ, વચન, વગેરે સંદર્ભ પ્રમાણે પરિવર્તન પામે છે. કહેવત એક સ્વતંત્ર ઉક્તિ છે; જ્યારે રૂઢિપ્રયોગ ઉક્તિનો અંશ છે અને ઉક્તિને ઓપ પણ આપે છે. કહેવત સૂત્રાત્મક હોય છે, છતાં બધાં સૂત્રો કહેવતો બની શકતાં નથી. કહેવતની મિતાક્ષરી બાંધણીમાં સૂત્રાત્મક સત્યની સાથોસાથ લોકવ્યવહારનો નિચોડ હોય છે. આના પરિણામે કહેવતો લોકજીભે ચઢી જાય છે; જ્યારે સૂત્રો પંક્તિ અને પોથીઓ પૂરતાં સીમિત રહી જાય છે.

ગુજરાત સમન્વયશીલ છે. એણે ઘણી ભાષાઓ, ઘણી સંસ્કૃતિઓ, ઘણાં પંથો, ઘણાં સંપ્રદાયો, ઘણા ન્યાત-જાત તથા વર્ણોને પોતાના વિશાળ હૈયામાં સમાવ્યાં છે. અરબી, ફારસી, પોર્ટુગીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ અને અન્ય ભારતીય પ્રાદેશિક ભાષાઓની પ્રબળ અસર એણે ઝીલી છે. એટલે ગુજરાતનું રૂઢિપ્રયોગ અને કહેવતધન ખૂબ સમૃદ્ધ છે અને છતાંય કમનસીબે શ્રી સ્વામી પ્રણવતીર્થ (પૂર્વાશ્રમના શ્રી રમેશનાથ ગૌતમ વડોદરા રાજ્યના માહિતીનિયામક, ૧૯૫૦) સખેદ નોંધે છે કે "ગુજરાતીમાં કહેવતસંગ્રહો બહાર પડતા રહેલા છે, પરંતુ કોઈના પ્રત્યે અનાદર રાખ્યા વિના કહેવું પડે છે કે એમાંનો એકેય પદ્ધતિપુરઃસર અને જરા

પણ પૂર્ણતાનો દાવો કરી શકે તેમ નથી. છેલ્લા જેવા-તેવા સંગ્રહનેય પણ ત્રીસ વર્ષ થઈ ગયાં છે. પછી ગુજરાતી વધારે વિશાળ બની છે એટલે કહેવતોનો પર્યાપ્ત સંગ્રહ થવો ઘણો જરૂરી છે.''

''થોડો સમય થયાં દુનિયાભરના દેશોની કહેવતોનો સર્વસંગ્રહ અંગ્રેજીમાં બહાર પડ્યો છે. તેમાં હિન્દી, બંગાળી, મરાઠી, વગેરે હિન્દની પ્રાદેશિક ભાષાઓને પણ સ્થાન છે. સ્થાન નથી એકમાત્ર ગુજરાતીને અને છતાં ગુજરાતનું કહેવતધન બીજા કોઈને મુકાબલે ઓછું ઊતરે તેમ નથી; તો પછી આ કલંક ધોવામાં વાર શેની છે ?'' આ ગ્રંથ આ દિશામાં એક વિનમ્ર પ્રયાસ છે.

કહેવતો દેશનું સંસ્કારધન છે. જનમાનસનું પ્રતિબિંબ છે. એના સ્વભાવની પારાશીશી છે. કહેવતોમાં આપણે જોઈ શકીએ છીએ કે સૌનું પ્રતિનિધિત્વ છે : બ્રાહ્મણ, વાણિયા, મુસલમાન, મોચી, ઘાંચી, લુહાર, સુથાર, સોની, સઈ, જોગી, જતિ, વોરા, પારસી, ખોજા, કૂતરા, ગધેડાં, શિયાળ, સાપ, ઘોડા, રાજા, રંક, સુલતાન, કોળી, ભરવાડ, ખેડૂત, ભલા-ભૂંડા, દેવ-દેવીઓ, સૌ કોઈ પોતાની ખાસિયત કહેવતમાં કહી જાય છે. એમાં ન્યાત-જાતોની ખાસિયતો પર કટાક્ષ જરૂર હોય છે, પણ એ હંમેશા મર્માળો હોય છે. જરાય ડંખ વિનાનો હોય છે અને એકંદરે જે તે સમયની દૃષ્ટિએ વાસ્તવિક પણ હોય છે. આપણી કહેવતોમાં દુન્યવી ડહાપણે આકાર ધર્યો છે અને અન્યને હસીને, સાથે પોતાના વિશે પણ હસીને મીઠી ખેલદિલી શીખવનારી લોકશાળા પણ બની જાય છે.

કહેવતો કોણે કરી, કોણે લખી, કોણ બોલ્યું તેની જાણ નથી. માટે જ કહેવતો વેદની જેમ અપૌરુષેય છે.

તે થોડામાં ઘણું ઘણું કહી જાય છે. એ અનુભવનો અર્ક છે. કહેવત એ અનુભવનું સંતાન છે. એ બિંદુમાં સિંધુ સમાન છે. ને આમજનતાના જીવનને જ સ્પર્શે છે અને તેને ઉન્નત તથા સમૃદ્ધ કરવા મથે છે. કહેવત ઉપરથી પ્રજાના ડહાપણનું માપ નીકળે છે. ભાષાનો પ્રયોગ સમાજની વ્યવસ્થા અને બીજી ઘણી વાતો કહેવતોમાંથી મળે છે. ગુજરાતી ભાષામાં રૂઢિપ્રયોગો અને કહેવતોના સાર્થ સંગ્રહની લાંબા સમયથી જરૂર વરતાતી હતી. સરકારની પ્રાદેશિક ભાષાઓના વિકાસની આયોજન યોજના હેઠળ આ સંગ્રહ પ્રકાશિત થઈ રહ્યો છે અને એ દ્વારા સરકારની સમાજ-કલ્યાણ-ભાષાવિકાસની યોજનામાં એક સત્ત્વશીલ પ્રદાન થાય છે તેનો આનંદ છે.

**– કાલિદાસ ના. ત્રિવેદી**
**ભાષાનિયામક**

‘ધૂળેટી’
૧૯-૩-૯૨
ગાંધીનગર.

# મોંઘો સંસ્કારવારસો

રૂઢિપ્રયોગો અને કહેવતો આપણો મોંઘો સંસ્કારવારસો છે. કોઈ શબ્દ કે શબ્દસમૂહ તેના મૂળ અર્થને બદલે તેના વિશિષ્ટ કે લાક્ષણિક અર્થમાં વપરાતાં રૂઢ થઈ જતો હોય છે એને રૂઢિપ્રયોગ કહે છે. કહેવત એટલે અનુભવના નિચોડરૂપ, દૃષ્ટાંતરૂપ કે સૂત્રાત્મક ચલણી ઉક્તિ. રૂઢિપ્રયોગ ભાષાને ચિત્રાત્મક, ચોટપૂર્ણ અને પ્રભાવક બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એ જ કામ કહેવત કરે છે.

કહેવત, સાંસારિક ડહાપણ કે નીતિબોધ સુગમતાથી ને સચોટતાથી રજૂ કરે છે. રૂઢિપ્રયોગ અપૂર્ણ અર્થવાળો શબ્દસમૂહ હોય છે; કહેવત મોટે ભાગે સ્વતંત્ર વાક્યરૂપે આવે છે. લાક્ષણિક અર્થમાં યોજાવું એ કહેવત માટે અનિવાર્ય લક્ષણ નથી, જ્યારે રૂઢિપ્રયોગ માટે તો એ મૂળભૂત તત્ત્વ છે. કહેવતનું મૂળભૂત તત્ત્વ એ છે કે એ અનુભવજન્ય ઘટના, પ્રસંગ કે પ્રતીકના વર્ણનરૂપ સચોટ ઉક્તિ હોય છે અને દૃષ્ટાંતરૂપે કે કશાકના સમર્થનરૂપે યોજાય છે. કહેવતનું સ્વરૂપ બધા સંજોગોમાં એનું એ રહે છે. જ્યારે રૂઢિપ્રયોગનાં કાળ, જાતિ, વચન વગેરે સંદર્ભ મુજબ બદલાય છે.

રૂઢિપ્રયોગો અને કહેવતોનો સુયોગ્ય ઉપયોગ ભાષાને સચોટ, મર્મવેધી અને સબળ બનાવે છે. કેટલીક વાર આ બંનેમાંથી એકના ઉપયોગથી કથન સંક્ષિપ્ત છતાં એટલું તો માર્મિક બને છે કે પ્રદર્શનોમાં, પ્રચારમાં, ઝુંબેશમાં ધારી અસર લાવવામાં એ ખૂબ સાર્થક બની રહે છે.

આપણા રૂઢિપ્રયોગો અને આપણી કહેવતોમાં જમાનાના આચારવિચાર, અમુક માન્યતાઓ, રીતરિવાજ, સામાજિક વ્યવહાર વગેરેનું પ્રતિબિંબ પડતું હોય છે. આપણા જીવન અને સમાજના વિવિધ વિષયો એમાં કેવા કેવા રૂપ લઈને આવે છે એ જોવા જેવું છે. 'કુમળું ઝાડ વાળીએ તેમ વળે'માં પ્રકૃતિને વિષય બનાવી છે. 'શેઠ મટીને વાણોતર થવું'માં વ્યાવસાયિક લાક્ષણિકતાને વિષય બનાવાઈ છે. 'બાંધી મૂઠી લાખની'માં શરીરના અવયવને વિષય બનાવાયો છે. 'કૂવામાં હોય તો હવાડામાં આવે'માં આપણા સમાજવ્યવહારને વિષય બનાવાયો છે. 'દિશાએ જવું', 'જંગલ જવું', 'ઝાડે ફરવા જવું', 'લોટે જવું' આ બધી કહેવતો મળત્યાગની બાબતને વિષય બનાવીને રચાઈ છે પણ એ સાથે એક વાતની એમાંથી માહિતી મળે છે કે આપણે આ અંગે આપણા નિવાસમાં જાજરૂની વ્યવસ્થા ગોઠવી શક્યા નહોતા. 'જાજરૂ જવું'માંનો 'જાજરૂ' શબ્દ જ સૂચવે છે કે આ વ્યવસ્થા આપણે પરદેશી પ્રજાના સંપર્કમાં આવ્યા પછી ઉછીની લીધી છે. રૂઢિપ્રયોગો અને કહેવતો આ રીતે સમાજવ્યવસ્થાના પરિવર્તનમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ક્યારેક કવિઓ અને લેખકો આવા પ્રયોગો કરે છે અને જતે દહાડે એ ચલણી બની જઈ રૂઢિપ્રયોગ કે કહેવતનું રૂપ લઈ લે છે. અખાએ કહ્યું છે :

**અખા એ અંધારો કૂવો,**
**ઝઘડો ભાગી કોઈ નવ મૂઓ.**

મણિલાલ નભુભાઈએ કહ્યું છે :

**કંઈ લાખો નિરાશામાં અમર આશા છૂપાઈ છે.**

કેટલીક કહેણીઓ કહેવત બની જતી હોય છે. જુઓ :

**પહેલું સુખ તે જાતે નર્યા,**
**બીજું સુખ તે ઘેર દીકરા,**
**ત્રીજું સુખ તે કોઠીએ જાર,**
**ચોથું સુખ તે સુલક્ષણી નાર.**

રૂઢિપ્રયોગ કે કહેવત પોતાની રીતે બનાવવાનો પ્રયત્ન પણ થઈ શકે. જેમ કે, એક જણે કહ્યું, 'મને થયું આજ તો સાહેબનાં ઘરવાળાંના હાથનો ચા પીતો આવું.' એ જ ફરી 'ચા પીવો' એ સાદા ભાષાપ્રયોગના સંદર્ભમાં અનુસંધાન જાળવી કહે કે 'પણ એમણે તો સંભળાવી દીધું કે આજે તો મારા હાથનો જ ઉકાળો પીવા મળશે' તો એનો અર્થ ઉકાળાથી 'ગરમી આવવા'ના અર્થથી સાવ ઊલટો 'ઠંડી ચડી જવી કે મગજની ગરમી નીકળી જવી' થાય જે ક્યારેક રૂઢિપ્રયોગ બની જવાની ક્ષમતા ધરાવે છે.

કહેવત એ લોકઅનુભવનું પ્રમાણભૂત કથન છે. તે સબળ વિચારનું અર્થસૂચક સૂત્ર છે. લોકસાહિત્યનું એ લઘુ સ્વરૂપ સંસ્કૃતિનું મૌક્તિક છે. તે ચિંતનનું ચિરંતન સ્ફુલિંગ છે. વીજળી ઝબૂકે ઝબૂકે ને એક લકીર ખેંચી ક્ષણમાં વિલીન બને, તેવું કહેવત વિશે છે. કહેવતનાં વીજઝબકારમાં શાશ્વતીનું સ્વરૂપ અલપઝલપ પ્રગટ થઈ આવે છે, ટમટમતો તારક નિહારિકા-નિર્દેશ કરી જાય છે, સાવ નાનકડું ઝરણું વ્યાપક ગગનનું પ્રતિબિંબ ઝીલી રહે છે.

આ કહેવત સંગ્રહ, તેથી જ માનવવિકાસ અને માનવ-ઇતિહાસની દીપમાલા છે; સોપાન-પરંપરા છે.

**– રતિલાલ સાં. નાયક**
**– કનૈયાલાલ ગ. જોશી**

# રૂઢિપ્રયોગો

| | |
|---|---|
| અકડા-અકડીનો વખત | કટોકટીનો વખત |
| અક્કડ ને અક્કડ રહેવું | (૧) રોફમાં ને ટાપટીપમાં રહેવું<br>(૨) મગરૂબીમાં રહેવું |
| અક્કલ ગીરો મૂકવી | બીજાની બુદ્ધિએ ચાલવું |
| અક્કલ ગુમ થઈ જવી | બુદ્ધિ ખોઈ બેસવી |
| અક્કલ ચરવા જવી | ભાન ભૂલવું |
| અક્કલ દોડાવવી-ચલાવવી | વિચારીને શાણપણથી કામ કરવું |
| અક્કલ મારી જવી | બુદ્ધિ કે સમજ જતી રહેવી |
| અક્કલ વેચવી | અઘટિત રીતે સમજ વાપરી પોતાની બુદ્ધિને નુકસાન પહોંચે તેમ વર્તવું |
| અક્કલના કાંકરા થવા | બુદ્ધિનો ભ્રંશ થવો તે; મૂર્ખ |
| અક્કલની ખાણ | બહુ અક્કલવાળી વ્યક્તિ |
| અક્કલનું આંધળું | દોઢડાહ્યું; મૂર્ખ |
| અક્કલનો ઓથમીર | અણસમજુ; બેવકૂફ |
| અક્કલનો દુશ્મન | મૂર્ખ; અણસમજુ; બેવકૂફ |
| અક્કલનો બારદાન | મૂર્ખ; અણસમજુ; બેવકૂફ |
| અક્ષરવાસી થવું | મરણ પામીને બ્રહ્મગતિ મેળવવી; મૃત્યુ પામવું |
| અખત્યાર લઈ લેવો | સત્તા લઈ લેવી |
| અખરાઈ જવું | ખાટું થઈ જવું; બગડી જવું; ખરાબ થઈ જવું |

| | |
|---|---|
| **અખાડા કરવા** | બેદરકારી બતાવવી |
| **અગસ્ત્યના વાયદા** | જૂઠું વચન; ખોટો વાયદો; લાંબા અને નહીં પાળવાના ખોટા વાયદા |
| **અગિયારા ગણવા** | નાસી જવું |
| **અગ્નિ ઊઠવો** | (૧) બળતરા થવી |
| | (૨) રીસ ચડવી |
| **અઘોર રહેવું-પડવું** | મરણ પહેલાંની હોય એવી બેભાન સ્થિતિમાં આવી પડવું |
| **અછો અછો વાનાં કરવાં** | આદર સત્કાર કરવો; લાડ કરવાં; ખૂબ રાજી રાખવું |
| **અજમો આપવો** | (ચૂંકાતું હોય કે વાંધો હોય તે દૂર કરવા) લાંચ આપવી |
| **અજવાળામાં આવવું** | જાહેર થવું; બહાર પડવું |
| **અજવાળામાં મૂકવું** | ઉઘાડું કરવું; પ્રસિદ્ધ કરવું; જાહેર કરવું |
| **અજવાળું જોવું** | (૧) જન્મ થવો |
| | (૨) બહાર આવવું; જાહેરમાં પડવું |
| **અટકળ પંચા દોઢસો** | માત્ર ગપ; અડસટ્ટે ઠોકવું તે |
| **અટકી રહેવું** | અમુક વગર ન ચાલવું |
| **અઠે દ્વારકા** | લાંબા વખત સુધી ધામા નાખવા |
| **અડદ છાંટવા** | (૧) જાદુઈ મંત્રથી બાંધી લેવું; મંતરવું |
| | (૨) તાબે કરવું; આજ્ઞામાં રહે એવું બનાવવું |
| **અડદાળો કાઢવો** | શક્તિ ઉપરાંત કામ કરાવીને છેક જ થકાવી દેવું; મરણતોલ માર મારવો |

| | |
|---|---|
| **અડધું થઈ જવું** | (૧) અંગ સુકાઈ જવું<br>(૨) અધમૂઉં થવું |
| **અડધો રોટલો** | ખાધા પૂરતું; ખાવાને જોઈએ તેટલું; પેટ પૂરતું |
| **અડધો પાયો ઓછો** | કમ અક્કલ; ઢંગધડા વગરનું |
| **અડસઠ તીર્થ કરવાં** | બધાં તીર્થોની જાત્રા કરવી |
| **અડંગો ઘાલવો-નાખવો-લગાવવો** | ધારેલું કામ નહીં થતાં સુધી કોઈને બારણે બેસી રહેવું; ધામો નાખવો |
| **અડિયલ ટટ્ટુ** | હઠીલું |
| **અડૂક દડૂકિયો** | બંને પક્ષથી ન્યારો રહી પોતાની મરજી મુજબ પક્ષમાંના કોઈને મદદ કરનાર |
| **અડ્ડો જમાવવો** | એક જગ્યાએ બેસી રહી હક સ્થાપિત કરવો |
| **અઢાર વાંકાં હોવાં** | ઢંગધડા વગરનો માણસ; દુર્ગુણોની ખાણ જેવો માણસ |
| **અણવીંધ્યો કે વણનાથ્યો આખલો** | બેફિકરો માણસ |
| **અણસારે સમજવું** | સંકેતથી જાણી જવું |
| **અણીનો વખત** | ખરી કટોકટી કે લાગનો વખત |
| **અણી પર રાખવું** | કનડવું; હેરાન કરવું |
| **અથાણું કરવું** | નિરર્થક રાખી મૂકવું; વ્યર્થ સંગ્રહ કરવો |
| **અદક પાંસળી** | અટકચાળું; મૂર્ખ; જેમ ફાવે તેમ અવિચારીપણે બોલ્યા કરનારું |

| | |
|---|---|
| અદા કરવું | અમલ કરવો |
| અધખોખરું કરવું | અડધું થઈ જાય એટલો માર મારવો |
| અધ્ધર ચાલવું | ડોળદમામથી ચાલવું |
| અધ્ધર રાખવું | (૧) જંપીને બેસવા ન દેવું<br>(૨) ફૂલ પેઠે ઊંચકી રાખીને સંભાળવું (માથું)<br>(૩) રકમ ચોપડે ન નાખવી |
| અધ્ધર લટકવું | (૧) આધાર વિના રહેવું; ધંધા રોજગાર વિનાના રહેવું<br>(૨) બારીક સ્થિતિમાં આવી પડવું |
| અન્ન અને દાંતને વેર થવાં | માણસની ગરીબ સ્થિતિ થવી |
| અન્ન જળ ઊઠવું-ખૂટવું | (૧) લેણા દેણી પૂરી થવી<br>(૨) નસીબ રૂઠવું |
| અન્ન જળ છોડવું | ઉપવાસ કરવો |
| અન્ન પાણી ઝેર થઈ જવાં | દુ:ખમાં ખાવું-પીવું અકારું લાગવું; માણસની ગરીબ સ્થિતિ |
| અભરાઈ પર મૂકવું | કોરે મૂકવું; છુપાવવું |
| અવસર ચૂકવો | તકનો લાભ ન લેવો |
| અવસર તાકવો | લાગ માટે રાહ જોવી |
| અવસરે મોતી ભરડવાં | પ્રસંગે બરોબર ખર્ચ કરવું |
| અવળા ગણેશ બેસવા | શરૂઆતથી જ વિઘ્નો નડવા |
| અવળા પાટા દેવા | આડું-અવળું સમજાવી પોતાના મનનું કરવું |

| | |
|---|---|
| **અવળા પાસાં પડવા** | (૧) ધાર્યા પ્રમાણે ન થવું; ઊલટું થવું<br>(૨) કરેલી યુક્તિ પાર ન પડવી<br>(૩) ગણતરી ઊંધી પડવી |
| **અંક ભરવો** | ખોળો ભરવો |
| **અંકે કરવું** | (૧) કસોટી વટાવી હાથ કરવું<br>(૨) સંપૂર્ણ કરવું; નક્કી કરવું; સાબિત કરવું<br>(૩) ભેટવું |
| **અંકે સો કરવા** | કરાર પૂરો કરવો |
| **અંગ ઉપર આવી પડવું** | (૧) કામ માથે પડવું; જાતે કરવાનું થવું<br>(૨) માથે જવાબદારી આવવી |
| **અંગ ચોરવું-સાચવવું** | દિલદગડાઈ કરવી; કામની ચોરી કરવી; આળસ કરવી; કામમાં ઢીલ કરવી |
| **અંગાર પર લોટવું** | (૧) ક્રોધ કે ઈર્ષાથી બળવું<br>(૨) દાહથી બળવું |
| **અંગારા ઊઠવા** | કાળજામાં ચીરો પડવો |
| **અંગારા ઝરવા** | ખૂબ ક્રોધથી આંખ અંગારા જેવી લાલચોળ થવી |
| **અંગારો પાકવો** | કુળને કલંક લાગે એવા કુપુત્ર સાબિત થવું |
| **અંગૂઠે કમાડ ઠેલવું** | માલૂમ ન પડે તેમ છૂપી રીતે વર્તવું / છાની રીતે કામ કરવું; |

| | |
|---|---|
| **અંગૂઠા કરી આપવા** | (૧) મદદ કરવી |
| | (૨) પોતાનું કામ બીજા પાસે સેરવવું |
| **અંગૂઠો દેખાડવો-બતાવવો** | (૧) ઠિયો બતાવવો; નાસીપાસ થયેલાને ચીડવવું |
| | (૨) કબૂલ ન કર્યાની નિશાની કરવી; નાપસંદગી દેખાડવી |
| | (૩) વિરોધ દર્શાવવો |
| | (૪) હાંસી કરવી |
| **અંતર આપવું-દેવું** | મનની છાની વાત કહેવી; પોતાનો વિચાર સામાને જણાવવો |
| **અંતરપટ ખોલવું** | (૧) મન ઉપરનો અજ્ઞાનતાનો પડદો કાઢી નાખવો |
| | (૨) મનનો મેલ દૂર કરી વાત કરવી |
| | (૩) વચ્ચેનો પડદો દૂર કરવો; ખુલ્લું કરવું |
| **અંતર પડવું** | (૧) છેટું પડવું; દૂર હોવું |
| | (૨) જુદા પડવું |
| | (૩) તફાવત રહેવો |
| | (૪) મળતું ન આવવું |
| | (૫) વિશ્વાસ જતો રહેવો |
| | (૬) સંમત ન થવું |
| **અંતર રાખવું** | (૧) ખંત વગર કામ કરવું |
| | (૨) જુદાઈ માનવી; તફાવત રાખવો |

| | |
|---|---|
| | (૩) દૂર રાખવું; સાથે ભળવા ન દેવું |
| | (૪) વિશ્વાસ ન રાખવો |
| | (૫) પરાયું-પારકું માનવું; મન મૂકીને ન વર્તવું |
| **અંધાર પછેડી ઓઢવી-પહેરવી** | ગુપ્ત કે અજ્ઞાત રહેવું તે |
| **અંધારામાં કુટાવું** | (૧) મિથ્યા બાથોડિયાં મારવાં |
| | (૨) કાંઈ જાણ્યા વિના મિથ્યા પ્રયાસ કરવો |
| **અંધારામાં રહેવું** | (૧) જાહેરમાં ન આવવું |
| | (૨) હકીકતથી અજાણ હોવું |
| **અંધારામાં રાખવું** | ખરી હકીકત જાણવા ન દેવી |
| **અંધારાં આવવાં** | પિત્ત થવાથી એકાએક આંખે ન દેખાવું |
| **અંધારે અક્કલ વહેંચવી** | અયોગ્યને મોટું સ્થાન આપવું |
| **અંધારે ડાંગ મારવી** | (૧) અંધારામાં ફાંફાં મારવાં |
| | (૨) હેતુ વગર કામ કરવું; તાક્યા વિના મારવું |
| **અંધેર મચાવવું-જમાવવું** | જુલમ ગુજારવો |
| **આકડા વાવવા** | ઠેકઠેકાણે વેર કરવું; લડાઈના મૂળ રોપવા |
| **આકાશ તૂટી પડવું** | ઓચિંતી આપત્તિ આવવી |
| **આકાશ-પાતાળ એક કરવું** | મોટી ઊથલપાથલ કરવી; મહાપ્રયત્ન કરવો; અસંભવિત કાર્ય સિદ્ધ કરવું |
| **આકાશ પાતાળ એક થઈ જવું** | પ્રલય થવો; ઘણી મુશ્કેલી પડવી |
| | મહાઉત્પાત કરવો; ઉલ્કાપાત કરવો |
| **આકાશના તારા ઉતારવા-ઉખાડવા** | અસંભવ કાર્ય માટે ચેષ્ટા કરવી |

| | |
|---|---|
| **આકાશની સાથે વાત કરવી** | ખૂબ ઊંચું હોવું; મોટી મોટી આશાઓ રાખવી |
| **આકાશમાં ઊડવું** | વખાણથી મગરૂર થવું; ફુલાવું |
| **આકાશમાં ચડાવવું** | વખાણ કરીને ફુલાવવું |
| **આકાશમાં ચંદરવો બાંધવો** | બેહદ પરાક્રમ કરી વાહવાહ ફેલાવવી; દેશદેશમાં નામના કરવી |
| **આકાશે ચડવું** | વધારીને વાતો કરવી |
| **આખા ગામનો ઉતાર** | ગામનો ખરાબમાં ખરાબ માણસ |
| **આખા હાડકાનું** | મહેનત કરવામાં કાયર; આળસુ |
| **આખું કોળું શાકમાં જવું** | નજરે દેખાય એવું હોવા છતાં શરતચૂક થવી; ગફલત થવી |
| **આગ ઊઠવી** | પાણી ફરવું; વ્યર્થ જવું; નષ્ટ થવું |
| **આગ ફાટવી** | (૧) ખૂબ ક્રોધે ભરાવું; સામાને ક્રોધ કરાવવો<br>(૨) તોફાને ચડવું<br>(૩) દ્વેષ કરવો; અદેખાઈથી આવેશમાં આવવું<br>(૪) હડહડતું જૂઠું બોલવું |
| **આગ લાગવી** | (૧) ઈશ્કમાં પડવું<br>(૨) ઉશ્કેરાવું; ક્રોધ ચડવો<br>(૩) એકદમ ભાવનું ચડી જવું કે ઊતરી જવું<br>(૪) ભૂખ લાગવી |

| | |
|---|---|
| **આગ વરસવી** | (૧) અસહ્ય દુઃખ થવું |
| | (૨) કોઈનું સારું દેખી બળવું |
| | (૩) ક્રોધ વ્યાપવો |
| **આગપાણી થવું** | મતભેદને વખતે બંને પક્ષે ઉશ્કેરાઈ જઈ ગુસ્સો ન કરતાં એકે શાંત રહેવું; નરમગરમ થવું |
| **આગલીપાછલી ભૂલી જવી** | ગઈ ગુજરી વીસરી જવી; માફ કરવું |
| **આગવું ડહાપણ ડોળવું** | જરૂર કરતાં વધારાનું ડહાપણ બતાવવું |
| **આઘું પાછું કરવું** | (૧) દૂર કરવું; સંતાડવું |
| | (૨) આડુંઅવળું સમજાવી ઉશ્કેરવું |
| **આઘું જઈને પાછું પડવું** | પોતાની જ ભૂલથી સહન કરવું |
| **આચમન મૂકવું** | (૧) છોડી દેવું; તજી દેવું |
| | (૨) દાનમાં આપવું |
| | (૩) પાણી મૂકવું; નિયમ કરવો |
| **આજની ઘડી ને કાલનો દહાડો** | કદિ નહિ; કાયમને માટે અલોપ થઈ જવું |
| **આટો કાઢવો** | (૧) કામ કરાવીને થકવી નાખવું |
| | (૨) ખૂબ માર મારવો |
| | (૩) નુકસાનીમાં ઉતારવું |
| **આઠમનો ઉપવાસ** | કંઈ રાંધવું નહિ |
| **આઠે અંગે** | (૧) ખરા અંતઃકરણથી |
| | (૨) તદ્દન; સંપૂર્ણઃ પૂરેપૂરું |
| | (૩) સાંગોપાંગ; સાષ્ટાંગ |

| | |
|---|---|
| આઠે પહોર ને બત્રીસે ઘડી | સતત; નિરંતર |
| આઠે સિદ્ધિ ને નવે નિધિ | સંપૂર્ણ સુખ |
| આડ આવવી | અડચણ આવવી; પ્રતિબંધ હોવો |
| આડી વાટની ધૂળ | શૂન્ય બરાબર; નકામાં ફાંફાં |
| આડું ઊતરવું | (૧) અપશુકન થવાં |
| | (૨) વચમાં હરકત નાખવી |
| | (૩) સામું થવું |
| આડો આંક વાળવો | છેવટની હદે જઈને વર્તવું; તોબા કરવી |
| આણ વર્તાવવી | (૧) અમલ ચલાવવો; સત્તા ચલાવવી |
| | (૨) ઢંઢેરો પિટાવવો; દુવાઈ ફેરવવી; જાહેર કરવું |
| આદુ ખાઈને મંડવું | ખંત અને જહેમતથી મંડ્યા રહેવું |
| આબરૂ ઉપર આવવું | ચારિત્ર્ય કે આબરૂ અંગે આક્ષેપ કરવો |
| આબરૂના કાંકરા કરવા | માન-પ્રતિષ્ઠાની ફજેતી કરવી |
| આભ ફાટવું | મહા વિકટ આપત્તિ આવવી |
| આભના તારા ઉખાડવા-ઉતારવા | (૧) મહા વિકટ કામ કરી બતાવવું |
| | (૨) ભારે ઉધમાત કે ઉથલપાથલ કરવી |
| આભના તારા ખરવા | ઉલ્કાપાત થવો; ખળભળાટ મચવો |
| આભના તારા જોવા | (૧) શક્તિ ઉપરાંત હામ ભીડવી |
| | (૨) પાર ન પડે એવા મનસૂબા કરવા |
| આભના તારા દેખાડવા | અસંભવ આશાઓ આપવી |
| આરિયાં થઈ જવું | ઢીલું ઢફ થઈ જવું |
| આરે આવેલું વહાણ ડૂબવું | કર્યું કારવ્યું છેલ્લે નિષ્ફળ જવું |

| | |
|---|---|
| **આસમાન જમીનનો ફેર હોવો** | ઘણો મોટો તફાવત હોવો |
| **આસમાન તૂટી પડવું** | મોટી આફત આવી પડવી |
| **આસમાન દેખાડવું** | કુસ્તીમાં હરીફને પછાડી ચત્તો કરવો |
| **આસમાન પર ચડવું** | અભિમાની બનવું; ફુલાઈ જવું |
| **આસમાનના તારા ઉતારવા** | (૧) અતિ કઠણ કામ કરી બતાવવું |
| | (૨) ભારે ઊથલપાથલ કરવી |
| **આસમાનના તારા દેખાડવા** | વ્યર્થ આશાઓ આપવી |
| **આસમાનમાં ઊડવું** | (૧) ઊંચા ઊંચા સંકલ્પ બાંધવા |
| | (૨) બહુ મોટી વાતો કરવી |
| **આસમાનમાં ચડાવવું** | બહુ વખાણ કરવાં; ઉશ્કેરવું |
| **આસમાની આફત** | દુકાળ કે ધરતીકંપ જેવી કુદરતી મુશ્કેલી |
| **આળસુનો પીર** | ઘણો જ આળસુ |
| **આંકડો અધ્ધર ને અધ્ધર રાખવો** | બહુ ગર્વ રાખવો; ટેક ઊંચી ને ઊંચી રાખવી |
| **આંકડો નમવો-નરમ પડવો** | (૧) ગર્વ ઊતરવો |
| | (૨) નરમ પડવું; શાંત થવું |
| **આંકડો મૂકવો** | ગર્વ છોડી દેવો; નરમ થવું |
| **આંખ આડા કાન કરવા** | જોયું કે સાંભળ્યું નથી એમ ગણી લક્ષ્યમાં ન લેવું |
| **આંખ ઉઘાડીને જોવું** | બુદ્ધિપૂર્વક વિચાર કરવો |
| **આંખ ઊઘડવી** | ભાન આવવું; સમજ આવવી |
| **આંખ ઊંચી કરવી** | સામે થવા હિંમત કરવી |
| **આંખ એકઠી થવી** | બે જણની સામસામી મીટ મંડાવી |

| | |
|---|---|
| **આંખ કાઢવી-ફેરવવી** | ધમકાવવું; બિવડાવવું |
| **આંખ ખસેડવી** | કામ પરથી ચિત્ત ખસેડવું |
| **આંખ ચગાવવી** | કટાક્ષ ફેંકવા; ઈશારત કરવી |
| **આંખ ચોરવી** | જવાબદારીમાંથી છટકવું; છેતરવું |
| **આંખ ચોળીને રહેવું** | પસ્તાઈને હારી થાકી બેસવું |
| **આંખ ટાઢી થવી** | સંતોષ થવો; નિરાંત વળવી |
| **આંખ ઠરવી** | સંતોષ થવો |
| **આંખ ઠરી જવી** | મરી જવું |
| **આંખ તળે આવવું** | નજરે ચઢવું; પસંદ પડવું |
| **આંખ દેખાડવી** | ધમકી કે બીક બતાવવી |
| **આંખ ફરી જવી** | ક્રોધાયમાન થવું |
| **આંખ ફૂટવી** | આંધળા થવું; ન દેખાવું |
| **આંખ ફોડવી** | આંખને શ્રમ આપવો |
| **આંખ બતાવવી** | ધમકી આપવી કે બીક બતાવવી |
| **આંખ મળવી** | ઊંઘવું |
| **આંખ મારવી** | ઈશારત કરવી |
| **આંખ મીંચવી** | (૧) જોયું ન જોયું કરવું; ઉપેક્ષા કરવી<br>(૨) મૃત્યુ થવું |
| **આંખ મીંચીને અંધારું કરવું** | વગર વિચાર્યું સાહસ કરવું |
| **આંખ વઢવી** | અરસપરસ અણગમો થવો |
| **આંખની કીકી** | ઘણું જ પ્યારું |
| **આંખનું આંજણ** | ખરી ખોટનું |

| | |
|---|---|
| **આંખનો પાટો** | અણગમતું કે અળખામણું |
| **આંખમાં આવવું** | કંઈક અદેખાઈ સાથે બીજાનું લઈ લેવાની દાનત થવી; ઈર્ષા થવી; કોઈનું સારું દેખી ન ખમાવું |
| **આંખમાં આંગળીઓ ઘાલવી** | ભોળવીને છેતરવું-ઠગવું |
| **આંખમાં આંજવું** | (૧) છેતરવું; ફસાવવું; ભોળવી નાંખવું; સામાની અક્કલ છેતરાઈ જાય એમ કરવું<br>(૨) શરમિંદું પાડવું; ઝાંખું કરવું |
| **આંખમાં કમળો હોવો** | અદેખાઈ હોવી; ઈર્ષા હોવી |
| **આંખમાં કસ્તર આવવી** | ઈર્ષા થવી; અદેખાઈ થવી |
| **આંખમાં ખુન્નસ આવવું** | ઝેર આવવું; ગુસ્સે થવું; ક્રોધ ચઢવો; વેર લેવાના જુસ્સા પર આવી જવું |
| **આંખમાં ગમવું** | માયા કે હેતની લાગણી થવી |
| **આંખમાં ઝેર આવવું-ભરાવું** | અદેખાઈની સાથે બીજાનું કંઈ લેવાની દાનત થવી; ઈર્ષા થવી |
| **આંખમાં ધૂળ નાખવી** | પ્રપંચ કરી ઠગવું |
| **આંખમાં પાણી આવવું** | (૧) રડવું; આંસુ આણવાં<br>(૨) અંતઃકરણમાં દયાની લાગણી થઈ આવવી |
| **આંખમાંથી ભાલા કાઢવા** | કરડી નજરે જોવું; કાતરિયાં કાઢવાં; વક્રદષ્ટિ કરવી |
| **આંખે અંધારી બાંધવી** | (૧) માયાના કે સ્વાર્થના લેપમાં કાંઈ સૂઝે નહિ એવી દશાને પ્રાપ્ત થવું; ભાન જવું |

| | |
|---|---|
| | (૨) આડુંઅવળું સમજાવી ફસાવવું |
| | (૩) છેતરવું; ઠગવું |
| **આંખે આવવું** | અદેખાઈ આવવી |
| **આંખે ઊડીને વળગે એવું** | મન હરી લે એવું |
| **આંખે ચઢવું** | અદેખાઈ થાય એવી રીતે કોઈ બીજાને દેખાવું |
| **આંખેથી પાટા છોડવા** | ગયેલી શુદ્ધિ પાછી આણવી; બુદ્ધિપૂર્વક વિચાર કરવો |
| **આંખે પાટા બાંધવા** | (૧) કાંઈ ન સૂઝે એવી દશાને પ્રાપ્ત થવું; અક્કલ-શુદ્ધિ દૂર જવી |
| | (૨) ભમાવવું; ભોળવી નાખવું |
| **આંખો ઓડે જવી** | (૧) ભારે દુઃખવાળી સ્થિતિ વેઠવી |
| | (૨) રાહ જોઈ જોઈ થાકવું |
| **આંખો બોચીએ આવવી** | છેક જ અશક્ત થઈ જવું; મરણતોલ થવું |
| **આંખો બોચીએ જવી** | (૧) કોઈની તરફ નરમ નજરે ન જોતાં પોતાના તોરમાં-મગરૂરીમાં રહેવું |
| | (૨) વિસ્મિત થવું; અજાયબી પામવું |
| | (૩) મરણતોલ દશાને પ્રાપ્ત થવું |
| **આંગણું ઘસી નાખવું** | સામી વ્યક્તિ કંટાળી જાય એટલો બધો વખત ઘરમાં આવજા કરવી |
| **આંગળાં કરડવાં** | ભોંઠાપણું કે પસ્તાવો દર્શાવવો |
| **આંગળી આપવી** | ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; પ્રેરણા કરી જગાડવું |

| | |
|---|---|
| **આંગળી ઊંચી કરવી** | (૧) કબૂલ થવું; હા પાડવી<br>(૨) નાદાર થવું<br>(૩) પરમેશ્વર સિવાય બીજાનો આધાર નથી એમ જણાવવું<br>(૪) રમત ચાલુ રાખવાની પોતાની અશક્તિ દર્શાવવી |
| **આંગળી કરવી** | (૧) ફજેતી કરવી<br>(૨) ચાળા કરવા; અટકચાળા કરી ચીડવવું<br>(૩) ઉશ્કેરવું |
| **આંગળી ખૂંપવી** | પોલું દેખી ફાવી જવું |
| **આંગળીના ટેરવે હોવું** | તરત ગણતરી થઈ શકે એવું |
| **આંગળીના વેઢા પર** | એક પછી એક ગણી શકાય એવું; ગણતરીપૂર્વક |
| **આંગળી પર રાખવું** | લાડમાં રાખવું; વશ કરવું |
| **આંચ આવવી** | ઈજા થવી; નુકસાન થવું |
| **આંચકો ખાવો** | (૧) આનાકાની કરવી<br>(૨) કામ કરતાં અચકાવું; ખમચાવું; અટકી જવું |
| **આંજી નાખવું** | (૧) છક કરી નાખવું; છેતરવું<br>(૨) સંતોષ પમાડવો |
| **આંટી ઊકેલવી** | (૧) કોકડું ઉખેળવું<br>(૨) ગૂંચ કાઢવી<br>(૩) મુશ્કેલી દૂર કરવી; મૂંઝવણ દૂર કરવી |

| | |
|---|---|
| **આંટી પડવી** | (૧) ગુંચવાઈ જવું<br>(૨) વેર બાંધવું; અણબનાવ થવો<br>(૩) ગંઠાઈ જવું |
| **આંટી પાડવી** | (૧) ગાંઠ બાંધવી<br>(૨) વેર કરાવવું; દુશ્મનાવટ ઊભી કરાવવી |
| **આંતરડાની ગાંઠો વળી જવી ને** | (વિધવા કે માબાપે) છોકરાંને મોટાં કરવા |
| **પાંસળીઓની કાંસકી થઈ જવી** | પાછળ પોતાની જાત ઘસી નાખવી |
| **આંતરડી કકળવી** | અંતઃકરણના દુઃખથી હૃદયમાં ભારે વેદના થવી |
| **આંતરડી કકળાવવી** | દુઃખ આપવું; પીડા કરવી |
| **આંતરડી ઠરવી** | સંતોષ થવો; સુખ થવું |
| **આંધળા પાટા બાંધવા** | કાંઈ સૂઝવા ન દેવું |
| **આંધળાની આંખ** | ઘણું અગત્યનું |
| **આંધળાને સૂઝે એવું** | બહુ ઉપયોગી; સ્પષ્ટ; ચોખ્ખું |
| **આંધળિયાં કરવાં** | સારા માઠાનો વિચાર કર્યા વિના કૂદી પડવું; બેભાન; દિગ્મૂઢ |
| **આંધળી ભેંસે મોઢું ભાળવું** | જોઈતું હોય તે મળે એટલે એને છોડવા તૈયાર ન થવું |
| **આંધળે બહેરું કુટાવું** | ગેરસમજ થવી |
| **ઈજ્જત આપવી-કરવી** | માન આપવું; આબરુ વધારવી |

| | |
|---|---|
| ઈજ્જતના કાંકરા કરવા | માન-પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવું |
| ઈડરિયો ગઢ જીતવો | (૧) ન થઈ શકે એવું પરાક્રમ કરવું |
| | (૨) (કટાક્ષમાં) મોટું પરાક્રમ કરવું |
| ઈન મીન ને સાડેતીન | ત્રણ ચારથી વધારે નહિ તેટલા માણસ |
| ઈશ્વરના ઘરની ચિઠ્ઠી | (૧) ઈશ્વરનો હુકમ; દૈવયોગે થતો બનાવ |
| | (૨) મોત આવવું |
| ઈશ્વરના ઘરની દોરી તૂટવી | આવરદા પૂરી થવી |
| ઈશ્વરના ઘરનું તેડું આવવું | મોત આવવું |
| ઈશ્વરે સામું જોવું | ઈશ્વરની કૃપાદૃષ્ટિ થવી; |
| | સારાં કામોના બદલારૂપ સુખ મળવું |
| ઈંડું ચડાવવું | મોટું પરાક્રમ કે નામના કરવી |
| ઈંડું રાખવું | ઉચ્ચતા સાબિત કરવી |
| ઉકેલ પડવો | ઉકેલ સમજાવો |
| ઉચાળા ભરવા | સામાનની ફેરબદલી કરવી; જગા છોડવી |
| ઉછી-ઉધાર કરવું | દેવું કરી જેમ તેમ કામ કાઢવું |
| ઉત્તર-દક્ષિણ જેટલું અંતર | ઘણું જ અંતર; સાવ મતભેદ |
| ઉપરનીચે થવું | ઉતાવળા થવું; આતુર બનવું; અધીરા થઈ જવું |
| ઉપર હાથ રહેવો | (૧) પદવી કે સત્તામાં ચડિયાતા હોવું |
| | (૨) રક્ષણ નીચે હોવું |

| | |
|---|---|
| ઉપર હાથ રાખવો | (૧) કૃપા બતાવવી<br>(૨) ચડિયાતા રહેવું; સત્તા ચલાવવી; ઉપરીપણું ભોગવવું<br>(૩) ધારેલું કે બોલેલું ખરું પાડવાની ટેક રાખવી<br>(૪) સંભાળવું |
| ઉપાડો લેવો | માથાભારે થઈને બીજાને વિતાડવું |
| ઊગતાને પૂજવું | ચડતીમાં આવનારનાં વખાણ કરવાં |
| ઊગતું જ ડામવું | વધવા દીધા પહેલાં નાશ કરવો |
| ઊગવું તેવું આથમવું | (૧) અતિશય ગરીબાઈમાં જન્મવું અને એમ જ મરી જવું<br>(૨) ચડતી પડતી થવી |
| ઊછળી પગ ભાંગવો | મૂર્ખાઈને લીધે દુઃખ વહોરવું |
| ઊજળે લૂગડે રહેવું | નિર્મળ રહેવું; કલંકરહિત રહેવું |
| ઊજળો દહાડો જોવો | સુખ અને આનંદનો વખત આવવો |
| ઊઠાં ગણાવવાં-ભણાવવાં | ખોટી વાત સમજાવવી; આડુંઅવળું સમજાવવું; છેતરવું |
| ઊઠાં કાગ-ઊડતું પક્ષી પાડે તેવું | (૧) ખૂબ ચંચળ કે અટકચાળું<br>(૨) તેજ આંખવાળું<br>(૩) દાવપેચવાળું કે યુક્તિબાજ<br>(૪) બહુ સમજણું |
| ઊડતાં પક્ષી ઝાલવાં-પાડવાં | (૧) કળી ન શકાય એવાં કામ કરવાં<br>(૨) ગમે તેવું મુશ્કેલ કામ પાર પાડવું; પહોંચી વળવું |

| | |
|---|---|
| ઊડીને આંખે બાઝે-વળગે એવું | આકર્ષક, મનોહર, જોઈને આંખ ઠરે એવું |
| ઊડી પડવું | (લડવા) સામસામે આવી જવું |
| ઊતરતા દિવસો આવવા | પડતીનો વખત આવવો |
| ઊતરતાં પાણી થવાં | ઘડપણ આવવું |
| ઊતરતી વેળા આવવી | પડતીનો વખત આવવો |
| ઊની વરાળે ન કાઢવી | (૧) જરાય સામું ન બોલવું<br>(૨) મનની બળતરા કે વાત બહાર ન કાઢવી |
| ઊભી આબરૂએ મરવું | કલંકરહિત મરણ પામવું |
| ઊભી પૂંછડીએ નાસવું | ભયનું માર્યું જેટલી ઉતાવળથી નસાય તેટલુ નાસવું |
| ઊભે પગે રહેવું | હાજર ને હાજર રહેવું |
| ઊભે રસ્તે | શરૂથી છેવટ સુધીના લાંબા રસ્તે |
| ઊમરા વચ્ચે બેસવું | માગનારે તકાદો કરવો |
| ઊમરો ખોદી નાખવો | ઉઘરાણી માટે દરરોજ બારણે બેસવું; વારંવાર આવવું |
| ઊંઘ ઊડવી | ગયેલા ભાનસાન પાછાં આવવા;<br>અક્કલ કે સમજ આવવી |
| ઊંચી આંખ કરવી | સામે થવા હિંમત હરવી |
| ઊંચી મૂછ રાખવી | ગર્વ ધરવો; ટેક રાખવો |
| ઊંચું આવવું | જીવનમાં સુખની સ્થિતિમાં મૂકાવું |
| ઊંચું ઊંચું ચાલવું | (૧) અભિમાનથી ચાલવું<br>(૨) રોફભેર ચાલવું |

| | |
|---|---|
| ઊંચું નીચું થવું | તાલાવેલી થવી; આતુર થવું; જીવ તલ-પાપડ થવો; અધીરા થવું; તૈયાર થઈ રહેવું |
| ઊંચું મન થવું | સામસામી લાગણી ઘવાવી |
| ઊંચું મૂકવું-મેલવું | દૂર રાખી મૂકવું; કોરે મૂકવું; સંતાડવું; છૂપાવવું; રખડતું પડ્યું હોય તે ઠેકાણે મૂકવું |
| ઊંચો જીવ થવો | કાર્યમાં મન ન લાગવું |
| ઊંચો હાથ રહેવો | (૧) ચડિયાતા નીવડવું |
| | (૨) ફતેહમંદ નીવડવું |
| ઊંટ ગાંગરતાં પલાણવું | વાંધો લેનારની દરકાર ન કરતાં ભારે હિંમતથી ધારેલું કામ પાર પાડવું |
| ઊંટનાં અઢારે વાંકાં | સ્વભાવમાં જ વાંકાપણું |
| ઊંટે ચઢી બકરાં હાંકવાં | પોતે ન કરતાં બીજા પાસે કામ કઢાવવું |
| ઊંડળમાં લેવું | સમાવી કે આવરી લેવું |
| ઊંડા ઊતરીને જોવું | ચોતરફ નજર પહોંચાડી બારીકાઈથી જોવું- વિચારવું- તપાસવું; એકાદ વિષયની અંદર પેસીને વિચાર કરવો |
| ઊંડા પાણીમાં ઊતરવું-પેસવું | કોઈ સાહસનું કામ માથે લેવું; |
| | નુકસાન થઈ બેસે એવી બાબતમાં વચ્ચે પડવું; જોખમ વહોરવું |
| ઊંડાં મૂળ નાખવાં | (૧) પાકું ચલણ હોવું |
| | (૨) મજબૂત થવું |
| ઊંધા આંકડા | અવળો પ્રયત્ન; ખોટી દૃષ્ટિ; ભ્રમ |

| | |
|---|---|
| **ઊંધા પગ ઘાલીને** | જલદી ઊભા થવાની તૈયારી રાખીને |
| **ઊંધા પાટા બાંધવા** | આડું અવળું સમજાવીને ભમાવવું; ઊલટું ઊલટું બતાવીને ભોળવી નાખવું;<br>સમજ ફેર કરીને ઊંધે રસ્તે દોરવું |
| **ઊંધા પગલાંનું** | ભાગ્યહીન; ખરાબ પગલાંનું |
| **ઊંધું ચત્તું કરવું** | સારાને ખોટું કરીને બગાડવું |
| **ઊંધું ચત્તું ભરાવવું-ભેરવવું-સમજાવવું** | (૧) અવળા રસ્તે દોરી જવું<br>(૨) ભમાવવું; ભેરવવું |
| **ઊંધું વળી જવું** | (૧) છેક જ થાકી જવું<br>(૨) બગડવું |
| **ઊંધું વાળવું** | (૧) ઊલટું કરી ખરાબ કરવું<br>(૨) ખાઈ પી જમી રહેવું<br>(૩) ખોટું કરવું<br>(૪) ફેરવી નાખવું; ઘટ વાળવો; બગાડી દેવું |
| **ઊંધું વેતરવું** | જે કરવું જોઈએ એથી બીજું જ કરવું; ઊલટું કરવું |
| **ઊંબાડિયું કરવું** | સળી કરીને ઉશ્કેરવું; ઝઘડો જગવવો |
| **એ ભગવાન એના એ હોવા** | ફરીફરીને એનું એ જ બનવું |
| **એક અસ્ત્રે મૂંડવું** | સારા ખરાબ બધાને માટે એકસરખો વર્તાવ કરવો |
| **એક ઈંદ્રિયનું જ્ઞાન** | (૧) એક જ દિશા કે હેતુનો વિચાર<br>(૨) એકતરફીપણું<br>(૩) ઘણા વિષયના જ્ઞાનની ખામી |

| | |
|---|---|
| **એક એકના મોંમાં થૂંકે એવા** | (૧) એક એકથી ચડિયાતું; મમત-મદ સરસાઈ વગેરે બાબતમાં બરાબરિયું; એક એકથી ગાંજ્યું ન જાય એવા<br>(૨) બધાં એકસરખાં ખરાબ હોવાં |
| **એક કાનથી બીજા કાને જવું** | ફેલાવું; જાહેર થવું; બહાર પડવું |
| **એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખવું** | સાંભળ્યું ન સાંભળ્યું કરવું |
| **એક ગાંઠ** | સંપ |
| **એક ઘાએ બે કટકા થવા** | તરત દાન ને મહાપુણ્ય;<br>તડ ને ફડ જવાબ કે નિકાલ થવો |
| **એક ઘાણે પીલવું** | બધું એકસાથે સરખું ગણવું |
| **એક ચણાની બે ફાડ** | (૧) બે સગા ભાઈ<br>(૨) બે સરખા |
| **એક ચંદરવો ચડે એવું** | ખરાબપણામાં ચડિયાતું હોવું |
| **એક જીવ થવું** | મન મળવું |
| **એકતરફી ઢોલકી વગાડવી** | એક જ પક્ષનાં ગીત ગાયા કરવાં |
| **એકતાર થવું** | લીન થવું |
| **એક તંબે ઊભા રહેવું** | સંપીને એક જ જથ્થામાં રહેવું |
| **એક નજર થવી-આંખ થવી** | રૂબરૂ મળવું |
| **એક દિલ થવું** | (૧) બે અથવા વધારે માણસોના જુદા જુદા વિચાર એક જ થઈ રહેવા<br>(૨) સ્નેહથી બે દિલ એક થવાં |

| | |
|---|---|
| **એક પગે થઈ રહેવું** | તત્પર થવું; આતુર થઈ રહેવું; ઊતાવળું થવું; અધીરું બનવું |
| **એક ભવમાં બે ભવ થવા** | (૧) ધર્મભ્રષ્ટ થવું<br>(૨) જાત વણસવી<br>(૩) નાતરું થવું |
| **એક મગની બે ફાડ હોવી** | એક જ માબાપનાં છોકરાં હોવાં |
| **એક મને** | એકચિત્તે કાળજી રાખીને; ધ્યાન દઈને |
| **એક માળાના મણકા** | એક ગાડે જોડાય એવા; સાવ સરખા |
| **એક મૂઠીનું** | એક જ સત્તા કે હુકમને તાબે થનારું |
| **એક લાકડીએ હાંકવું** | બધાને એક સરખી રીતે ગણી તે પ્રમાણે વર્તવું; એક અસ્ત્રે મૂંડવું |
| **એક વેંત સ્વર્ગ બાકી હોવું** | બહુ અભિમાન હોવું |
| **એક હાથે તાળી ન પડે** | એક હોય તો કજિયો ન થાય |
| **એકના એક થઈ જવું** | મળી જવું; સંપ થવો; ઐક્ય થવું |
| **એકના એકવીસ થાઓ** | તમારો પરિવાર વધો; તમારો કુટુંબ વસ્તાર બહુ ચાલો |
| **એકના બે ન થવું** | હઠ કરવી; નિશ્ચય ન ફેરવવો; મક્કમ રહેવું |
| **એકની દસ સુણાવવી** | ગાળોનો વરસાદ વરસાવવો |
| **એકની પાઘડી બીજાને પહેરાવવી** | એકનું લઈ બીજાને આપવું |
| **એકનું ઓસડ બે** | એકલો માણસ દુઃખી હોય તો તેને પરણાવવો |
| **એકડા વગરનાં મીંડાં** | તદ્દન વ્યર્થ |

| | |
|---|---|
| એકડા વગરનું | (૧) ગણતરી વગરનું; લેખામાં નહિ એવું |
| | (૨) પાયા વગરનું; આધાર વગરનું |
| એકડામાં લગ્ન કરવું | પોતાના જૂથમાં પરણવું |
| એકડે એકથી | પહેલેથી; શરૂઆતથી, નવેસરથી |
| એકડેએકથી ફરી ઘૂંટવું | કરેલા કાર્યમાં નિષ્ફળતા મળતાં ફરી વાર કાર્ય શરૂ કરવું |
| એકડો કરવો | સહી કરવી; કબૂલાત આપવી |
| એકડો કાપવો | (૧) રદ કરવું |
| | (૨) સમૂહમાંથી દૂર કરવું; સંબંધ તજવો |
| | (૩) ગણતરીમાં ન હોવું |
| એકડો નીકળી જવો | નિર્માલ્ય ઠરવું; કિંમત વિનાનું થવું; ગણતરીમાં ન રહેવું; લેખામાં ન લેવાવું |
| એકાકાર થઈ જવું | (૧) એકધ્યાન થઈ જવું; તલ્લીન થઈ જવું |
| | (૨) મળી જવું; એક થઈ જવું |
| એકે કોર કાચી ન રહેવી | સુખ દુઃખમાં જે આવવાનું હોય તે સઘળું આવી જવું |
| એકે પથ્થર ઉથામ્યા વગરનો ન રહેવો | કામ પાર પાડવા માટે બનતા બધા પ્રયત્નો કરી લેવા |
| એઠા થવું | પારકે ઘેર જમવું |
| એદીનો અખાડો | ઘણો આળસુ |

| | |
|---|---|
| **એના ટાંટિયા એના જ ગળામાં હોવા** | એનું કર્યું એણે જ ભોગવવું |
| **એબ ઉઘાડવી** | આબરૂ ઉઘાડવી; ફજેત થવું |
| **એબ ઢાંકવી** | આબરૂ સાચવવી |
| **એરણે ચઢાવવું** | કસોટીએ ચઢાવવું; કસવું |
| **એરુ આભડવો** | સર્પદંશ થવો |
| **ઓઈયાં કરવા-કરવું** | ઉચાપત કરવું; પચાવી પાડવું; લઈ લેવું |
| **ઓકી કાઢવું-નાખવું** | ગુપ્ત વાત બોલી નાખવી |
| **ઓક્યા ધાન જેવું** | અળખામણું; જોતાં જ કંટાળો આપે તેવું |
| **ઓકાત બગાડી દેવી** | (૧) ખાટા દાંત કરાવવા; ખોડ ભૂલાવવી<br>(૨) કોઈનું ખરાબ કરી મૂકવું |
| **ઓછી પાંસળીનું** | અર્ધ ગાંડું; જરાક ઘેલછાવાળું |
| **ઓછું આણવું-આવવું** | માઠું લાગવું; દુ:ખી કે દિલગીર થવું; લાગી આવવું; મન દુભાવું; ઓછું લાગવું; ખોટું લાગવું; હીન ભાવ અનુભવવો |
| **ઓછું ઓછું થવું** | (૧) ખુશામત કરવી<br>(૨) અછો અછો વાનાં કરવાં; પ્રાણ પાથરવો; પ્રેમ કે હર્ષના ભાવથી તરબોળ થઈ જવું |
| **ઓછું ન ઊતરવું** | (તિરસ્કારમાં) બને તેટલું કરવું |
| **ઓછું લાગવું** | અપમાન થવું; માઠું લાગવું; દિલ દુભાવું |

| | |
|---|---|
| **ઓછે પાટલે બેસવું** | (૧) ઊતરી પડવું; હદ મૂકી બોલવું |
| | (૨) ગુસ્સે થવું; મિજાજ ખોવો |
| | (૩) જાત ઉપર જવું |
| | (૪) લોકોની નજરમાં હલકું જણાવું |
| **ઓટલો ભાંગવો** | (૧) ઝઘડો કરાવવો |
| | (૨) નિંદા કે ખોટી વાતો કરવી; ઘર વણસાડવું |
| **ઓટલો ઊઠવો** | (૧) નિઃસંતાન જવું; વંશની સમાપ્તિ **થવી** |
| | (૨) ખૂબ નુકસાન થવું |
| **ઓટલો ઘસી નાખવો** | ખૂબ ખુશામત કરવી; વારંવાર ફેરા ખાવા |
| **ઓટલો બાળવો** | (૧) ઘણું નુકસાન કરવું; બગાડવું |
| | (૨) હદથી વધારે કરવું; આડો આંક વાળવો |
| **ઓઠ કરડવા** | (૧) ક્રોધ કે આશ્ચર્ય દેખાડવું |
| | (૨) પસ્તાવો કરવો; હતાશ થવું |
| **ઓઠ પીસવા** | ક્રોધ કરવો; ગુસ્સો દેખાડવો |
| **ઓઠે ચડવું** | કોઈ વ્યક્તિનું હરવખત નામ આપવું |
| **ઓડનું ચોડ કરવું-વેતરવું** | કાંઈનું કાંઈ કરવું; અવળું કરવું; ઊંધું કરવું |
| **ઓઢણું ઉતારવું** | આબરૂ લેવી |
| **ઓઢવા આભ ને પાથરવા ધરતી** | ખૂબ કંગાળ પરિસ્થિતિ |

**ઓરડાનું ધન ઓટલે આવવું** — પૈસાનો દેખાડો કરવો

**ઓરડા સામું જોવું** — દ્રવ્ય સંબંધી હાલત વિચારવી

**ઓરડાને પૂછવું** — કાંઈ ખર્ચ કરતા પહેલાં ઘરની સ્થિતિ તપાસવી

**ઓરડે અજવાળું** — (૧) ઘર પૈસેટકે સમૃદ્ધ
(૨) સંતતિ હોવી તે

**ઓરડો દેવાવો-વસાવો** — (૧) ઘરમાં સંસાર ચલાવનાર કોઈ ન રહેવું
(૨) નિઃસંતાન થવું; નિર્વંશ થવો
(૩) તાળાં દેવાવાં

**ઓરીને આઘા રહેવું** — આફતમાં નાખીને ખસી જવું

**ઓરસિયા જેવું કપાળ** — (૧) ચાંદલા વિનાનું કપાળ
(૨) જેના મોં ઉપર તેજ ન હોય એવું
(૩) દુર્ભાગ્ય; ભાગ્યરેખા વગરનું મોટું કપાળ

**ઓલમાંથી ચૂલામાં પડવું** — ઓછી મુશ્કેલીમાંથી વધારે મુશ્કેલીમાં આવવું

**ઓશલો ફૂટવો** — છાતી કૂટવી; ભૂંડું ઇચ્છવું

**ઓસનું મોતી** — ઝાકળના ટીપા જેવું નાશવંત; ક્ષણિક

**કકળી ઊઠવું** — (૧) મોટેથી રાડો પાડવી
(૨) લાગણીથી ફરિયાદ કરવી
(૩) બૂમરાણ કરી મૂકવી; દિલમાં દુઃખી થવું

| | |
|---|---|
| કક્કો ખરો કરવો | પોતાના ખરા ખોટા મતને હઠથી વળગી રહેવું |
| કચરી મારવું | ફરીને ઊઠવા ન પામે એવી હાલતે પહોંચાડવું |
| કચાશ કરવી-કચાશ રાખવી | (૧) અપૂર્ણ છોડી દેવું<br>(૨) પૂરતી મહેનત ન કરવી |
| કચુંબર કરી નાખવો | સખત માર મારવો |
| કચ્ચરઘાણ કાઢવો | પાયમાલ કરવું |
| કજિયો વેચાતો લેવો | તકરાર વહોરી લેવી; જાણી જોઈને તકરારમાં પડવું |
| કજિયાનું મોં કાળું કરવું | કજિયો હંમેશા ખરાબ હોઈ તેનાથી દૂર રહેવું-થવું; કજિયામાંથી નઠારું પરિણામ જ આવે |
| કઠણ છાતી કરવી | (૧) દુઃખ સહન કરવું<br>(૨) મન દૃઢ કરવું |
| કઠણાઈ બેસવી | આફત આવવી |
| કઠેડે ચડવું | અનુકરણ કરવું; ખોટે કે જુદે રસ્તે ચડી જવું |
| કડક બંગાળી | (૧) પૈસે ટકે ખાલી પણ બહારથી ભપકો દેખાડે તે<br>(૨) ઘણું કંજૂસ |
| કડકા બાલૂસ હોવું | ખૂબ અકિંચન હોવું |
| કડકડાટી બોલાવવી | કડકાઈ બતાવવી |
| કડછો ઠોકવો-મારવો | ખોટું બોલવું; ધાપ મારવી |

| | |
|---|---|
| કડદો કરવો | રકઝક કરી ભાવ ઘટાડવો |
| કડવી આંખે જોવું | કંટાળો આણી જોવું; નાપસંદ કરવું |
| કડવી જીભ | કડવું વેણ બોલનારી જીભ |
| કડવું ઝેર જેવું | ઘણું જ અપ્રિય |
| કડવું લાગવું | માઠું લાગવું |
| કડાકા થવા/પડવા | ખોરાક વગર રહેવું; ખાવા ન મળવું; ઉપવાસ થવા |
| કડી દેવાવી | મિલકત જપ્ત થવાથી સીલ દેવાવું; પહેરો મુકાવો |
| કઢીનો સ્વાદ ચાખવો | અનુભવ લેવો; પ્રયોગ અજમાવવો |
| કદમ ચૂમવા | પગે લાગવું; રજા લેવી |
| કતલની રાત | કટોકટીનો વખત |
| કપાળ કૂટવું | (૧) નકામી મહેનત કરવી<br>(૨) નિરાશાને લીધે હાથથી માથામાં મારવું<br>(૩) સખત મગજમારી કરવી<br>(૪) નુકસાન થવાથી દિલગીર થવું<br>(૫) પશ્ચાતાપ કરવો |
| કપાળ ધોઈ આવવું | વિધાતાના લેખ ફેરવવા; લાયક થવું; વિધાતાના લેખ દૂર કરવા |
| કપાળમાં ચાંલ્લો કરવો | (૧) કંઈ ન આપવું (તિરસ્કારના અર્થમાં)<br>(૨) નકામું આપી દેવું |

| | |
|---|---|
| કપાળમાં ચોડવું | આપી દેવું (તિરસકારના અર્થમાં) |
| કપાળે ચોટવું | (૧) કર્યા કે ભોગવ્યા વિના છૂટકો ન થવો<br>(૨) માથે પડવું<br>(૩) હંમેશ માટે જોડાયેલું હોવું |
| કપાળે લખાવી આવવું | (૧) નિર્માણ થવું<br>(૨) સુભાગ્ય લઈ જન્મવું |
| કપૂરે કોગળા કરવા | સુખી હોવું; સુખ વૈભવ માણવો |
| કબર ખોદવી | પોતાને નુકસાન થાય એમ કરવું |
| કબરનાં મડદાં ઉખેડવાં | જૂના કજિયા તાજા કરવા |
| કબાડું કરવું | (૧) ખરાબ કામ કરવું<br>(૨) વ્યભિચાર કરવો |
| કમર તોડવી | ઘણી સખત મહેનત કરવી |
| કમર ભાંગવી | નિરાશ કરી નાખવું |
| કમાલ દેખાડવી | અજબ શક્તિ દેખાડવી; હેરત પમાડે એવાં કામ કરવાં |
| કમ્મર કસવી-બાંધવી | તૈયાર થવું; જોરનું કે હિંમતનું કામ કરવા તૈયાર થવું |
| કરમ ઊઘડવું | નસીબ ખૂલવું; નસીબદાર થવું |
| કરમ કરવાં-બાંધવાં | ખરાબ કામ કરવાં; પાપ કરવાં |
| કરમ ફૂટવું | કમનસીબ હોવું; કમનસીબી આવવી |
| કરવત મૂકવી-મેલવી-મૂકાવવી | બીજા જન્મમાં ઈચ્છિતની પ્રાપ્તિ માટે કરવતથી શરીર વહેરાવીને પ્રાણનો ત્યાગ કરવો |

| | |
|---|---|
| કર્મનું પાનું ફરવું | નસીબ ઊઘડવું; સારી દશા થવી |
| કલ્પનાના ઘોડા દોડાવવા | શેખચલ્લીની જેમ તરંગો કરવા |
| કસબ હોવો | (૧) પારંગત હોવું |
| | (૨) શણગારરૂપ હોવું |
| કસર કાઢવી | (૧) ખોટ પૂરી પાડવી |
| | (૨) બદલો લેવો |
| | (૩) વેર લેવું |
| | (૪) ખંગ વાળવો; ભૂલ કે ખોટ ભરપાઈ કરી લેવી |
| કસર રહેવી-રાખવી-હોવી | (૧) ન્યૂનતા રાખવી |
| | (૨) બેદરકાર રહેવું |
| | (૩) ભૂલ ખાવી |
| કસીને કામ લેવું | સખતાઈથી કામ લેવું; બને તેટલું વધારે કામ કરાવવું |
| કસૂંબાપાણી કરાવવાં | સમજૂતી કરાવવી; સમાધાન કરાવવું; અફીણ ઘોળીને એકબીજાને પાવું (શુભપ્રસંગોએ) |
| કસોટીએ ચડાવવું | (૧) કસવું; તાવી જોવું |
| | (૨) પરીક્ષા કરવી; અનુભવ કરી જોવો; ખાતરી કરવી |
| કહેણ મોકલવું | સંદેશો કહેવરાવવો |
| કળ આવવી-ચડવી | આકુળવ્યાકુળ થઈ જવું; એકદમ દુઃખ ઊપડવું |

| | |
|---|---|
| કળ વળવી-ઊતરવી | (૧) દુઃખમાંથી મુક્ત થવું; નિરાંત થવી<br>(૨) સંજ્ઞા આવવી; શાંત અને સ્વસ્થ થવું |
| કળજુગ આવવો | દોષ આવવા |
| કળશ ઢોળવો | પસંદ કરવું; પ્રસન્નતા પ્રાપ્ત કરવી |
| કળીએ કળીએ (જીવ) કપાવો | ખૂબ લાગી આવવું; અત્યંત દુઃખની લાગણી થવી |
| કળા પાડવી | દેહની સુંદરતા છુપાવવી |
| કળી ખીલવી | પ્રફુલ્લ થવું; ખીલવું |
| કંકુને પગલે-કંકુના કરવા | આદરમાન સહિત; શુભશુકનથી, શુભ કામ (વિવાહ;લગ્ન)ને આરંભે સારા શુકન કરવા |
| કંઠી બાંધવી | (૧) અમુક મત કે સંપ્રદાયના બનવું<br>(૨) ઉપદેશ કરવો |
| કંઠે પ્રાણ આવવો | (૧) અંત આવવો<br>(૨) ગભરાઈ જવું<br>(૩) ઘણી જ મુસીબત પડવી<br>(૪) મરણાંત ભય લાગવો |
| કંતાઈ જવું | દુર્બળ થઈ જવું; ફિકર ચિંતાથી નબળા પડી જવું; કોઈ રોગથી ધોવાઈ જવું |
| કંધોતર ઊઠી જવા | દીકરા ગુજરી જવા |
| કંપારી આવવી-છૂટવી-વછૂટવી | (૧) અણગમો થવો; તિરસ્કાર આવવો<br>(૨) ધ્રૂજવું; થરેરાટ થવો |
| કાકા મામા કરવા | (૧) ખુશામત કરવી<br>(૨) કાલાવાલા કરવા |

| | |
|---|---|
| **કાખલી કૂટવી** | (૧) અતિ હરખથી નાચવું - કૂદવું<br>(૨) આનંદમાં આવી જવું |
| **કાગડા કકળવા** | (૧) ખરાબી થશે એવા શુકન થવા<br>(૨) સત્યાનાશ જવું |
| **કાગને ડોળે રાહ જોવી** | ખૂબ આતુરતાથી રાહ જોવી |
| **કાગડા ઊડવા** | સભા-બેઠકમાં કોઈ ખાસ માણસો ન હોય તો બોલાય છે |
| **કાગડાની ડોકે રતન** | (૧) અપાત્રે દાન<br>(૨) સારી વસ્તુ નઠારી વ્યક્તિ પાસે હોવી |
| **કાગળ કરવો** | (૧) છૂટાછેડા કરવા<br>(૨) લખાણું કરવું<br>(૩) વિધિસર કે કાયદેસર કોઈ બાબતનું લખાણ કરવું |
| **કાગારોળ કરવી** | (૧) કાગડાની જેમ શોરબકોર કરવો<br>(૨) દેખાવ કરવો<br>(૩) નકામો કજિયો કરવો |
| **કાચા કાનનું** | ભોળું; છેતરાઈ જાય એવું; બીજાની વાત તરત માની લે એવી વ્યક્તિ |
| **કાચું કપાવું** | (૧) અણઘટતું બોલાઈ જવું<br>(૨) ખરાબ થવું<br>(૩) ખાનગી વાત બહાર પડવી<br>(૪) દિલગીર થવું |

| | |
|---|---|
| કાચું સોનું | ઘણી ફળદ્રુપ જમીન |
| કાચે ઘડે પાણી ભરવું | (૧) મેળ વિનાની વાત કરવી; મિથ્યા પ્રયત્ન કરવો |
| | (૨) લાકડાની તલવારે લડવું |
| કાચે તાંતણે તણાય તેવું | ગમે તે દિશાએ દોરવ્યું દોરવાય એવું |
| કાચે તાંતણે બંધાવું | વચન પ્રમાણે વર્તે તેવું; પ્રેમથી કે વચનના જોરે મનથી બંધાવું |
| કાછડી છૂટી જવી | (૧) ભય લાગવો; બીવું; ડરી જવું |
| | (૨) હોશકોશ ઊડી જવા |
| કાટલું કાઢવું-કરી નાખવું | મારી નાખવું; આડખીલી દૂર કરવી |
| કાઠા વાજિયા કરવા | (૧) બની શકે તેટલી મહેનત કરવી |
| | (૨) ભેળસેળ કરવી; ગડબડ સડબડ કરવી |
| કાઠું કરવું | વધવું; ઊંચું થવું |
| કાતર મૂકવી | ધૂળધાણી કરી નાખવું; હાનિ કરવી |
| કાતરિયાં કાઢવાં | કરડી નજરે જોવું |
| કાતરિયું મૂકવું | ઘર ફોડવું; ચોરી કરવી |
| કાતરિયું ગેપ થઈ જવું | અક્કલ મૂંઝાઈ જવી |
| કાદવ ખૂંદવો | વગર લાભનો વેપાર કરવો; વ્યર્થ મહેનત કરવી |
| કાદવ ફેંકવો | (૧) અપજશનું કામ કરવું |
| | (૨) નિંદા કરવી |
| કાન આમળવા | ઠપકો દેવો; શિક્ષા કરવી; સુધારવું |

| | |
|---|---|
| **કાન કરડવા** | છૂપી વાત કરવી |
| **કાન કાપવા** | (૧) જીતી જવું<br>(૨) ટક્કર મારવી<br>(૩) ઠગવું<br>(૪) ચડિયાતા થવું |
| **કાન ઘરેણે મૂકવા** | બેદરકારી અથવા ગફલત દાખવી ન સાંભળવું |
| **કાન દેવા-માંડવા-ધરવા** | ધ્યાનથી સાંભળવું; વાત કરનાર જાણે નહિ તેમ સાંભળી લેવું |
| **કાન ફોડી નાખવા** | બહેરું અથવા બહેરા જેવું કરવું |
| **કાન ભરવા-ભંભેરવા** | વાતો સંભળાવી પોતાના તરફનું કરવું |
| **કાનના કીડા ખરવા** | રોમાંચ ખડા થવા; કમકમાટી ઉત્પન્ન થવી |
| **કાનની બૂટ પકડવી** | શિક્ષા બોધ લેવો; ભૂલ કબૂલ કરવી |
| **કાનનું કાચું** | (૧) ભોળું; છેતરાઈ જાય એવું<br>(૨) થોડું બહેરું |
| **કાનપટ્ટી પકડાવવી** | ભૂલ દેખાડવી; કબૂલાત કરાવવી |
| **કાનમાં આંગળીઓ ઘાલવી** | ન સાંભળવું અથવા સાંભળવા તરફ બેદરકાર રહેવું |
| **કાન માંડવા** | બરાબર સાંભળવું |
| **કાનમાં ફૂંક મારવી** | (૧) ઉશ્કેરવું; ભંભેરવું; ભમાવવું<br>(૨) ચેતવી દેવું<br>(૩) બોધ આપવો<br>(૪) છૂપી મસલત કરવી |

| | |
|---|---|
| **કાનખજૂરાનો પગ ભાંગવો** | નજીવું નુકસાન થવું |
| **કાને લેવું** | સાંભળવું; ધ્યાન પર લેવું |
| **કામ સરાડે ચડવું** | કામ સરળતાથી ચાલતું થવું |
| **કાયા નિચોવી નાખવી** | શરીરે કષ્ટ વેઠવું |
| **કાલાં કાઢવાં** | અણસમજુ હોય તેમ બોલવું; બાળકની જેમ વર્તવું |
| **કાશ કાઢવી** | (૧) પીડા પતાવવી; કંટક કાઢી નાખવો |
| | (૨) આડખીલી દૂર કરવી |
| **કાશીએ સંઘ પહોંચવો** | કાર્યની સફળતા થવી; ધારેલા અર્થની સિદ્ધિ થવી |
| **કાસળ કાઢવું** | (૧) મારી નાખવું |
| | (૨) આડખીલી દૂર કરવી |
| **કાળ ચડવો** | ગુસ્સે થવું; કંટાળી ખીજવાઈ અમુક ખોટું કામ કરવા તત્પર થવું |
| **કાળ ચક્કર ફરવું** | (૧) આખર આવવી |
| | (૨) આફત આવી પડવી |
| | (૩) દશા બદલવી |
| | (૪) મોત ભમવું |
| **કાળજાના કકડા થવા-કરવા** | દુઃખ થવું |
| **કાળજાની કોર** | ઘણું જ વહાલું |
| **કાળજાનો ડંખ** | કારી ઘા; કાળજામાં થયેલી જબરી અસર |
| **કાળજું કોરવું/કોરાવું** | (૧) અંતઃકરણને શબ્દબાણથી ભેદવું |
| | (૨) મનમાં દુઃખ થવું; હૃદય વીંધાઈ જવું |
| | (૩) દિલને સંતાપ થવો |

| | |
|---|---|
| **કાળજું કપાઈ જવું** | પ્રાણ જવા જેવું થવું |
| **કાળજું ખસી જવું** | ફટકી જવું; ઘેલા થવું; મુગ્ધ થવું; ચમક થવી |
| **કાળજું ફાટી જવું** | ભય, ચિંતા વગેરેથી છેક ચોંકી ઊઠી અકળાવું |
| **કાળજું બળી જવું** | દુઃખ થવું; અકળાવું; ગભરાવું |
| **કાળજે કોરાઈ રહેવું** | યાદ રહેવું; ભૂલી ન જવાય એમ થવું |
| **કાળા અક્ષર કૂટી મારવા** | લખતાં ન આવડવું; કેવળ મૂર્ખ હોવું |
| **કાળા તલ ચોરવા** | ખરાબ કાર્ય કરવું |
| **કાળાં ધોળાં કરવાં** | (૧) ઊંધા ચત્તાં કરવાં<br>(૨) સારાં નરસાં કર્મ કરવાં |
| **કાળા પાણીએ જવું** | દેશનિકાલ થવું; સમુદ્રપાર થવું |
| **કાળાં મટી ધોળાં થવાં** | જુવાની જઈ વૃદ્ધાવસ્થા આવવી; ઘડપણ આવવું |
| **કાળા માથાનો માનવી** | માણસ જાત |
| **કાળી ટીલી** | કલંક; બદનામી; અપજશ |
| **કાળું કરવું - કાળું મોં કરવું** | મોં ન દેખાડાય એમ કરવું; મોં સંતાડવું; શરમાવું |
| **કાળો કેર વર્તાવવો** | બહુ જુલમ કરવો |
| **કાળો મેઘ હોવું** | ખૂબ પરગજુ હોવું |
| **(આબરૂનાં) કાંકરા થવા-કરવા** | (૧) માનભંગ થવું; શાખ ગુમાવવી; ફજેત થવું;<br>(૨) વક્કર ઘટાડવો; ન છાજતું કામ કરવું |

| | |
|---|---|
| **કાંકરી કાઢી નાખવી** | કિંમત કાઢી નાખવી; ગણતરીમાંથી બાકાત રાખવું |
| **કાંકરી ઘડો ફોડે** | (૧) કાળનું માહાત્મ્ય મોટું ગણાય<br>(૨) વખતે નાના માણસથી પણ મોટું કામ થાય |
| **કાંકરો કાઢવો** | (૧) કોઈને વિશે ભૂંડું કહીને તેનો પગ કાઢવો<br>(૨) નડતર કાઢવું<br>(૩) પગ કાઢવો |
| **કાંકરો ચાળો કરવો** | મશ્કરીમાં કે ગુસ્સામાં એકબીજા પર કાંકરા મારવા |
| **કાંટામાં આવવું** | સતેજ થવું; સુસ્તી ઊડી શરીરમાં જોમ આવવું |
| **કાંટા વાવવા-વેરવા** | (૧) કુસંપનાં બીજ વાવવા<br>(૨) પોતાના માટે દુઃખની તૈયારી કરવી<br>(૩) વેર કરવું; દુશ્મનાવટ ઊભી કરવી |
| **કાંટો કાઢવો** | (૧) નડતર-પીડા ટાળવી<br>(૨) અડચણ કરતું જે કાંઈ હોય તે દૂર કરવું<br>(૩) સોબતમાંથી દુષ્ટને દૂર કરવો |
| **કાંડા કાપી લેવા** | સહી કરાવી લેવી; કબૂલાત કરાવી લેવી |
| **કાંડું ઝાલવું-પકડવું** | (૧) આજન્મ નિભાવી લેવાનું માથે લેવું<br>(૨) આધાર આપવો; આશ્રય આપવો |

| | |
|---|---|
| | (૩) દાવમાં લેવું |
| | (૪) પરણવું |
| **કાંત્યું પીંજ્યું કપાસ થવું** | (૧) કર્યું કારવ્યું ધૂળમાં મળી જવું |
| | (૨) થયેલી મહેનત પર પાણી ફરી વળવું |
| **કાંદા કાઢવા** | ફાયદો મેળવવો; લાભ લેવો; સાર કાઢવો |
| **કાંધ દેવી-લેવી** | (૧) ઉપાડવામાં મદદ કરવી |
| | (૨) શબને ઉપાડવું |
| **કિસ્મત ખૂલવું-જાગવું** | ભાગ્યોદય થવો; ભાગ્ય સારું થવું |
| **કીડિયારું ઊભરાવું** | બહુ કીડીઓ નીકળવી; લોક સમૂહ ભેગો થવો |
| **કીડીઓ ચઢવી** | અશક્તિ આવવી; કંટાળો આવવો |
| **(પેટમાં) કુરકુરિયાં બોલવાં** | (૧) છાની વાત છૂપાવવી |
| | (૨) ભૂખ લાગવી |
| **કુલડીમાં ગોળ ભાંગવો** | છૂપી રીતે કરવું; માંહ્યોમાંહ્ય સમજી લેવું; અંદરોઅંદર પતાવી લેવું |
| **કુશકા કૂટવા** | ફોતરાં ખાંડવા ફોગટ પ્રયાસ કરવો |
| **કુળ અજવાળવું** | કુટુંબની નામના વધારવી-કાઢવી |
| **કુંભકરણની ઊંઘ** | ઘોર નિદ્રા |
| **કૂચા કાઢવા** | (૧) ઘાણ કાઢવો |
| | (૨) હલકું કરવું |
| | (૩) શક્તિ ઉપરાંત કામ કરાવવું |

| | |
|---|---|
| કૂતરાં બિલાડાં જેવું | સાથે રહ્યે ન બને તેવું |
| કૂતરાની પૂંછડી જેવું | હઠીલું |
| કૂતરાને મોત મરવું | કોઈ સંભાળ લેનાર ન હોય એવી સ્થિતિમાં મૃત્યુ પામવું |
| કૂવામાં ઉતારવું | આડુંઅવળું સમજાવી કે ભોળવી નુકસાનના ખાડામાં ઉતારવું; છેતરવું |
| કૂવામાંનો દેડકો | બહારની દુનિયાની ખબર ન હોવી |
| કૂવો પૂરવો | આત્મહત્યા કરવા કૂવામાં પડવું |
| કૂવો-હવાડો કરવો | આત્મહત્યા કરવા કૂવામાં પડવું |
| કૂંડાળે પગ પડવો | (૧) જેને પરિણામે મુશ્કેલી સર્જાય એવા કામમાં પડવું<br>(૨) અનૈતિક કામ કરવું |
| કેડ નમાવવી | ખંત; ઉત્સાહ; મહેનતથી કામ કરવું |
| કેડ બાંધવી | પૂરી તૈયારી કરવી |
| કેડ ભાંગી જવી | (૧) નબળા થઈ જવું; જીવનસત્ત્વ જતું રહેવું<br>(૨) નાસીપાસ થઈ જવું |
| કેડો લેવો | કોઈની પાછળ પડી જવું |
| કેરીની ફાડ જેવી આંખો | કાન સુધી પહોંચતી આંખો |
| કેસરિયાં કરવાં | મરણિયા થઈ યુદ્ધમાં જતાં પહેલાં છેલ્લો કસૂંબો પી લેવો (રજપૂત લોકોમાં) |
| કોટિ કરવી | (૧) ગળે ભેટવું<br>(૨) ગળે વળગીને રડવું |

| | |
|---|---|
| **કોકડું ગૂંચાવું** | કામ ગોટાળામાં પડવું |
| **કોઠું કરવું** | (૧) યુક્તિ કરવી; હિકમત કરવી<br>(૨) ભેગાં મળી વહેંચણી કરવી |
| **કોડિયાં જેવું કપાળ હોવું** | કમનસીબ હોવું |
| **કોરે કાગળે મતું મારવું** | કોરા કાગળ ઉપર સહી કરવી; મફત કામ કરાવવું |
| **કૌભાંડ કરવાં** | કપટ કરવું; બનાવટી વાત ઊભી કરવી |
| **ક્યામત આવવી** | (૧) છેલ્લો દિવસ આવવો<br>(૨) મોટી આફત આવી પડવી |
| **ક્ષીરનીર જુદાં કરવાં** | માણસના ગુણદોષ શોધવા |
| **ખજાને ખોટ ન આવવી** | કંઈ પણ વસ્તુ ન ખૂટવી; અઢળક હોવું |
| **ખટકો રાખવો** | કામ કરાવવાની ચિંતા રાખવી; વસવસો રાખવો; કોઈ વાત બરાબર ધ્યાનમાં રાખવી; મનમાં અંદેશો કે કશું ખટકે એવું રાખવું |
| **ખડિયા પોટલાં બાંધવાં** | (૧) ઊપડી જવું; ઉઠાંતરી કરવી; જતું રહેવું<br>(૨) ઘર ફેરવવું<br>(૩) ઉચાળા ભરવા |
| **ખડી જવું** | મોરચેથી હટી જવું |
| **ખણખોદ કરવી** | (૧) પાછળથી ભૂંડું બોલવું<br>(૨) ભૂલો શોધવી; નિંદા કરવી |
| **ખતા ખાવી** | (૧) ખાસડાં ખાવાં<br>(૨) ચૂક કે ગફલત કરવી |

| | |
|---|---|
| | (૩) નુકસાની થવી |
| | (૪) પસ્તાવો થવો |
| | (૫) ઠોકર વાગવી |
| **ખપ્પરમાં આવવું** | ભક્ષ્ય થવું; શિકાર થવો; ભોગ થઈ પડવું |
| **ખભા ઠોકવા** | પોતે પોતાને શાબાશી આપવી; બડાશ હાંકવી |
| **ખભે ખભો મેળવવો** | જોડાજોડ ઊભા રહેવું; બરોબરી કરવી |
| **ખભે વળગવું** | મદદ લેવી |
| **ખભો ચડાવવો** | (૧) આનાકાની કરવી |
| | (૨) નાપસંદગી બતાવવી |
| | (૩) શરમાવું; લજ્જા બતાવવી |
| | (૪) ના પાડવી |
| **ખમી ખાવું** | (૧) ક્ષમા આપવી |
| | (૨) સહી લેવું |
| | (૩) અપરાધ સાંખી લઈ અપરાધીને માફ કરવો |
| | (૪) થોભી જવું |
| **ખળભળી ઊઠવું-જવું** | (૧) ઉશ્કેરાઈ જવું |
| | (૨) હાલી ઊઠવું; ઊથલપાથલ થવી |
| | (૩) ક્ષોભ થવો; કંપી જવું |
| **ખળું પાડવું** | ઘણો ફાયદો થવો; ધનનો લાભ થવો |
| **ખંખેરી નાંખવું** | ઊધડો લેવો; ખૂબ ધમકાવવું |

| | |
|---|---|
| **ખંખોળિયું ખાવું-મારવું** | ઉતાવળથી નાહી લેવું |
| **ખંભાતી તાળાં દેવાવાં** | વંશમાં કોઈ પાછળ ન રહેવું |
| **ખાઈને ખોદવું** | જેનું અન્ન ખાધું હોય તેનો જ અપકાર કરવો |
| **ખાક ડાલવી-ફેંકવી** | (૧) કોઈના પર ધૂળ નાખવી |
| | (૨) કજિયો બંધ કરવો |
| | (૩) શાપ આપવો |
| **ખાટા થવું** | નારાજ થવું |
| **ખાડામાં પડવું** | (૧) આપઘાત કરવો |
| | (૨) નુકસાની વહોરવી |
| | (૩) ભૂલ કરવી |
| **ખાતર પાડવું** | ચોરી કરવી; ઘર ફોડવું |
| **ખાતરે પાણી પાવું** | ઊંધું નાખવું; સરસાઈ કરવી; હંફાવવું |
| **ખાતું માંડી વાળવું** | (૧) નુકસાની ખાતે કોઈ રકમ માંડી વાળવી |
| | (૨) લેવડ-દેવડ બંધ કરવી |
| **ખાર રાખવો** | કિન્નો રાખવો; દ્વેષ રાખવો; વેર રાખવું |
| **ખારી દાઢ થવી** | (૧) કંઈપણ ખાવાની ઈચ્છા થવી |
| | (૨) નફો મેળવવો |
| | (૩) લાંચ લેવી |
| **ખાલ પાડવી-બગાડવી** | ખૂબ માર મારવો |
| **ખાવા દોડવું-ધાવું** | (૧) અળખામણું લાગવું |
| | (૨) ચીડિયાં કરવાં; બિવરાવવું; ઘૂરકવું; ગુસ્સે થવું; ધમકાવવું |

| | |
|---|---|
| **ખાસડાને તોલે** | હલકું; વિસાત વિનાનું |
| **ખાસડાં ખાવાં** | (૧) ઠપકો મેળવવો |
| | (૨) નિષ્ફળ થવું |
| **ખાંડ ખાવી** | (૧) જૂઠું બોલવું |
| | (૨) જે કહે તેવું ન હોવું |
| | (૩) જખ મારવી |
| | (૪) ભૂલ ખાવી |
| | (૫) સગાઈ કરવી |
| **ખાંડાની ધાર પર ચાલવું** | (૧) મહામુશ્કેલ કામ કરવું |
| | (૨) વચ્ચે પડી સમાધાન કરવું |
| | (૩) અતિ વિકટ સાહસભર્યું કામ કરવું |
| **ખાંધ દેવી** | મડદાને લઈ જવાના સંબંધમાં વપરાય છે |
| **ખિલ્લી કરવી** | (૧) નખરાં કરવાં |
| | (૨) મશ્કરી કરવી |
| **ખીલાને જોરે કૂદવું** | કોઈ સત્તાવાળા મોટા માણસને આધારે મહાલવું |
| **ખીલે બાંધવું** | ખાતરી કરવી; નક્કી કરવું |
| **ખીલો થઈ જવું-થવું** | (૧) આશ્ચર્ય પામવું |
| | (૨) જીવ વગરનું થઈ જવું થંભી જવું; દિગ્મૂઢ થવું |
| **ખીસું ભરવું** | પારકું નાણું વગર કહ્યે પોતાના ઉપયોગમાં લેવું |

| | |
|---|---|
| **ખુડદો કરવો-કરી નાખવો** | (૧) ખતમ કરવું; વાપરી નાખવું<br>(૨) ભાંગી નાખવું<br>(૩) વેચી નાખવું |
| **ખૂણે બેસવું** | ઘરમાં ભરાઈ રહેવું |
| **ખૂણો પાળવો** | વિધવાએ એકાંતમાં રહેવું |
| **ખૂંટો ઢીલો થવો-પડવો** | અશક્ત થવું; આધાર નબળો થવો; વગ આધાર અથવા ટેકો જતો રહેવો |
| **ખેલ ખેલાવવો** | (૧) નચાવવું<br>(૨) રમાડવું<br>(૩) હેરાન કરવું |
| **ખેલ બગડવો** | કામ બગડી જવું |
| **ખો ભુલાવી દેવી** | ઠેકાણે લાવી દેવું; સુધારવું; પાઠ ભણાવવો |
| **ખો ભૂલી જવી** | પાઠ મળવો |
| **(બરડો) ખોખરો કરી નાખવો** | હાડકાં ભાંગી નાખવાં; ખૂબ માર મારવો |
| **ખોટ બેસાડવી** | હીણું કામ કરવું; કલંક લગાડવું |
| **ખોટો રૂપિયો** | (૧) માંદગીમાંથી બેઠું ન થાય એવું<br>(૨) કોઈ ધડો ન કરે તેવું |
| **ખોડો નીકળવો** | ભારે સંહાર થવો |
| **ખોદણી કરવી** | નિંદા કરવી |
| **ખોપરી ખાઈ જવી** | (૧) કોઈનું માથું ખાવું; કંટાળો ઉપજાવવો; ભેજું પકાવવું<br>(૨) બીજાની મિલકત ઉડાવી દેવી |

| | |
|---|---|
| **ખોપરીમાં પવન ભરાવો** | (૧) ગર્વિષ્ઠ થવું; છકી જવું; ફાટી જવું<br>(૨) તબિયત આકરી થવી; મિજાજ ખોવો |
| **ખોબલે ખોબલે રૂપ હોવું** | અસાધારણ શરીરસૌંદર્ય મળવું |
| **ખોળિયામાં જીવ આવવો** | (૧) ચેન વળવું<br>(૨) જીવ હેઠે બેસવો |
| **ખોળે માથું મૂકવું** | તાબે થવું; શરણે જવું |
| **ખોળો ખાલી હોવો** | નિઃસંતાન હોવું |
| **ખોંખારો કરવો-ખાવો-મારવો** | (૧) કોઈ પણ કાર્ય પરત્વે હિંમતપૂર્વક નિશ્ચય કરવો<br>(૨) કોઈનું ધ્યાન ખેંચાય તેમ અવાજ કરવો<br>(૩) પડકાર કરવો<br>(૪) મગરૂર થવું |
| **ગગન સાથે વાત કરવી** | અસંભવિત વાતો કરવી; હવાઈકિલ્લા બાંધવા |
| **ગગનમાં ઊડવું** | હવાઈકિલ્લા બાંધવા; અસંભવિત વાતો કરવી |
| **ગજ ગજ કૂદવું** | મસ્તીમાં આવવું |
| **ગજ વાગવો** | યોગ્ય ઠેકાણે યોગ્ય રીતે શક્તિ કામે લાગવી |
| **ગજવામાં ઘાલવું** | તુચ્છ ગણી કાઢવું; માન ન આપવું |
| **ગજવાં ભરવાં** | (૧) લાંચ આપવી<br>(૨) બદદાનતથી પુષ્કળ પૈસા એકઠા કરવા |

| | |
|---|---|
| ગજવું જોઈને વાત કરવી | ગજા પ્રમાણે કામ કરવું; શક્તિને અનુસરીને વર્તવું |
| ગડબડગોટો વાળવો | ઊલટું સૂલટું કરવું |
| ગઢ જીતવો | પરાક્રમ કરવું |
| ગણેશ માંડવા | કોઈપણ શુભકામનો આરંભ કરવો; શરૂઆત કરવી |
| ગધ્ધાવૈતરું કરવું | પૂરો બદલો ન મળે એવી ખૂબ મહેનત કરવી |
| ગધેડી ઝાલવી-પકડવી | ગુનો કરવો |
| ગધેડે ચડવું | બેઆબરૂ થવી; વગોવાવું |
| ગરથ ખર્ચીને ગાંડા બનવું | પૈસા ખર્ચી મૂર્ખ બનવું |
| ગરથ વેચીને ઘેલા થવું | પોતાની મૂડી ખોઈને ગાંડા થવું |
| ગળચવાં ગળવાં | લૂલો ખુલાસો કરવા ફોગટ મથવું |
| ગળચિયું દેવું | (૧) ધમકાવવું<br>(૨) ઠપકો આપવો |
| ગળા સુધી આવી જવું | બહુ કંટાળી જવું; હદ થઈ જવી |
| ગળામાં જીભ ઘાલવી | બોલતાં બંધ રહેવું; બોલતું અટકવું |
| ગળામાં જોતરું આવવું | (૧) જંજાળના કામમાં પહેલાં વહેલું જોડાવું; પીડા વળગવી<br>(૨) પોતાના કામમાં નડે એવું કોઈ બીજાનું કામ માથે આવવું |
| ગળામાં (ગળે) ટાંટિયા આવવા | ગળે ટાંટિયા ભરાયા હોય એવી સાંકડમાં આવી પડવું; ઘણી જ મુસીબતમાં આવી પડવું; જીવ જોખમાય એવી સ્થિતિમાં આવી પડવું |

| | |
|---|---|
| ગળી જવું | ગમ ખાઈ જવી |
| ગળું કાપવું | વિશ્વાસઘાત કરવો |
| ગળું ભરાઈ આવવું-ભરાવું | (૧) દુ:ખને લીધે બોલી ન શકાવું<br>(૨) રોવું |
| ગળે ઊતરવું | મગજમાં ઠસવું; ખાતરી થવી |
| ગળે કાંચકી બાઝવી | ગળું સુકાઈને સંકડામણ થવી |
| ગળે પડવું | (૧) આળ મૂકવું<br>(૨) વગર હક્કે જબરદસ્તીથી માંગવું<br>(૩) અતિશય કાલાવાલા કરવા |
| ગળે ફાંસો આવવો | મુશ્કેલીમાં આવી પડવું; જીવના જોખમમાં આવી પડવું; સપડાવું; ફસાવું |
| ગંગા નાહવું | મુક્ત થવું; પાપ અને દુ:ખમાંથી છૂટવું |
| ગંજીપાનો મહેલ હોવો | ટૂંકજીવી હોવું |
| ગાગર જેવું પેટ | ગમે તેટલી વાતો હોય પણ ગુપ્ત રાખી શકે |
| ગાડરિયો પ્રવાહ | વિચાર કર્યા વિના એકની પાછળ બીજાએ ઘસડાવું |
| ગાડું ગબડાવવું | કામ બંધ ન પડવા દેતાં આગળ ચલાવવું |
| ગાતર ગાળવાં | નાસીપાસ થવાથી ઢગલો થઈ જવું |
| ગાબચી મારવી | બહાનું કાઢી જતા રહેવું |
| ગાભા કાઢી નાખવા | માર મારીને કે અતિશય કામ કરાવીને ઘાણ કાઢી નાખવો |
| ગામ ગાંડું કરવું | મોહ પમાડી આજુબાજુના સમાજને ગાંડા જેવો કરી મૂકવો |

| | |
|---|---|
| ગામ ધમરોળવું/ભાંગવું | લૂંટ પાડવી; ધાડ પાડવી; ગામ લૂંટવું |
| ગામ માથે કરવું | કંઈ ખોવાયું હોય તેને માટે આખા ગામમાં શોધી વળવું |
| ગામનું ઉતાર | ગામનો ખરાબમાં ખરાબ માણસ |
| ગામે ગામનાં પાણી પીવાં | બહુ મુસાફરી કરી હોશિયાર થવું; ઠેર ઠેર અનુભવ મેળવી પાકા થવું |
| ગાયને દોહીને કૂતરાને પાવું | અપાત્રે ઉદારતા દાખવવી |
| ગારા થવું | કપાઈ કે હોમાઈ જવું |
| ગાળિયું કાઢી નાખવું | યુક્તિ કરી બંધનમાંથી છટકી જવું |
| ગાંજ્યા જવું | (૧) છેતરાવું<br>(૨) હારવું<br>(૩) સરખામણીમાં ઓછા ઊતરવું |
| ગાંઠ કરવી | સંગ્રહ કરવો |
| ગાંઠ પડવી | વેર બંધાવું; અંટસ પડવો |
| ગાંઠ બાંધવી | (૧) નિશ્ચય કરવો<br>(૨) કિન્નો રાખવો |
| ગાંઠનું ઉમેરવું | રજનું ગજ કરવું |
| ગાંઠનું ગોપીચંદન | પોતાનો જ ખર્ચ; ગેરફાયદો |
| ગાંઠે બાંધવું | પોતાનું કરી લઈ પાસે રાખવું |
| ગાંડાં કાઢવા | મૂર્ખાઈનાં વચન બોલવાં |
| ગાંડી માથે બેડું હોવું | ઠેકાણા વિનાની વ્યક્તિ હોવી |
| ગાંડુંઘેલું થવું | કુરબાન થવું; ચકિત થઈ જવું |
| ગુરુ મળવો | ઠગને પણ ઠગી જનારો મળવો; હોંશિયારને પણ ફસાવનારો મળવો |

| | |
|---|---|
| ગુરુમંત્ર ફૂંકવો | ચેતવવું; ઉશ્કેરવું |
| ગુલાંટ ખાવી-મારવી | (૧) ફરી જવું |
| | (૨) વિચાર ફેરવવા |
| ગુંદરિયું ચોંટવું | લપ વળગવી; લફરું લાગવું |
| ગૂડી નાખવું | મારી નાખવું; હણી નાખવું |
| ગૂંચ કાઢવી | મુશ્કેલી દૂર કરવી |
| ગૂંદણાં ગૂંદવાં | મસલત કરવી |
| ગેંગેંફેંફેં કરવું | બીકથી અસ્પષ્ટ રીતે ગોટા વાળવા |
| ગોઝારી ઝડપ કરવી | જીવલેણ ઉતાવળ કરવી |
| ગોટલી મારવી | કામચોરી કરવી |
| ગોથું ખાવું | છેતરવું; ભૂલ કરવી; ભ્રમમાં રહ્યા કરવું |
| ગોળ ખાધા સાથે કામ | બીજી લપ્પનછપ્પનમાં ન પડતાં અર્થની સિદ્ધિ સાથે કામ |
| ગોળ ગોળ વાત કરવી | મતલબ ન સમજાય તેવી વાત કરવી |
| ગોળીનું પાણી સુકાવું | (૧) કુટુંબનાં સાધનો ઓછાં થઈ જવાં |
| | (૨) માણસ કે પૈસાનું મોટું નુકસાન થવું |
| ગોળીને ગોફણ સાથે જવાં | તમામ નડતર દૂર થવાં |
| ગોળો ગબડાવવો | (૧) અડચણ નાખવી; વચમાં હરકત કરવી |
| | (૨) ગપ હાંકવી |
| ગ્રહ વાંકા હોવા | નસીબ અનુકૂળ ન હોવું |
| ઘડ બેસવી | સમજ પડવી |
| ઘડાઈ ઘડાઈને ઠેકાણે આવવું | અનુભવી બનવું |

**ઘડીના છઠ્ઠા ભાગમાં** — સહેજ વારમાં; જોતજોતામાં

**ઘડો ગાગર થવો** — સારોનરસો નિકાલ થવો; ફેંસલો થવો; આખરનું પરિણામ આવવું; કોઈ અનિશ્ચિત બાબતનો નિકાલ થવો

**ઘડો ફૂટવો** — છૂપી વાત જાહેર થઈ જવી

**ઘર ઉઘાડું પડવું** — ઘરની એબ ઉઘાડી થવી; જળવાઈ રહેતો ભરમ ઉઘાડો પડી જવો; કુટુંબની બેઆબરૂ થવી

**ઘર ઉઘાડું રહેવું** — વંશનું ચાલુ રહેવું; પુત્ર થવો

**ઘર ઊખડી જવું** — (૧) કુટુંબનો નાશ થવો; નખ્ખોદ જવું; એકનું એક સંતાન ગુજરી જવું; નિઃસંતાન થવું; વંશમાં પાછળ કોઈ વસનાર ન હોવું
(૨) મોટું નુકસાન થવું

**ઘર કરી જવું-બેસવું-રહેવું** — કાયમનું થઈ જવું; મજબૂત થઈ જવું

**ઘર ફૂટવું** — ઘરની ગુપ્ત વાત જાહેર થવી

**ઘર ભરવું** — ખોટા રસ્તે નાણાં, વગેરે લાવીને ઘર સજ્જ કરવું

**ઘર ભાંગવું** — કુટુંબમાં કુસંપ થવો; ઘરની ખરાબી થવી; લગ્ન તૂટવું; પત્ની ગુજરી જવી; ઘરના આધારરૂપ માણસનું મોત થવું

**ઘર લઈ બેસવું** — સંસાર શરૂ કરવો

**ઘરનું નાક** — જેના વડે ઘરની આબરૂ જળવાઈ રહે તે

**ઘરનો સ્તંભ** — જેના આધારે ઘર ચાલતું હોય તે

| | |
|---|---|
| **ઘરનો દીવો** | જેના વડે ઘરની આબરૂ શોભી રહેતી હોય તે; સપૂત |
| **ઘરમાં ભૂત ભૂસકા મારે** | ખાવાપીવાનું કાંઈ ન હોવું |
| **ઘરમાં હાંલ્લાં અથડાવાં** | ઘરમાં ખાવાપીવાનું કાંઈ ન હોવું |
| **ઘરે બેસાડવું** | નોકરીમાંથી કાઢી મૂકવું; રજા આપવી |
| **ઘરડમાં પડવું** | ચાલતું થવું; શરૂ થવું; સરાણે ચડવું |
| **ઘસારો આપવો-દેવો** | (૧) ખરચ કરાવવું<br>(૨) નુકસાન કરવું; નુકસાન મજરે આપવું |
| **ઘસાતું બોલવું** | આબરૂને ધક્કો પહોંચે એમ બદબોઈ કરવી; હીણું બોલવું; નિંદા કરવી |
| **ઘસીને કાપવું** | પૂરેપૂરું માનભંગ કરવું |
| **ઘસીને ગૂમડે ચોપડવું** | કોઈ સ્નેહી સગું હોય તે જરૂરને પ્રસંગે પણ કામમાં ન આવે; ત્યારે તેના વિશે બોલાય છે |
| **ઘંટડી વગાડવી** | (૧) ખાલી થવું; પૂરું થવું<br>(૨) ભોજન સમય થયાનું જણાવવું<br>(૩) હવે કંઈ વળે નહિ; નવરા નકામા ફર્યા કરવું |
| **ઘા પડવા** | કામ કરવાથી જે કંટાળતા હોય તેના માટે વપરાય છે |
| **ઘા લાગવો** | (૧) અસર થવી; ઘણું લાગવું<br>(૨) પ્રિયજનના મરણથી ઘણું દુઃખ થવું<br>(૩) મોટું નુકસાન થવું; વાગવાથી જખમ થવો |

| | |
|---|---|
| **ઘાટ આવવો** | (૧) લાગ આવવો<br>(૨) જોઈતો આકાર આવવો |
| **ઘાટ ઘડવો** | (૧) કોઈ વસ્તુ કે પદાર્થને આકાર આપવો<br>(૨) ઘણું નુકસાન કરવું<br>(૩) મનસૂબો કરવો; વિચાર કરવો<br>(૪) મારી નાખવું; નાશ કરવો |
| **ઘાટ ઘાટનાં પાણી પીવાં** | ફરી ફરીને બહુ જ હોંશિયાર બનવું |
| **ઘાટ બેસવો** | બરાબર ગોઠવાઈ જવું |
| **ઘાટમાં ઘાલવું** | ફસાવવું; દાવમાં લેવું |
| **ઘાટડીએ જવું-સાથે જવું** | પતિની પહેલાં સુહાગણને વેશે મરવું |
| **ઘાણ કાઢવો** | દાટ વાળવો; નખોદ વાળવું; સંહાર કરવો |
| **ઘાણ વાળવો** | ઘણું જ નુકસાન કરવું |
| **ઘાણીએ ઘાલીને પીલવું** | સખતમાં સખત ક્રૂર શિક્ષા કરવી; ઘણું જ રિબાવવું; અતિશય દુઃખ દેવું; કનડવું |
| **ઘાત જવી** | મરતાં મરતાં બચી જવું |
| **ઘાલમેલ કરવી** | (૧) ગોટાળો કરવો<br>(૨) ખટપટ કરવી; દાવપેચની બાજી રમવી |
| **ઘાસ કાપવું** | નહિ સાંભળવું; ઉપેક્ષા કરવી; નહિ ગણકારવું; તુચ્છ કામ કરવું; ફોગટ મહેનત કરવી |

| | |
|---|---|
| **ઘાંચીની ઘાણી જેવું** | ઘાણીના જેવું ચીકણું; ઘણું જ મેલું |
| **ઘાંચીની ઘાણીએ જોડાવું** | ઘાણીએ જોડાયેલ બળદની પેઠે એક જ ઘરેડમાં ભાર વહેવા માંડવો |
| **ઘાંચીનો બળદ** | એક જ રીતે ચાલી ભાર વહ્યા કરનારો |
| **ઘી કેળાં થવાં** | પૈસા-ટકાની ઘણી પ્રાપ્તિ થવી |
| **ઘીને ઘડે ઘી થવું** | સારા વાનાં થવા; બધું સમુંસૂતરું પાર પડવું |
| **ઘૂઘરા બાંધવા** | (૧) નાચ કરવો<br>(૨) નિર્લજ્જ થવું<br>(૩) શરમ મૂકીને કામ કરવું |
| **ઘૂંટડો ઊતરવો** | વાત માનવામાં આવવી |
| **ઘૂંટડો ગળી જવો** | સહન કરવું; ખમી ખાવું; સાંભળી રહેવું |
| **ઘેરનું ઘેર** | એકનું એક; એકરૂપ |
| **ઘેલાં કાઢવાં** | (૧) ગાંડું ગાંડું બોલવું<br>(૨) જૂઠું બોલવું<br>(૩) મશ્કરી ઠઠ્ઠા કરવા<br>(૪) લાડમાં ઘેલાઈ કરવી |
| **ઘેંશના હાંડલાં ફોડવાં** | (૧) ગરીબની રાબડી તોડવી; નિર્ધનને હાલાકીમાં મૂકવું<br>(૨) યુદ્ધમાં સામાન્ય સૈનિકને મારવો |
| **ઘો કે સાપ** | અજાણ્યા સ્થળે હાથ નહિ ઘાલવાના ભાવમાં વપરાય છે |
| **ઘોડા વાળતા થવું** | બીમારી પછી તરત સાજા સારા થઈ જવું |
| **ઘોડા ઘડવા** | મનસૂબા કરવા; તરંગ ઉઠાવવા |

| | |
|---|---|
| **ઘોડા જેવું** | તંદુરસ્ત અને સશક્ત |
| **ઘોડાની ચાલે** | ઉતાવળી ગતિથી |
| **ઘોડે ચડવું-બેસવું** | (૧) આગળ પડવું; અગ્રેસર બનવું<br>(૨) ઉત્તેજાવું; તૈયાર થઈ જવું<br>(૩) મૂર્ખ બનવું; ફજેત થવું |
| **ઘોડે ચડીને આવવું** | બેહદ ઉતાવળથી આવવું |
| **ઘોડો ખૂંદવો** | (૧) કોઈ કામમાં વધારે પડતી ધમાલ કરવી<br>(૨) બહુચરાજી કે રાંદલ દેવીના ભૂવાનું ઊભાં ઊભાં ધૂણવું<br>(૩) વાતમાં આડે આવવું |
| **ઘોર ખોદવી** | (૧) અંતે વિનાશ થાય એવું કામ કરવું<br>(૨) નિંદા કરવી; બૂરું બોલવું |
| **ઘોળાયા કરવું** | (૧) મનમાં એકને એક વાત આવ્યા કરવી<br>(૨) વખત ગાળવો; ખોટી થવું |
| **ઘોળીને પી જવું** | કોઈના કહેવા તરફ આંખ આડા કાન કરવા; ન ગણકારવું |
| **ચકચક કરવું** | (૧) ઉતાવળે કલબલ કલબલ કરવું<br>(૨) વગર સમજ્યે બોલબોલ કરવું |
| **ચકચૂર થવું-બનવું** | (૧) કેફ કરીને મત્ત બનવું<br>(૨) તલ્લીન થઈ જવું<br>(૩) બહુ ખાવાથી ન ચાલી શકાય તેમ થવું |

| | |
|---|---|
| **ચકડોળે ચઢવું** | (૧) ઉપર-નીચે જવું |
| | (૨) એક કાનેથી બીજે કાને અને પછી અનેકને ગુપ્ત બાબતો જાહેર થવી |
| | (૩) જીવ ભમતો હોવો; મન અસ્થિર હોવું |
| **ચકમક ઝરવી** | અણબનાવ થવો; લડાઈ સળગવી; ભુલાવું; ભમાવવું; છેતરવું |
| **ચકરવકર થઈ જવું** | (૧) અસ્વસ્થપણું; બેચેન કે અસ્થિર મનથી આડુંઅવળું જોવું |
| | (૨) તમ્મરને લઈને બેચેન થઈ જવું |
| **ચકલાં ચૂંથવાં** | (૧) હલકો ધંધો કરવો |
| | (૨) ગરીબ માણસને હેરાન કરવું |
| | (૩) નજીવી અને પ્રાપ્તિ વિનાની ઘણી બાબતમાં માથું મારવું |
| **ચક્કર ફરવું** | (૧) અમુક ઘાટ કે વિચાર બદલવો; ઊથલપાથલ થવી; બદલાઈ જવું |
| | (૨) કામ થવું |
| | (૩) ફાવવું |
| | (૪) રૂપાંતર થવું |
| **ચક્કરમાં નાખવું** | (૧) ખોટી રીતે દોરવું |
| | (૨) મુશ્કેલીમાં નાખવું |
| **ચક્કરે ચડવું** | વારંવાર મુલતવી રાખવું; ઢીલ થવી |
| **ચક્કી ચલાવવી** | (૧) ખા ખા કરવું |
| | (૨) દળવા માટે ઘંટીને ગતિમાં મૂકવી |

| | |
|---|---|
| ચટ કરવું | (૧) બધું ખલાસ કરી નાખવું |
| | (૨) હિસાબમાં ગોટાળો કરવો |
| ચટી જવું | ગુસ્સો ઊભરાવો |
| ચટકો ચડવો-લાગવો | (૧) રીસ ચડવી; ચિઢાવું |
| | (૨) મનમાં દુઃખ લાગવું |
| | (૩) મોહ પામવું |
| | (૪) રંગ લાગવો |
| | (૫) સ્વાદ લાગવો |
| ચટકો ભરવો-મારવો | (૧) ડામ દેવો |
| | (૨) લાગણી થાય તેમ કહેવું |
| ચટણી કરવી | (૧) સંહાર કરવો; ઘાણ વાળવો |
| | (૨) ખરચી ખાવું; ઉડાવી દેવું; ખલાસ કરવું |
| ચડી વાગવું | બહેકી જવું; મર્યાદા ન માનવી |
| ચડ્યે ઘોડે આવવું | અતિશય ઉતાવળ કરતાં એકશ્વાસે આવવું |
| ચડતી દેરડીમાં પાણો નાખવો | સારું થતું હોય તેમાં વિઘ્ન નાખવું |
| ચઢતો પાસો/દહાડો થવો | ભાગ્યોદય થવો |
| ચઢી બેસવું | શિરજોરી કરવી; બહેકી જવું |
| ચઢી વાગવું | બહેકી જવું; બેમર્યાદ થવું |
| ચણા ચવરાવવા | (૧) છેતરવું; ઠગવું |
| | (૨) સંતાપવું; થકવવું; દુઃખ દેવું; હેરાન કરવું |

**ચણા લઈ ખાવા** (૧) અવગણના કરવી; બેદરકાર રહેવું; જતું કરવું; જવા દેવું
(૨) છોડી દેવું

**ચપટીમાં આવવું** (૧) ફસાવવું; દાવમાં આવવું
(૨) નુકસાન થાય એવી સંકડામણમાં આવવું; ન લેખવવું; ન ગણકારવું

**ચપટીમાં ચોળી નાખવું** ઘડીકમાં સંહાર કરવો

**ચપટીમાં લેવું** (૧) કબજે લેવું; વશ કરવું
(૨) દાવમાં આણવું; ફસાવવું
(૩) બે આંગળી વચ્ચે દબાવવું

**ચપ્પટ થવું** (૧) ખૂબ દબાઈ ગયેલું હોય તેમ થવું
(૨) જુસ્સો નરમ પડી જવો
(૩) નુકસાન કે ખોટમાં આવી પડવું

**ચમત્કાર બતાવવો** (૧) નવાઈનું કામ કરી બતાવવું
(૨) અશક્ય કામ કરી બતાવવું

**ચરણ સેવવા** તાબેદાર થઈ રહેવું; અધીન થઈ સેવા ઉઠાવવી

**ચરબી ચઢવી/વધવી** (૧) ફૂલવું; શરીર ભારે થવું
(૨) મદ થવો; અભિમાન આવવું
(૩) ઉન્માદ થવો; જુસ્સો ચઢી જવો

**ચરબી કરડવી** પોતાના બળના અભિમાનથી બીજાની છેડતી કરવાનો યત્ન કરવો

**ચવાઈ જવું** જૂનું થઈ જવું; વપરાઈ જવું; ખરચાવું

| | |
|---|---|
| **ચંડાળ ચોકડી ભેગી થવી** | કાળાં કૃત્યો કરનારની ટોળકી ભેગી થવી |
| **ચંદરવો ચઢે એવું** | અધિક્તર ચઢિયાતું |
| **ચંદરવો બાંધવો** | (૧) જાહેર કરવું; કીર્તિ ગજવી મૂકવી; પ્રખ્યાત થવી |
| | (૨) ફજેત થવું |
| | (૩) જૂઠું નામ કે કીર્તિ મેળવવી |
| **ચાટ પડવું** | છોભીલું પડવું; પાછા પડવું |
| **ચાટ પાડવો** | કોઈપણ માણસને લુચ્ચા તરીકે સાબિત કરવો |
| **ચાદરમાં પાંચશેરી ઘાલી મારવું** | (૧) ગુપ્ત માર મારવો |
| | (૨) બહાર દેખાય નહીં તેમ અંદરખાનેથી કોઈનું નુકસાન કરવાની યુક્તિ કરવી |
| **ચાનક ચડવી** | તોર ચઢવો; હોંશ આવવી; પડકારના સામનાનો જોશ પેદા થવો |
| **ચાનક ચડાવવી** | શિખામણ દેવી; ઉમંગ ચડાવવો; પ્રોત્સાહિત કરવું |
| **ચાબખા મારવા** | આકરાં મહેણાં મારવા; કટુ વચન કહેવાં |
| **ચામડાની જીભ હોવી** | આડું-અવળું ગમે તેમ બોલવું |
| **ચામડી ઉતરડી નાખવી** | (૧) ચાબુકથી માર મારવો; ખૂબ મારવું |
| | (૨) સખત સજા કરવી |
| **ચાર આંખો થવી** | (૧) ઈર્ષા થવી |
| | (૨) ક્રોધે ભરાવું; ગુસ્સે થવું |
| | (૩) પ્રેમને લીધે ઘેલછા થવી |
| | (૪) બે જણની અરસ પરસ નજર મળવી |

| | |
|---|---|
| **ચાર હાથ કરવા** | (૧) હદથી વધારે ઉતાવળ કરવી |
| | (૨) એક માણસને મદદમાં લેવું |
| **ચારે હાથ હેઠા પાડવા** | આધાર નબળો પાડવો |
| **ચારે હાથ હોવા** | સંપૂર્ણ મહેરબાની હોવી |
| **ચાલતા બળદને આર ઘોંચવી** | કામ કરવા છતાં ટોક ટોક કરવું |
| **ચાલતી ગાડીએ ચઢવું/બેસવું** | (૧) મોટાનો પક્ષ પકડવો |
| | (૨) ચાલતા વિચારમાં મળી જવું |
| **ચાલ રમવી/ ચાલવી** | (૧) છેતરવું |
| | (૨) રિવાજ પ્રમાણે વર્તવું |
| **ચાળા કરવા** | (૧) અડપલા કે ચાંદવા કરવાં; નખરા કરવાં |
| | (૨) ભાવ હોવા છતાં આનાકાની કરવી |
| | (૩) લાડમાં હા-ના કર્યા કરવી |
| | (૪) કામ ન કરવાના બહાનાં કરવાં |
| **ચાળે વળગવું** | શરણ સ્વીકારવું |
| **ચાંચ મારવી** | (૧) ઉપરછલ્લું જ્ઞાન મેળવવું |
| | (૨) માથું મારવું; વચ્ચે પડવું |
| **ચાંદનો ટુકડો હોવો** | ખૂબસૂરત હોવું |
| **ચાંદલો ચોડવો** | (૧) દંડ કરવો |
| | (૨) નુકસાન કરવું |
| **ચાંદાં કરવાં** | કોઈનો ગુનો છુપાવવો |
| **ચિઠ્ઠી ફાટવી** | મોત સાવ પાસે આવવું |

| | |
|---|---|
| **ચિઠ્ઠીના ચાકર બનવું** | (૧) કહ્યા મુજબ ચાલનાર થવું<br>(૨) ચિઠ્ઠી પહોંચાડવા જેટલા જોખમદાર થવું |
| **ચિત્ત ચોંટાડવું** | ધ્યાન દેવું; મન આપવું; બરાબર લક્ષ આપવું |
| **ચિત્ત ચોરવું** | (૧) કોઈનું ધ્યાન ખેંચવું કે દોરવું<br>(૨) મન હરણ કરવું; મોહિત કરવું; ચિત્ત આકર્ષિત કરવું |
| **ચિનગારી ચાંપવી** | કુસંપનાં બી વાવવાં |
| **ચીકણું જોઈને લપસી પડવું** | રૂપ કે ધન જોઈને તેના તરફ વળી જવું |
| **ચીકણું માણસ હોવું** | (૧) કંજૂસ હોવું<br>(૨) ચાપચીપિયું હોવું |
| **ચીતરી મૂકવું** | (૧) બગાડવું<br>(૨) લખી કાઢવું; ઘસડી કાઢવું |
| **ચીનના શાહુકાર થવું** | લુચ્ચા કે કપટી થવું |
| **ચીભડાના ચોર થવું** | હલકી ચોરી કરવી |
| **ચીરીને મરચાં ભરવાં** | શરીરે બળતરા ઊઠે એવો માર મારવો |
| **ચીરીને મીઠું ભરવું** | ઘણી કડક અને ઘાતકી સજા કરવી |
| **ચીલે ચીલે ચાલવું** | પડેલા રિવાજ મુજબ ચાલવું; આગળનાં માણસો કરી ગયાં હોય તે પ્રમાણે કરવું |
| **ચીલે પડવું** | રસ્તે પડવું; રીતમાં આવવું; ઘરેડમાં પડવું |
| **ચીલો કાપવો** | (૧) ગાડાવાટ છોડીને હાંકવું<br>(૨) ચાલુ રિવાજથી જુદું પાડવું |

| | |
|---|---|
| **ચીંથરાં ફાડવાં** | (૧) ખરી વાત મૂકી દઈ આડી અવળી નમાલી વાત કરવી; પોતાનો બચાવ કરવા વ્યર્થ પ્રયત્ન કરવો<br>(૨) જૂઠું બોલવું<br>(૩) વચનભંગ થવું |
| **ચીંથરેહાલ થવું** | છેક જ ગરીબ સ્થિતિમાં મૂકાવું |
| **ચુપ કરવું** | બોલતાં બંધ કરી દેવું |
| **ચુપ થઈ જવું-થવું** | (૧) જવાબ આપવા માટે અશક્ત હોવું<br>(૨) જવાબ ન આપી શકાય તેમ થવું |
| **ચુંગાલમાં આવવું** | ભીડ કે બંધનમાં આવવું |
| **ચૂડેલ રાસડા લે તેવું** | ખેદાન મેદાન થયેલું |
| **ચૂડેલના વાંસા જેવું થવું** | ભારે ભયાનક જણાવું |
| **ચૂડ ભરાવવી** | પકડમાં લેવું |
| **ચૂડી પહેરવી** | ફરીથી પરણવું |
| **ચૂડીઓ પહેરવી** | નામર્દાઈ બતાવવી |
| **ચૂડી કર્મ કરવું** | પતિ મરી ગયા પછી પત્નીએ ચૂડી ભાંગી નાખવી |
| **ચૂનો ચોપડવો** | (૧) ફરીથી અંકુર ન આવે એમ કરવું; જડ કાઢી નાખવી<br>(૨) બદનામ કરવું<br>(૩) હરાવવું |
| **ચૂલે ચડી બેસવું** | જ્યારે રસોઈ થઈ ન હોય તે વખતે ખાનારે ઘણી ઉતાવળ કરવી |

**ચૂલાનું સગપણ હોવું** — સ્ત્રીનાં પિયરિયાં તરફનો સંબંધ હોવો

**ચૂલામાં પડવું** — (૧) ગમે તેમ થવું કે કરવું
(૨) ફાવે તેમ કરવું
(૩) વ્યર્થ જવું
(૪) ધિક્કાર પડવો

**ચૂલામાં પેસવું** — રાંધવા દાખલ થવું

**ચૂલો સળગવો** — અત્યંત ચિંતા થવી; કાળજું બળવું; ગભરાવું

**ચૂસી લેવું** — (૧) ધન, માલ સત્ત્વ લઈ નકામું કરી મૂકવું
(૨) લાભ લેવો; ઉપયોગ કરવો

**ચૂં કે ચાં ન કરવું** — અક્ષરે ન બોલવો; સાવ ચુપ રહેવું

**ચૂંક આવવી** — (૧) પેટમાં દુઃખવું; પેટમાં ખૂંચવું
(૨) અરૂચિ બતાવવી
(૩) માઠું લાગવું
(૪) લાભના હેતુથી અમુક કામ કરવામાં આનાકાની કર્યા કરવી
(૫) વાંકું પડવું

**ચૂંક મારવી** — (૧) ફરીને ન ઊઘડે એમ સજ્જડ કરવું; હંમેશ માટે બંધ કરવું
(૨) ફાંસ મારવી; વિઘ્ન નાખવું

**ચૂંટી ખાવું** — (૧) કરડવું; ડંખવો; ચટકો ભરવો
(૨) નિંદા કર્યા કરી હલકા પાડવું

| | |
|---|---|
| | (૩) એકસામટા ઘણાએ ઠપકો આપવો કે ટીકા કરવી |
| | (૪) ટૂંપી નાખવું |
| **ચૂંથણાં ચૂંથવાં** | (૧) નકામી મહેનત કરવી |
| | (૨) વલખાં મારવાં |
| **ચૂંદડી ઓઢીને જવું** | પતિની હયાતીમાં મરી જવું |
| **ચેપ કાઢવો-મટાડવો** | (૧) દુઃખ દેતા માણસનો નિકાલ કરવો; પતાવવું |
| | (૨) ભ્રાંતિ/શંકા દૂર કરવી |
| | (૩) પીડા ટાળવી; સંકટ ટાળવું |
| **ચેપ લાગવો** | (૧) રોગ ચડવો |
| | (૨) સંગદોષ આપવો; સોબતની અસર થવી |
| **ચેલો મૂંડવો** | (૧) પોતાના ગુણદોષ બીજાને આપવા |
| | (૨) છેતરવું; ધૂતવું |
| **ચૈતર મહિને ચાંચ પાકવી** | મોસમ વખતે માંદા પડવું |
| **ચોક પૂરવા** | (૧) મંગલકાર્ય કરવું |
| | (૨) બહારથી શોભા કે સ્નેહ બતાવવો |
| **ચોકઠું બેસવું** | (૧) ધાર્યું કામ થવું; બંધ બેસતી વાત થવી |
| | (૨) વર કન્યાનો સંબંધ થવો |
| **ચોકઠું બેસાડવું** | (૧) ઠેકાણે પાડવું |
| | (૨) વિવાહ ગોઠવવો |
| | (૩) મેળ મેળવવો |

**ચોકે નંખાવું** (૧) ગળે આવવું
(૨) મરવાને તૈયાર થવું

**ચોકે નાખવું** મરનારને છાણ માટોડીથી તરત લીંપેલી ભોંય પર સુવાડવું; મરણ પથારીએ સુવાડવું

**ચોકો નોખો હોવો** એક જ જ્ઞાતિ હોવા છતાં સાથે જમવાનો વહેવાર ન હોવો

**ચોખા ખાવા** બારમું ખાવું

**ચોખા ચડાવવા** (૧) આમંત્રવું
(૨) પ્રસન્ન કરવા યત્ન કરવો; ખુશામત કરવી

**ચોખા નાખવા** (૧) કપાળે અક્ષતકંકુ ચોડવાં; કલ્યાણ ઈચ્છવું
(૨) ખોળો ભરવો; સીમંતનો સંસ્કાર કરવો
(૩) નાતરું કરવું

**ચોખા મૂકવા** નોતરું માગી લેવું; પરાણે આમંત્રણ આપે એમ કરવું; પોતાની મેળે માગી લેવું; નિમંત્રણ આપવું; બોલાવવું

**ચોખા મગ ચઢી રહેવા** (૧) ખીચડી પાકી જવી
(૨) મિજાજ જવો
(૩) શક્તિ ન હોવી
(૪) સ્થિતિ બગડવી

**ચોખામગ ભળી જવા** કામ પૂરું થઈ રહેવું; કામ કરી લેવું

| | |
|---|---|
| **ચોખા ભેગી ઈયળ બફાવી** | સારા ભેગું કંઈક નરસું પણ થઈ જવું |
| **ચોખ્ખો હાથ રાખવો** | (૧) પવિત્રતા રાખવી |
| | (૨) પ્રામાણિકતા સાચવવી |
| **ચોખ્ખો હિસાબ કરવો** | (૧) પાયમાલ કરવું |
| | (૨) ભૂલચૂક વગરનો હિસાબ કરવો |
| | (૩) સાધનરહિત કરવું |
| **ચોટ કરવી/ખાવી** | (૧) ઈજા કરવી |
| | (૨) નુકસાન કરવું |
| **ચોટ લાગવી** | (૧) દાવ ફાવવો; લાગ મળી જવો |
| | (૨) મંત્રજંત્રની અસર થવી |
| | (૩) હેતુ પાર પડવો |
| **ચોટલી પકડવી** | (૧) કબજામાં લેવું; ખસાય નહિ તેમ પકડવું; સામાનો દાવ કે યુક્તિ જે પ્રપંચરૂપે હોય તે સમજીને હાથ લેવું |
| | (૨) કાન પકડવો; કબૂલ કરાવવું |
| **ચોટલી મંતરવી** | (૧) છેતરવું; ઠગવું |
| | (૨) દાવપેચમાં સામા કરતાં વધી જવું ને કામ કાઢવું |
| **ચોટલી હાથમાં હોવી** | (૧) કબજામાં હોવું |
| | (૨) જેમ કહે તેમ થવું |
| **ચોથો પાયો ન હોવો** | ઢંગધડા વગરનું હોવું |
| **ચોર પેસવો** | રોગે પ્રવેશ કરવો; તબિયત બગાડવી |

| | |
|---|---|
| **ચોરાસીનો ફોગટ ફેરો થવો** | (૧) ખાલી ધક્કો થવો; કંઈ પણ અર્થ વિનાનું કામ થવું<br>(૨) મનુષ્યજીવન એળે જવું; જિંદગીનો ફેરો સાર્થક ન થવો |
| **ચોરી ઉપર શિરજોરી કરવી** | ગુનો કરીને વળી સામે થવું |
| **ચોરીનું ચંડાળે જવું** | ખરાબ રસ્તે મેળવેલ માલ ખરાબ રસ્તે જવો |
| **ચોરીમાંથી દાંત કચડવા** | (૧) શુભ કામની શરૂઆતમાં જ વિઘ્ન આવવું<br>(૨) લગ્ન થતાંવેંત જ અણબનાવ થવો |
| **ચોરીમાંથી રંડાપો આવવો** | (૧) લગ્ન પછી અથવા લગ્ન થતાં અનિષ્ટ થવું તે; શરૂઆતથી બગડવું તે<br>(૨) વેપાર માંડતાં જ દેવાળું આવવું |
| **ચોરે ચડવું** | (૧) પ્રસિદ્ધ થવું<br>(૨) ફજેત થવું |
| **ચોરે ને ચૌટે** | બધી જગ્યાએ |
| **ચોવટ કરવી/ડોળવી** | પારકી પંચાત કરવી |
| **ચોળીને ચીકણું કરવું** | (૧) અમુક વસ્તુમાં વારે વારે હાથ ઘાલીને તેને બગાડવી<br>(૨) હાથે કરીને વાત લંબાવવી, સહેલા કામને અઘરું કરી મૂકવું; ગૂંચવણ કરવી |

| | |
|---|---|
| ચૌદ ભુવન એક થવાં | (૧) એકાએક આફત આવી પડવી; મહામુસીબત આવી પડવી; અણધારી આફત આવી પડવી<br>(૨) ગજબ થવો; પ્રલય થવો; કેર વર્તવો |
| ચૌદ વિદ્યાના જાણકાર | સર્વગુણસંપન્ન હોવું |
| ચૌદમું રતન બતાવવું | મારની બીક બતાવવી |
| છ પાંચ ગણી જવા | પોબારા ગણી જવા; પલાયન થઈ જવું; નાસી-છટકી જવું |
| છક કરી દેવું | આશ્ચર્ય પામે એમ કરવું |
| છકી જવું | (૧) ઉન્મત્ત થઈ જવું; બહેકી જવું; ફાટી જવું<br>(૨) નશાકારક પીણું પીને નશામાં ચકચૂર થઈ જવું |
| છક્કડ ખવરાવવી | છેતરવું |
| છક્કડ મારવી | (૧) ધોલ મારવી; નુકસાનમાં આણવું<br>(૨) ભૂલ ખવડાવવી<br>(૩) તાજુબ થાય તેમ કરવું |
| છક્કા છૂટી જવા | (૧) બીક લાગવી<br>(૨) નાસીપાસ થવું; નાઉમેદ થઈ જવું |
| છક્કાપંજા ઊડી જવા | હોશકોશ ઊડી જવા |
| છક્કે પંજે દોઢસો કરવા | પારકે ભાણે મોટા લાડુ જોવા; બીજાને ખર્ચે છળભેદ રચવા |
| છછુંદર છોડવું | (૧) કજિયો કરાવવો<br>(૨) ધતિંગ હાંકવું; ગપાટો મારવો |

| | |
|---|---|
| **છછુંદરનાં છયે સરખાં હોવાં** | બધાંયે એક જ તરેહ-રૂપમાં; રંગમાં; સ્વભાવમાં; સમજમાં કંઈ ફેરફાર જ ન હોય એવાં મળવાં |
| **છઠ્ઠીના લેખ હોવા** | વિધાતાના લખેલા લેખ હોવા |
| **છઠ્ઠીનું ઊખડેલું** | (૧) નાનપણથી જ વંઠેલું; ઉદ્ધત; જન્મથી જ તોફાની |
| | (૨) લુચ્ચું |
| **છઠ્ઠીનું દૂધ-ધાવણ ઓકાવવું** | (૧) મરણતોલ માર મારવો |
| **કે કાઢી નાખવું** | (૨) પાયમાલ કરવું; નાશ કરવો |
| **છડ્યાનું છડામણ મળવું** | પાકી મહેનતનો બદલો મળવો; કરેલ મજૂરીનો યથાર્થ બદલો મળવો |
| **છડાઈ જવું** | (૧) નુકસાની આવી પડવી |
| | (૨) માર ખાવો |
| **છડી નાખવું** | માર મારી ઘાણ કાઢી નાખવો; ખૂબ મારવું |
| **છડી પોકારવી** | નેકી પોકારવી; રાજા આચાર્ય કે અમલદાર આગળ રાજચિહ્નવાળો દંડ લઈ ચાલનારે તેના હોદ્દા સાથે તેનું આગમન જાહેર કરવું |
| **છણકા ખાવા** | ગુસ્સાથી ધુત્કારી કાઢે તે સહન કરવું |
| **છણકો કરવો** | (૧) તુચ્છકાર કરવો; તરછોડી નાખવું |
| | (૨) મિજાજ કરીને રિસાવું |
| **છત છાની ન રહે** | પૈસોટકો હોય તો તે છત છાની ન રહેવી કેમકે તેની છૂટે હાથે થતી વપરાશથી તે તરત જણાઈ આવે છે |

| | |
|---|---|
| છત બતાવવી | મોટાઈ દેખાડવી; મગરૂરી કરવી; અહંકાર કરવો |
| છતના ચાળા કરવા | વધારે પૈસા હોવાથી નવું નવું ખરીદવાનું વધારે મન થવું |
| છતું કરવું | જાહેર કરવું |
| છતું થવું | જાહેરમાં આવવું; ઉઘાડું પડવું |
| છતું રાખવું | (૧) વંશવેલો ચાલુ રાખવો<br>(૨) બધું ઠીક જાળવી રાખવું |
| છનાછની થઈ રહેવી | પૈસાની રેલંછેલ થવી |
| છપ્પન દેશનાં પાણી પીવાં | જાતજાતના અનુભવ થવા |
| છપ્પન વેપારી હોવું | ઘણા વ્યવસાયી હોવું |
| છપ્પન વેપારી ને ભારો કૂંચી | કરવું કંઈ નહીં ને દમામ મોટો |
| છપ્પન ઉપર ભૂંગળો વાગવી | (૧) ખૂબ પૈસો હોવો<br>(૨) બિલકુલ ધ્યાન ન જવું; નચિંતપણે ઘોરવું |
| છપ્પનના મેળમાં હોવું | અધવચ લટકતું; હિસાબ વગરનું; કશામાં ગણના જ નહીં એવું |
| છપ્પનના વિતાડવા | ખૂબ પજવવું |
| છપ્પનનો ફેરો પડવો | નિરર્થક રખડપટ્ટી કરવી |
| છપ્પનિયામાંથી આવેલું | અતિ ભૂખ્યું; દુકાળિયું |
| છપ્પર ફાડીને મળવું | અણધાર્યું ને અપાર મળવું |
| છપ્પર તૂટી પડવું | અણધારી આફત આવવી |
| છબરડો વાળવો | ગોટાળો કરવો; કંઈને બદલે કંઈ કરવું; ઊંધું વેતરવું |

| | |
|---|---|
| **છરી જેવી જીભ વાપરવી** | લાગણી દુખાય એવી આકરી વાણી બોલવી |
| **છરી મૂકવી** | (૧) કતલ કરવી |
| | (૨) ખરાબ કરવું; પાયમાલ કરવું |
| **છાજિયાં લેવાં** | (૧) કોઈને નામે કૂટવું |
| | (૨) પાછળથી પશ્ચાતાપ કરી રોવું ને કૂટવું |
| | (૩) મરનારની પાછળ સ્ત્રીઓનું ગાવા સાથે કૂટવું |
| **છાણાં થાપવાં** | (૧) મર્યાદા નહિ રાખવી |
| | (૨) સંતાપવું; બહેકી જઈને દુઃખ દેવું |
| | (૩) માથે ચડી વાગવું |
| **છાણે વીંછી ચડાવવો** | (૧) ઉશ્કેરણી કરવી; ખોટી બાબતમાં ઉત્તેજન આપવું |
| | (૨) એક ઉપાધિમાં બીજી અનેક ઉપાધિઓ જાણીજોઈને વહોરવી |
| **છાતી ઊછળવી/ફૂલવી** | (૧) સંતોષ થવો; સારું દેખી આનંદ થવો |
| | (૨) હરખથી ફૂલાવું |
| **છાતી કાઢીને ચાલવું** | (૧) કોઈથી બીવું નહિ |
| | (૨) મિજાજમાં ચાલવું |
| | (૩) રોફમાં મર્દાનગી બતાવવી |
| **છાતી કૂટવી** | (૧) તાણીને રોવું |
| | (૨) પશ્ચાતાપ કરવો |

| | |
|---|---|
| **છાતી ચલાવવી** | હિંમત ભીડવી |
| **છાતી ચિરાઈ જવી** | બહુ જ લાગી આવવું; જબરી અસર થવી |
| **છાતી ઠોકીને કહેવું** | (૧) ખાતરી અને ભરોસાથી કહેવું |
| | (૨) નીડરપણે કહેવું |
| | (૩) વિશ્વાસ અને હિંમતપૂર્વક કહેવું |
| **છાતી પર બેસવું** | (૧) કોઈની પાસે ચાંપીને કામ કરાવવું |
| | (૨) સંતાપવું |
| **છાતી ફાટવી-ફાટી જવી** | (૧) અતિ ખેદ થવો |
| | (૨) એકદમ ઓચિંતી આફતમાં આવી પડવું |
| | (૩) દંગ થઈ જવું |
| | (૪) હૃદય ચિરાઈ જવું |
| **છાતીએ હાથ મૂકવો** | ધીરજ આપવી; દિલાસો આપવો |
| **છાતીનો ઘા લાગવો** | (૧) મરમનો ઘા થવો |
| | (૨) સ્વપરાક્રમ બતાવવું |
| **છાતી પર પથ્થર મૂકવો** | (૧) દિલગીરીના જુસ્સાને દબાવવો |
| | (૨) મન શાંત રાખવું |
| | (૩) ધીરજથી સહન કરવું |
| **છાપ પાડવી-બેસાડવી** | (૧) ધાક બેસાડવી; શેહ પહોંચાડવી |
| | (૨) નામના કરવી; લોકોમાં સારો અથવા ખરાબ અભિપ્રાય બંધાવવો |

| | |
|---|---|
| **છાપરે ચડવું** | (૧) ઊંચા જવું |
| | (૨) ભાવ પૂછાય ત્યારે મોંઘા થવું |
| | (૩) ફૂલવું |
| | (૪) ખીલવું |
| | (૫) મગરૂર બનવું |
| | (૬) મહત્ત્વ દેખાડવું |
| **છાપરે ચડાવવું** | (૧) લડાવવું; માન આપવું |
| | (૨) વખાણીને ફૂલાવવું |
| **છાપરે ચડીને** | સૌ સાંભળે એમ; જાહેર રીતે |
| **છાપે ચડાવવું** | (૧) ખૂબ વખાણ કે નિંદા કરવી |
| | (૨) જાહેર કરવું |
| | (૩) ફજેત થાય એમ કરવું |
| **છાબડું બેસી જવું** | (૧) કંગાલ થઈ જવું |
| | (૨) હારી જવું |
| **છાબડે બેસવું** | (૧) પક્ષમાં ભળવું |
| | (૨) સાનુકૂળ થવું; નસીબ તેજ થવું |
| **છાબ મોકલવી** | ભેટ મોકલવી |
| **છાયા કરવી** | (૧) ઓથ આપવી |
| | (૨) છાંયડો કરવો |
| **છાયા પડવી** | (૧) અંજાઈ જવું; ઝાંખા પડવું |
| | (૨) ઓળો પડવો |
| **છાયામાં રહેવું** | ઓથ-આશ્રયમાં રહેવું |

| | |
|---|---|
| **છારી વળવી** | (૧) કીકીનું ઝીણા પડથી ઢંકાવું<br>(૨) ફૂગ આવવી; બગડીને વિકારી રજથી ભરાઈ જવું |
| **છાલ ઉતારવી** | (૧) ચામડી ઉતારવી<br>(૨) છોલવું<br>(૩) સખત ઈજા કરવી |
| **છાલ ગોટલા જુદાં થવાં** | ચૂંથાઈ જવું; વીંખાઈ જવું; છિન્નભિન્ન થઈ જવું |
| **છાલ છોડવો** | અમુક બાબતનો વિચાર અને ખ્યાલ કર્યા કરવાનું મૂકી દેવું; કેડો મૂકવો |
| **છાલાં વીણવાં** | ખાલી વલખાં મારવાં; આખર જેનો કંઈ ઉપયોગ ન હોય એવી વસ્તુ પાછળ ફાંફાં મારવાં |
| **છાશમાં પાણી ઉમેરવું** | વધારીને કહેવું; અતિશયોક્તિ કરવી |
| **છાશમાં માખણ જવું** | ગફલત થવી; કામ ન આવડવું |
| **છાંટો ઊડવો-લાગવો** | ડાઘ લાગવો; ખરાબ સોબતનો દોષ બેસવો; બદનામી આવવી |
| **છાંટો-પાણી લેવાં** | ચાર-પાંચ જણે એકઠા થઈ ખુશાલી ખાતર દારૂ પીવો; કેફ કરવો |
| **છીણી મારવી** | (૧) થતા કાર્યને મૂળમાંથી છેદી નાખવું<br>(૨) ફાંસ મારવી; ફાચર મારવી; કાપી નાખવું |
| **છીણી મૂકવી** | (૧) તોડી પાડવું; કાપી નાખવું<br>(૨) બરબાદ કરવું; બગાડી નાખવું; પાયમાલ કરી નાખવું |

| | |
|---|---|
| **છીંકતાં છીંડું પડવું** | છીંક આવે તો તેમાં પણ વાંધો લેવો; સહેજ સહેજમાં દોષ કાઢવો; કારણ વિના ખોટું લગાડવું |
| **છીંડાં શોધવાં** | દોષ જોવા; છિદ્ર શોધવા |
| **છીંડું પાડવું** | (૧) એબ જોવી; દોષ કાઢવો |
| | (૨) માર્ગ ન હોય ત્યાં રસ્તો કાઢવો |
| **છૂટ મૂકવી** | (૧) નાણાં લેતાં અમુક રકમ છોડી દેવી; ઓછું લેવું |
| | (૨) મોકળાશ રાખવી |
| **છૂટ રાખવી** | (૧) અમુક હદ સુધી અમુક કામકાજ કરવાની પરવાનગી રાખવી |
| | (૨) ખુલ્લું રાખવું |
| **છૂટાછેડા થવા** | (૧) અરસપરસ સ્ત્રી અને પુરુષનો લગ્નસંબંધ તૂટવો |
| | (૨) સ્ત્રીએ પોતાના ગર્ભના ભારથી છૂટા થવું; પ્રસવથી મુક્ત થવું |
| **છૂટી પડવું** | વ્યર્થ જવું; બરબાદ થવું |
| **છૂટું મૂકવું** | (૧) જીભે લગામ ન રાખવી |
| | (૨) દાબ નહિ રાખવો |
| | (૩) પોક મૂકીને રડવું |
| | (૪) ઉદાર થવું |
| **છૂટે મોઢે** | શરમ કે અંકુશ રાખ્યા સિવાય |
| **છૂટો હાથ** | ઘણી ઉદારતા; ખૂબ ખર્ચાળપણું |
| **છૂપી છૂરી ચલાવવી** | દગો કરવો |

| | |
|---|---|
| **છૂમંતર થઈ જવું** | પલાયન થઈ જવું; નાસી જવું |
| **છૂરી ચલાવવી** | (૧) પીડવું |
| | (૨) મારી નાખવું; જીવ લેવો |
| **છૂંદણાં છૂંદવાં-પાડવાં** | (૧) ચામડી ઉપર વારંવાર મનપસંદ રંગનાં ચિહ્ન ટિચાવવાં |
| | (૨) વારંવાર વાંકાં પાડીને કનડવું; ટોણો માર્યા કરવો |
| **છેટું પડવું** | (૧) અપ્રીતિ થવી; મન જુદાં પડવાં |
| | (૨) અંતર વધવું; એકબીજા વચ્ચેના અંતરમાં વધારો થવો |
| **છેડે ગાંઠ વાળવી** | (૧) કાળજી રાખવી; નિશ્ચય કરવો |
| | (૨) સ્મરણમાં રાખવું |
| **છેડે બાંધવું** | (૧) વહોરી લેવું |
| | (૨) ભેગું કરવું |
| | (૩) ગ્રહણ કરવું |
| | (૪) કબજામાં રાખવું |
| | (૫) બોલ પાછો ખેંચી લેવો |
| **છેડો પાથરવો** | આજીજી કરવી; નમ્ર થઈ માગવું; કાલાવાલા કરવા |
| **છેડો ફાડવો** | (૧) અલગ થઈ જવું; જુદા પડવું |
| | (૨) લગ્નનો હક છોડી દેવો; તલાક આપવો |
| **છેલ્લા પ્રણામ-છેલ્લી સલામ કરવી** | ફરીથી મળવાની આશા ન હોવી |

| | |
|---|---|
| **છેલ્લી અવસ્થા આવવી** | ઘડપણ આવવું; મરણ નજીક આવવું |
| **છેલ્લી ઘડી આવવી** | મરણની વેળા આવવી |
| **છેલ્લે પાટલે બેસવું** | (૧) કોઈ બાબતની વાટાઘાટમાં છેલ્લો અને નાખુશી ભરેલો રસ્તો લેવો<br>(૨) જાતિ સ્વભાવ ઉપર જવું; મરણિયા થવું<br>(૩) લાજ શરમ છોડી દેવી |
| **છોકરમત કરવી** | (૧) બાળબુદ્ધિએ વર્તવું; છોકરા જેવી અણસમજે કાર્ય કર્યા કરવું<br>(૨) હઠ કે આગ્રહ ધરી રાખવો; પોતાના અભિપ્રાયને જ વળગી રહેવું |
| **છોડાં ઉતારવાં-કાઢવાં** | (૧) ઉપરની છાલ ઉતારવી<br>(૨) ચામડી ચિરાઈ જાય એમ મારવું<br>(૩) છડવું |
| **છોડાં પાડવાં** | સખત ઠોક દઈ હલકું કરવું; માનભંગ કરવું |
| **જખ મારવી** | (૧) મિથ્યા મહેનત કરવી<br>(૨) પસ્તાવું<br>(૩) હારી કે થાકી જઈને પોતાની મરજી વિરુદ્ધ કામ કરવાની ફરજ પડવી<br>(૪) ફાંફાં મારવાં |
| **જખ મારીને** | નિરાશ થઈને |

| | |
|---|---|
| જગત જીતવું | સૌને રાજી રાખી લોકોમાં યશ મેળવવો |
| જગન કરવો | ભારે મોટું કામ કરી નાખવું |
| જડ ઉખેડવી-ખોદવી | નુકસાન પહોંચાડી અથવા બૂરાઈ કરીને સમૂળગો નાશ કરવો; પોતાની મૂળ સ્થિતિએ ન આવી શકે એવો નાશ કરવો |
| જડ કાઢવી | (૧) કાવતરું કરવું |
| | (૨) જડમૂળથી નાશ કરવો |
| જડ ઘાલવી-જમાવવી | (૧) પાયો નાખવો; સ્થાપવું |
| | (૨) મજબૂત કરવું |
| જડ જામવી-પકડવી-બાઝવી | દૃઢ અથવા સ્થાયી થવું; જામવું |
| જડબું ભાંગી નાખવું | (૧) બોલતાં દાબી દેવું |
| | (૨) મરણતોલ મારવું |
| જડભરત જેવું | એક ને એક ઠેકાણે જડવૃત્તિ રાખીને રહેનારું; મૂઢ જેવું |
| જડમૂળથી ઉખાડી કાઢવું-નાખવું | નિર્મૂળ કરી નાખવું |
| જડીબુટ્ટી સૂંઘાડવી | (૧) અસરકારક દવાનો પ્રયોગ કરવો |
| | (૨) અમુક મતવાળું બનાવી દેવું |
| | (૩) આડુંઅવળું સમજાવી ભમાવવું |
| જતું કરવું | માફ કરવું |
| જપ્તિ બેસાડવી | કબજે લઈ કબજા માંહેનું ક્યાંય આઘું પાછું ન થાય એવો બંદોબસ્ત રાખવો |

**જબાન બંધ કરવી-રોકવી** (૧) ચૂપ કરવું
(૨) વિવાદમાં હરાવવું

**જબાન સંભાળવી** મોઢામાંથી અનુચિત શબ્દ ન નીકળવા દેવા; વિચારીને તથા સમજીને બોલવું

**જમ જેવું** જાડું; લઠ્ઠ જેવું; દુઃખ અને ત્રાસ આપે એવું

**જમનાં દૂત જેવું** નિર્દય અને કઠોર હૈયાનું

**જમણો હાથ હોવું** મુખ્ય મદદગાર હોવું

**જમાનાના ખાધેલ હોવું** (૧) ખૂબ અનુભવી હોવું
(૨) ખેપાન હોવું
(૩) પહોંચેલ હોવું

**જમાનો દેખવો** બહુ અનુભવ મેળવવો

**જમીન આસમાનનો ફરક હોવો** ઘણો જ મોટો ફરક હોવો

**જમીન ખોતરવી** લજવાવું; શરમાવું; પશ્ચાતાપની અસર થવી

**જમીન પર પગ મૂકે નહિ એવું** ખૂબ ગર્વિષ્ઠ કે મગરૂર હોવું

**જમીન માપવી** (૧) નાસી જવું; પલાયન કરી જવું
(૨) લપસી પડવું
(૩) ઠોકર ખાઈ ગબડી પડવું

**જમીનમાં પેસવું** શરમિંદા પડી જવું

**જમીનદોસ્ત કરવું** ભાંગી તોડીને પાયમાલ કરવું

**જવાબ દેવો** (૧) ઉપયોગી થઈ પડવું
(૨) સામે થવું
(૩) ઉત્તર દેવો

| | |
|---|---|
| જહાંગીરી ચલાવવી | જોહુકમી ચલાવવી; કડક અમલ ચલાવવો |
| જળ મૂકવું-લેવું | અમુક કામ નહિ કરવાનો સંકલ્પ કરવો; પ્રતિજ્ઞા લેવી; નિયમ લેવો |
| જળકમળવત્ હોવું | પાણીમાં રહેવા છતાં જેમ કમળ પાણીથી જુદું રહે છે તેમ સંસારની માયાથી લેપાયા વિના રહેવું |
| જળબંબાકાર થવું | બધું પાણી પાણી થઈ ગયું હોય એવું થવું |
| જળસમાધિ લેવી | પાણીમાં પ્રાણત્યાગ કરવો |
| જળોની પેઠે વળગવું | કોઈને પરાણે વળગવું |
| જંગલ જવું | હાજતે જવું |
| જંગલ થવું | વેરાન થવું |
| જંગલ સેવવું | વાનપ્રસ્થ થવું; વનવાસ કરવો |
| જંગલી રોઝ જેવું | સાવ જંગલી |
| જંજાળ વહોરવી | (૧) ખટપટમાં પડવું<br>(૨) સંસાર માંડવો<br>(૩) નવા નવા ધંધામાં માથું મારવું |
| જંજાળમાં પડવું-ફસાવું | મુશ્કેલીઓથી ઘેરાઈ જવું |
| જંપ વળવો | શાંતિ વળવી; સ્વસ્થ થવું |
| જાગતા સૂવું | ચોર, વગેરેની બીકથી સાવચેત રહેવું; સંભાળ રાખી ઊંઘ લેવી |
| જાગરણ કરવું | જાગીને ભજન-કીર્તન વગેરે ધાર્મિક ક્રિયા કરવી |

| | |
|---|---|
| **જાત ચોરવી** | (૧) પોતાની નાત છુપાવવી<br>(૨) શારીરિક શ્રમ કે કામ કરવામાં આળસ રાખવી |
| **જાત તોડવી** | બહુ ખંત અને મહેનત લઈને કામ કરવું; છાતીતોડ મહેનત કરવી |
| **જાત બોળવી** | ભ્રષ્ટાચાર કરવો; વટલાવવું |
| **જાતનું અડધું** | કમ તાકાતવાળું; તકલાદી શરીરનું |
| **જાતમાં લેવાવું** | ખાનદાનની દૃષ્ટિએ આબરૂને હાનિ ન પહોંચે માટે નુકસાન વેઠવું |
| **જાદુ કરવું** | ભોળવવું; વશ કરવું; બીજાને વિસ્મય થાય એમ કરવું; માયા કરવી; કામણ કરવું |
| **જાન આપવો** | (૧) જીવ આપવો; કુરબાન થવું<br>(૨) બહુ ચાહવું<br>(૩) ઘણાં જ મહેરબાન થવું |
| **જાન છોડાવવો** | (૧) પ્રાણ બચાવવા<br>(૨) મુક્ત થવું |
| **જાન પર ખેલવું** | જિંદગીનું જોખમ ખેડવું |
| **જાપતામાં રાખવો** | કાબૂમાં રાખવું; સાચવવું |
| **જાપતો મૂકવો** | ચોકી-પહેરા જેવો બંદોબસ્ત કરવો |
| **જાપતો રાખવો** | કાબૂમાં રાખવું; બંદોબસ્ત કરી સંભાળવું |
| **જાનીવાસો કાણો થવો** | મળતિયાઓમાં ફાટફૂટ પડવી |
| **જામગરી ચાંપવી** | તોપ બંદૂકનો પલીતો ચાંપવો; ઉશ્કેરણી કરવી |

| | |
|---|---|
| જામી જવી | ઝઘડો થઈ જવો |
| જામી જવું | (૧) ઘસઘસાટ ઊંઘી જવું<br>(૨) ચોંટી જવું<br>(૩) મંડી જવું |
| જામી પડવું | એકદમ સામસામે આથડાવું; ટપાટપી થવી; લડાઈ થવી |
| જાસકિયાં ઊડવાં | ખૂબ ખર્ચપાણી થવું |
| જાસ્તી ગુજારવી | અત્યાચાર કે બળાત્કાર કરવો |
| જાહેરમાં આવવું | (૧) લોકમાં જાણીતા અથવા પ્રખ્યાત થવું<br>(૨) સૌને ખબર પડે એમ કરવું |
| જાળ નાખવી-બિછાવવી | (૧) કાવતરું કરવું<br>(૨) માછલાં કે પશુપંખી પકડવા જાળ પાથરવી |
| જાળમાં ફસાવું | છેતરાવું; કપટમાં સપડાવું |
| જાંગી વગાડવી | જોરથી ચેતવણી આપવી |
| જાંઘ ઉઘાડવી-ખોલવી | કલંક બહાર પાડવું; એબ બહાર પાડવી |
| જિગર હોવું | હિંમત હોવી કે ચાલવી |
| જિગરનો ટુકડો હોવો | ખૂબ વહાલું હોવું |
| જિંદગીમાંથી નીકળી જવું | ખરાબખસ્ત થઈ જવું |
| જીભ આડી વાળવી | ટેકો આપવાને બદલે વચ્ચે અડચણ ઊભી થાય એવું વાંકું બોલવું; અયોગ્ય બોલવું |

| | |
|---|---|
| **જીભ ઊપડવી** | બોલવું; છૂટથી બોલવું; વગર શરમે બોલવું; વદવું, વગર સંકોચે બોલવું |
| **જીભ કચરવી** | વચન આપવું; નિર્ણય જાહેર કરવો |
| **જીભ કરડીને મરી જવું** | (૧) આપઘાત કરવો<br>(૨) શરમાવું |
| **જીભ ઘાલવી-ટૂંકી કરવી** | (૧) ગણીને બોલવું<br>(૨) ગમ ખાઈ જવી<br>(૩) બોલતાં બંધ થઈ જવું |
| **જીભડી કરવી** | બહુ બોલબોલ કરવું |
| **જીભ છૂટી હોવી** | ગાળો દેવાની ટેવ હોવી |
| **જીભની છૂટ બતાવવી** | વાચાળતા બતાવવી; વગર શરમે ગમે તેમ બોલવાની ધૃષ્ટતા દાખવવી |
| **જીભને ટેરવે હોવું** | બરોબર યાદ હોવું; મોઢે તૈયાર કે પાઠે હોવું |
| **જીભનો કૂચો વાળવો** | એકની એક વાત વારંવાર કરવાથી જીભ થાકી જવી |
| **જીભમાં ગોળ હોવો** | બોલવામાં મીઠાશ હોવી |
| **જીભે ચઢવું** | (૧) અતિ પરિચયને લીધે પરિચયની વસ્તુ કે વાતનું ભૂલથી બોલાઈ જવું<br>(૨) પાઠે થવું<br>(૩) બોલતાં ફાવવું |
| **જીભે લોચા વળવા** | (૧) ચોખ્ખો જવાબ ન આપવો; ગલ્લાંતલ્લાં કરવાં<br>(૨) તોતડું બોલવું; સ્પષ્ટ ઉચ્ચાર ન કરવા |

**જીભ સરસ્વતી હોવી** — બોલવાની બાહોશી અને ચતુરાઈ હોવી; સરસ્વતીની કૃપા હોવી

**જીવ અડધો થવો-થઈ જવો** —
(૧) ઉશ્કેરાયેલી કે ગભરાયેલી હાલતમાં આવી પડવું; ગાભરું બનવું
(૨) કુરબાન થવું
(૩) જીવ બાવરો થવો

**જીવ અદ્ધર રહેવો** —
(૧) જીવ ઊંચો રહેવો; આતુર હોવું; અધીરા બનવું
(૨) દિલ ન લાગવું
(૩) નિવૃત્તિ ન હોવી

**જીવ આપવો-કાઢવો** —
(૧) દુઃખ કે જુલમથી આપઘાત કરવા તત્પર થવું
(૨) મન લગાડીને કામ કરવું
(૩) વહાલાને માટે ભોગ આપવો

**જીવ ઊડી જવો** —
(૧) કંઈ સૂઝ ન પડવી
(૨) બેહોશ થઈ જવું
(૩) ધ્રાસકો પડવો
(૪) ચિત્ત સ્થિર ન હોવું

**જીવ ઊંચો થવો** —
(૧) ચિંતાતુર બનવું
(૨) ધ્યાન જતું રહેવું
(૩) ઉચાટ થવો
(૪) નિરાંત ન હોવી

| | |
|---|---|
| **જીવ કપાઈ જવો** | જીવ જવા જેવી અત્યંત દિલગીરી થવી; હૃદય વીંધાઈ જવું |
| **જીવ ખાઈ જવો** | પાછળ લાગવું; સતાવવું; ઘણો કંટાળો આપવો |
| **જીવ ગતે જવો** | મૂઆ પછી મોક્ષે જવું; જીવની સદ્‌ગતિ થવી |
| **જીવ જતો રહેવો-નીકળી જવો** | (૧) ઘણું દુઃખ થવું<br>(૨) જીવ જવા જેવું દુઃખ થવું<br>(૩) મરી જવું |
| **જીવ ટૂંકો રાખવો** | કરકસર કરવી; લોભ કરવો |
| **જીવ તાળવે ટંગાવો** | (૧) ઘણી જ આતુરતાથી જીવ ઊંચો રહેવો<br>(૨) જીવ જવાની તૈયારીમાં હોવો<br>(૩) મોટી ચિંતામાં આવવું |
| **જીવ થવો** | (૧) ઇચ્છા થવી; ભાવ થવો<br>(૨) પૈસો થવો |
| **જીવ પડીકે બંધાવો** | (૧) એકાએક તાલાવેલી થવી; જીવ તલપાપડ થવો; ચટપટી થવી<br>(૨) બહુ જ સંતાપ થવો<br>(૩) ગભરાઈ જવું |
| **જીવ બગાડવો** | (૧) ખરાબ દાનત કરવી; થોડા માટે અકર્તવ્ય કરવું<br>(૨) જરા માટે કંજૂસાઈ કરવી<br>(૩) લલચાવું |

| | |
|---|---|
| **જીવ બળવો** | (૧) અદેખાઈ આવવી<br>(૨) કોઈનું દુઃખ જોઈ દયાની લાગણી થવી<br>(૩) ચિંતા થવી<br>(૪) કાળજું બળવું |
| **જીવ ભરાઈ રહેવો** | અભિલાષ રહેવો; જીવ વળગી કે વીંટળાઈ રહેવો |
| **જીવ મળવો** | મન એક થઈ જવાં; મૈત્રી બંધાવી; અભેદ થવો |
| **જીવ મોટો રાખવો** | ઉદાર બનવું; સખાવતનો જુસ્સો વધારવો |
| **જીવ લઈને નાસવું** | ગભરાટનું માર્યું ઘણી જ ઉતાવળથી દોડવું |
| **જીવ લેવો** | (૧) ખૂબ આગ્રહથી માગવું<br>(૨) દુઃખ દીધા કરવું<br>(૩) પ્રાણ લેવો; મારી નાખવું<br>(૪) ચીડવવું; સતાવવું |
| **જીવ લોભાવવો** | ચિત્ત આકર્ષિત કરવું; મન મોહિત કરવું; હૃદયમાં પ્રીતિ ઉપજાવવી |
| **જીવ સટોસટનું હોવું** | જીવ જોખમાય તેવું હોવું; જોખમભરેલું હોવું |
| **જીવથી જવું-મરવું** | જીવ ખોવો; પોતે જાતે જ મરી જવાય એમ કરવું |
| **જીવનું તરસ્યું હોવું** | દુઃખ દેનાર હોવું; સંતાપ્યા કરે એવું હોવું |

| | |
|---|---|
| **જીવને ટાઢક વળવી** | નિરાંત થવી; સંતોષ થવો |
| **જીવ પર આવવું** | (૧) છતા આવેશથી કોઈના પર તૂટી પડવું<br>(૨) જીવ જવા જેવું દુઃખ થવું<br>(૩) મરવા માટે તૈયાર થવું |
| **જીવમાં જીવ આવવો** | ભય જતો રહીને શાંતિ વળવી; મન ઠેકાણે બેસવું |
| **જીવતી માખી ગળવી** | જાણીબૂઝીને અન્યાય કે અનુચિત કર્મ કરવું; જાણીબૂઝીને આપત્તિ કે સંકટમાં પડવું |
| **જીવતું મારવું** | દુર્દશા કરવી; સંસારમાં સુખનો ઉપભોગ ન થાય એ રીતે રિબાવ્યા કરવું |
| **જીવન બગાડવું** | જિંદગીનો કાળ ખરાબ કરવો |
| **જીવન સુધારવું** | જિંદગી સારી રીતે કઢાય એમ કરવું |
| **જીવી જાણવું** | સાર્થક રીતે જીવવું |
| **જુલાબ આપવો** | (૧) ગભરાય એમ કરવું; લે-મેલ થાય તેમ કરવું<br>(૨) ઝાડો થાય તેમ કરવું<br>(૩) દમ દેવો |
| **જુવાની આવવી** | ફરીથી નવો ઉત્સાહ ઉત્પન્ન થવો |
| **જુવાનીનું જોર** | જુવાનીનો ગર્વ; તોર; ઉદ્ધતાઈ |
| **જુવાર બાજરો ખાવો** | ગરીબ માણસ તરીકે રહેવું |
| **જૂતા બરાબર ગણવું** | ખાસડાની તોલે માનવું; કંઈ વિસાતમાં ન માનવું |

| | |
|---|---|
| **જૂતિયાં ખાવાં** | (૧) અપજશ મળવો-મહેણાં ખાવાં |
| | (૨) અપમાન સહેવું |
| | (૩) જોડાનો માર ખાવો |
| **જેર કરવું** | (૧) મારી નાખવું |
| | (૨) હરાવવું; પાયમાલ કરવું |
| **જોખમ ખેડવું** | સાહસ કરવું |
| **જોખી નાખવું** | (૧) ધમકાવવું |
| | (૨) પાંસરું કરવું; ખૂબ માર મારવો |
| **જોડા ખાવા-પડવા-મળવા** | કોઈપણ કામ કરવા જતાં નિષ્ફળતા સાથે ઠપકો ખાવો |
| **જોડા ઘસવા** | (૧) ખુશામત કરવી |
| | (૨) સ્વાર્થ માટે વારંવાર કોઈને ત્યાં જવું |
| | (૩) વારંવાર ઉઘરાણી કરવી |
| **જોડી કાઢવું** | કલ્પનાથી બનાવવું; નવું કરવું; રચવું; બનાવટી ઊભું કરવું |
| **જોતરાં ઢસડવાં-તાણવાં** | (૧) બોજો વહેવો; વેઠ કરવી |
| | (૨) સંસારનો વ્યવહાર ચલાવવો |
| | (૩) સેવા કરવી |
| **જોતરે જોડાવું** | (૧) અજાણ્યા કંટાળાભરેલા કામમાં ગૂંથાવું |
| | (૨) જોખમના કામમાં પડવું |
| | (૩) સંસારની ધૂંસરીમાં જોડાવું |
| | (૪) સંગતિ કરવી |

| | |
|---|---|
| **જોર પકડવું** | પ્રબળ થવું; તેજ થવું; મજબૂત બનવું |
| **જોરુના ગુલામ હોવું** | નમાલા સ્વામી હોવું |
| **જોવા જેવું કરવું** | ફજેતી કરવી |
| **જોશ આવવો-ચડવો** | ઉશ્કેરાવું |
| **જોશમાં આવવું** | (૧) આવેશમાં આવવું |
| | (૨) ગુસ્સે થવું |
| | (૩) પ્રેરાવવું |
| | (૪) ઊકળવું |
| **ઝટકા પડવા** | (૧) ઘા પડવા |
| | (૨) દુઃખી થવું; મહેનત પડવી |
| **ઝટકા મારવા** | સખત લાગે એવાં આકરાં ટોણાં મારવાં |
| **ઝટકાના બોલ બોલવા** | કાળજામાં ઘણી અસર કરે એવાં હૃદયભેદક વચન કહેવાં |
| **ઝડતી લઈ નાખવી** | (૧) ધૂળ કાઢી નાખવી; સખત ધમકાવવું |
| | (૨) સોંપેલું કામ ચાંપીને તપાસવું |
| **ઝડતી લેવી** | (૧) ધમકાવવું; ઠપકો દઈ શરમિંદું કરવું |
| | (૨) સોંપેલું કામ સખ્તાઈથી જોવું |
| **ઝડપાઈ જવું** | નજરાઈ જવું; ઝડપમાં આવી જવું |
| **ઝબે કરવું** | (૧) કાપવું; મારી નાખવું; કતલ કરવી |
| | (૨) વશ કરવું |
| **ઝલાં ને ઝલાં રહેવું** | સેવામાં તત્પર રહેવું |
| **ઝળાંઝળાં થઈ રહેવું** | તેજ તેજનો અંબાર થઈ રહેવો |

| | |
|---|---|
| ઝંખવાણા પડવું | શરમાવું; ભોંઠા પડવું |
| ઝંડે ચડાવવું | નામોશી લગાડવી |
| ઝાઝી વાતે ગાડાં ભરાય | લંબાણ છોડી ટૂંકમાં કહેવું |
| ઝાટકી નાખવું | (૧) સારી પેઠે ઠપકો આપવો |
| | (૨) માર મારીને હલકું કરવું |
| ઝાડ ઊગવાં | બહુ બહુ વીતવું |
| ઝાડ ઊગવાં બાકી હોવાં | અતિશય દુઃખ પડેલું હોવું |
| ઝાડ થવું | (૧) ક્રોધથી ઊભા થઈ જવું; ખૂબ તપી જવું |
| | (૨) ઘોડાનું બે પગે ઊભા થવું |
| ઝાડનાં વાંદરાં ઉતારવાં | અટકચાળું હોવું |
| ઝાપટી નાખવું | (૧) ધમકાવવું; ઠપકો દેવો |
| | (૨) માર મારીને હલકું કરવું |
| ઝાવાં નાખવાં | ફાંફાં મારવાં; વલખાં મારવાં |
| ઝાળ લાગવી | (૧) ગરમી લાગવી |
| | (૨) બહુ જ તીવ્ર લાગણી થઈ આવવી |
| ઝાંખી કરવી | ભાવથી જોવું; દર્શન કરવાં |
| ઝાંખું પાડવું | શરમાવી નાખવું; ભોંઠું પાડવું |
| ઝાંપે નોતરાં દેવાં | (૧) જાહેર આમંત્રણ આપવું |
| | (૨) માથા ઉતારનાં નોતરાં દેવાં |
| ઝીણું કાંતવું | (૧) બારીકાઈથી તપાસ કરવી |
| | (૨) સંભાળીને કરકસરથી કામ લેવું |
| ઝેર આવવું | ક્રોધ ચડવો |

| | |
|---|---|
| **ઝેર થવું** | (૧) ઝેર જેવું અળખામણું થવું<br>(૨) વેર બંધાવું |
| **ઝેર વાવવું** | જેનું પરિણામ સારું ન આવે તેવું કામ કરવું |
| **ઝોડ વળગવું** | (૧) કંટાળો આપે એવા માણસે બાઝી પડવું<br>(૨) ઝટ દઈને છોડી જાય નહિ એવું ભૂત કે પ્રેત બાઝવું |
| **ઝોલાં ખાવાં** | (૧) અધવચ ટોચાયા કરવું<br>(૨) ફાંફાં મારવાં |
| **ઝોળી ફેરવવી** | ભીખ માગવી; ચપટી ચપટી ઉઘરાવી ખાવું |
| **ટકા કરવા** | રોકડી કરવી |
| **ટકાના તેર/ત્રણશેર બનવું** | ગણતરીમાં ન લેવાય એમ બનવું |
| **ટકોરા મારે એવું થવું** | ગુણ-મમતમાં ચઢિયાતું હોવું |
| **ટક્કર ઝીલવી-લેવી** | (૧) આફત સહન કરવી<br>(૨) યોગ્ય રદિયો આપવો<br>(૩) સામા આઘાત સહન કરવા અને ટકી રહેવું<br>(૪) બચાવ કરવો |
| **ટક્કર મારવી** | (૧) જમીન ઉપર માથું પછાડી પ્રાર્થના કરવી<br>(૨) સામાના કરતાં સરસ નીવડવું; ઉત્તમ હોવું; આંટવું |

| | |
|---|---|
| **ટક્કર લાગવી** | ઠોકર લાગવી; ટકોર વાગવી; ધક્કો પહોંચાડવો |
| **ટપલાં ખાઈખાઈને ઘડાવું** | ઠપકો ખાઈ ખાઈને સુધરવું; ઠોકર ખાઈને રીતમાં આવવું |
| **ટપી જવું** | બીજાથી ચઢિયાતા થવું |
| **ટલ્લે ચઢાવવું** | વાયદા કરવા; રખડાવવું |
| **ટહેલ નાખવી** | (૧) એકનું એક વારંવાર કહેવું કે ધ્યાન પર લાવવું તે<br>(૨) નિશ્ચિત વસ્તુ કે રકમ મેળવવા સુભાષિત સંભળાવી ભીખ માગવી |
| **ટળી જવું** | (૧) દૂર થવું<br>(૨) નાશ થવો<br>(૩) જતું રહેવું<br>(૪) બગડવું; ખરાબ થવું |
| **ટાઢા પાણીએ ખસ જવી** | (૧) વગર પ્રયત્ને મુશ્કેલી દૂર થવી<br>(૨) વગર પ્રયાસે પીડા નાશ પામવી |
| **ટાઢિયો તાવ આવવો** | (૧) કામ કરતાં કંટાળો આવવો; નાખુશી બતાવવી<br>(૨) શીતજ્વર આવવો |
| **ટાઢું પડવું** | શાંત થવું; નરમ પડવું |
| **ટાઢું પાણી રેડવું** | (૧) ઉશ્કેરણીની અસર ઉપજે નહિ એમ કરવું<br>(૨) શાંત પાડવું<br>(૩) જોર ધીમું પાડવું |

| | |
|---|---|
| **ટાઢું પેટ** | નિશ્ચિંત સ્થિતિ; નિરાંત; સંતોષ |
| **ટાપશી પૂરવી** | ટેકો; પૂર્તિ કે ઉમેરણ થાય એમ કરવું; શાહેદી પૂરવી; ઉત્તેજન આપવું |
| **ટાલ પડવી** | (૧) માથાના અમુક ભાગમાંથી વાળનાં મૂળ નાબૂદ થવાં<br>(૨) આર્થિક રીતે નુકસાન થવું |
| **ટાળી દેવું-નાખવું-મૂકવું** | (૧) બગાડવું<br>(૨) સ્વાર્થ ભૂંસી નાખવો |
| **ટાળો દેવો** | (૧) છૂપાઈને રસ્તે પડવું<br>(૨) વાયદો કરવો<br>(૩) સંતાપવું |
| **ટાંટિયા કાપવા** | મૂળથી ઉખેડી નાખવું |
| **ટાંટિયા ભાંગવા** | નાઉમેદ થઈ જવું; નિરાશ થવું |
| **ટાંટિયો કાઢવો-ટાળવો** | (૧) આવતું બંધ કરવું<br>(૨) લાગવગ અને અવરજવર તોડી નાખવી |
| **ટીખળ કરવું** | ગમ્મત મળે અને હસવું આવે તેમ કરવું; મશ્કરી કરવી |
| **ટીખળમાંથી તોફાન થવું** | હસવામાંથી ખસવું થવું |
| **ટીપણું ઉકેલવું** | ગઈ ગુજરી બાબતો કાઢી ઝઘડો વધારવો |
| **ટીલું કરવું** | (૧) કપાળે કંકુ વગેરે લગાડવું<br>(૨) માથે નાખવું; ઓઢાડી દેવું |
| **ટુચકો કરવો** | વહેમને કારણે મંત્ર-તંત્રનો નાનો પ્રયોગ કરવો |

| | |
|---|---|
| ટુંબા ખાવા | (૧) માથામાં ટાપલી ખાવી; માર ખાવો |
| | (૨) મહેણાં સહન કરવાં |
| ટૂંકા જીવનું હોવું | કંજૂસ સ્વભાવનું હોવું |
| ટુંકારો કરવો | તોછડાઈથી બોલવું; હલકી અસભ્ય વાણી વાપરવી |
| ટૂંપો દેવો | (૧) ગળચી પકડવી |
| | (૨) ગળે ફાંસી દેવી |
| | (૩) ગળે ફાંસો ખાવો |
| | (૪) બીજાને ગેરલાભ અપાવવો |
| ટેક પકડવી | નિશ્ચય કરવો |
| ટેક રાખવી | નિશ્ચય ઉપર રહેવું; પણ રાખવું |
| ટેકો આપવો | (૧) મદદ આપવી |
| | (૨) અનુમતિ આપવી |
| ટેકો કરવો | મદદ કરવી; આશ્રય આપવો |
| ટોપરા જેવું | મીઠું; સ્વાદિષ્ટ |
| ટોપી પહેરાવવી | (૧) દેવાળું કઢાવવું |
| | (૨) પડાવી લેવું; ભીખ મગાવવી |
| | (૩) મૂર્ખ બનાવવું |
| ટોપી ફેરવવી | દેવાળું કાઢવું |
| ટોલ્લે મૂકવું | (૧) દરકાર ન કરવી |
| | (૨) ભૂલી જવું; ધ્યાન ન આપવું |
| ઠણઠણ ગોપાલ હોવું | ઘરમાં કંઈ ન હોવું; નિર્ધન હોવું |

| | |
|---|---|
| ઠરીઠામ થવું | (૧) સ્થાયી થવું |
| | (૨) નિવૃત્ત થવું; ચંચળતા તજી દેવી |
| ઠંડા પહોરનું | ગપ જેવું |
| ઠંડું પાણી રેડવું | (૧) અસર ઓછી કરવી |
| | (૨) દાબી દેવું |
| | (૩) શાંત પડવું |
| ઠાઠાં ભાગવાં કે રંગવાં | (૧) ખૂબ માર મારવો; |
| | (૨) એકદમ ઉંચાઈએથી પડી જવાથી કમરના હાડકાંમાં ઈજા થવી |
| ઠામ ઠેકાણા વગરનું હોવું | (૧) ગોટાળા ભરેલું કે ડામાડોળ હોવું |
| | (૨) ઢંગધડા વગરનું |
| ઠેકાણું-કરવું-પાડવું | (૧) કન્યાને સારે ઘેર પરણાવવી |
| | (૨) કાસળ કાઢવું |
| | (૩) યોગ્ય સ્થાને ગોઠવી દેવું |
| | (૪) ઉપયોગમાં લેવું |
| | (૫) ખલાસ કરવું |
| | (૬) છેવટની ક્રિયા કરવી |
| | (૭) મારીને દાટી દેવું; સંતાડી દેવું |
| ઠેકાણે લાવવું | સમજાવીને સુમાર્ગે વાળવું; મારી ઠોકીને નીતિ ઉપર આણવું |
| ઠેબે ઉડાડવું-ચડાવવું | (૧) ખોટે રસ્તે ચડાવવું |
| | (૨) ખોટા વાયદા કરવા |
| ઠેબે ચડાવવું કે મારવું | દરકાર ન કરવી |

| | |
|---|---|
| **ઠોકર ખાવી** | (૧) અથડાઈ પડવું |
| | (૨) નસિયત મળે એવી ભૂલ ખાવી; ખત્તા ખાવા; નુકસાન ખમવું |
| | (૩) પગે વાગવું |
| | (૪) ધડો લેવો |
| **ઠોકર વાગવી-લાગવી** | (૧) અથડાવું |
| | (૨) ખત્તા ખાવા; નુકસાન સહન કરવું |
| **ઠોકી બેસાડવું** | (૧) યુક્તિસર ગોઠવી દેવું |
| | (૨) બંધબેસતું કરવું |
| **ડખો કરવો** | નકામી વાત કે કજિયો કરવો |
| **ડખો ઘાલવો** | કોઈ કામ વ્યવસ્થાપૂર્વક ચાલે નહિ એમ તેની વચમાં ઝઘડો નાખવો કે વાંધો કાઢવો; કોઈ કામ વ્યવસ્થિત ન ચાલે તે માટે વિઘ્નો ઊભાં કરવાં |
| **ડગલું ભરવું** | (૧) કામ કરવા તત્પર થવું |
| | (૨) પગ ઉપાડવો |
| **ડફણાં મારવાં** | ફટકા મારવા; કોરડા મારવા |
| **ડબકાં મેલવાં** | જાણ્યા વિના બોલવું |
| **ડબડબ કરવું** | (૧) નકામી વાતો કરવી |
| | (૨) વચમાં ઘાલમેલ કરવી |
| | (૩) સામું બોલવું |
| **ડહાપણ ડહોળવું** | (૧) કોઈ વાત કે વિચારમાં માથું મારવું |
| | (૨) વગર સમજ્યે વાત ઉમેરવી |

| | |
|---|---|
| ડહોળી મૂકવું | ગોટાળો કરવો; બગાડી મૂકવું |
| ડંકો વગાડવો | (૧) છાપ બેસાડવી; કીર્તિ ફેલાવવી |
| | (૨) જાહેર કરવું |
| ડંફાસ મારવી | બડાઈ મારવી; ડોળ કરવો |
| ડાગળી ખસવી-ચસકવી | (૧) બહાવરા બનવું |
| | (૨) ગાંડા થઈ જવું; મગજ ભમી જવું |
| ડાઘ ભૂંસાવો | વેર ભૂલી જવું |
| ડાચું ફેરવી નાખવું | મોઢા ઉપર માર મારવો |
| ડાટ વાળવો | (૧) સંહાર કરવો |
| | (૨) ઊંધું વાળી દેવું |
| | (૩) ઉપવાસના અગાઉના દિવસે સારી પેઠે ખાઈ લેવું |
| ડાઢ ગળવી | ખાવાની ઇચ્છા થવી |
| ડાઢમાં ઘાલવું | (૧) વેર લેવાને ધ્યાનમાં રાખવું |
| | (૨) મન પર લેવું |
| | (૩) પૂરું કરવાનો દૃઢ નિશ્ચય કરવો |
| ડાઢમાં રાખવું | નજરમાં રાખવું |
| ડાઢમાંથી બોલવું | મર્મવચન કહેવાં |
| ડાફરિયાં મારવાં | આમતેમ જોવું |
| ડાફું મારવું | માથું મારવું; બચકું ભરવું |
| ડાબા જમણી કરવી | (૧) પક્ષપાત કરવો |
| | (૨) આંખ આડા કાન કરવા |
| | (૩) વહાલું-આળખામણું કરવું |

| | |
|---|---|
| **ડાબા હાથનો ખેલ હોવો** | સહેલાઈથી થઈ શકે એવી બાબત હોવી |
| **ડાબી આંખ ફરકવી** | (પુરુષ માટે) અશુભ થવાની ઘડી આવવી; (સ્ત્રીમાટે) શુભ થવાની ઘડી આવવી |
| **ડામ દેવા** | મહેણાં મારીને કહીને સામા માણસના દિલને દુભવવું |
| **ડારો દેવો** | ધમકી આપવી; બિવરાવવું |
| **ડાળે વળગાડવું** | બીજાને ધંધે કે રોજગારે લગાડવું; કમાઈને ગુજરાન ચલાવે તેવો કોઈ આધાર આપવો |
| **ડાંઠાં દેવાં** | (૧) કામમાં વેઠ ઉતારવી<br>(૨) કોરું અનાજ ખાવું<br>(૩) હરામનું ખાવું |
| **ડાંડે પડવું** | રસ્તે પડવું |
| **ડીંગ મારવી-ઠોકવી** | (૧) અધિકાર ન હોવા છતાં અધિકાર છે એમ ખોટું જણાવી સત્તા ચલાવવી તે;<br>(૨) ખોટી વાત ઉડાડવી |
| **ડીંડવાણું ચલાવવું** | ખોટે ખોટું ઉપરથી દેખાવ કરીને જૂઠાણું ચલાવવું |
| **ડોબાં ચારવાં** | (૧) ખાલી વખત ગુમાવવો<br>(૨) બિનઆવડતનું રહેવું |
| **ડોળા કાઢવા** | ગુસ્સે થવું; આંખો કાઢવી |
| **ડોળા ખેંચાવવા** | (૧) વાટ જોવડાવવી<br>(૨) આતુર રાખવું |

| | |
|---|---|
| **ઢગલો થઈ જવું-પડવું** | થાકીને લોથ થઈ જવું |
| **ઢસરડા કરવા** | ન બની શકે તો પણ મરતાં મરતાં કામ કરવું |
| **ઢળી જવું-પડવું** | (૧) અમુક એક બાજુએ ફરી જવું; ડગી જવું |
| | (૨) બહાર નીકળી જવું |
| | (૩) મરી જવું |
| | (૪) સૂઈ જવું |
| | (૫) નમી પડવું |
| **ઢંઢેરો પીટવો** | (૧) છાની વાત જાહેર કરવી |
| | (૨) લોક જાણે તેમ કરવું |
| | (૩) ફજેતી કરવી |
| **ઢાંકણીમાં પાણી ઘાલી બૂડી મરવું** | લાજના માર્યા મોં ન બતાવવું |
| **ઢાંકપિછોડો કરવો** | (૧) કોઈ વસ્તુ કે વાત દાબી અથવા બંધ કરવી |
| | (૨) વાંક-ગુનો ઢાંકવો |
| **ઢાંક્યાં ઉઘાડાં કરવાં-જોવાં** | (૧) ખરાબ બોલવું; છિદ્ર શોધવાં |
| | (૨) સારાં નરસાં કર્મની ખણખોદ કરવી |
| **ઢીલાં ઢોલ વાગવાં** | મૃત્યુ આવવું |
| **ઢીલું મૂકવું** | (૧) કૃપાદૃષ્ટિ રાખવી; રહેમ-નજર રાખવી |
| | (૨) જરા છૂટ આપવી |
| | (૩) વાતની વધુ રકઝક ન કરવી |

| | |
|---|---|
| ઢોલ પિટાવવો | દાંડી વગાડી જાહેર કરાવવું; પ્રસિદ્ધ કરાવવું; પ્રગટ કરાવવું |
| ઢોલકી બે બાજુ વગાડવી | બે બાજુનું ગાવું; બંને પક્ષે હા હા કરવી |
| ઢોલે વાગતું જવું | (૧) જાહેર થવું<br>(૨) ફજેતી જાહેર થવી<br>(૩) વરઘોડે ચડવું |
| ઢોળી નાખવું | કોઈ ઉપર આરોપ નાખવો; માનભંગ કરવું |
| ઢોળી પાડવું | (૧) કોઈને માથે નાખી દેવું<br>(૨) નીચે નાખી દેવું |
| ઢોંગ માંડવો | ધુતારાપણું માંડવું; તોફાન કરવું |
| તડકો છાંયડો વેઠવો | (૧) અનુભવી બનવું<br>(૨) પાકા થવું<br>(૩) સુખ દુ:ખ અનુભવવું<br>(૪) ચઢતી પડતી અનુભવવી |
| તડ ને ફડ કહી દેવું | (૧) જેમ આવ્યું તેમ કહી દેવું<br>(૨) શરમ રાખ્યા વગર કહી દેવું |
| તડાકા મારવા | (૧) વખત કાઢવા મનગમતી વાતો કર્યા કરવી<br>(૨) બડાશની વાતો કહેવી |
| તડાકો પડવો | ફાયદો થવો |
| તડાતડી બોલવી | સામસામા મારવા મંડવું |
| તડાતડી હોવી | ધમાચકડી હોવી |

| | |
|---|---|
| **તડી પડવી** | (૧) ગાળોનો વરસાદ વરસવો |
| | (૨) સખત માર પડવો |
| **તણખલાને તોલે ગણવું/** | (૧) કંઈ પણ દરકાર કરવી નહીં |
| **તૃણવત ગણવું** | (૨) તરણા જેવું તુચ્છ ગણવું |
| **તણખા-ઊઠવા-ખરવા-ઝરવા** | (૧) કોયલાની ચિનગારી ઊડવી |
| | (૨) તીખી બોલાચાલી થવી |
| **તણાઈ જવું** | (૧) માનસિક વૃત્તિના જોશમાં ઘસડાવું |
| | (૨) ઘણું ખરચ કરી દુર્દશામાં આવવું; અભિમાન કે મિજાજ બતાવવો |
| **તણાઈ મરવું** | ગજા ઉપરાંત ખર્ચ કરવું |
| **તનમન અને ધન હોવું** | બધી રીતે પ્રિય હોવું |
| **તમાચો મારી મોં રાતું રાખવું** | (૧) જૂઠા ભભકાથી પૈસાદાર દેખાવું |
| | (૨) સુખી હોવાનો ડોળ કરવો |
| **તમાશો જોવો** | મશ્કરીનો આનંદ લેવો |
| **તરકટ ઊભું કરવું-રચવું** | (૧) કોઈને ફસાવનારી પ્રપંચજાળ ઊભી કરવી |
| | (૨) ખોટેખોટું તોફાન કે પોકળ રચવું |
| **તરણાને તોલે કરવું** | કોઈ ગણતરીમાં ન હોય એવું કરવું |
| **તરણાં ચૂંથવાં** | નજીવી ચૂંથાચૂંથ કે મહેનત કરવી |
| **તરણું લેવું** | નમી પડી શરણ યાચવું |
| **તરફડિયાં ખાવાં-મારવાં** | (૧) દુઃખને લીધે આમતેમ પછડાવું |
| | (૨) બહાર નીકળવાનો પ્રયત્ન કરવો |
| **તરતીમાં હોવું** | ચડતીમાં હોવું |

| | |
|---|---|
| **તરસ ખાવી** | દયા બતાવવી |
| **તલપ આવવી-લાગવી** | (૧) નિયત સમય થવાથી કેફી વસ્તુની ઈચ્છા થવી |
| | (૨) ખૂબ રસભેર ઉપભોગ કરવો |
| **તલપાપડ થવું-થઈ રહેવું** | (૧) તાલાવેલી થવી |
| | (૨) તલસવું |
| | (૩) અતિ આતુર હોવું |
| **તલમાં તેલ ન હોવું** | (૧) સામર્થ્ય જતું રહેવું |
| | (૨) સત્ત્વહીન થવું |
| **તલવારની ધાર પર ચાલવું-રહેવું** | (૧) ઘણાં જોખમમાં રહેવું |
| | (૨) સાવધાનીથી વર્તવું |
| | (૩) સખત અમલ નીચે રહેવું |
| **તળિયાઝાટક થવું** | સમૂળો નાશ થવો |
| **તાપ મેળવવો** | તાપની યોગ્યતા નક્કી કરવી |
| **તાકડો સાધવો** | યોગ્ય વખત જોઈને કામ કરવું |
| **તાક્યું તીર લાગવું** | (૧) ધારેલો વિચાર પાર પાડવો |
| | (૨) ધાર્યું કામ થવું |
| | (૩) મહેનત બર આવવી |
| **તાગ લેવો** | (૧) મન ચકાસવું |
| | (૨) તળિયું તપાસવું |
| **તાગડધિન્ના કરવા** | (૧) પારકે પૈસે આનંદ કરવો |
| | (૨) મોજમજા ઉડાવવી |

| | |
|---|---|
| તાડનો ત્રીજો ભાગ હોવું | ઘણું ઊંચું હોવું |
| તાન ચડવું | ઉત્તેજનાના જુસ્સામાં આવવું |
| તાનમાં આવવું | (૧) લહેર કે મસ્તીમાં આવવું |
| તાબૂત જેવું હોવું | (૧) જડ |
| | (૨) ચૈતન્યરહિત |
| | (૩) દિઙ્મૂઢ થઈ ગયેલું દેખાવું |
| તાર મળવો | મેળ ખાવો; તૈયાર દેખાવી |
| તારા ગણવા | (૧) ઉજાગરો કરવો |
| | (૨) નિદ્રા ન આવવી |
| | (૩) ચિંતાને લીધે બેચેનીમાં રાત કાઢવી |
| તારા દેખાડવા | (૧) મુશ્કેલીમાં મૂકી દેવું |
| | (૨) હેરાન કરવું |
| તારાજ કરવું | (૧) લૂંટવું |
| | (૨) ઉજ્જડ કરવું |
| | (૩) હરાવવું |
| તાળી આપવી | (૧) ઉત્તેજન આપવું |
| | (૨) મશ્કરી કે હાંસી કરવી |
| તાળી લાગવી | લગની લાગવી |
| તૂતે તૂત ચલાવવું | (૧) ખોટી બનાવટી વાત કહેવી; ગપ મારવી |
| | (૨) છળ કરવું; દગલબાજી કરવી |
| | (૩) ખોટેખોટું કરવું |
| તૂમડે તરવું | સંસારસાગરમાં આગળ ધપવું |

| | |
|---|---|
| **તેલ કાઢવું** | (૧) ખૂબ મહેનત કરાવીને થકવી નાખવું |
| | (૨) હંફાવવું |
| | (૩) સત્ત્વ ખેંચી લેવું |
| **તેલ જોવું તેલની ધાર જોવી** | (૧) ચાલાકી વાપરવી |
| | (૨) પૂરી ચોકસાઈ કરવી |
| | (૩) ધીરજ રાખીને બધી બાબત તપાસવી |
| **તેલ નીકળવું** | (૧) અતિશય કામ કરીને થાકી જવું |
| | (૨) રગડામણ થવી |
| **તેલ રેડાવું** | (૧) અદેખાઈ થવી |
| | (૨) ફાળ પડવી |
| **તોડ આણવો-કાઢવો-લાવવો** | (૧) નિકાલ કરવો કે કાઢવો |
| | (૨) અમુક નિશ્ચય પર આવવું |
| | (૩) સમાધાન કરવું |
| **તોબા પોકરાવવી-બોલાવવી** | (૧) પજવવું |
| | (૨) હેરાન કરવું |
| | (૩) ત્રાસી જાય એમ કરવું |
| **તોરણે આવવું** | (૧) છેક નજીકમાં આવી જવું |
| | (૨) લગોલગ આવવું |
| **ત્રણ ટકાનું ગણવું** | હલકું ગણવું |
| **ત્રાજવું નમવું** | (૧) સુભાગી થવું; સારો દિવસ આવવો |
| | (૨) પ્રતિષ્ઠા વધવી |

| | |
|---|---|
| | (૩) સુખ કે ચઢતીના દિવસ આવવા |
| | (૪) પાયરીમાં કે સ્થિતિમાં ચડતા થવું |
| **ત્રાજવું ભારે થવું** | (૧) ગર્વિષ્ઠ થવું |
| | (૨) પૈસાદાર થવું |
| | (૩) માર ખાવાની નિશાની થવી |
| | (૪) અભિમાની થવું |
| **ત્રાહિમામ્ કરાવવું** | તોબા પોકરાવવા |
| **થન થન કરી રહેવું-નાચી રહેવું** | (૧) આનંદમાં ઉછળવું |
| | (૨) હઠ કરી થકવવું |
| | (૩) શિરજોરી કરવી |
| | (૪) થપ્પડ ખાવી |
| **થાપ ખાવી-લાગવી** | (૧) છેતરાવું |
| | (૨) ઠગાવું |
| | (૩) નુકસાન ખમવું |
| **થાપ ખાવી-ખાઈ જવી** | (૧) છેતરવું |
| | (૨) નુકસાનમાં આવી પડવું |
| | (૩) ભૂલ કરવી |
| | (૪) ભોળવાવું |
| **થાળે પડવું** | (૧) શાંત થવું |
| | (૨) સ્થિર થવું |
| | (૩) વ્યવસ્થામાં આવી જવું |
| **થાંભલો રોપવો** | મક્કમ નિર્ધાર કરવો |

| | |
|---|---|
| **થૂ થૂ કરવું** | (૧) ઘૃણા પ્રગટ કરવી |
| | (૨) તિરસ્કારવું |
| | (૩) નિંદ્ય ગણવું |
| | (૪) ફિટકાર કે ઘૃણા દર્શાવવી |
| **થૂંક ઉડાડવું** | વ્યર્થ બકવાટ કરવો |
| **થૂંકેલું ગળવું** | (૧) વચન ભંગ કરવો |
| | (૨) આપીને પાછું લઈ લેવું |
| **થોરિયા રોપવા** | (૧) વેર કરવું |
| | (૨) અણબનાવ કરવો |
| | (૩) લડાઈનાં મૂળ રોપવાં |
| **દમ આપવો-દેવો** | (૧) ધમકી આપવી; સજાની બીક બતાવવી |
| | (૨) ધમકાવવું |
| | (૩) રોફ છાંટવો |
| **દમ કાઢી નાખવો** | (૧) સંતાપવું |
| | (૨) કંટાળો આપવો |
| | (૩) ઉતાવળ કરાવવી |
| | (૪) બહુ કામ કરી હંફાવવું |
| **દમ ખાવો** | (૧) જીવ ખાવો; હેરાન કરવું |
| | (૨) ધીરજ ધરવી; સબૂરી રાખવી |
| | (૩) વિસામો ખાવો; વિશ્રાંતિ લેવી |
| | (૪) શાંતિથી સહન કરવું; ડરી જવું |
| **દમ નીકળી જવો** | કંટાળી જવું |

| | |
|---|---|
| દમ ભિડાવવો | (૧) રુઆબ દેખાડવો |
| | (૨) ધમકાવવું |
| દમ મારવો | (૧) બીક બતાવવી |
| | (૨) ધીરજ ધારવી-રાખવી |
| | (૩) ખૂબ સંતાપવું |
| દમ લેવો | (૧) થકવી નાખવું |
| | (૨) ધીરજ રાખવી |
| | (૩) શાંતિથી રહેવું |
| દરિયા જેવડું પેટ રાખવું | ઉદારતા બતાવવી |
| દરિયો ડોળવો-ડખોળવો | (૧) નકામી મહેનત કરવી |
| | (૨) મહામહેનત કરવી |
| દવ લાગવો-ઊઠવો-બળવો | (૧) જંગલ બળવું |
| | (૨) મહાદુ:ખમાં આવી પડવું |
| | (૩) મોટી પાયમાલી કરનારો બનાવ બનવો |
| દશા બેસવી | પડતી આવવી |
| દહાડા ભરાઈ જવા | (૧) અંત નજીક આવવો |
| | (૨) મોત આવવું |
| દહાડો ઊઠવો-રુઠવો | (૧) અવદશા શરૂ થવી |
| | (૨) ખરાબ હાલતમાં આવવું |
| દહીંદૂધમાં પગ રાખવો | બંને પક્ષ સાચવવા મથવું |
| દાઈથી પેટ છૂપાવવું | છાનું ન રહી શકે તે છૂપાવવાનો પ્રયાસ કરવો |

| | |
|---|---|
| **દાઢ ગળવી-ડળકવી** | મોંમાં પાણી આવવું; સ્વાદ લેવાની ઈચ્છા થવી; અનુરક્ત થવું |
| **દાઢમાંથી બોલવું** | (૧) વાંકું બોલવું |
| | (૨) મહેણાં મારવા |
| | (૩) કરડાકીમાં વેણ કહેવાં |
| **દાઢીમાં હાથ ઘાલવો-નાખવો** | (૧) લાચારી દર્શાવવી |
| | (૨) બહુ કાલાવાલા કરવા |
| | (૩) ખુશામત કરવી |
| **દાણા ઉતારવા** | ભૂત પ્રેતનો વહેમ કાઢવા દાણા ફેરવવા |
| **દાણા જોવરાવવા-જોવા** | જ્યોતિષ જોવું કે જોવરાવવું |
| **દાણો ચાંપી જોવો** | બીજાનું મન પારખવા માટે યત્ન કરવો |
| **દાવ સાધવો** | (૧) અનુકૂળ વખતને લાભ લઈ લેવો |
| | (૨) લાગ મેળવવો |
| **દાવે સોગઠી મારવી** | (૧) લાગ જોઈને કામ કરવું |
| | (૨) આવ્યો પ્રસંગ ન ચૂકવો |
| **દાળ ગળવી** | (૧) ઈચ્છા પૂર્ણ થવી |
| | (૨) ધાર્યું કામ સિદ્ધ થવું |
| | (૩) એક સાથે મળી જવું |
| **દાળ ચડે તે પાણીએ ચડવવી** | જે રીતે કામ થતું હોય તે રીતે કરવું |
| **દાળમાં કાળું હોવું** | છૂપું પાપ; કલંક કે ગુનો બહાર આવવો |
| **દાંડી પિટાવવી-પીટવી** | જાહેર કરવું |
| **દાંત કરડવા** | (૧) આશ્ચર્યચકિત થઈ જવું; હબક લાગવી |

| | |
|---|---|
| | (૨) શરમની લાગણી થવી |
| | (૩) હાય ખાવી |
| **દાંત કાઢવા** | (૧) કોઈનું કહેલું હસી કાઢવું; ન ગણકારવું |
| | (૨) ઉડાવવું |
| **દાંત ખાટા કરવા** | (૧) નાસીપાસ કરવું |
| | (૨) હરાવવું |
| **દાંત પેટમાં હોવા** | (૧) મનમાં કપટ, કિન્નો કે વેર હોવું |
| | (૨) શૌર્ય, જુસ્સો કે બળ હોવું |
| **દાંતમાં જીભ હોવી** | (૧) દુશ્મનો વચ્ચે સહીસલામત રહેવું |
| **દાંતમાં તણખલું-તરણું લેવું** | (૧) નમી પડવું; કાલાવાલા કરવા |
| | (૨) દયા માટે વિનંતી કરવી |
| | (૩) માફી માંગવી |
| **દાંતે ચઢવું** | (૧) વગોવાવા |
| | (૨) સ્વાદ લાગવો |
| **દાંતે દસ આંગળી લેવી** | શરણાગત કબૂલવી |
| **દિન ફરવો** | (૧) બુદ્ધિ બગડવી |
| | (૨) સારી અથવા ખરાબ સ્થિતિ બદલાવી |
| **દિલ આપવું** | મન આપવું |
| **દિલ ઊઠી જવું** | (૧) અણગમો થવો |
| | (૨) નારાજ થવું |
| **દિલ ઊંચું થવું** | મન ખાટું થવું |

| | |
|---|---|
| દિલ ઠરવું | મનને સંતોષ થવો |
| દિલ ઠેકાણે હોવું | મનમાં શાંતિ અને ધીરજ હોવી |
| દિલ ભરાવું-ભારે થવું | ડૂમો ભરાવો; ગળગળું થઈ જવું |
| દિલ સાફ હોવું | કપટ વિનાનું હોવું |
| દિલમાં રાખવું | ધ્યાનમાં રાખવું; યાદ રાખવું |
| દિવસ ફરવો-વળવો | (૧) ભાગ્ય ઊઘડવું<br>(૨) નસીબ બદલાવું |
| દિશા કાણી કરવી | મિત્ર ગુમાવવો |
| દી વળવો | સારી સ્થિતિ થવી; લાભ થવો |
| દીકરી દૂધ પીતી કરવી | દીકરીને દૂધમાં ઝેર આપી મારી નાખવી |
| દીકરીએ દીવો હોવો | દીકરીના સંતાન વડે વંશ રહેવો |
| દીઠે ડોળે ન બનવું | એકબીજાના કટ્ટર દુશ્મન હોવું |
| દીવા જેવું સાફ હોવું | (૧) ભૂલ વિનાનું; ચોખ્ખું<br>(૨) ઝટ સમજાય એવું |
| દીવાસળી ચાંપવી | ઉશ્કેરી લડાઈ ઊભી કરવી |
| દીસતું કરવું | (૧) છોડી કે મૂકી દેવું<br>(૨) છૂપું રાખવું |
| દુખડાં લેવાં | ઓવારણાં લેવાં |
| દુ:ખનાં ઝાડ ઊગવાં | પુષ્કળ દુ:ખ આવી પડવું |
| દુ:ખનું વાદળ | ચોતરફથી આકસ્મિક આવી પડેલું દુ:ખ |
| દુનિયા પાર કરવું | (૧) લોકગણનામાંથી બહાર કાઢી નાખવું<br>(૨) મારી નાખવું |

| | |
|---|---|
| **દુનિયાની હવા લાગવી** | (૧) સંસારનો અનુભવ થવો<br>(૨) સંસારી વિષયોનો અનુભવ થવો |
| **દુમ હલાવવી** | ખુશામત કરવી |
| **દૂઝતી ગાય બનવું** | (૧) ઉદાર થવું<br>(૨) જેમાંથી લાભ થતો હોય એવી બાબત |
| **દૂધ અને ડાંગ બંને રાખવાં** | પ્રેમ અને કડકાઈ બંને રાખવાં |
| **દૂધ અને દહીંમાં પગ રાખવા** | (૧) બંને બાજુ માથું મારવું<br>(૨) બંને તરફ ઢોલકી વગાડવી |
| **દૂધ ચડવું** | પાનો ચડવો; હિંમત આવવી |
| **દૂધ દોહી આપવું** | લાભ કરી આપવો; કમાઈ આપવું |
| **દૂધમાં એરિયો ભેળવવો** | (૧) સારામાં નરસું ભેળવી બગાડી નાખવું<br>(૨) માઠા બોલ બોલી કજિયો કરવો |
| **દૂધમાં કાળું હોવું** | (૧) છૂપો મર્મભેદ હોવો<br>(૨) તરત જણાઈ આવે એવો નાનો દોષ હોવો |
| **દૂધમાં સાકર ભળવી** | સારું પરિણામ આવવું |
| **દૂધમાંથી પોરા કાઢવા** | (૧) ખાલી ખોટો દોષ કાઢવો<br>(૨) ભૂલ ન હોય તેમાંથી ભૂલ કાઢવાનો યત્ન કરવો |
| **દૂધે ધોઈને આપવું** | પ્રમાણિકપણે આદરપૂર્વક આપવું |
| **દૂધે મેહ વરસવા** | (૧) ન્યાલ થવું; બધે આનંદ ફેલાવો<br>(૨) બહુ લાભકારક; સારું કે આનંદજનક થવું |

| | |
|---|---|
| **દેખાદેખી કરવી** | (૧) એક-એકનું દેખી તેમ કર્યા કરવું |
| | (૨) વાદ કરવો; નાદે ચડવું |
| **દેહ છૂટવો** | અંત આવવો |
| **દોકડો નીકળી જવો** | માન ઓછું થવું |
| **દોણી-દેવી પકડાવવી** | રજા આપવી; કાઢી મૂકવું |
| **દોરડાં ખેંચવાં** | (૧) કોઈના કામમાં મદદગાર થવું |
| | (૨) કોઈનું કામ કરવું |
| **દોરડાં તાણવાં** | (૧) ઘણી મહેનતમાં પડવું |
| | (૨) ઘણી વેઠ કરવી |
| **દોરી ખેંચવી** | (૧) આયુષ્ય ટૂંકાવવું |
| | (૨) પ્રભુના ઘરનું તેડું આવવું |
| | (૩) હીંચકો નાખવો |
| **દોરી તાણી રાખવી** | (૧) મજબૂતાઈથી સત્તા ચલાવવી |
| | (૨) સત્તામાં ખેંચવું |
| | (૩) અંકુશ રાખવો |
| **દોરી તૂટવી** | આયુષ્ય આવી રહેવું |
| **દોરી લોટો ખેડવો** | (૧) પરદેશ ખેડવો |
| | (૨) ગુજરાન માટે પરદેશ વેઠવો |
| **દોરીસંચાર કરવો** | પડદા પાછળ રહીને સત્તા ચલાવવી |
| **દ્વારકાની છાપ પડાવવી** | કીર્તિ કે એકાદ સારા કામની નિશાની મેળવવી |
| **ધકેલ પાંચશેરી કરવી** | (૧) ગમે તેમ ધકેલ્યે રાખવું |
| | (૨) ખોટીખરી કલ્પનાથી ડીંગ મારવી |
| | (૩) કશું આપ્યા વિના પાછું કાઢવું |

| | |
|---|---|
| **ધક્કે ચડવું** | વાયદે પડવું; આઘું ઠેલાવું |
| **ધક્કો ખવડાવવો** | (૧) ખોટી આશા આપવી |
| | (૨) ફોગટ આંટા મારે તેમ કરવું |
| | (૩) વખતોવખત મુલતવી રાખવું |
| **ધક્કો પહોંચવો** | હડસેલો ખાવો |
| **ધક્કો વાગવો-લાગવો** | નુકસાન થવું |
| **ધજા ઉડાડવી** | જેજેકાર કરાવવો; ડંકો વગડાવવો |
| **ધજા ચડાવવી** | (૧) ફજેતી કરવું; લોકમાં જાહેર કરવું |
| | (૨) નઠારી વાતમાં જાહેરાત થવી |
| | (૩) ધજાગરો બાંધવો |
| **ધજાગરો બાંધવો** | ફજેતી કરવી; લોકમાં જાહેર કરવું |
| **ધડાકો મારવો** | (૧) જલ્દી કામ પતાવવું |
| | (૨) શરમ કે બીક રાખ્યા વગર કહેવાનું હોય તે સામે મોઢે કહી દેવું |
| **ધડે બેસવું** | (૧) પડી ભાંગવું |
| | (૨) પાયમાલ થવું |
| **ધડે રહેવું** | (૧) અંદાજસર રહેવું |
| | (૨) મર્યાદામાં રહેવું |
| **ધડો જોખવો-થવો** | (૧) ભાવ પૂછાવો; ગણના થવી |
| | (૨) દરકાર થવી |
| **ધડો બેસાડવો** | (૧) બોધપાઠ આપવો |
| | (૨) દાખલો બેસાડવો |
| **ધડો લેવો** | શિખામણ લેવી; દાખલો કે બોધ લેવો |

| | |
|---|---|
| **ધણી વિનાનું ઢોર હોવું** | ન ધણીયાતી અવ્યવસ્થિત દશામાં હોવું |
| **ધણીરણી ન હોવું** | અંધેર હોવું |
| **ધનોતપનોત કાઢવું** | નિકંદન કાઢવું; ખેદાનમેદાન કરી મૂકવું |
| **ધન ઘડી ધન દહાડો હોવો** | મંગળ અવસર આવવો |
| **ધબડકો વળવો** | (૧) બધું નકામું જવું; ગોટાળો થવો<br>(૨) ખરાબ થવું |
| **ધબાય નમઃ થવું** | અટકી પડવું; મરી જવું |
| **ધબી જવું** | મરી જવું |
| **ધમાચકડી મચવી** | મારામારી થવી |
| **ધરતી ઉપર પગ ન ધરવો-મૂકવો** | (૧) અભિમાનથી અધ્ધર ચાલવું<br>(૨) ઉદ્ધત થઈ જવું |
| **ધરતીનો છેડો આવવો** | આડો આંક થવો કે હદ થવી |
| **ધરતીમાં પેસી જવું** | (૧) અદૃશ્ય થવું; દેખાતું બંધ થવું<br>(૨) અત્યંત શરમિંદું થઈ જવું |
| **ધરમધક્કો પડવો** | ફોગટ ફેરો થવો |
| **ધરમને કાંટે તોલવું** | ખરો ન્યાય આપવો |
| **ધરવ થવો** | તૃપ્ત થવું; સંતુષ્ટ થવું |
| **ધરાબોળ જવું** | (૧) પ્રલય થવો<br>(૨) વંશ ડૂબી જવો |
| **ધરામાં નાખવું** | (૧) ખાડામાં નાખવું; નાશ કરવું<br>(૨) ઉશેટી દેવું<br>(૩) દૂર કરવું; નુકસાન કરવું |

| | |
|---|---|
| **ધરાશાયી થવું** | (૧) પૃથ્વી ઉપર સૂઈ મરણ-પામવું<br>(૨) ભોં ભેગા થઈ જવું |
| **ધરાશાયી કરવું** | મારી નાખવું |
| **ધર્મ કરતાં ધાડ આવવી** | કોઈનું ભલું કરવા જતાં પોતે સંકટમાં આવી પડવું |
| **ધર્મની ગાયના દાંત ન જોવા** | મફત મળતી વસ્તુમાં સારા-ખોટાપણું જોવું નહિ |
| **ધર્યું રહેવું** | પડ્યું રહેવું |
| **ધાડ પડવી** | (૧) બહેરાપણું દૂર થવું<br>(૨) કાને ઓછું સાંભળવું |
| **ધાડ મારવી** | (૧) પરાક્રમ કરવું<br>(૨) એકાદ મોટું કામ કરવું |
| **ધાડે લાગવું** | પાછળ પડવું; ઉતાવળું થવું |
| **ધાણી દાળિયા જુદાં થવાં** | (૧) મેળવાળો સંબંધ તૂટવો<br>(૨) પ્રીતિ તૂટવી<br>(૩) અણબનાવ થવો |
| **ધાણી ફૂટવી** | મોંમાંથી એક પછી એક પટ પટ અસરકારક શબ્દો બહાર નીકળવા |
| **ધાન ધાન થવું** | રોજી રોટી મેળવવાને માટે તલસવું |
| **ધાનમાં ધૂળ નાખવી** | ધણીધણિયાણી વચ્ચે કજિયો કરાવવો |
| **ધાપ આપવી** | છેતરવું |
| **ધાપ ખાવી** | છેતરાવું |
| **ધાપ મારવી** | (૧) આડોઅવળો હાથ મારવો<br>(૨) અયોગ્ય રીતે સારીપેઠે કમાવું |

**ધાપલાં કરવાં** (૧) ગેલ કરવું; ગેલમાં અંગ પસારવાં
(૨) રિસાયેલને મનાવવાનો કે પ્રસન્ન કરવાનો યત્ન કરવો

**ધામા ઘાલવા-નાખવા** લાંબા વખત માટે પડાવ નાખવો

**ધાર કે અણી અટકે નહિ એવું** (૧) તલવાર કે ભાલો
(૨) કોઈ અડાડી ન શકે એવું
(૩) પ્રતાપશાળી ને પરાક્રમી
(૪) અગમ; અગમ અગોચર

**ધાર પર રહેવું** જોખમ ભરેલી સ્થિતિમાં રહેવું

**ધાર બાંધવી** મંત્રાદિ વડે કોઈ ધારવાળા હથિયારને નકામું કરવું

**ધાર્યું તીર વાગવું** (૧) ધારેલા અર્થની સિદ્ધ થવી
(૨) નસીબ અનુકૂળ થવું

**ધાસ્તી કરવી-રાખવી-લાગવી** (૧) ચિંતા કરવી
(૨) ડરવું

**ધિંગાણું કરવું-મચાવવું** (૧) કૂદાકુદ અને દોડાદોડ કરી ખૂબ ગરબડ મચાવવી
(૨) તોફાન કરવું
(૩) મારામારી કરવી

**ધિંગાણું ચલાવવું** (૧) ધમાલ કરી મૂકવી
(૨) વગર મૂડીએ મોટો વેપાર કરવો
(૩) રેતીમાં નાવ ચલાવવું
(૪) પોલંપોલ ચલાવવી

| | |
|---|---|
| **ધીકતી ધરા કરવી** | દુશ્મન ચઢી આવે તે સામે બાળી કરીને બધું ઉજાડી નાખવું |
| **ધીકતો ધંધો ચાલવો** | સારી પેઠે ધંધો ચાલવો |
| **ધુમાડામાં મળી જવું** | (૧) વ્યર્થ જવું<br>(૨) નિરુપયોગી થવું |
| **ધુમાડો કરવો** | (૧) ખોટી રીતે ખરચી નાખવું<br>(૨) ઉડાડવું<br>(૩) વેડફી નાખવું |
| **ધુમાડો કાઢી નાખવો** | (૧) ઊંચકીને ફેંકવું; ખરાબ કરવું<br>(૨) ખંખેરવું; મારવું; ઝાપટવું<br>(૩) ધમકાવીને નરમ પાડી નાખવું |
| **ધૂણી તાપવી** | અગ્નિ પાસે બેસીને પવિત્ર કાર્યો કરવાં |
| **ધૂણી દેવી** | (૧) ભૂત કાઢવું<br>(૨) અવળા વિચારમાંથી સવળા વિચારમાં વાળવું |
| **ધૂણી ધખાવવી** | (૧) શરીર તપાવવું; તપ કરવું; સાધુ થવું<br>(૨) યોગી થવું; હઠ કરીને બેસવું |
| **ધૂણી લગાવવી** | (૧) યોગી થવું<br>(૨) બાવાની રીતે ધૂણી પ્રકટાવવી |
| **ધૂમ થવી-મચવી** | એકતાન થવું |
| **ધૂમ મચાવવી** | (૧) આનંદ થવો<br>(૨) પડઘો પડવો<br>(૩) પ્રખ્યાત થવું |

| | |
|---|---|
| **ધૂળ ઉડાડતા ફરવું** | (૧) ગુજરાન માટે અહીંતહીં ફરવું |
| | (૨) વ્યાકુલ થઈને ઘૂમવું |
| **ધૂળ ઉડાડવી** | (૧) નકામું બોલવું |
| | (૨) ફોગટ તોફાન મચાવવું; હાંસી કરવી |
| | (૩) નાહક નિંદા કરવી |
| **ધૂળ ઊડવી (અમુક સ્થળે)** | ઉજ્જડ થઈ જવું |
| **ધૂળ કાઢવી-કાઢી નાખવી** | (૧) ખૂબ ધમકાવવું |
| | (૨) સંબંધ કાપી નાખવો |
| | (૩) માર મારી હલકું કરવું |
| | (૪) માથેથી જોખમ ઉતારી નાખવું |
| **ધૂળ ચાટતું કરવું** | (૧) આનંદના ગીતથી ગર્જના કરવી |
| | (૨) બરાડા પાડવા; હોહા કરવી |
| | (૩) ઘોંઘાટ કરવો |
| **ધૂળ નાખવી** | હરાવી હેઠે પાડવું |
| **ધૂળ નાખવી** | (૧) તૈયાર થયેલું કામ બગાડવું |
| | (૨) ઘડપણને લાંછન લગાડવું |
| | (૩) નામ પર ઝાંખપ લગાડવી |
| **ધૂળ પડવી** | (૧) અપકીર્તિ થવી |
| | (૨) ઝાંખ વળવી |
| | (૩) વિકાર હોવો |
| | (૪) વ્યર્થ જવું |
| **ધૂળ પર ઢેફાં થવાં** | નામોશી; અપકીર્તિ |

| | |
|---|---|
| **ધૂળ પાણી ને વા પાણી** | છેક બરબાદ |
| **ધૂળ ફકાવવી** | (૧) ચાલવા ન દેવું; જખ મરાવવી |
| | (૨) ટેકો ઓછો કરવો; દરકાર ન રાખવી |
| | (૩) બેહાલ કરવું; પાછળથી પસ્તાય એમ કરવું |
| | (૪) હરાવવું |
| **ધૂળ ફાકતા કરી દેવું** | પાયમાલ કરવું |
| **ધૂળ ફાકતું થઈ જવું** | બેહાલ થવું |
| **ધૂળ ફેરવવી-વાળવી** | (૧) ખરાબ દશામાં હોવું; ટેક છોડી દેવો |
| | (૨) દરકાર ન રાખવી; વલખાં મારવાં |
| | (૩) હારી જવું; ત્રાસ થવો; પડી જવું |
| **ધૂળ ભેગું કરવું** | (૧) ઉપેક્ષા કરવી; અવગણના કરવી |
| | (૨) દાટવું; વ્યર્થ કરવું; પાણી ફેરવવું |
| | (૩) બરબાદ કરવું; ફોકટ જાય એમ કરવું |
| **ધૂળમાં મળવું/ ધૂળમાં મળી જવું** | (૧) જમીનદોસ્ત કરવું |
| | (૨) સખત ઠપકો આપી ખૂબ માનભંગ કરવું |
| **ધૂળ સમજવી** | (૧) ઉપયોગમાં ન આવવું; |
| | (૨) બગડવું; વ્યર્થ જવું; પાયમાલ થવું |
| | (૩) ધાર્યું હોય તેમ ન થવું |
| | (૪) મરણ પામવું |

| | |
|---|---|
| **ધૂળથી ભૂંડું કરવું** | (૧) ઘણું હલકું સમજવું |
| | (૨) ગણતરીમાં ન લેવું |
| **ધૂળધાણી કરવું** | સાફ કરવું |
| **ધૂળધાણી થવું-જવું** | (૧) ધૂળમાં મેળવવું; નુકસાન કરવું |
| | (૨) બગડી જવું; ખરાબ થવું |
| | (૩) પાયમાલ થવું |
| | (૪) નકામું થવું |
| **ધોઈ કાઢવું** | (૧) ખુશામત કરવી |
| | (૨) મારવું; પીટવું |
| **ધોઈ નાખવું** | (૧) માર મારવો; મારીમારીને અશક્ત કરવું |
| | (૨) પાણી ફેરવવું; વૃત્તિને મનમાંથી હાંકી કાઢવી |
| | (૩) સત્ત્વ કે ધનથી રહિત થવું |
| **ધોઈ પીવું** | (૧) અખાડા કરવા |
| | (૨) નકામું પડવું |
| | (૩) ન લેખવવું |
| **ધોઈ વાળવું** | (૧) માંહોમાંહે માંડી વાળવું |
| | (૨) વ્યર્થ જાય એમ કરવું |
| **ધોકો કૂટવો-પછાડવો-ફેરવવો** | (૧) માર મારવો |
| | (૨) મિથ્યા વાદવિવાદ કરવો |
| | (૩) હઠ કરવી |
| **ધોકો પહોંચવો-લાગવો** | ઝપાટો લાગવો; ઈજા થવી |

**ધોડા કરવા** (૧) ફોગટ ફેરા ખાવા
(૨) હેરાન થવું

**ધોતિયાં છૂટી જવાં-ઢીલા થઈ જવાં** (૧) ગભરાઈ જવું; ભયથી શિયાવિયાં થઈ જવું
(૨) ભયભીત થવું; ડરી જવું
(૩) થરથરી જવું; કાળજું ધબકવું

**ધોયલો કાઢવો** (૧) બીક બતાવવી; માર કે મહેણાંથી ખૂબ ઝૂડી કાઢવું
(૨) અતિશય કામથી થકવી દેવું

**ધોયેલા મૂળા જેવું** (૧) એકલું; સંગાથ વિનાનું
(૨) કિંમત વગરનું
(૩) ધનહીન

**ધોળકું ધોળવું** (૧) અજવાળું કરવું
(૨) મહેનત બરબાદ કરવી
(૩) નાસીપાસ થવું; ફાયદો કરવો-થવો
(૪) બહુ ભારે કામ કરવું

**ધોળા દિવસે તારા દેખાવા** અસહ્ય પરિસ્થિતિ અનુભવવી

**ધોળામાં ધૂળ ઘાલવી/ પડવી** (૧) વૃદ્ધાવસ્થામાં અપકીર્તિ આવે એવું કામ કરવું
(૨) ઘડપણમાં અપકીર્તિ થવી

**ધોળીને આવવું** બગાડીને આવવું; ખરાબ કરીને આવવું

**ધોળ્યુંને ઊઘડ્યું હોય એમ થવું** કોઈ સારું કામ ન થવું

| | |
|---|---|
| **ધોવાઈ જવું** | (૧) વ્યર્થ જવું; બરબાદ જવું<br>(૨) ઉપર પાણી ફરવું |
| **ધ્યાન આપવું-દેવું** | (૧) કાન દેવો; સાંભળવું; ચિત્ત એકાગ્ર કરવું<br>(૨) વિચાર કરવો; લક્ષ આપવું |
| **નકટાની નાત હોવું** | ખોટુંખોટું સમજાવી પોતાના જેવા બીજાને કરવાનો પ્રયત્ન કરનાર હોવું |
| **નકટીનું નાક કાપે એવું** | ધાર વિનાનું હોવું |
| **નખ જેટલું હોવું** | વિસાત વિનાનું હોવું |
| **નખથી તે શિખા સુધી** | પગથી તે માથા સુધી |
| **નખમાંયે રોગ ન હોવો** | (૧) ખરેખર તંદુરસ્ત હોવું<br>(૨) કંઈ પણ રોગ વગરનું હોવું |
| **નખોદ ઘાલવું-વાળવું** | (૧) પાયમાલ કરવું; બૂરું કરવું<br>(૨) બગાડી નાખવું |
| **નખોદ જવું-નીકળવું-વળી જવું** | (૧) વંશમાં કોઈ ન રહેવું; નિર્વંશ જવું<br>(૨) વંશવેલો નાબૂદ થવો |
| **નગદ ઘરાક હોવું** | સધ્ધર કે ખમતી આસામી હોવું |
| **નગદ થઈને બેસવું** | પોતાની મિલકત ન દેખાડતાં રોકડો જવાબ આપવો |
| **નગદનારાયણ હોવું** | (૧) રોકડા રૂપિયાવાળા હોવું<br>(૨) કંગાલ હોવું (વ્યંગમાં)<br>(૩) રોકડ રૂપિયા ગાંઠે કરી નિરાંતે રહેવું |

| | |
|---|---|
| **નજર કરવી** | મહેરબાની કરવી |
| **નજર કરડી કરવી** | (૧) ઈતરાજી રાખવી; અપ્રસન્નતા બતાવવી |
| | (૨) ગુસ્સે થવું |
| **નજર ખેંચવી** | ધ્યાન ખેંચવું |
| **નજર ઘાલવી** | (૧) ચિત્ત પરોવવું |
| | (૨) દાનત બગાડવી |
| **નજર ટૂંકી હોવી** | (૧) બુદ્ધિ ન દોડવી; લાંબી પહોંચ ન હોવી |
| | (૨) તર્કશક્તિ ન હોવી |
| | (૩) ઉદારવૃત્તિ ન હોવી |
| | (૪) કંજૂસાઈ-કૃપણતા હોવી |
| **નજર ન પહોંચવી** | (૧) દષ્ટિમર્યાદા બહાર હોવું |
| | (૨) બુદ્ધિ ન ચલાવી; તર્ક ન પહોંચવો |
| **નજર બગડવી** | (૧) દાનત બગડવી |
| | (૨) અપ્રામાણિકપણે કામ કરવા કોશિશ કરવી |
| **નજરે આવવું-ચડવું** | (૧) અભિપ્રાય બાંધવો |
| | (૨) ધ્યાનમાં આવવું |
| | (૩) વિચાર આવવો |
| | (૪) જીવ પડવો; કુદષ્ટિની અસર થવી |
| **નદી નાવ સંજોગ થવો** | એકમેકને મળવાનો એકાએક યોગ થવો |
| **નન્નો ભણવો** | ના કહેવી |

| | |
|---|---|
| **નમક-મરચું લગાવવું** | (૧) મીઠું મરચું ભભરાવવું |
| | (૨) અતિશયોક્તિ કરવી |
| | (૩) મીઠુંમરચું ભભરાવીને વર્ણન કરવું |
| **નમતી બેસવી/ નમતો દિવસ** | (૧) પડતી આવવી |
| | (૨) પડતી દશા આવવી |
| **નમતું આપવું** | (૧) કહેણને તાબે થવું; ઘસાઈને નરમ પડવું |
| | (૨) જીર્ણ થવું; ટેક છોડવી; નરમ થવું; ખમી ખાવું; નરમાશ દાખવવી |
| | (૩) પોતાનો આગ્રહ જતો કરવો |
| **નમતું મૂકવું** | (૧) કૃપાદષ્ટિથી જોવું; રહેમનજર રાખવી |
| | (૨) ગમ ખાઈ જવી; સહન કરવું |
| **નમાજ પઢતાં મસીદ કોટે વળગવી** | (૧) ધર્મનું કામ કરવા જતાં લફરું વળગવું |
| | (૨) ધર્મ કરતાં ધાડ પડવી |
| | (૩) ધર્મક્રિયા કરવા જતાં ઊલટું ખરાબ થવું |
| **નરમઘેંશ જેવું થઈ જવું** | ગુસ્સો શાંત થવો |
| **નવ ગજના નમસ્કાર કરવા** | (૧) દૂર રહેવું |
| | (૨) દૂરથી ટાળવું |
| **નવ ગજની જીભ હોવી** | બહુ બોલ બોલ કરવું |
| **નવ નેજાં પાણી ઊતરવું** | મહામુશ્કેલી પડવી |
| **નવરાધૂપ હોવું** | સાવ નવરા હોવું |

| | |
|---|---|
| નવાઈ કરવી | કંઈ અપૂર્વ કરવું |
| નવાઈ ન હોવી | આશ્ચર્ય ન પામવું |
| નવાજૂની થવી | ઊથલપાથલ થવી |
| નવાણિયું કુટાવું | નિર્દોષ માર્યું જવું |
| નવાણુંનો ધક્કો પડવો | (૧) પૂરી પાયમાલી થવી |
| | (૨) ભારે ખોટ આવવી |
| નવી ગેડી નવો દાવ લગાડવો | નવેસરથી ફરી શરૂ કરવું |
| નવે અવતારે (નવો જન્મ) આવવું | (૧) આફતમાંથી અણીને વખતે મોકળા થઈ જવું |
| | (૨) ઘણા મોટા જોખમથી બચવું |
| | (૩) મૃત્યુના મુખમાંથી બચી જવું |
| | (૪) મોટી માંદગી પસાર થવી |
| નવે નામે આવવું | નવેસર દાખલ થવું |
| નશામાં ગરકાવ કે ચૂર થવું | (૧) કેફથી બેભાન થવું |
| | (૨) બહુ દારૂ ઠાંસવો |
| નસ પકડવી | (૧) મૂળ કારણ શોધી કાઢવું |
| | (૨) છટકી ન જાય એમ મૂળ સ્થળેથી પકડવું |
| | (૩) ભેદ કે મર્મ જાણવો |
| નસકોરાં ફૂલવાં | (૧) ગર્વ આવવો |
| | (૨) અભિમાન ચડવું |
| નસિયત મળવી | (૧) શિખામણ મળવી |
| | (૨) સજા થવી |
| | (૩) ખો ભૂલી જાય તેમ કરવું |

**નસીબ ઊઘડવું-ખૂલવું-જાગવું**
(૧) ભાગ્યોદય થવો
(૨) ભાગ્ય ઊઘડવું
(૩) ભાગ્ય ફળવું

**નસીબ ફૂટવું**
(૧) ભાગ્ય ફૂટવું
(૨) નસીબ નઠારું નીકળવું
(૩) માઠું થવું

**નસીબનું પાંદડું ફરવું**
(૧) ભાગ્યોદય થવો
(૨) નસીબ ખૂલવું

**નહિ-સરખું કરવું**
(૧) ખરાબખસ્ત કરી નાખવું
(૨) નાશ કરવો
(૩) નામનું બનાવવું
(૪) સત્તાહીન કરવું

**નંખાઈ જવું**
(૧) અશક્ત થઈ જવું
(૨) નબળું થવું

**નાક ઉપર માખી ન બેસવા દેવી**
(૧) કોઈનું જરાપણ અહેસાન માથે ન ચડાવવું
(૨) જરાપણ લાંછન જેવી વાત ન કરવી
(૩) બહુ આકરો સ્વભાવ હોવો
(૪) બહુ સાફ રહેવું

**નાક ઊંચું રહેવું**
(૧) આબરૂ રહેવી
(૨) માન પામવું
(૩) માન વધવું

| | |
|---|---|
| **નાક કાપવું** | (૧) ઈજ્જત બગાડવી |
| | (૨) પ્રતિષ્ઠા નષ્ટ કરવી |
| **નાક કાપે એવું** | (૧) બુઠ્ઠું |
| | (૨) ધાર વિનાનું |
| **નાક ઘસવું-રગડવું** | (૧) ધૂળ ચાટવી;પૂર્ણ તાબે થવું |
| | (૨) નમી જવું; પસ્તાવો બતાવવો |
| | (૩) માફી માગવી |
| | (૪) બહુ વિનંતી કરવી |
| **નાક ચડાવવું** | (૧) અણગમો બતાવવો |
| | (૨) ગુસ્સો દેખાડવો |
| | (૩) ધિક્કારવું |
| | (૪) નાક ઊંચું કરવું |
| **નાક જવું/કાપવું** | (૧) આબરૂ જવી |
| | (૨) ટેક ઊતરવી |
| | (૩) કલંક લાગવું |
| **નાક રાખવું** | (૧) આબરૂ રાખવી |
| | (૨) પ્રતિષ્ઠા સાચવવી |
| **નાક કાન કાપવાં** | (૧) આકરી શિક્ષા કરવી |
| | (૨) કલંક લગાડવું |
| | (૩) બેઈજ્જત કરવું |
| **નાકની દાંડી સામે આંખો રાખવી** | પ્રામાણિક રહેવું |
| **નાકની દાંડીએ** | (૧) સીધે રસ્તે |
| | (૨) સામે મોંએ |

| | |
|---|---|
| નાકલીટી ખેંચવી | (૧) ક્ષમા માગવી |
| | (૨) પસ્તાવો કરવો |
| નાખ્યે રાખવું | ઉમેર્યા કરવું |
| નાચ સૂઝવા | જુદાજુદા નકામા ખેલ માંડવા |
| નાડ જોવી | માણસનું વલણ કે સ્વભાવ ઓળખવો |
| નાડી ખેંચાવી-તૂટવી | (૧) કમાવાની શક્તિ ચાલી જવી |
| | (૨) ખરાબખસ્ત કે પાયમાલ થવું |
| | (૩) મરતી વખતે રગો સંકોચાવી |
| નાણી જોવું | (૧) અખતરો કરી જોવો |
| | (૨) તપાસ કરી જોવી |
| નાના બાપનું થવું | હલકું કે ઊતરતું થવું |
| નામ કાઢવું | સારા કે ખરાબ કર્મથી ઓળખાવું |
| નામ ગાજવું | ભારે પ્રસિદ્ધિ મળવી |
| નામ ચમકવું | (૧) ચોતરફ સારી આબરૂ હોવી |
| | (૨) કીર્તિ વધારવી |
| નામ જવા દેવું- પર પાણી રેડવું | (૧) ન સંભારવું; ટાળવું; અવગણવું |
| | (૨) સંબંધ તોડી નાખવો |
| નામ ડુબાડવું/બોળવું | (૧) નામ કલંકિત કરવું |
| | (૨) નામ બોળવું |
| | (૩) નામને બટ્ટો લગાડવો |
| નામ ન દેવું-પૂછવું-લેવું | (૧) ન બોલાવવું; ન કાંઈ પૂછવું કે લેવાદેવા રાખવી |
| | (૨) યાદ ન કરવું |

| | |
|---|---|
| | (૩) છોડવું; દૂર કરવું; ત્યાગવું |
| | (૪) દૂર કરવું |
| **નામ મૂકવું** | ત્યજી દેવું |
| **નામ રાખવું** | કીર્તિ મેળવવી |
| **નામ લેવું** | યાદ કરવું |
| **નારદવેડા કરવા** | (૧) નારદની જેમ મમરો મૂકી આઘા ખસી જવું |
| | (૨) બે જણને લડાવવાની કળા કરવી |
| **નારિયેળ સ્વીકારવું** | વિવાહ કે સગપણની માગણી કરવી |
| **નારિયેળ (હોળીનું) થવું** | ખરાબ કામમાં આગેવાન થવું |
| **નારિયેળ પકડાવવું-પરખાવવું** | (૧) બરતરફ કરવું |
| | (૨) નોકરીમાંથી રદ કરવું |
| **નારિયેળ મોકલવું** | સગાઈનું માગું કરવું |
| **નાવમાં ધૂળ ઉડાડવી** | (૧) વ્યર્થ કલંક લગાડવું |
| | (૨) તદ્દન જૂઠું બોલવું |
| **નાહી નાખવું** | (૧) ખોટ આવી હોય તે વિસારે મૂકવી |
| | (૨) મનનું સાંત્વન કરી નિરાંતે બેસવું |
| **નાહી પરવારવું** | (૧) આશા કે સંબંધ છોડી દેવા |
| | (૨) સ્નાનાદિક કરીને તૈયાર થઈ જવું |
| **નાહી બેસવું** | (૧) નિરાંત વાળવી |
| | (૨) પૈસેટકે ખાલીખમ થવું |
| | (૩) ભારે ખોટમાં આવી પડવું |
| **નિકંદન કાઢવું** | જડમૂળથી નાશ કરવો |

| | |
|---|---|
| **નિવેદ થવાં** | રુશ્વત આપવાની સગવડ થવી |
| **નિશાન પાડવું-મારવું** | (૧) ધારેલ સ્થળે ચોટ લગાવવી |
| | (૨) ધાર્યું કામ પાર પાડવું |
| **નિશાને ચડવું** | વાવટો ફરકાવવો; વિજય મેળવવો |
| **નિસરણી (વાંદરાને) આપવી** | તોફાની કે ગાંડાને વધુ તોફાન કરવા સાધન આપવું |
| **નીચી મૂંડીએ** | (૧) નરમાશથી |
| | (૨) સભ્યતાથી |
| | (૩) શરમાળપણે |
| **નેપાળો આપવો** | (૧) ખૂબ ધમકાવવું |
| | (૨) ઠપકો દેવો |
| | (૩) રેચક દવા આપવી; સખત રેચ આપવો |
| **નેમ ચૂકવી** | (૧) નિશાન ચૂકવું |
| | (૨) હેતુ પાર પાડવામાં નિષ્ફળ થવું |
| | (૩) કામ પાર ન પડવું |
| **નેમ પાર પડવી** | હેતુ સિદ્ધ થવો |
| **નેવ નાચવું** | કહે તેમ કરવું |
| **નેવનાં પાણી મોભે ચઢવાં** | (૧) અવળે રસ્તે જવું |
| | (૨) ઊલટસૂલટ થઈ જવું |
| | (૩) અસંભવિત હોય એવું બનવું |
| | (૪) અશક્ય લાગતું શક્ય બનવું |

**નેવે મૂકવું**
(૧) ઊંચું મૂકવું; દૂર મૂકવું
(૨) છોડી દેવું; ત્યજી દેવું
(૩) પરવા ન કરવી; ઉપેક્ષા કરવી
(૪) ભૂલી જવું; વિસારી મૂકવું

**નૈવેદ્ય ધરવું**
(૧) લાંચ આપવી
(૨) દેવને નૈવેદ્ય ધરાવવું

**નોક રહેવી**
(૧) આબરુ રહેવી
(૨) ટેક કે પ્રતિજ્ઞા પાળવી

**નોર ભરાવવા**
(૧) નખ મારવા
(૨) ગાંજ્યું ન જવું; માથાના થવું

**પગ અડાડવા**
વચમાં પડવું

**પગ આડોઅવળો થવો**
અનીતિનું કામ થવું

**પગ આવવા-થવા**
(૧) અદૃશ્ય થવું; જતું રહેવું; ઊપડી જવું; સ્વાશ્રયે નભવાની શક્તિ આવવી
(૨) બાળકે ચાલતાં શીખવું
(૩) મહાવરો થવો; મર્યાદા બહાર જવું

**પગ ઉપાડવો**
(૧) પગમાં ચાલવાની શક્તિ હોવી; હિંમત આવવી
(૨) ત્વરાથી કે હોંશભેર જવાવું

**પગ કપાઈ જવો**
આવવું-જવું બંધ થઈ જવું

**પગ કરવા**
(૧) અદૃશ્ય થવું
(૨) જતાં રહેવું

**પગ કાઢવો**
(૧) આગળ આવવું; ખસી જવું
(૨) ત્યજી દેવું; દૂર કરવું; ખસેડવું; આવવું બંધ કરવું

**પગ ઘસવા**
(૧) નકામી મહેનત કરવી
(૨) નકામું મથી મરવું કે વારંવાર (કામકાજ સાધવા) જવું

**પગ ઘસાઈ જવા**
થાકી જવું

**પગ ઘાલવો**
(૧) દાખલ થવું; વચ્ચે ઘૂસવું
(૨) માથું મારવું
(૩) હેતુપૂર્વક કામમાં વચ્ચે પડવું

**પગ જમાવવો**
(૧) સ્થિર થવું
(૨) ફાવવું

**પગ જામવો-ટકવો**
(૧) મક્કમતા રહેવી
(૨) મજબૂત થવું
(૩) જામી જવું

**પગ ટકાવી રાખવો**
(૧) જવું આવવું જારી રાખવું
(૨) નભ્યા કરવું; સબૂરી રાખવી
(૩) ધીરું પડવું

**પગ ટાળવો**
(૧) અવરજવર કે ચલણ બંધ કરાવી પગ કાઢવો
(૨) જોર કે સત્તા જાય એમ કરવું
(૩) દૂર કરવું

**પગ ઠરવો**
(૧) સ્થિર કે દૃઢ રહેવું
(૨) સ્વસ્થ થઈ રહેવું

| | |
|---|---|
| પગ ઢીલા પડવા | નાહિંમત કે નિરુત્સાહ થઈ જવું |
| પગ તળે ઘાલવું | (૧) દાબમાં લેવું; તુચ્છ ગણવું |
| | (૨) પોતાની સત્તા નીચે લાવવું |
| પગ તળે રેલો હોવો | પોતાનામાં જ દોષ હોવો |
| પગ તળે વાટી નાખવું | (૧) તુચ્છ ગણવું |
| | (૨) સુપરિચિત કરી લેવું |
| પગ તોડવા | (૧) બહુ ચાલીને પગ થકવવા |
| | (૨) બહુ પ્રયત્ન કરવો |
| પગ તોડાવવા | (૧) નકામા ફેરા ખવરાવવા |
| | (૨) બહુ ચાલીને પગ થકવવા |
| | (૩) બહુ પ્રયત્ન કરાવવા |
| પગ ધરતી પર ન રહેવા | (૧) ખૂબ પ્રસન્ન થવું |
| | (૨) બહુ અભિમાન આવી જવું |
| પગ ધોઈને પીવા | ઊંચો આદરભાવ રાખવો |
| પગ પર પગ ચડાવવા | (૧) નિરુદ્યમી થઈને બેસી રહેવું |
| | (૨) કામ કરવાને નાખુશ થઈને બેસવું |
| | (૩) કામકાજ વિનાનું રહેવું |
| પગ પર માથું મૂકવું | (૧) કોઈની સત્તામાં રહેવું |
| | (૨) શરણે જવું |
| | (૩) આશરો માગવો |
| પગ પર - પગમાં કુહાડો મારવો | (૧) હિત બગાડવું |
| | (૨) ગેરલાભ થાય તેમ કરવું |

| | |
|---|---|
| **પગ પાછા પડવા** | (૧) જવાને દિલ ન થવું; શરમાવું |
| | (૨) નાસીપાસ થવું; હારવું |
| | (૩) આંચકો ખાવો |
| **પગ પાણી પાણી થઈ જવા** | (૧) નાઉમેદીથી ઢીલા થઈ જવું |
| | (૨) પગમાં ખૂબ અશક્તિ લાગવી |
| | (૩) ભયથી કે કોઈ કારણથી પગ ઢીલા થઈ હિંમત જતી રહેવી |
| **પગ પાતાળમાં-પેટમાં હોવા** | (૧) પ્રપંચી હોવું |
| | (૨) બહાર ન દેખાય પણ કપટી કે પહોંચેલા હોવું |
| **પગ ભારે થવો** | પગ પાછો હઠવો; સંકોચાવું |
| **પગ વધારવો** | (૧) અધિકાર વધારવો; આગેવાની લેવી |
| | (૨) લાગવગ વધારવી |
| | (૩) ધીરેધીરે રોકાણ કરવા માંડવું |
| | (૪) હિંમતભેર આગળ વધવું |
| **પગથી તે માથા સુધી** | નખથી તે શિખા સુધી; સર્વાંગ |
| **પગની આગ માથે જવી** | ઘણું જ ગુસ્સે થવું |
| **પગને તળિયે ઘસી નાખવું** | (૧) તુચ્છ ગણી કાઢવું |
| | (૨) ખાસડાને તોલે ગણવું |
| **પગમાં બેડી પડવી** | કોઈ જાતના બંધન કે જંજાળમાં ફસાવું |
| **પગરખાંમાં પગ ઘાલવો** | (૧) બરોબરી કરવી |
| | (૨) ચડસાચડસી કરવી |

| | |
|---|---|
| **પગલાં પારખવાં** | (૧) પરીક્ષા કરવી; કસોટીએ ચઢાવવું |
| | (૨) વલણ જોવું |
| **પગલે પગલે ચાલવું** | અનુકરણ કરવું |
| **પગે કીડીઓ ચઢવી** | પગે અશક્તિ આવવી |
| **પગે લાગવું** | હારી જવું |
| **પટ્ટી પાડવી** | (૧) લાભ મેળવવા ફાવવું |
| | (૨) સમજાવીને લાગમાં ઉતારવું |
| **પટ્ટી લગાડવી-લગાવવી** | (૧) ખુશામત કરવી |
| | (૨) લાગ સાધવો; ફાવવું |
| **પડખે ચડવું** | (૧) અરુચિ કે અણગમો હોવો |
| | (૨) ઉશ્કેરણી કરવી |
| | (૩) કોઈ તરફ વલણ બતાવવું |
| | (૪) મદદ કરવી |
| **પડઘો પાડવો** | (૧) ડંકો વગાડવો; દુનિયામાં નામ કરવું |
| | (૨) ખુલાસાથી વાત કહેવી |
| | (૩) મોકળે મને વાત કરવી |
| **પડદો ખોલવો** | ખુલાસાથી કે મોકળે મને વાત કરવી |
| **પડદો પાડવો** | ડંકો વગાડવો; દુનિયામાં નામ કરવું |
| **પડદો રાખવો** | (૧) છુપાવવું; સંતાડી રાખવું |
| | (૨) બોલવામાં શરમાવું |
| | (૩) ભેદભાવ રાખવો |
| **પડી ન હોવી** | પરવા ન હોવી |
| **પડી ભાંગવું** | નિરર્થક જવું; અંત આવવો |

| | |
|---|---|
| પડો વજડાવવો | ઢંઢેરો પિટાવવો; જાહેર કરવું |
| પત ખોવી-જવી | (૧) શાખ જતી રહેવી |
| | (૨) આબરૂ જવી |
| પત રાખવી | (૧) ટેક રાખવી |
| | (૨) આબરૂ બચાવવી |
| પતી જવું | (૧) અંત આવી જવો |
| | (૨) પૂરું થઈ જવું |
| | (૩) નિકાલ થવો; ફેંસલો થવો |
| | (૪) છૂટકો થવો; તોડ આવવો |
| પત્તર આણવી-ખાંડવી | (૧) કંટાળો આપવો |
| | (૨) હેરાન કરવું |
| | (૩) નકામી મહેનત કરાવવી |
| | (૪) છૂટકો થવો; તોડ આવવો |
| પથરો નાખવો-મારવો | વિઘ્ન કે વાંધોવચકો ઊભો કરવો |
| પથારી કરવી | (૧) સૂવા માટે બિછાનું પાથરવું |
| | (૨) દયા વગરના થવું |
| | (૩) મુકામ કરવો; ધામો નાખવો |
| પથારો કરવો | વિસ્તાર વધારવો |
| પથ્થર થવું | (૧) કઠણ થવું; લાગણીહીન થવું |
| | (૨) દયા વગરનું થવું |
| | (૩) ઠરી જવું; જામી જવું; સ્થિર થવું |
| પથ્થરની છાતી હોવી | કઠણ છાતી હોવી; લાગણીશૂન્ય હોવું |

| | |
|---|---|
| **પનીર ચડાવવું** | ખુશામત કરવી |
| **પરણે તેનાં ગીત ગાવાં** | (૧) વખત પ્રમાણે વર્તવું |
| | (૨) જેની ચડતી કળા હોય તેનાં વખાણ કરવાં |
| **પરદો ઉઘાડવો-ખોલવો** | (૧) ખુલ્લું કરવું; જાહેર કરવું |
| | (૨) અંતરપટ હટાવી મનની વાત કરવી |
| **પરસાદ આપવો** | માર મારવો |
| **પરસેવો ઉતારવો** | ઘણી સખત મહેનત કરાવવી |
| **પલટો ખાવો-મારવો** | (૧) દશા કે સ્થિતિ બદલાઈ જવી |
| | (૨) પલટાવું |
| | (૩) ફરી બેસવું |
| | (૪) વેર લેવું |
| **પલીતો ચાંપવો** | આગ લગાડવી |
| **પલ્લું ભારે થવું** | (૧) ખૂબ વજન થવું |
| | (૨) મોટું કુટુંબ થવું |
| | (૩) વ્યવહારમાં મૂંઝાઈ જવું |
| **પવન કાઢી નાખવો** | મિજાજ ઉતારવો |
| **પવન ચાલવો** | ફેશન શરૂ થવી |
| **પવન ભરાવો** | (૧) ગાંડીઘેલી વાતોનો વિચાર કરવો |
| | (૨) માથામાં મિજાજ વધી જવો |
| | (૩) મગરૂરી કે ગર્વ થવો |
| | (૪) શરીરમાં પવનની માઠી અસર થવી |

| | |
|---|---|
| **પવન લાગવો** | (૧) ગુણદોષ લાગવા; સોબતની અસર થવી |
| | (૨) શરીર ઉપર માઠી અસર થવી |
| | (૩) સારીમાઠી વાત ફેલાવી |
| **પશ્ચિમમાં સૂરજ ઊગવો** | જે કદીપણ ન બનવાનું હોય તે બનવું |
| **પહાડ ઉઠાવવો** | (૧) ભારે કામ પૂરું કરવું |
| | (૨) ભારે કામ માથે લેવું |
| **પહેલ કરવી-કાઢવી** | (૧) આગેવાની લેવી |
| | (૨) શરૂઆત કરી દાખલો બેસાડવો |
| **પહોંચા કરડવા** | (૧) આગળ શું કરવું તે ન સમજાવાથી મૂંઝાવું |
| | (૨) ઘણો પસ્તાવો કરવો |
| | (૩) પાછું પડવું |
| **પહોળું થવું** | (૧) રાજી થવું; પોરસાવું |
| | (૨) વધુ પડતું ઉદાર કે નફકરું થવું |
| **પાકા ઘડે કાંઠા ચઢાવવા** | જે વખતે જે કરવાનું હોય તે વખતે તે ન કરતાં પાછળથી ફોગટ પ્રયત્ન કરવો |
| **પાકું પાન હોવું** | ઘડપણથી જર્જરિત થયેલું હોવું |
| **પાકો ઘંટ જેવો** | કોઈનાથી ગાંજ્યો ન જાય-છેતરાય નહિ તેવો |
| **પાઘડી આપવી** | લાંચ આપવી |
| **પાઘડી ઉતારવી** | કાલાવાલા કરવા; આજીજી કરવી |

**પાઘડી ઊલટી બાંધવી**
(૧) દેવાળું કાઢવું
(૨) આબરૂ ગુમાવવી
(૩) છેતરાવું; ઠગાવું

**પાઘડી ફેરવવી**
(૧) દેવાળું કાઢવું; બોલેલું ફરી જવું
(૨) પક્ષ બદલવો

**પાઘડી મૂકવી**
(૧) દેવાળું કાઢવું
(૨) પાઘડી પહેરવી; પાઘડી માથે મૂકવી
(૩) બોલેલું ફેરવવું
(૪) સામે થવું

**પાઘડી રંગી નાખવી**
(૧) આબરૂ લઈ નાખવી
(૨) પત્તર રગડી નાખવી

**પાઘડી સંભાળવી**
(૧) કીર્તિ જાળવવી
(૨) સાવચેત-સાવધ રહેવું
(૩) આબરૂ સંભાળવી

**પાછળ પડી-રહી જવું**
(૧) મોડું પડવું
(૨) સાથે ન રહી શકવું
(૩) સ્થિતિ કે દરજ્જામાં ઊતરતું હોવું

**પાછા થવું** નાશ પામવું; મૃત્યુ પામવું

**પાછા પડવું** નિષ્ફળ થવું

**પાછી પાની કરવી**
(૧) પાછા હઠવું; તકરારમાં નબળું પડવું
(૨) હારવું

| | |
|---|---|
| **પાછું પડવું** | (૧) ખોટું પડવું |
| | (૨) નિષ્ફળ જવું |
| | (૩) હારી જવું; પૂંઠ બતાવવી |
| **પાટલા ફાડવા** | (૧) નવરા બેસી નખ્ખોદ વાળવું |
| | (૨) નુકસાન કરવું પણ ભણતાં ન આવડવું; અભ્યાસમાં બેકાળજી રાખવી |
| **પાટલે બેસાડી પૂજા કરવી** | (૧) કાંઈ કામ ન સોંપવું |
| | (૨) સત્કારીને પછી માર મારવો |
| | (૩) હુલાવી-ફુલાવીને નવરું બેસાડી રાખવું |
| **પાટિયાં દેવાવાં-બેસી જવાં** | (૧) છાતી બેસી જવી |
| | (૨) નાદાર થવું; દેવાળું નીકળવું |
| | (૩) બંધ થઈ જવું |
| | (૪) હબકી જવું; હારી કે ત્રાસી જવું |
| **પાટેથી ઊતરવું** | (૧) આડે માર્ગે ચડી જવું |
| | (૨) ગુસ્સે થઈ જવું |
| | (૩) પાટા ઉપરથી સરકી જવું |
| **પાઠ મળવો-શીખવો** | (૧) બોધ શીખવો |
| | (૨) ખો ભૂલી જવી |
| | (૩) સજા થવી |
| **પાડ ચડવો** | ઉપકાર તળે આવવું |

| | |
|---|---|
| **પાણી આવવું** | (૧) લાળ છૂટવી |
| | (૨) સ્વાદ થવો; તેજદાર થવું |
| | (૩) ખાવાની ભાવના થવી; આંખમાં આંસુ આવવાં |
| | (૪) ભરતી કે રેલ આવવી |
| **પાણી ઉતારવું** | (૧) અપમાનિત કરવું |
| | (૨) છળકપટથી વશ કરવું |
| | (૩) લાંચરુશ્વત આપી મન ફેરવવું |
| | (૪) સખત મુશ્કેલીમાં મૂકવું |
| **પાણી ઉતરવું** | (૧) જુસ્સો જતો રહેવો; તેજ કમી થવું |
| | (૨) ધાતુને પાણી પાયું હોય એની અસર જતી રહેવી |
| | (૩) જુવાળ ઓસરવો |
| | (૪) શાખ કે આબરૂ જતી રહેવી |
| **પાણી ચડવું** | (૧) જુસ્સો આવવો; શૂર ચડવું; ઉશ્કેરાવું |
| | (૨) રેલ આવવી |
| **પાણી ચઢાવવું** | ઉશ્કેરવું; ઉત્તેજન આપવું |
| **પાણી જવું** | (૧) ટેક જવી; આબરૂ જવી; વટ જવો |
| | (૨) પાણી ભરવા જળાશયે જવું |
| | (૩) મંદ પડી જવું; ઠંડા થઈ જવું |
| | (૪) તેજ ન રહેવું; ગુસ્સો ઊતરી જવો |
| **પાણી જોઈને પગ ભરવો** | પોતાની શક્તિની પરીક્ષા કરવી |

| | |
|---|---|
| પાણી જોવું-પારખવું | શક્તિ માપવી; શક્તિની પરીક્ષા કરવી |
| પાણી થઈ જવું | ધૂળધાણી થઈ જવું |
| પાણી પહેલાં પાળ બાંધવી | (૧) કોઈ સંકટની આશંકાથી તે આવ્યા પહેલાં તેની સામે ઉપાય કરવો |
| | (૨) અગમચેતી લેવી |
| પાણી પાણી કરવું | (૧) થકવવું; નરમ પાડવું |
| | (૨) પરસેવો આણવો |
| પાણી પાય એટલું પીવું | કોઈ કહે તેટલું અને તેમ કરવું |
| પાણી ફેરવવું | (૧) ધૂળમાં મેળવવું; રદ કરવું |
| | (૨) નકામું કરવું |
| પાણી બચાવવું | કોઈની આબરૂની રક્ષા કરવી |
| પાણી બતાવવું | શક્તિ બતાવવી |
| પાણી માપવું | (૧) શક્તિ માપવી |
| | (૨) સત્ત્વ તપાસવું |
| પાણી મૂકવું | પ્રતિજ્ઞા લેવી; સંકલ્પ કરવો |
| પાણી મેલવું | ન કરવાની પ્રતિજ્ઞા લેવી |
| પાણી રાખવું | કીર્તિ જાળવવી |
| પાણી વલોવવું | મિથ્યા પ્રયાસ કરવો |
| પાણી (પેટમાં) ન હલવું | (૧) ગુપ્ત વાત બહાર ન જવી |
| | (૨) મનમાં ઉદ્વેગ ન થવો |
| પાણી (લોહીનું) કરવું | (૧) બહુ મહેનત કરવી |
| | (૨) જાત તોડીને મહેનત કરવી |

| | |
|---|---|
| | (૩) માથાકૂટ કરવી |
| | (૪) બહુ સમજાવવું |
| **પાણીચું આપવું** | રજા આપવી; બરતરફ કરવું |
| **પાણીથી પાતળું કરવું-કરી નાખવું** | (૧) હલકું પાડવું; માનભંગ કરવું |
| | (૨) ભોંઠાં પાડવું |
| **પાણીમાં આગ લગાડવી** | (૧) અસંભવિત બાબતને સંભવિત કરવી |
| | (૨) અંદરોઅંદર લડાવી મારવું |
| **પાણીમાં ઉતારવું** | અહેસાન તળે દબાવવું; જોખમ નાખવું |
| **પાણીમાં મૂઠીઓ ભરાવવી** | ખોટી આશા આપી છેતરવું |
| **પાણીમાંથી પોરા કાઢે એવું** | જે તે બાબતની ખણખોદ કરે એવું |
| **પાણો નાખવો-મૂકવો** | આડખીલી કરવી; વિઘ્ન નાખવું |
| **પાતરે પાણી પાવું** | હથેળીમાં નચાવવું |
| **પાતાળમાંથી વાત લાવવી** | ખૂણેખાંચરેથી તપાસ કરી વાત કઢાવવી |
| **પાતાળે પાણી લાવવું** | (૧) કાબૂમાં લેવું; ચીડવવું; ગુસ્સે કરવું |
| | (૨) ધાર્યું કામ કરાવવું; પજવવું |
| | (૩) રિબાવવું |
| **પાનિયું ઊઘડવું** | નસીબ ખૂલવું |
| **પાનિયું ખસી જવું-તૂટવું** | પડતી થવી |
| **પાનિયું ફરવું** | બુદ્ધિ ફરી જવી |
| **પાનીએ બુદ્ધિ હોવી** | આગળ-પાછળનો વિચાર સૂઝે નહિ એવું કરવું |

| | |
|---|---|
| **પાનું ઉઘાડવું** | (૧) કોઈની નિંદા શરૂ કરવી |
| | (૨) ચોપડીનું પાનું વાંચવા માટે ખુલ્લું રાખવું |
| **પાનું ફરવું** | (૧) ચડતી થવી |
| | (૨) પલટો આવવો |
| **પાનો ચડવો** | (૧) જુસ્સો ચડવો; શૂર ચડવું |
| | (૨) વહાલ આવવું |
| **પાનો ચડાવવો** | (૧) હિંમત આપવી |
| | (૨) ઉશ્કેરવું |
| **પાપ ફૂટી નીકળવું** | (૧) કરેલા પાપને લીધે ગરમી ફૂટી નીકળવી |
| | (૨) પાપ ઉઘાડું પડવું |
| | (૩) આફત આવી પડવી |
| **પાપડ ભાંગવો** | નવાઈ કરવી; ભારે પ્રયાસ કરવો |
| **પાપનો ઘડો ફૂટવો** | છૂપું રહેલું પાપ જાહેર થવું |
| **પાર ઉતારવું** | (૧) ઉદ્ધાર કરવો; દુઃખ કે કષ્ટમાંથી બહાર કાઢવું |
| | (૨) કોઈ પણ કામ પૂર્ણ કરવું |
| | (૩) તારવું; મોક્ષ આપવો; સમાપ્ત થવું |
| | (૪) બીજે કિનારે પહોંચાડવું |
| **પાર ઊતરવું** | (૧) ઓળંગવું; સામે છેડે પહોંચવું |
| | (૨) પૂરું થવું; તરી જવું |
| | (૩) સફળ થવું; સિદ્ધ થવું |

| | |
|---|---|
| **પાર પામવો** | (૧) પૂરું કરવું; ભેદ જાણવો; સમજવું |
| | (૨) મર્મ કે રહસ્ય સમજવું |
| **પારખું કરવું-જોવું-લેવું** | (૧) અજમાવવું; પરીક્ષા કરવી |
| | (૨) ખાતરી કરી જોવી; અનુભવ લેવો |
| | (૩) તપાસ કરવી |
| | (૪) પ્રતિજ્ઞા લેવી |
| **પારો ચડવો-પારો ઊંચો ચડવો** | થર્મોમીટરમાં પારાનું વિસ્તાર પામવું; ગુસ્સે થવું; ક્રોધે ભરાવું |
| **પારોઠનાં પગલાં ભરવાં** | યુદ્ધમાંથી પીઠ બતાવી નાસી આવવું |
| **પાસ બેસવો-લાગવો** | (૧) સંગતની અસર થવી; સોબતની અસર થવી |
| | (૨) સ્પર્શથી રંગ લાગવો |
| **પાસા ચઢતા-ઊતરતા થવા** | સ્થિતિમાં ફેરફાર આવ્યા કરવો |
| **પાસા પલટવા** | (૧) હારના પાસા પડવા; બાજી બગડવી |
| | (૨) મંદભાગ્ય થવું; દિવસ ફરી જવો |
| | (૩) યુક્તિનું ઊલટું ફળ મળવું |
| **પાસા પોબાર પડવા** | જીત થવી |
| **પાસા ફેંકવા** | (૧) ભાગ્યની પરીક્ષા કરવી |
| | (૨) કિસ્મત અજમાવવું |
| | (૩) જુગાર ખેલવો |
| **પાસા સીધા પડવા** | (૧) ભાગ્ય અનુકૂળ હોવું; નસીબ ખીલવું |
| | (૨) દાવમાં જીતવું; જીતનો દાવો પડવો |

| | |
|---|---|
| **પાંખમાં લેવું** | આશ્રય આપવો; હૂંફ આપવી |
| **પાંખો આવવી** | (૧) ઊડતાં શીખવું |
| | (૨) અદૃશ્ય થવું; ઊડી જવું |
| | (૩) પોતે પોતાનું સંભાળી લે એવી સ્થિતિમાં પહોંચવું |
| **પાંખો કાપી નાખવી** | (૧) અસહાય બની રહેવું |
| | (૨) જોર ઓછું કરવું |
| | (૩) શક્તિહીન કરવું |
| **પાંખો વીંઝવી** | (૧) સંકટમાંથી બચવા ખાતર વલખાં મારવાં; ધાંધલ મચાવવી; બનતી મદદ કરવી |
| | (૨) મહાલવું |
| | (૩) આમતેમ ઘૂમવું |
| **પાંચ આંગળીએ** | સંપૂર્ણ |
| **પાંચશેરી બાંધવી** | (૧) ગળે જોતરું વળગાડવું |
| | (૨) એકાદ નવા કામમાં દાખલ કરવું |
| **પાંદડું ફરવું** | (૧) ભાગ્યોદય થવો; નસીબ ઊઘડવું |
| | (૨) સુખની પ્રાપ્તિ થવી |
| **પાંદડે પાણી પાવું** | (૧) ઘણું દુઃખ દેવું; રિબાવવું; કનડવું |
| | (૨) સંતાપવું; હેરાન કરવું |
| **પાંસરું કરવું** | (૧) ખૂબ માર મારવો; મારીઠોકીને સીધું કરવું |
| | (૨) સીધે રસ્તે ચાલે એવી ધાક બેસાડી ઠેકાણે લાવવું |

| | |
|---|---|
| **પાંસળી ખસવી** | (૧) મગજ ભમી જવું |
| | (૨) ડાગળી ચસકવી |
| **પાંસળાં ખોખરાં કરવાં** | સખત માર મારવો |
| **પિત્તો ઊછળવો** | ગુસ્સો થવો; મિજાજ તપી જવો |
| **પિપૂડી વગાડવી** | (૧) એકની એક વાત કહ્યા કરવી |
| | (૨) હાજી હા ભણવી |
| **પીઠ ઉઘાડી પડવી** | (૧) અસહાય થવું |
| | (૨) પીઠબળ ન રહેવું |
| | (૩) લાચાર હોવું |
| **પીઠ ઢાંકવી** | (૧) મદદ કરવી; આશરો આપવો |
| | (૨) કોઈનું ઉઘાડું ન પાડવું |
| **પીઠ ફેરવવી** | (૧) અરુચિ કે અનિચ્છા જણાવવી |
| | (૨) ચાલ્યા જવું; તજી દેવું; તરછોડવું; ફેરવી નાખવું; વલણ બદલવું |
| **પીપળો ફાટવો** | (૧) એક પછી એક ઘણા માણસનું આવવું |
| | (૨) દરોડો પડવો |
| **પીંખી ખાવું** | (૧) તોડી કે ચૂંથીને ખાઈ જવું |
| | (૨) હેરાન કરવું; પજવવું |
| | (૩) મહેણાંટોણાંથી કાયર કરી દેવું |
| **પીંછનું પારેવું કરવું** | નજીવી વાતને મોટું સ્વરૂપ આપવું |
| **પીંજણ કરવી** | નકામી વાતો કે નિંદા કરવી |
| **પુણ્ય આડે આવવું** | કોઈ સુકૃતનું ફળ મળવું |

| | |
|---|---|
| પુણ્ય પરવારવું | સારાં કર્મનાં ફળ ખૂટી જવાં |
| પૂછ્યા સિવાય પાણી ન પીવું | બીજાને પૂછ્યા વિના કોઈ કામ ન કરવું |
| પૂરું ઊતરવું | (૧) માન સાથે બહાર આવવું<br>(૨) સફળ થવું |
| પૂંછડી પટપટાવવી | નમી પડવું; વશ થવું |
| પૂંછડું છૂટી જવું | ગભરાવું; ડરી જવું |
| પૂંછડું પકડવું | પાછળ-કેડે પડી જવું |
| પૂંછડે તણાવું | કોઈના વિચારને અનુસરવું |
| પૂંઠ કરવી-ફેરવવી | (૧) અવજ્ઞા કરવી; ન સ્વીકારવું<br>(૨) દગો રમવો<br>(૩) નાસીપાસ થવું<br>(૪) હારીને નાસી જવું |
| પૂંઠ પાછળ ઘા કરવો | (૧) ઓચિંતો પાછળથી હુમલો કરવો<br>(૨) વિશ્વાસઘાત કરવો |
| પૂંઠ પાછળ બોલવું | ગેરહાજરીમાં બોલવું |
| પૂંઠ વાળીને ન જોવું | (૧) થાક ખાવા થોભ્યા વિના મચ્યા રહેવું<br>(૨) પૂર્ણ વિશ્વાસ હોવો |
| પૂંઠે પડવું-લાગવું | (૧) કેડો લેવો; ખંતથી કામ લેવું<br>(૨) ખોદણી કર્યા કરવી<br>(૩) સંતાપવું; પજવવું |
| પૃથ્વી રસાતળ જવી | ભારે ગજબ થવો |

| | |
|---|---|
| **પેચ કરવો-ખેલવો-રમવો-લડાવવો** | (૧) પતંગની દોરીઓનો કટાવ કરવો |
| | (૨) છટકું માંડવું; કપટ કરવું |
| **પેટ આપવું-બોલવું-દેવું** | મર્મ કે ભેદ કહી બતાવવો |
| **પેટ ઉપર છરી મૂકવી-પગ મૂકવો** | (૧) આજીવિકા તોડવી |
| | (૨) જીવ જોખમમાં નાખવો |
| | (૩) દુઃખી કરવું |
| **પેટ ખોલીને વાત કરવી** | ખુલ્લે મને વાત કરવી |
| **પેટ ચોળીને શૂળ ઉપજાવવું** | હાથે કરીને જાણીજોઈને દુઃખ વહોરી લેવું |
| **પેટ ઢાંકવું** | પાપકર્મ છુપાવવાં |
| **પેટ દુઃખવું-પેટમાં દુઃખવું** | (૧) ઉતાવળ કરવી; કહી વાતની વિમાસણ કે આંટી હોવી; કોઈ કામ કરવાની આનાકાની કરવી |
| | (૨) દ્વેષ થવો |
| | (૩) લાંચ મેળવવા ઇચ્છવું |
| **પેટ પડવું** | પેટે જન્મવું |
| **પેટ પથરો પડવો** | સંતાન ખરાબ કે પરાક્રમહીન પાકવું |
| **પેટ પાણી ન પડવા દેવું** | હેરાન કરવું; સંતાપવું |
| **પેટ ફાટવું** | ઘરનું કે અંદરનું માણસ ફૂટી જવું |
| **પેટ ફોડવું** | (૧) છૂપી વાત કહી દેવી |
| | (૨) ધંધો નષ્ટ કરવો |
| **પેટ મોટું રાખવું** | ઉદાર દિલ રાખવું; દોષ માફ કરવા |
| **પેટનું પાણી ન હાલવું** | કશી અસર ન થવી |
| **પેટને ભાડું આપવું** | શરીરના નિર્વાહ માટે કાંઈ ખાવું |

| | |
|---|---|
| **પેટમાં આગ ઊઠવી-લાગવી** | (૧) અદેખાઈથી બળવું |
| | (૨) અતિશય ભૂખ લાગવી |
| | (૩) વેર લેવાને જુસ્સો ફેલાવો |
| | (૪) સંતાપ થવો |
| પેટમાં ખૂંચવું | (૧) મનમાં કંઈક ગૂંચ હોવી |
| | (૨) લાંચની ઈચ્છા હોવી |
| પેટમાં તેલ રેડાવું | (૧) ફાળ પડવી; ધ્રાસકો પડવો |
| | (૨) અદેખાઈ થવી |
| **પેટમાં ધ્રાસકો પડવો-ફાળ પડવી** | ધાસ્તીથી ચોંકી ઊઠવું |
| **પેટમાં બળવું** | (૧) અંદરખાને દુભાવું |
| | (૨) લાગણી હોવી |
| **પેટમાં રાખવું-સમાવવું** | (૧) ભેદ ખુલ્લો ન પાડવો |
| | (૨) સમજવું; સામો ઉત્તર ન દેવો |
| | (૩) સહન કરવું; ખમી ખાવું |
| | (૪) ગુપ્ત રાખવું |
| **પેટે પાટા બાંધવા** | ભૂખ્યા રહેવું; ભૂખે પીડાવું |
| **પેરવી કરવી** | ગોઠવણ કરવી |
| **પેંડો આપવો** | (૧) ઠોંસો મારવો |
| | (૨) બરતરફ કરવું |
| **પૈસા ખોટા થવા** | લેણી રકમ ડૂબવી |
| **પૈસા ચાંપવા** | લાંચ આપવી |
| **પૈસા પાણીમાં જવા** | વ્યર્થ ખર્ચ થવો |

| | |
|---|---|
| પૈસા પાણીમાં નાખવા | કશો પણ ફાયદો ન થાય એવા કામમાં પૈસા નાખવા |
| પોતાને તૂંબડે તરવું | આપબળથી જીવવું |
| પોપાંબાઈનું રાજ | પોચા-નબળા હાકેમનો અમલ હોવો |
| પોબારા ગણવા | નાસી જવું; જતા રહેવું; સરકી જવું |
| પોલ કાતરવી | ગફલતનો લાભ લેવો |
| પોલ ખૂલવી-છતી થવી | છૂપો દોષ જાહેર થવો |
| પોલું જોઈને પેસી જવું | ગેરવ્યવસ્થાનો લાભ લઈ પોતાનો હેતુ પાર પાડવો |
| પ્રકાશમાં મૂકવું-લાવવું | જાહેરમાં આણવું; જાણીતું કરવું |
| ફજેત કરવું | (૧) અપકીર્તિ કરવી<br>(૨) ખુવાર કરવું<br>(૩) જ્યાંત્યાં કહેતાં ફરવું |
| ફજેતીનો ફાળકો | વગોણું; બેઆબરૂ |
| ફટ કહેવું | (૧) જાહેરમાં કલંકિત કરવું; ઉઘાડું પાડવું<br>(૨) તિરસ્કાર કરવો |
| ફટકો ખાવો | (૧) નુકસાન ખમવું કે થવું<br>(૨) હાર ખાવી |
| ફટકો પડવો-વાગવો | (૧) ધક્કો પહોંચવો-નુકસાની જવી<br>(૨) પ્રહાર થવો<br>(૩) સજ્જડ હાર ખાવી |

**ફટકો મારવો-લગાવવો** (૧) ખો ભૂલી જાય એમ પાડી નાખવું
(૨) ઝીણી સોટીથી મારવું
(૩) શિક્ષા કરવી

**ફડચામાં લઈ જવું** (૧) આટોપવું; સમાપ્તિ કરવી
(૨) દેવાળું જાહેર કરી બાકી રહેલી મિલકતમાંથી દેવાંની પતાવટ કરવી

**ફના થવું-થઈ જવું** (૧) અદૃશ્ય થવું; જતું રહેવું
(૨) નાશ પામવું; પાયમાલ થવું
(૩) મરી જવું

**ફનાફાતિયાં થવું** પાયમાલ થવું

**ફરી જવું-બેસવું** (૧) અવળા ફંટાવું; ફરી વળવું
(૨) કબજામાં ન રહેવું; બોલ્યું ન પાળવું
(૩) પૂંઠ ફેરવવી; બદલાઈ જવું; સામા થવું

**ફસકી જવું** (૧) કબૂલાત તોડવી
(૨) ચિરાઈ જવું; ફાટી જવું
(૩) પાછા પડી જવું

**ફાઈલ પર લેવું** તતડાવવું

**ફાચર મારવી** વચમાં અડચણ નાખવી

**ફાટી જવું** (૧) એકાએક મરણ પામવું
(૨) અવિવેકી થવું; છકી જવું

**ફાટીને ધુમાડે જવું** સ્વૈરવિહારી થઈ જવું

| | |
|---|---|
| **ફાળ પડવી** | ધ્રાસકો લાગવો; એકાએક ચોંકવું |
| **ફાળ ભરવી-મારવી** | (૧) કૂદવું; છલાંગ મારવી |
| | (૨) મોટા કામમાં જોડાવું |
| | (૩) મોટું જોખમ ખેડવું |
| **ફાંકો રાખવો** | અભિમાન રાખવું; ગર્વ હોવો |
| **ફાંફાં મારવાં** | વ્યર્થ મહેનત કરવી |
| **ફાંસ મારવી** | (૧) આડખીલી નાખવી |
| | (૨) કજિયો કરાવવો |
| **ફીફાં ખાંડવાં** | (૧) ખોટી વાતને ખરી ઠરાવવા મથવું |
| | (૨) ગુનો છુપાવવા પ્રયાસ કરવો |
| | (૩) મિથ્યા પ્રયત્ન કરવો |
| **ફુલેકું ચઢવું** | (૧) બેઆબરૂ થવી; ફજેતી થવી |
| | (૨) વરઘોડે ચઢવું |
| **ફૂ થઈ જવું** | ખાલી થઈ જવું; નાશ પામવો |
| **ફૂટ પડવી** | કુસંપ થવો |
| **ફૂલીને ફાળકો થવું** | આનંદમાં ગરકાવ થવું |
| **ફૂલે વધાવવું** | અંતઃકરણથી આદર-સત્કાર કરવો |
| **ફૂંક મારવી** | (૧) સમજાવી લેવું; ઉત્તેજન આપવું |
| | (૨) ઉશ્કેરવું |
| **ફૂંકી ખાવું** | (૧) ધનમાલ ઉડાડી દેવો; વાપરી નાખવું |
| | (૨) હળવે હળવે ફોસલાવીને કામ કાઢી લેવું |

| | |
|---|---|
| **ફૂંકી દેવું** | (૧) વાપરી નાખવું; ગોળીએ દેવું<br>(૨) છૂપી વાત જાહેર કરવી<br>(૩) દેવાળું કાઢવું; સળગાવી દેવું |
| **ફૂંકી ફૂંકીને પગ મૂકવો** | (૧) જોઈ-વિચારીને ચાલવું<br>(૨) સાવધાનીથી કામ કરવું |
| **ફોડી લેવું** | (૧) નસીબજોગે જે વખતે જે આવી બને તે ભોગવી લેવું<br>(૨) માથે પડવું; વેઠી લેવું |
| **ફોલી ખાવું** | (૧) નિંદા કરવી<br>(૨) કોઈની પાસેનો પૈસોટકો વપરાવતા રહી ઉડાવી દેવરાવવો |
| **ફોલ્લો ફૂટી જવો** | (૧) અડચણ મટવી<br>(૨) નિકાલ થવો |
| **બકરી બેં થઈ જવું** | અતિશય ગરીબ-સાલસ થઈ જવું |
| **બખાળા કાઢવા** | દાઝભર્યા શબ્દોમાં હૃદયનું દુઃખ જણાવવું |
| **બખેડો કરવો-મચાવવો** | (૧) કજિયો કરવો<br>(૨) મુશ્કેલી ઊભી કરવી |
| **બગભગત હોવું** | ભક્તિનો ઢોંગ કરનાર હોવું |
| **બગલમાં ઘાલી ઊડી જવું** | (૧) આંખમાં ધૂળ નાખવી; છેતરવું<br>(૨) ન ગણકારવું |
| **બચકો પાછો આવવો** | દીકરી વિધવા થઈને પાછી આવવી |

| | |
|---|---|
| **બટ્ટો લાગવો-લગાડવો** | (૧) આબરૂ ખોવી; શાખ ગુમાવવી<br>(૨) ખોટને યોગ્ય થવું<br>(૩) હલકું થવું; કલંકિત થવું |
| **બણગાં ફૂંકવાં** | (૧) ગપ મારવી; ખરીખોટી વાત વધારીને કહેવી<br>(૨) મિથ્યા પ્રશંસા કરવી; અતિશયોક્તિભર્યા વખાણ કરવાં |
| **બત્રીસ કોઠે જીવ આવવો** | (૧) ચારે બાજુની સંભાળ અને ખબરદારી પ્રાપ્ત થયાની સ્થિતિ પેદા થવી<br>(૨) નિશ્ચિંત થઈ જવું |
| **બત્રીસી બતાવવી** | (૧) હસી કાઢવું<br>(૨) ધમકી આપવી |
| **બત્રીસીએ ચઢવું** | વગોણું થવું; ચર્ચા થવી |
| **બદલો મળવો** | (૧) નુકસાનીના સાટામાં મળવું<br>(૨) બદલામાં સામું ફળ મળવું<br>(૩) વેર લેવાવું |
| **બંને બાજુએ ઢોલકી બજાવવી** | બંને તરફનું સારું બોલવું |
| **બપોરા ગાળવા** | ખાઈપી આરામ કરવો |
| **બરડો થાબડવો** | હિંમત આપવી; ઉત્તેજન આપવું |
| **બરડો ભારે થવો** | માર મારી બરડો હલકો કરવાની જરૂર પડવી |

| | |
|---|---|
| **બલા જવી કે ટળવી** | (૧) આફત કે પીડા દૂર થવી |
| | (૨) આફતરૂપ માણસ દૂર થવું |
| **બલા લેવી-વહોરવી** | (૧) આફત માથે લેવી |
| | (૨) કોઈની પીડા પોતે વહોરી લેવી |
| | (૩) ઓવારણાં લેવાં; પંચાતનું કામ હાથ ધરવું |
| **બલા વળગવી** | (૧) અણગમતી વ્યક્તિનો સંગ થવો |
| | (૨) નઠારી સ્ત્રી સાથે પનારું પડવું; પીડા થવી |
| **બલારાત જાણે** | કશું ન જાણવું |
| **બલૈયાં પહેરવાં** | (૧) નાતરું કરવું |
| | (૨) નિર્બળતા બતાવવી |
| | (૩) નામર્દ બનવું |
| **બળતામાં ઘી હોમવું** | ઉગ્ર લાગણી કે જુસ્સાને વધારવાની તજવીજ કરવી |
| **બસ કરવું** | (૧) પૂરું કરવું |
| | (૨) બંધ કરવું |
| | (૩) સંતોષ પામવો |
| **બંબે બંબ ઠોકવું** | (૧) ગપ ચલાવવી |
| | (૨) અંધેર ચલાવવું |
| **બાકરી બાંધવી** | મમતભર્યું વેર ઊભું કરવું |
| **બાજી બગડવી** | (૧) ખેલ બગડવો; ધારેલી ધારણા ધૂળ મળવી |
| | (૨) અવળા પાસા પડવા |

| | |
|---|---|
| બાજી હાથમાં આવવી | નસીબ અજમાવવાની ખરી તક મળવી |
| બાથ ભરવી-બીડવી-લેવી | (૧) આલિંગન દેવું; ટક્કર લેવી; સામે થવું |
| | (૨) છાતીસરસું ચાંપવું |
| | (૩) મોટું કામ હિંમતભેર ઉપાડવું |
| બાથમાં લેવું | (૧) આશ્રયમાં લેવું |
| | (૨) તાબામાં કે પક્ષમાં લેવું |
| બાફી નાખવું-મારવું | ન બોલવાનું બોલી નાખવું |
| બાબરો ભૂત હોવું | વિખરાયેલ વાળવાળો વિચિત્ર બિહામણો પુરુષ હોવું |
| બાર વાગી જવા | (૧) આફત આવી પડવી; પડતી થવી |
| | (૨) સુખનો અંત આવવો |
| બારણાં ઠોકવાં-તોડી પાડવાં | (૧) ચાંપીને ઉઘરાણી કરવી |
| | (૨) તગાદો કરવો |
| બારણે તાળાં દેવાવાં | સત્યાનાશ જવું; નિઃસંતાન જવું |
| બારણે હાથી ઝૂલવા | (૧) ઘણા જ શ્રીમંત હોવું |
| | (૨) પુષ્કળ ઠાઠમાઠ હોવા |
| બારમો ચંદ્રમા | કજિયો; અણબનાવ |
| બારી રાખવી | છટકવાનો માર્ગ રાખવો |
| બારી શોધવી | છૂટવાનો રસ્તો શોધવો |
| બારે દહાડા ને બત્રીસે ઘડી | હરહંમેશ; નિરંતર; દિવસરાત |
| બારે ભાગોળો મોકળી | બારે વાટ ખુલ્લી; કોઈ પણ રસ્તે જવાની છૂટ |

| | |
|---|---|
| **બારે માસ** | હરહંમેશ; દરરોજ |
| **બારે મેહ વરસવા** | (૧) પુષ્કળ કમાણી થવી |
| | (૨) સર્વ પ્રકારની રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થવી |
| **બાવન વીર હોવું** | (૧) સૌને પૂરો પડે એવો હોવો |
| | (૨) મહાબળિયો હોવો |
| **બાવળ વાવવો** | (૧) કજિયાનું બી રોપવું |
| | (૨) કુકૃત્યો કરવાં |
| | (૩) ખરાબ થવું |
| **બાવા થવું** | (૧) કંગાળ થવું |
| | (૨) જંજાળ છોડી નિશ્ચિંત થવું |
| | (૩) સંન્યાસી થવું |
| **બાંધછોડ કરવી** | (૧) તોડ કાઢવો |
| | (૨) ફેરફાર કરવો |
| | (૩) સુધારાવધારા કરવા |
| **બાંય ઝાલવી-પકડવી** | (૧) ઓથમાં લેવું |
| | (૨) આશરો આપવો |
| | (૩) સહાય કરવી |
| **બાંય સાહવી કે પકડવી** | મદદ કરવી |
| **બાંયે વળગવું** | મદદ લેવી |
| **બિરદ બાંધવું** | (૧) ટેક લેવી |
| | (૨) પ્રતિજ્ઞા કરવી |

| | |
|---|---|
| **બીકણ બિલાડી હોવું** | હિંમત વિનાનું હોવું |
| **બીડું ઝડપવું** | (૧) મુશ્કેલ કામ કરવાનું વચન આપવું |
| | (૨) કોઈ સાહસ માથે લેવું |
| **બુદ્ધિનો સાગર-ભંડાર હોવું** | ઘણો જ ડાહ્યો અને બુદ્ધિશાળી માણસ હોવું |
| **બુદ્ધિ ફરી જવી** | (૧) અવળી બુદ્ધિ થવી |
| | (૨) અક્કલ ઊંધી થઈ જવી |
| **બે દાણા અક્કલ ન હોવી** | જરા પણ અક્કલ ન હોવી |
| **બે ધારની તલવારે રમવું** | (૧) બંને તરફની ઢોલકી બજાવવી |
| | (૨) બંને પક્ષ તરફ ઢળવું |
| **બે મોઢે બોલવું** | (૧) ખૂબ વખાણ કરવાં |
| | (૨) જેમ ફાવે તેમ બોલવું |
| **બેઠા થવું** | સાજા થવું; નવેસર ધંધો કરવા તૈયાર થવું |
| **બેઠા બેઠા ખાવું** | ઉદ્યમ કર્યા વિના ખાવું |
| **બેઠી હાંકવી-ચલાવવી** | (૧) ઠંડી મશ્કરી કરવી |
| | (૨) ગમ્મત ખાતર મશ્કરીના રૂપમાં બોલવું |
| **બેઠું કરવું** | (૧) આધાર આપીને ઊભું કરવું |
| | (૨) મદદ આપી બેસાડવું |
| | (૩) સતેજ કરવું |
| | (૪) સાજું કરવું |

| | |
|---|---|
| **બેડી કાપવી-તોડવી** | (૧) મુક્ત કરવું |
| | (૨) કાયદાનો ભંગ કરવો |
| | (૩) કેદમાંથી મુક્ત કરવું |
| | (૪) દાબમાંથી છૂટું કરવું |
| **બેડી નાખવી-પહેરાવવી** | (૧) આઝાદી ઝૂંટવી લેવી |
| | (૨) કેદમાં નાખવું; દાબમાં રાખવું |
| | (૩) લોઢાની સાંકળ પગમાં નાખવી |
| **બોકડો બનાવવો** | (૧) મશ્કરીનો ભોગ બનાવવો |
| | (૨) માર વેઠવા આગળ કરવો |
| **બોજો ઉઠાવવો-ઉપાડવો-લેવો** | (૧) જવાબદારી લેવી |
| | (૨) ભાર ઉપાડવો |
| | (૩) મદદ કરવી |
| **બોલ દેવો** | વચન આપવું; મદદે જવું |
| **ભગીરથ પ્રયત્ન** | ઘણો જ મોટો અને આશ્ચર્યજનક પ્રયત્ન |
| **ભજન કરવું** | (૧) ઈશ્વરના ગુણ ગાવા |
| | (૨) એક ને એક વાતનું રટણ કર્યા કરવું |
| | (૩) છાનામાના બેસી રહેવું |
| **ભજનિયાં સંભળાવવાં** | ગાળો દેવી |
| **ભડકો થવો** | (૧) એકદમ સળગવું |
| | (૨) કજિયો થવો |
| **ભડભડી ઊઠવું** | (૧) ધૂંધવાઈને એકદમ સળગી ઊઠવું |
| | (૨) મનમાં ભરાયેલો ગુસ્સો એકદમ કાઢવો |

| | |
|---|---|
| **ભડાકો મારવો** | (૧) ખોટા તડાકા મારવા |
| | (૨) જુસ્સાથી કામ કરી નાખવું |
| | (૩) નીડરતાથી બોલવું |
| | (૪) પહેલી જ વખતે વિજય મેળવવો |
| **ભણાવી મૂકવું** | ચેતવણી આપવી; સમજાવી મૂકવું |
| **ભભકી ઊઠવું** | (૧) ગુસ્સે થઈ જવું |
| | (૨) શોભી ઊઠવું |
| | (૩) સુગંધ ફેલાવવી |
| **ભભકી દેવી** | (૧) દોરી એકદમ છોડવી |
| | (૨) ધમકી આપવી; ઠપકો દેવો |
| | (૩) રોફ છાંટવો |
| **ભભકો કરવો-મારવો** | (૧) ખાલી ડોળ કરવો; ઝળકવું |
| | (૨) ઠાઠમાઠ કરવો; ટાપટીપમાં રહેવું |
| | (૩) રોફ મારવો; શેખી કરવી |
| **ભભૂકી ઊઠવું** | (૧) ઊકળી બોલી ઊઠવું |
| | (૨) પ્રકાશી ઊઠવું |
| | (૩) સળગી ઊઠવું |
| **ભભૂતિ ચોળાવવી** | (૧) ધનમાલ વિનાનું કરવું |
| | (૨) ભીખ માગતું કરવું |
| **ભમ પાંચશેરી કરવી** | ગુપ્ત માર મારવો |
| **ભમી જવું** | (૧) અમુક વિચારોમાં દોરવાઈ જવું |
| | (૨) ફરી બેસવું; ચક્કર આવવાં; મગજ અસ્થિર થઈ જવું |
| | (૩) ભ્રમિત થવું |

| | |
|---|---|
| | (૪) વહેમમાં પડવું |
| | (૫) ભાન જવું |
| **ભરમ ખોલવો-ભાંગવો** | (૧) રહસ્ય ખુલ્લું થવું કે કરવું |
| | (૨) શંકાનું નિવારણ કરવું |
| **ભરાઈ આવવું** | (૧) આખર આવવી; આંસુથી છલકાવું |
| | (૨) ગળગળું થવું; તાવે ભરાવું |
| | (૩) થાકી જવું |
| **ભરાઈ જવું** | (૧) અકડાઈ જવું; આખર આવવી |
| | (૨) આવી ચડવું; ચિકાર થઈ જવું |
| | (૩) થાકી જવું; સપડાઈ જવું |
| | (૪) સંતાવું |
| **ભરાવી મારવું** | ભંભેરવું |
| **ભરી પીવું** | (૧) ન ગણવું; ન ગાંઠવું |
| | (૨) પૂરું પડવું; પહોંચી વળવું |
| | (૩) મળી જવું; મરી ફીટવું |
| **ભલીબૂરી સંભળાવવી** | અપમાન કરવું; ઠપકો આપવો |
| **ભવન ફરવો-ફરી જવો** | (૧) ઊંધું સૂઝવું |
| | (૨) માઠી દશા આવવી |
| | (૩) મગજ ચસકી જવું |
| **ભવાં ચડાવવાં** | ગુસ્સે થવું |
| **ભસ્મ થવું** | (૧) ગુસ્સાથી બળી જવું |
| | (૨) પચી જવું |
| | (૩) બળીને ખાખ થવું |

| | |
|---|---|
| ભંગ પાડવો | વિઘ્ન કરવું; અટકાવવું |
| ભાઈબાપા કરવા | નરમાશથી પટાવીને કામ લેવું |
| ભાગ્ય ફરવું | ભાગ્યોદય થવો; નસીબ ઊઘડવું |
| ભાગ્ય ફૂટવું | (૧) ઈચ્છેલું ન મળવું |
| | (૨) અવદશા થવી |
| ભાજી કરી નાખવી | ફજેતી કરવી |
| ભાજી પાકવી | લાભ મળવા |
| ભાઠાં ખાવા | લાકડીનો માર ખાવો |
| ભાઠે ભરાવું | (૧) ન જવાની ઈચ્છા હોય પણ જઈ ચડવું |
| | (૨) ખરાબ માણસ સાથે કામ પડવું |
| ભાન કરાવવું | (૧) ફરી યાદ આપવી |
| | (૨) બોધ આપવો |
| | (૩) ભાન થાય એમ કરવું |
| ભાન થવું | (૧) સમજણ પડવી |
| | (૨) શુદ્ધિ આવવી |
| | (૩) યાદ આવવું |
| ભાન રાખવું | કાળજી રાખવી |
| ભાર ઉતારવો | (૧) ઉપાધિમાંથી મુક્ત થવું |
| | (૨) કર્તવ્ય પૂરું કરવું |
| | (૩) વેઠ ઉતારવી |
| ભાર પડવો | (૧) તકલીફ પડવી |
| | (૨) બોજો પડવો |

| | |
|---|---|
| | (૩) મહત્તા જળવાવી |
| | (૪) શાખ બેસવી; વિશ્વાસ પડવો |
| **ભાર ભાગી જવો** | શંકા દૂર થઈ જવી |
| **ભાર મૂકવો** | (૧) આગ્રહ કરવો |
| | (૨) ઉપકાર ચડાવવો |
| | (૩) બોજો લાદવો; વજન કે જવાબદારી લાદવી |
| | (૪) મહત્ત્વ આપવું |
| **ભાર રાખવો** | માન કે શરમ રાખવી |
| **ભારમાં રહેવું** | પોતાનું માન કે વટ સાચવીને વર્તવું |
| **ભારે પડવું** | મોંઘું પડવું; બોજા જેવું લાગવું |
| **ભાવ ખાવો** | (૧) માનની અપેક્ષા રાખવી |
| | (૨) માન ચડવું |
| | (૩) નફો કમાવો |
| **ભાવ થવો** | (૧) ઈચ્છા થવી; કોઈપણ વસ્તુને માટે તીવ્ર ઈચ્છા થવી; લાગણી થવી |
| | (૨) હેત આવવું |
| **ભાવ ભજવવો** | (૧) પોતાના સ્વભાવ પર જવું |
| | (૨) મરજી પ્રમાણે વર્તવું |
| | (૩) ભાવ કે વેશ ભજવવો |
| **ભાવટ ભાગવી** | (૧) ઉપાધિ-પીડા દૂર થવી |
| | (૨) સંસારની જંજાળમાંથી મુક્ત થવું |
| **ભાંગરો વાટવો** | છૂપી વાત ખુલ્લી કરવી |

| | |
|---|---|
| **ભાંગલાં હાડકાનાં હોવું** | આળસુ હોવું |
| **ભાંગ્યાં વેણ બોલવાં** | અર્થ વિનાનું બોલવું |
| **ભીડ પડવી** | (૧) ઘટ જણાવી; તંગી જણાવી |
| | (૨) પરાણે પૂરું થવું |
| | (૩) મુશ્કેલીમાં આવવું |
| **ભીના ઘઉં દળવા** | બહુ મહેનત પડે એવું કામ કરવું |
| **ભીનું સંકેલવું** | (૧) સ્પષ્ટ ન કરવું |
| | (૨) માંડવાળ કરવી |
| **ભીંડો મારવો-મેલવો** | (૧) ખોટું બોલવું; ગપ મારવી |
| | (૨) હરકત ઊભી કરવી; ફાંસ મારવી |
| **ભીંત ભૂલવી** | (૧) તદ્દન અવળે રસ્તે ચડી જવું |
| | (૨) મોટી ભૂલ કરી નાખવી |
| **ભીંતે ચઢવું** | કોઈના ગુણદોષ પ્રસિદ્ધ કરવા |
| **ભુલાવામાં પડવું** | ભૂલ ખાવી; ભ્રમમાં પડવું |
| **ભૂ પાવવું-પાઈ દેવું** | (૧) નરમ કરવું; પાણી પાવું |
| | (૨) હરાવવું; ગર્વ ગાળવો |
| **ભૂ-પીતું કરવું** | તરતના જન્મેલા બાળકને પાણીમાં બોળી મારી નાખવું |
| **ભૂકો કાઢી નાખવો** | (૧) ખાઈ સાફ કરી દેવું |
| | (૨) સંપૂર્ણ નાશ કરવો |
| **ભૂખ ભાંગવી** | (૧) લાંબા ગાળાની ઈચ્છા પૂરી થવી |
| | (૨) મનના મનોરથ સિદ્ધ કરવા |

| | |
|---|---|
| ભૂત ભરાવું | (૧) ધૂંધવાઈને બેસવું |
| | (૨) વાંકું પડવું |
| ભૂસું ભરાવું | (૧) જરાય સમજણ કે યાદશક્તિ ન હોવી |
| | (૨) અભિમાન ભરાવું |
| | (૩) ખોટો વહેમ ભરાવો |
| ભૂંગળું ફૂંકવું | (૧) પ્રશંસા કરવી |
| | (૨) દેવાળું કાઢવું |
| ભેજાનું દહીં કરવું | (૧) મગજશક્તિ ખાલી કરવી |
| | (૨) માથું પકવવું |
| | (૩) સખત શ્રમથી મગજ થાકી જવું |
| ભેજામાં વહેર ભરાવો | મગરૂરી થવી |
| ભેજું ખવાઈ જવું | ગમ ન પડવી; મગજ કામ કરતું બંધ થવું |
| ભેજું ખસવું | અક્કલ જવી; વિચારશક્તિ નષ્ટ થવી |
| ભેજું ગેપ હોવું | બુદ્ધિ બહેર મારી જવી |
| ભેજું પાકી જવું | કંટાળી જવું |
| ભેજું ફાટી જવું | ઘેલા બનવું; અવિવેકી થવું; ઘેલછા થવી |
| ભેદ ઉઘાડો પાડવો-ખોલવો | રહસ્ય પ્રગટ કરવું; જાહેર કરવું |
| ભેદ રાખવો | (૧) ખાનગી વાત મનમાં રાખવી |
| | (૨) વહેરોઆંતરો કરવો |
| ભેદ લેવો | (૧) રહસ્ય જાણવું |
| | (૨) છૂપી વાત જાણી લેવી |

| | |
|---|---|
| **ભોપાળું નીકળી જવું** | પોકળ બહાર પડવું |
| **ભોંઠું પડવું** | શરમાવવું; હલકા પડવું |
| **ભોંય ભારે પડવી** | (૧) ભય અને ગભરાટને લીધે નાસવું |
| | (૨) મુશ્કેલ થઈ પડવું |
| **ભોંય-ભેગું કરવું** | (૧) જમીનદોસ્ત કરવું; નાશ કરવો |
| | (૨) પાયમાલ કરવું |
| **મગજ ખસી જવું** | મગજ બગડવું; ઘેલા બનવું |
| **મગજ ખાઈ જવું** | કાયર કરવું; માથાફોડ કરાવવી |
| **મગજ પાકી જવું** | (૧) મગજમાં ગરમી પહોંચવી |
| | (૨) મગજમાં અકળામણ થવી |
| **મગજ બહેર મારી જવું** | વિચારશક્તિ ચાલી જવી |
| **મગજ ભમી જવું** | (૧) બુદ્ધિ ઠેકાણે ન હોવી |
| | (૨) સમજશક્તિ ચળી જવી |
| | (૩) ભાન ખસવું |
| **મગજના ફાટેલા હોવું** | માથાના ફાટેલા-ફરેલા હોવું |
| **મગજમાં આવવું** | (૧) જણાવું; વિચાર થવો |
| | (૨) કલ્પનામાં આવવું; ધ્યાન-લક્ષમાં આવવું |
| | (૩) સારી પેઠે ઠસવું |
| **મગજમાં ઊતરવું** | (૧) ધ્યાન-લક્ષમાં આવવું; વીસરી ન જવાય તેમ સમજમાં આવવું |
| | (૨) સારી પેઠે ઠસવું |

| | |
|---|---|
| **મગજમાં પવન ભરાવો** | (૧) ઝઘડાખોર બનવું |
| | (૨) મિજાજ વધી જવો; સામે થવું |
| | (૩) જક્કી બનવું; હઠીલા થવું |
| **મગજમાં રાઈ હોવી** | મિજાજ કે અભિમાન હોવાં |
| **મગજમાંથી ખસવું** | (૧) યાદ ન આવવું |
| | (૨) ભૂલી જવું |
| **મગ ને અડદ ભેગા ભરડવા** | (૧) ખીચડો કરી નાખવો |
| | (૨) જેમતેમ બોલવું |
| **મજા ચખાડવી** | (૧) કોઈએ કરેલા અપરાધનો દંડ દેવો |
| | (૨) બદલો લેવો |
| **મઠ ફાકવા** | નિરુદ્યમી રહેવું |
| **મડાગાંઠ પડવી** | (૧) ન છોડાય તેમ મજબૂતાઈથી વળગી રહેવું |
| | (૨) સખત ગાંઠ પડવી |
| **મડાગાંઠ વળવી** | (૧) એક જ સ્થિતિમાં રહેવું |
| | (૨) મડદાની પેઠે પુરજોશથી વળગી રહેવું |
| | (૩) સદંતર બંધાઈ જવું |
| **મણના પાંચશેર થવું** | માર ખાધાથી લેવાઈ જવું |
| **મતલબ કાઢી લેવી** | સ્વાર્થ સાધી લેવો |
| **મતલબ બર આવવી** | (૧) ધારણા પાર પડવી |
| | (૨) કામ પાર પડવું |

| | |
|---|---|
| **મતિ બગડવી** | (૧) બુદ્ધિ બગડવી |
| | (૨) સંનિષ્ઠા બગડવી; સમજ જતી રહેવી |
| **મતિ સૂઝવી** | (૧) માર્ગ જડી આવવો |
| | (૨) વિચાર કરવો |
| **મત્તું કરવું** | (૧) સહી કરવી |
| | (૨) સંમત થવું |
| **મત્તું મારવું** | લખાણમાં સાક્ષી પૂરવી |
| **મથાળું બાંધવું** | (૧) માથાદીઠ લેણદેણ ઠરાવવું |
| | (૨) અંદાજ કરવો; મહત્ત્વનો ભાગ લખી નાખવો |
| | (૩) આપવા-લેવા સંબંધી ઠરાવ નક્કી કરવો |
| **મદ ઊતરવો** | અભિમાન ઊતરી જવું; નશો ઊતરી જવો |
| **મદમાં આવવું** | (૧) અભિમાન થવું; તોફાને ચડવું |
| | (૨) હર્ષ પામવો; રાજી થવું |
| **મધ મૂકીને ચાટવું** | પૂરેપૂરા જોખમમાં નાખવું |
| **મન આપવું-દેવું** | (૧) કોઈ ઉપર આસક્ત થવું |
| | (૨) ધ્યાન આપવું |
| | (૩) પોતાની ઈચ્છા બીજાને જણાવવી |
| | (૪) મન લગાડવું |

| | |
|---|---|
| **મન ઉપર લેવું** | (૧) ધ્યાન આપવું |
| | (૨) લક્ષ ઉપર લેવું |
| **મન ઊંચું થવું** | (૧) નાખુશ થવું |
| | (૨) દિલ દુખાવું |
| | (૩) મનમાં બળવું; સ્નેહ તૂટવો |
| **મન ઊઠી જવું** | (૧) દિલ ન લાગવું |
| | (૨) બેદિલી થવી |
| **મન કરવું** | (૧) ભાવ કે ઈચ્છા કરવી |
| | (૨) સ્પૃહા કરવી |
| **મન ખાટું થવું** | (૧) નાખુશ થવું |
| | (૨) દિલગીર થવું |
| | (૩) દિલ ઊતરી જવું |
| **મન ખોલવું** | (૧) નિખાલસ મનથી કહેવું |
| | (૨) કપટ કે અંદેશો રાખ્યા સિવાય કહી દેવું; મનની ગુપ્ત વાત બહાર પડવી |
| **મન ચકડોળે ચડવું** | (૧) કંઈપણ નિશ્ચય ન થઈ શકે તેવી સ્થિતિમાં મન મુકાવું |
| | (૨) મન અસ્થિર થવું |
| | (૩) મન ભટકવું |
| **મન ચોંટવું-લાગવું** | (૧) ધ્યાન લાગવું |
| | (૨) મોહમાં પડવું |

| | |
|---|---|
| **મન ચોરવું** | (૧) ઢચુપચુ થવું<br>(૨) દિલગીર થવું<br>(૩) ધ્યાન ન આપવું; મનની વાત ન કહેવી; મન બગાડીને કામ કરવું |
| **મન દઈને કામ કરવું** | કાળજીપૂર્વક કામ કરવું |
| **મન પીગળવું** | દિલમાં દયા આવવી |
| **મન બેસવું-લાગવું** | (૧) અનુરાગ થવો; પ્રીતિ લાગવી<br>(૨) રુચવું; પસંદ પડવું |
| **મન ભાંગી જવું** | નિરાશ થવું; નાસીપાસ થઈ જવું |
| **મન ભારે થવું** | શોક થવો; દિલગીરી થવી |
| **મન માનવું** | (૧) જીવ ખુશ થવો<br>(૨) સંતોષ થવો; ઇચ્છા પૂરી પડવી<br>(૩) દિલને ગમવું; પસંદ પડવું |
| **મન મારવું** | મન વશ રાખવું; વૃત્તિઓ અંકુશમાં રાખવી |
| **મન મૂકવું** | કુડકપટ ન રાખવું; ભેદ કે પ્રપંચ ન રાખવો |
| **મન મોટું કરવું** | ઉદાર થવું; સમદૃષ્ટિ રાખવી |
| **મન મોળું પડવું** | (૧) દિલ ઊઠી જવું<br>(૨) રુચિ ઓછી થવી<br>(૩) ઢીલા થવું |
| **મન રાખવું** | (૧) બીજાનું કહ્યું માનવું<br>(૨) ઇચ્છા પૂરી કરવી |

| | |
|---|---|
| મન વાળવું | મનનું સાંત્વન કરવું |
| મન સાંકડું કરવું | કંજૂસપણું દાખવવું |
| મન હિંડોળે ચડવું | મન સ્થિર ન હોવું |
| મનથી ઊતરવું | (૧) યાદ ન હોવું કે કરવું |
| | (૨) ઘૃણા કરવી; તિરસ્કાર કરવો |
| મનથી ઊતરી જવું | પ્યાર ઓછો થવો |
| મનનું મનમાં | (૧) મનની વાત બહાર ન કાઢવી તે |
| | (૨) અંતરેચ્છા પૂર્ણ ન થવી |
| મનનું મેલું | (૧) કપટી; જેનો મર્મ-ભેદ-પ્રપંચ જણાય નહિ તેવું |
| | (૨) દિલમાં ગુપ્ત વળ રાખવી |
| મનનું મોજી | (૧) મરજી માફક ચાલનારા-વર્તનાર |
| | (૨) સ્વેચ્છાનુચારી |
| મનનાં ખાજાં ખાવાં | કાલ્પનિક મનસૂબા ઘડવા |
| મનનો પાર પામવો | છૂપું રહસ્ય જાણવું |
| મનમાં આણવું | (૧) ખોટું લગાડવું |
| | (૨) લાગણી થવા દેવી; લેખામાં લેવું |
| | (૩) દરકાર કરવી |
| | (૪) ધ્યાન આપવું |
| મનમાં આવવું-ઊતરવું | (૧) ઈચ્છા થવી; મનને ખરું લાગવું |
| | (૨) મરજી થવી; સમજ પડવી |
| | (૩) યાદ આવવું |
| | (૪) વિચાર આવવો |

| | |
|---|---|
| **મનમાં ગાંઠ વાળવી** | (૧) મનમાં નિશ્ચય કરવો |
| | (૨) નક્કી કરવું; યાદ રાખવું |
| **મનમાં ઘોળાવું** | મનમાં ગૂંચવાયા કરવું |
| **મનમાં પેસી નીકળવું** | સામાના મનની તમામ વાતથી જાણીતા થવું- વાત જાણી લેવી |
| **મનમાં બળવું** | અદેખાઈ થવી |
| **મનમાં મૂંઝાવું** | (૧) છૂપી રીતે ગભરામણ થવી |
| | (૨) નિશ્ચય ન થવો |
| **મનમાં રાખવું** | (૧) જાહેર ન કરવું |
| | (૨) છાનું રાખવું |
| | (૩) યાદ રાખવું; ન ભૂલવું |
| **મનોરથ સફળ કે સિદ્ધ થવો** | (૧) પોતાની ઈચ્છા પૂરી થવી |
| | (૨) પોતાનો હેતુ બર આવવો |
| **મમત કરવો** | (૧) પોતાનો વિચાર પાર પાડવાનો આગ્રહ રાખવો |
| | (૨) પોતાપણાના અભિમાનમાં તણાવું |
| **મમત પર આવવું કે ચડવું** | પોતાનો આગ્રહ જારી રાખવો |
| **મમરો મૂકવો** | (૧) ઉશ્કેરવું; ચઢાવવું |
| | (૨) ઉશ્કેરાય તેમ કરવું |
| | (૩) કલહ થાય તેમ કરવું |
| **મરચાં ઊઠવાં કે લાગવાં** | (૧) માઠું લાગવું; રીસ ચઢવી |
| | (૨) અકળાઈ ઊઠવું |
| | (૩) અપમાન થવું |
| | (૪) લાગણી દુભાવી |

| | |
|---|---|
| **મરચાં લેવાં** | (૧) ઈર્ષાથી દાઝવું; ક્રોધ કરવો |
| | (૨) સામસામા વઢવું |
| **મરચાં વાટવાં** | કોઈની ગેરહાજરીમાં નિંદા કરવી |
| **મરી પડવું** | (૧) આવકની દરકાર કર્યા વિના કાર્ય કરવું |
| | (૨) ખરા અંતઃકરણથી પોતાનું સઘળું જોર વાપરવું |
| | (૩) ફિદા થવું |
| | (૪) બહુ પ્રીતિ બતાવવી |
| **મરી ફીટવું** | (૧) પોતાનું સઘળું જોર વાપરવું |
| | (૨) વારી જવું |
| **મર્મ કરવો** | (૧) મશ્કરી કરવી |
| | (૨) હાસ્ય કરવું |
| **મલાજો પાળવો-રાખવો** | મર્યાદા રાખવી |
| **મસકો મારવો કે લગાવવો** | (૧) ખુશામત કરવી |
| | (૨) સુંવાળું કરવું |
| **મસાલો પૂરવો-ભભરાવવો** | (૧) ઉશ્કેરવું |
| | (૨) ચડાવવું; રસદાર, લહેજતદાર બનાવવું |
| | (૩) રસિક કરવું; વધારવું; ઉમેરણ કરવું |
| **મસ્તકપૂજા કરવી** | મસ્તકદાન વડે પૂજા કરવી |
| **મહાત કરવું** | (૧) કેદ પકડવું; કબજે કરવું; પાછું પાડવું |
| | (૨) હરાવવું |
| | (૩) શરમિંદું કરવું |

| | |
|---|---|
| મહાભારત મંડાવું | કજિયો થવો |
| મહોર મારવી કે લગાવવી | (૧) અમલ બેસાડવો; ખાસ કદર કરવી |
| | (૨) છાપ મારવી |
| મળી જવું | (૧) સામાના મતમાં ભળી જવું |
| | (૨) ફૂટી જવું |
| મંત્ર ફૂંકવો | (૧) સમજાવવું |
| | (૨) ચેતવવું |
| મંત્ર ભણાવવો | (૧) ખોટી શિખામણ આપવી |
| | (૨) પ્રેરણા કરવી |
| | (૩) મંત્ર શીખવવો |
| મંત્ર મૂકવો | છૂપી સલાહ આપવી |
| મંત્રી જવું | ભરમાવીને લઈ જવું |
| માખ છીંકવી | નુકસાન કે ગેરલાભનું સૂચન કરવું |
| માખ (તેલમાં) ડૂબી જવી | (૧) વીલું પડી જવું |
| | (૨) ઢીલું થઈ ચૂપ ઊભું રહેવું |
| માખણ લગાડવું | (૧) ખુશામત કરી મહેરબાની સાધવી |
| | (૨) સ્વાર્થને માટે હદ ઉપરાંત વખાણ કરી સામાનું મન પિગળાવી નાખવું |
| | (૩) અતિશયોક્તિથી રસિક કરવું |
| માખો મારવી | (૧) નવરા બેસી રહેવું |
| | (૨) કોઈપણ ઉદ્યમ વગર રહેવું |
| માગીતાગી કામ ચલાવવું | અહીંતહીંથી ઉછીનું લઈ કામ કરવું |

**માગ્યા મેહ વરસવા**
(૧) જોઈતી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થવી
(૨) મનોરથ સિદ્ધ થવા

**માછલાં ધોવાં**
(૧) ઘણો જ ઠપકો દેવો
(૨) દુઃખ દેવું

**માઝા છોડવી કે મૂકવી**
(૧) હદ બહાર જવું
(૨) હદ ઓળંગવી
(૩) મર્યાદા લોપવી

**માટી ઢાંકવી કે વાળવી**
(૧) ઢાંકવું; છુપાવવું
(૨) અંધારપિછોડો કરવો

**માટી થવી**
(૧) નાશ થઈ જવું; બળીને ખાખ થઈ જવું
(૨) બગડી જવું; ખરાબ થવું
(૩) ભ્રષ્ટ થવું
(૪) ફના થવું; પાયમાલ થવું

**માટીમાં મેળવવું**
(૧) નાશ કરવો
(૨) ફના કરવું

**માટીવટ દાખવવી** ધણીપણું ગુજારવું

**માઠું લગાડવું** નાખુશ થવું

**માઠું લાગવું** ખોટું લાગવું

**માથા પર** મુરબ્બી તરીકે; બહુ જ નજદીક; ઘણું લગોલગ

**માથા પર ભમવું કે લટકવું** કોઈ માઠો બનાવ બનવાની દહેશત ઊભી થવી

| | |
|---|---|
| **માથાથી જવું** | (૧) કાબૂ બહાર જવું |
| | (૨) વંઠી જવું |
| **માથાના થવું** | સર્વોપરી કે અજય થવું |
| **માથાના વાળ ઘસાઈ જવા** | (૧) બહુ કામ કરવું પડવું |
| | (૨) બોજો ઊંચકીને ઘણું દુઃખ સહન કરવું |
| **માથાનું ફરેલું-ફાટેલું હોવું** | (૧) ઉદ્ધત હોવું; કાંઈનું કાંઈ કરી બેસે તેવું હોવું |
| | (૨) મિજાજી કે હઠીલું હોવું; ક્રોધી હોવું; સાહસિક હોવું |
| **માથાનું હોવું** | (૧) ઉપરવટ જવું |
| | (૨) બીજાને પહોંચી વળે તેવું થવું |
| **માથામાં ટપલા વાગવા** | (૧) ઠોક ખાવા; અડચણ કે દુઃખ અનુભવવું |
| | (૨) ઘડાઈ ઘડાઈને ઠેકાણે આવવું |
| **માથામાં પવન ભરાવો** | (૧) મગરૂર થવું; મિજાજ જવો |
| | (૨) માથું ભમી જવું |
| **માથામાં ભૂસું ભરાવું** | (૧) ગેરસમજ કે હઠ વ્યાપવી |
| | (૨) મગરૂરી આવવી |
| **માથામાં મારવું** | (૧) ક્રોધ, ગર્વ કે તુચ્છકારથી આપવું |
| | (૨) જુલમ કરવો; મહેણું મારવું |
| | (૩) વેચનારે નઠારું આપ્યું હોય તો તે પાછું આપી આવવું |

| | |
|---|---|
| **માથામાં રાઈ હોવી** | (૧) ખૂબ મિજાજ હોવો<br>(૨) ખુમારી હોવી |
| **માથું ઉઠાવવું કે ઊંચકવું** | (૧) સામે થવું |
| **માથું ઊંચું કરવું** | (૧) સામે થવું; શિરજોરી કરવી; પહેલ કરવી<br>(૨) હિંમત દર્શાવવી<br>(૩) કામમાંથી મોકળા થવું<br>(૪) ઊંચી-સારી સ્થિતિએ પહોંચવું |
| **માથું ઊંચું રાખવું** | પોતાનું માન રાખવું; મગરૂરી બતાવવી |
| **માથું કાપવું** | (૧) શિરચ્છેદ કરવો<br>(૨) ખૂબ જ નુકસાન પહોંચાડવું<br>(૩) વિશ્વાસઘાત કરવો; દગો કરવો<br>(૪) ફસાવવું; હદ ઉપરાંત અપમાન કરવું |
| **માથું કૂટવું-પટકવું-પીટવું** | (૧) નકામી મહેનત કરવી; માથાફોડ કરવી<br>(૨) શોક કરવો; દુઃખી થવું |
| **માથું ખાલી કરવું** | બહુ જ મગજમારી કરવી |
| **માથું ખાવું-ખાઈ જવું** | (૧) બડબડાટથી ચીડવવું; કાયર કરવું<br>(૨) પજવવું; હેરાન કરવું<br>(૩) પીછો ન મૂકવો |
| **માથું ચઢાવવું** | (૧) નકામી માથાફોડ કરવી<br>(૨) હેરાન કરવું; નિરર્થક મહેનત કરવી; માથાઝીંક કરવી; માથાફોડ કરવી |

| | |
|---|---|
| **માથું નમાવવું-નીચું કરવું** | કોઈની મહેનત કે તકરારથી દુઃખ થવું |
| **માથું પકાવવું** | (૧) અકળાવવું; માથાઝીંક કરીને હેરાન કરવું<br>(૨) જીવ ખાવો |
| **માથું ફરવું** | (૧) ચક્કર આવવાં<br>(૨) તમ્મર આવવાં; ચિડાઈ જવું<br>(૩) મિજાજ થવો<br>(૪) સારી બાબત તરફ અભાવ થવો |
| **માથું ફાટી જવું** | ગુસ્સો ચડવો |
| **માથું ભારે થવું** | (૧) ગર્વ કે મિજાજ વધી જવો<br>(૨) ગર્વથી ફુલાઈ જવું<br>(૩) માથું દુઃખવું<br>(૪) માર માગવો |
| **માથું મારવું** | (૧) એકાદ વિષય તરફ મન કરવું કે મહેનત કરવી<br>(૨) કાંઈપણ ન ગણવું<br>(૩) ખૂબ મથવું; નકામી માથાકૂટ કરવી<br>(૪) દરમિયાનગીરી કરવી |
| **માથું મૂકીને વાત કરવી** | નીડરપણે કહેવું |
| **માથું હોમવું** | (૧) ઘણી જ નુકસાનીમાં આવવું<br>(૨) વિશ્વાસઘાત કરવો |
| **માથે અંકુશ હોવો** | દબાણ, દાબ, અટકાવ કે બંધન હોવું |

| | |
|---|---|
| **માથે ઓઢવું** | (૧) જોખમ લેવું |
| | (૨) દેવાળું કાઢવું |
| **માથે ઓઢી લેવું કે ખેંચી લેવું** | પોતાની ઉપર લઈ લેવું |
| **માથે ગાળ ચઢવી-બેસવી** | આળ કે તહોમત બેસવું |
| **માથે નાખવું** | જવાબદારી ઉપર સોંપવું-હવાલે કરવું |
| **માથે ચડવું** | (૧) બેહદ છૂટ લેવી |
| | (૨) ફાટવું |
| | (૩) કહ્યું ન માનવું |
| **માથે ચઢાવવું** | (૧) કબૂલ કરવું-રાખવું |
| | (૨) આદરપૂર્વક હુકમ માનવો |
| | (૩) ન ગણકારવું; લાડ લડાવવાં |
| | (૪) બેમર્યાદ કરવું |
| | (૫) સ્વીકારવું |
| **માથે ચઢી બેસવું-વાગવું** | (૧) હુકમ ન માનવો; બહેકી જઈ દુ:ખ દેવું |
| | (૨) કોઈની સત્તા ખૂંચવી લેવી |
| | (૩) ચડિયાતા થવું |
| | (૪) અતિ લાડથી નફ્ફટ થવું |
| **માથે ચોટવું** | (૧) લાંછન લાગવું; આશરે કે શરણે રહેવું |
| | (૨) પોતાની જવાબદારી તળે કામ કરવાનું આવવું |
| **માથે છાણાં થાપવાં** | ટીકાઓની ઝડી વરસાવવી |

| | |
|---|---|
| **માથે છીણી મૂકવી** | (૧) નુકસાન કરવું; ખરાબી કરવી |
| | (૨) બગાડ કરવો; નાશ કરવો |
| **માથે છોગાં મૂકે એવું** | (૧) સુંદર; ખૂબસૂરત; શોભા આપે એવું |
| | (૨) મમત-સરસાઈમાં ચઢે એવું |
| **માથે તાણી લેવું** | (૧) પોતાને લીધે થયાનું માની લેવું |
| | (૨) જવાબદારી સ્વીકારી લેવી |
| | (૩) પોતાના વિશે કહેવાયું છે એમ માની લેવું |
| **માથે તાલ પડવી** | ભાર ઊંચકીને માથાના વાળ ઘસાઈ જવા |
| **માથે નાખવું** | હવાલે કરવું; સોંપવું |
| **માથે પડવું** | (૧) જવાબદારી આવવી |
| | (૨) જોખમ આવવું; નુકસાન ખમવું |
| | (૩) નકામું થઈ પડવું |
| | (૪) બીજાં પર બોજારૂપ થઈ પડવું |
| **માથે પાણી ફરી વળવું** | (૧) નિરાધાર અને કંગાલ સ્થિતિમાં આવી પડવું |
| | (૨) નુકસાન થવું; બરબાદ થવું |
| | (૩) નકામું જવું; એળે જવું |
| **માથે પાણી ફેરવવું-રેડવું** | (૧) ધૂળમાં મેળવવું; બગાડવું; નુકસાન કરવું |
| | (૨) વ્યર્થ જાય એમ કરવું; ચડી જવું |
| | (૩) ટપી જવું; પાછું પાડવું |

| | |
|---|---|
| **માથે ભાર લેવો** | દોષનો ટોપલો લેવો |
| **માથે માછલાં ધોવાં** | ટીકાઓની ઝડી વરસાવવી |
| **માથે મારવું** | (૧) વેચનારે નઠારું આપ્યું હોય તો તેને પાછું આપવું |
| | (૨) દરકાર ન કરવી |
| | (૩) કરો ચણવો; છેતરીને વળગાડી દેવું |
| **માથે મોટપ લેવી** | (૧) જવાબદારી લેવી |
| | (૨) નામના લેવી |
| **માથે મોડ હોવો** | અગ્રેસર થવું; નાયક થવું |
| **માથે રાત જેવું ધાબું** | ઘોર અંધકાર |
| **માથે લેવું** | (૧) કોઈ કામ પોતાની જવાબદારી પર લેવું |
| | (૨) પોતાની જાત પર ખમવું |
| | (૩) બહુ તોફાન કરવું |
| | (૪) હાથમાં લેવું |
| **માથે વહોરવું** | (૧) જવાબદારી સ્વીકારવી |
| | (૨) હાથમાં લેવું |
| **માથે વાત મૂકવી** | વાતની જવાબદારી નાખવી |
| **માથે હાથ દેવો** | કૃપા કરવી |
| **માથે હાથ મૂકવો કે ફેરવવો** | (૧) આશીર્વાદ દેવા; છેતરવું |
| | (૨) પોતાનો સ્વભાવ કે ગુણ બીજાને આપવો |
| | (૩) સમજાવવું |
| | (૪) આશ્વાસન આપવું |

| | |
|---|---|
| **માથેથી ઉતારી-ઓવારી નાખવું** | (૧) જવાબદારી કાઢી નાખવી |
| | (૨) માથેથી ભાર ઉતારવો |
| **માન મગાવવું** | આજીજી કરાવવી |
| **માન માગવું** | (૧) કાલાવાલા કરવા |
| | (૨) વિશેષ આજીજીની અપેક્ષા રાખવી |
| **માનમાં રહેવું** | મોટાઈ કે અભિમાનમાં રહેવું |
| **મારી ખાવું** | હક વગર છૂપી રીતે કોઈની પાસેથી લેવું |
| **માર્ગ કરવો-કાઢવો** | (૧) રસ્તો પકડવો |
| | (૨) રીત ગ્રહણ કરવી; ઉપાય લેવો |
| **માર્યા જવું** | (૧) નુકસાનીમાં આવી પડવું |
| | (૨) કાર્ય સિદ્ધ ન થવું; ગુમ થવું |
| | (૩) ચાલ્યા જવું; નાશ થવો |
| **માંકડને મોં આવવું** | નિર્બળ વ્યક્તિમાં સામું બોલવાની હિંમત આવવી; સબળ થવું |
| **માંચડો ખાલી કરવો** | મૃત્યુને શરણે થવું |
| **માંડવો આવવો** | છોકરી જન્મવી |
| **માંડવો બાંધવો** | (૧) ફજેત કરવું |
| | (૨) સૌ કોઈ જાણેએમ કરવું |
| | (૩) મંડપ રચવો |
| **માંડી વાળવું** | (૧) પતાવવું; પડતું મૂકવું; સમાધાન કરવું |
| | (૨) બંધ રાખવું-કરવું |
| | (૩) બરાબર કરી મૂકવું |

| | |
|---|---|
| **માંદા થયાં પહેલાં વૈદ બોલાવવો** | અવિચારી ઉતાવળું પગલું ભરવું |
| **માંહ્યનું માંહ્ય અને બહારનું બહાર** | બંને પક્ષમાં ઢોલકી બજાવનાર હોવું; યુક્તિથી બંને પક્ષનું સાચવનાર થવું |
| **મિજબાની ઉડાવવી** | (૧) લહેર કરવી |
| | (૨) ચાખવું |
| **મિજાજ ખરાબ થવો** | (૧) અપ્રસન્નતા કે શોક થવો |
| | (૨) અસ્વસ્થ થવું |
| | (૩) ગુસ્સે થવું |
| **મિજાજ ખસવો-ખોવો** | આવેશ પર ચડી જવું |
| **મિજાજ પૂછવો** | (૧) તબિયતના ખબર પૂછવા |
| | (૨) દંડ દેવો |
| | (૩) સારી રીતે ખબર લઈ નાખવી |
| **મિજાજમાં આવવું** | (૧) અભિમાન કરવું; ઘમંડ કરવો |
| | (૨) મગરૂર થવું; ધ્યાનમાં આવવું |
| | (૩) ગમવું; સમજવું |
| **મિટ્ટી દાણાદાણ થવી** | હાલહવાલ થઈ જવું |
| **મિટ્ટી પલીત કરવી** | કમોતે મારવાની ધમકી આપવી |
| **મિટ્ટીમાં મળવું-મળી જવું** | (૧) કર્યું કારવ્યું બગડવું-જમીન સાથે સપાટ થવું |
| | (૨) માટી સાથે મળી જવું |
| | (૩) પંચમહાભૂતમાં ભળી જવું; મરણ પામવું |
| | (૪) પાયમાલ થઈ જવું |

| | |
|---|---|
| **મિટ્ટીમાં મેળવવું** | ધૂળધાણી કરવું |
| **મિયાંના ચાંદે ચાંદ** | ખુશામત કરવી; એક દોડે તે પ્રમાણે બધાંએ દોડવું |
| **મિયાંની મીંદડી થઈ જવું** | (૧) અતિ દબાયેલા દેખાવું |
| | (૨) નરમઘેંશ થવું |
| **મીટ માંડવી** | (૧) તાકી રહેવું; જોઈ રહેવું |
| | (૨) એક દૃષ્ટિએ કે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહેવું તે |
| | (૩) તીવ્રપણે ઇચ્છવું; આશા રાખવી |
| **મીઠા ઝાડનાં મૂળ કાપવાં** | સારા માણસનો ખૂબ લાભ લેવો |
| **મીઠાનાં હળ હાંકવાં** | ઉજ્જડ કરી મૂકવું |
| **મીઠું-મરચું ભભરાવવું** | (૧) વાત વધારીને કહેવી |
| | (૨) ખરુંખોટું વધારીને રસિક લાગે તેમ કહેવું |
| **મીણ કાઢવું** | (૧) અતિશય મહેનત કરાવીને થકવવું |
| | (૨) મહેનત કરાવી અડદાળો કાઢવો |
| | (૩) મારીમારીને નરમ કરી નાખવું |
| **મીણ થઈ જવું** | (૧) મીણ જેવું નરમ થઈ જવું |
| | (૨) ગળીને એક તાર થઈ જવું |
| | (૩) નરમઘેંશ થઈ જવું |
| **મીણનું કરી નાખવું** | (૧) ગરીબ અને નિરાધાર કરી નાખવું |
| | (૨) મીણના જેવું પોચું કે માલ વગરનું કરી નાખવું; માણસને નરમઘેંશ કરી નાખવું |

| | |
|---|---|
| **મીણને પણ માટી આવવી** | નબળા પોચા તોપણ સત્તાવાન દેખાવું |
| **મીણો ચડવો** | ઘેન ચડવું |
| **મીનમેખ ન થવા** | (૧) શંકા આણવા જેવું ન હોવું |
| | (૨) નક્કી હોવું |
| **મીંડું વળવું** | (૧) ખલાસ થવું |
| | (૨) નિર્વંશ થવું |
| | (૩) બંધ પડી જવું |
| | (૪) રદ થવું |
| **મુઠ્ઠી ગરમ કરવી** | (૧) રૂપિયા કે ધન આપવું |
| | (૨) લાંચ આપવી |
| **મુઠ્ઠી દાબવી-ચાંપવી** | (૧) સંકેત કરવો |
| | (૨) લાંચ આપવી |
| **મુઠ્ઠી ફાટે તેવું** | (૧) મોટું અને નક્કર |
| | (૨) દળદાર |
| **મુઠ્ઠી બંધ થઈ જવી** | આપવાનું બંધ કરવું |
| **મુઠ્ઠી બંધ હોવી** | (૧) ઘરનો ભેદ કોઈને માલૂમ ન પડવો |
| | (૨) રહસ્ય પ્રકટ ન થવું |
| **મુઠ્ઠી ભરાય તેટલું** | પુષ્કળ; ખૂબ |
| **મુઠ્ઠી વાળવી** | (૧) આપવાની ના પાડવી |
| | (૨) આપવાનું ચાલુ ન રાખવા નિર્ધાર કરવો |
| **મુઠ્ઠીમાં રાખવું** | કોઈની સત્તા નીચે, કબજામાં, કાબૂમાં રાખવું |

| | |
|---|---|
| મુનિવ્રત ધારણ કરવું-લેવું | ચૂપ રહેવું |
| મુરાદ બર આવવી | ઈચ્છા પરિપૂર્ણ થવી |
| મુંડી નીચે કરવી | લજવાવું; શરમાવું |
| મૂઆ પછી વૈદ બોલાવવા | આગ લાગી રહ્યા પછી પાણી લાવવું |
| મૂઆ પહેલાં ઘેર મોકાણ | (૧) શરૂઆતનું ઠેકાણું નહિ ને અંતની તૈયારી કરવી |
| | (૨) માંદા પડ્યા પહેલાં વૈદને આમંત્રણ દેવું |
| મૂએલાના ઉપર ઘા કરવો | (૧) છાણમાં તલવાર મારવી |
| | (૨) નિર્બળ ઉપર જુલમ કરવો |
| મૂછ ઊંચી રહેવી | ટેક-આબરૂ સાચવવાં |
| મૂછ ઊંચી રાખવી | (૧) આબરૂમાં રહેવું |
| | (૨) ટેક જાળવી રાખવી |
| મૂછ ચડાવવી | (૧) લડાઈ કરવી |
| | (૨) મૂછે તાવ દેવો |
| | (૩) પોતાની વીરતા બતાવવી |
| મૂછ નીચી કરવી | (૧) નમી જવું |
| | (૨) મિજાજ ગળી જવો |
| મૂછ નીચે થઈ જવી | (૧) શોભા-આબરૂ ઓછી થઈ જવી |
| | (૨) નીચાજોણું થવું |
| મૂછ પર લીંબુ રાખવાં | (૧) મૂછનો આંકડો નમવા ન દેવો |
| | (૨) ટેક રાખવી |

**મૂછ મરડવી**
(૧) અભિમાન ધરવું
(૨) મૂછના આંકડા વાળવા
(૩) કરડાકી કરવી
(૪) શૂરાતન બતાવવું

**મૂછમાં હસવું**
(૧) મનમાં રાજી થવું
(૨) મંદ હાસ્ય કરવું

**મૂઠી ઉઘાડવી-ખોલવી**
(૧) ઉદાર થવું
(૨) ભેદ ખુલ્લો કરવો

**મૂઠી ચાંપવી-દાબવી**
(૧) લાંચ આપવી
(૨) સંકેત કરવો

**મૂઠી બંધ કરવી-વાળવી**
(૧) કંજૂસાઈ કરવી
(૨) છાનો સંગ્રહ કરવો
(૩) છાનું રાખવું

**મૂળ ઊંડાં હોવાં**
(૧) પારખી ન શકાય તેવું યુક્તિબાજ કે ગૂઢ હોવું
(૨) મૂળ કારણ લાંબી મુદતનાં કે કળી ન શકાય તેવાં ગહન હોવાં
(૩) મૂળ મજબૂત હોવાં

**મૂળ ઊખડી જવાં**
(૧) અસર કે અવશેષ ન રહે તેમ ખતમ થવું
(૨) વૃક્ષ નિર્મૂળ થવું

**મૂળ કાઢી નાખવું**
નાશ કરવો; ફરીને થાય નહિ એમ કરવું

**મૂળ કાપવું-ઉખેડવું**
(૧) સમૂળો નાશ કરવો
(૨) જડ ઉખેડી નાંખવી; ફરીને થાય નહિ તેમ કરવું
(૩) છેક જ પાયમાલ કરી નાખવું

**મૂળ ખોદવાં**
(૧) બીજાની ખણખોજ કર્યા કરવી
(૨) નિંદા કરવી

**મૂળાના પતીકા જેવું**
(૧) ગોળમટોળ કે સુંદર હોવું
(૨) નગદ

**મેખ ઠોકવી-મારવી**
(૧) બાધ કરવો; વાંધો-વહેમ નાખવો
(૨) સંતાપવું; ફાચર મારવી
(૩) હદ બાંધી નક્કી કરવી

**મેણું દેવું-મારવું**
(૧) કરેલો ઉપકાર કહી બતાવવો
(૨) કોઈનો મર્મ ઉઘાડી તેને માઠું લગાડવું
(૩) દૂષણ યાદ કરાવવું
(૪) ઠપકો દેવો

**મેથીપાક આપવો-ચખાડવો**
માર મારવો

**મેદાને આવવું-પડવું-ઊતરવું**
(૧) બહાર ખુલ્લા પડવું; આગળ નીકળવું
(૨) જાહેરમાં આવવું; પોતાને ખુલ્લી રીતે શત્રુ જાહેર કરવો
(૩) અજવાળામાં પડવું; લડવાને બહાર પડવું

| | |
|---|---|
| **મેલી આંખથી** | મેલી વૃત્તિથી; કૂડકપટથી |
| **મેશ ચોળવી** | અન્યની ફિકર કરવી |
| **મેંદી ચોપડવી-મૂકવી** | (૧) કાંઈ કામ ન કરતાં હાથપગ ઝાલીને બેસી રહેવું |
| | (૨) હાથેપગે મેંદીની લૂગદી મૂકવી |
| **મોકળે મહાલવું** | (૧) આરામી જીવન ગાળવું |
| | (૨) છૂટથી હરવું-ફરવું |
| | (૩) સ્વતંત્રપણે રહેવું |
| **મોકાણ માંડવી** | (૧) દુઃખ થવું |
| | (૨) ભારે નુકસાન હોય તેવી હાલત થવી |
| | (૩) મરણ બાદ શોક કરવા ભેગાં મળવું |
| **મોકાણના સમાચાર આપવા** | (૧) જીવન કે ધંધાની બરબાદી કરવી |
| | (૨) નિરુત્સાહી બનાવે તેવા ખબર કે માઠા સમાચાર આપવા |
| | (૩) શોક કરનારનું મોટી સંખ્યામાં એકઠું થવું |
| **મોકો હાથથી જવા દેવો** | તક ગુમાવવી |
| **મોક્ષ આપવો-દેવો** | (૧) જિંદગી બચાવવી |
| | (૨) મારી નાખવું |
| | (૩) મુક્તિ આપવી |
| **મોખરે કરવું-ધરવું** | (૧) આગળ કરવું કે ધરવું |
| | (૨) આગેવાન તરીકે નીમવું |

| | |
|---|---|
| **મોખરો સાચવવો** | (૧) બહાદુરીથી સામનો કરવો |
| | (૨) બહાદુરીપૂર્વક મોખરે લડવાનું કામ સંભાળવું |
| **મોટા ભા થવું** | (૧) પંચાતિયા થવું |
| | (૨) શાબાશી મેળવવી |
| **મોટું કરવું** | (૧) ઉછેરવું; વધારવું; નાની વસ્તુને વધારીને મોટી કરવી |
| **મોટું ગામતરું કરવું** | મરણ પામવું |
| **મોટું પેટ રાખવું** | (૧) કોઈનો પણ દોષ માફ કરવો |
| | (૨) ઉદાર થવું |
| **મોટું મન કરવું-રાખવું** | માફ કરવું; ઉદારતા કે દરગુજર કરે એવું પરોપકારી મન કરવું |
| **મોટું માથું હોવું** | (૧) વયે નાનું પણ પદવીએ મોટું હોવું |
| | (૨) કરતું કારવતું કે વડીલ માણસ હોવું |
| **મોટું રાવણ જેવું મોઢું** | (૧) તોબરો ચડ્યો હોય તેવું-રીસાયેલું-ચઢેલું મોઢું |
| | (૨) સૂજીને મોટું થયેલું મોઢું |
| **મોટે પાટલે બેસવું** | (૧) આજીજી કે કાલાવાલા કરાવવા |
| | (૨) ફુલાવવું; મોટું સન્માન આપવું |
| | (૩) ગર્વ કરવો |
| | (૪) માન આપવું |
| **મોડ મૂકવો** | જવાબદારીનો ભાર ઉઠાવવો |

| | |
|---|---|
| **મોઢામાં આંગળી ઘાલવી** | (૧) ચકિત થઈ જવું; અજાયબ જેવું લાગવું<br>(૨) પરાણે બોલાવવું<br>(૩) બોલવાની ફરજ પાડવી |
| **મોઢા ઉપર નાક ન હોવું** | (૧) શરમ ન હોવી<br>(૨) નિર્લજ્જ થવું |
| **મોઢા જેવું** | (૧) ખરાબ; ઠીક નહીં એવું<br>(૨) ડાચા જેવું |
| **મોઢા પર થૂંકવું** | (૧) ફિટકાર કરવો<br>(૨) ધિક્કારવું; તુચ્છ ગણવું |
| **મોઢા પર મારવું** | રોકડું પરખાવવું; સાફસાફ સામું સંભળાવવું |
| **મોઢા પર શાહી ઢોળાવી-રેડાવી** | (૧) આબરૂને કલંક લાગવું<br>(૨) ભોંઠાં પડી જવું |
| **મોઢા સુધી આવવું** | (૧) જીભ પર આવવું<br>(૨) કહેવાઈ જવાવું |
| **મોઢાની મોળ ઉતારવી** | (૧) કડવાં વચન કહેવાં<br>(૨) ખૂબ બખાળા કાઢવા<br>(૩) અપશબ્દો કહેવા |
| **મોઢાનું છૂટું હોવું** | વાચાળ; સ્પષ્ટ અને સરળ વાણી બોલનાર હોવું |
| **મોઢાનું મોળું હોવું** | બોલી શકે નહીં તેવું હોવું<br>શરમાળ હોવું; કટુ વચન ન કહી શકે તેવું હોવું |

**મોઢામાં આવે તેમ** — વગર વિચાર્યે જેમ બોલાય તેમ

**મોઢામાં જીભ ઘાલવી** — (૧) બોલતાં અટકવું
(૨) બંધ થવું
(૩) ચૂપ રહેવું

**મોઢામાં જીભ ન હોવી** — મૂંગું બેસી રહેવું

**મોઢામાં દાંત ન હોવા** — શૌર્ય, દમ કે જુસ્સો ન હોવો

**મોઢામાં ધૂળ નાખવી** — (૧) કોઈનું બોલવું ખોટું છે એમ સિદ્ધ કરી તેને બોલતું બંધ કરવું
(૨) ગભરાવવું; બોલેલું પાછું ખેંચાવવું
(૩) શરમાવવું

**મોઢામાં પાણી આવવું-છૂટવું** — (૧) અદેખાઈ થવી-કોઈ પદાર્થ જોઈને તે મેળવવા માટે લલચાવું
(૨) મીઠાઈ વગેરે પદાર્થ જોઈને મોંમાંથી પાણી છૂટવું

**મોઢામાં મગ ઓરવા** — જવાબ આપ્યા વિના ચૂપ રહેવું

**મોઢામાં માય તેવું** — (૧) વિવેક-મર્યાદા જળવાય તેવું
(૨) શોભે તેવું

**મોઢામાં મારવું** — રોકડું પરખાવવું

**મોઢામાંથી અંગારા ઝરવા** — ગાળોનો વરસાદ વરસવો

**મોઢામાંથી દાંત કાઢી-પાડી નાખવા** — (૧) બોલતાં બંધ થાય એમ કરવું
(૨) હરાવવું

**મોઢું અવળું કરી નાખવું** — (૧) એટલો માર મારવો કે મોઢું અવળું થઈ જાય
(૨) ઘણો જ સખત માર મારવો

| | |
|---|---|
| મોઢું આપવું | (૧) દરકાર કરવી |
| | (૨) બોલવા દેવું |
| મોઢું ઉઘાડવું | (૧) બોલવું |
| | (૨) બોલે એમ કરવું |
| | (૩) મોં પહોળું કે ખુલ્લું કરવું |
| મોઢું ઊતરી જવું-ઉતારવું | (૧) દિલગીર થવું |
| | (૨) મોઢું ફિક્કું પડી જવું |
| | (૩) નિરાશ થઈ જવું |
| મોઢું કટાણું કરવું | (૧) મોઢું બગાડવું |
| | (૨) નારાજી દર્શાવવી |
| મોઢું કાળું કરવું | કીર્તિ કે મોઢાને લાંછન લગાડવું |
| મોઢું ગંધાવું | (૧) લોકોમાં નિંદા થવી |
| | (૨) લાયક ગુણ ન હોવા |
| | (૩) ગાળ દેવી |
| | (૪) બૂરું કે ખરાબ દેખાવું |
| મોઢું ચઢવું | (૧) રીસ ચઢવી |
| | (૨) નારાજ થવું |
| મોઢું ચલાવવું | (૧) ખાવું; ભોજન કરવું; ગાળો દેવી |
| | (૨) ખરાબ વચન કહેવાં; દાંતો વડે કરડવું |
| | (૩) સામું બોલવું; બબડવું |
| મોઢું છુપાવવું-સંતાડવું | (૧) ન મળવું; સંતાતું ફરવું |
| | (૨) શરમને લીધે સામે ન દેખાવું |
| | (૩) શરમાવું |

| | |
|---|---|
| **મોઢું જોઈને કામ કરવું** | સામા માણસની લાયકત જોઈને તેની સાથે કામ પાડવું |
| **મોઢું જોઈને લપડાક મારવી** | ઘટે એવો વ્યવહાર કરવો |
| **મોઢું તપાસીને બોલવું** | (૧) મર્યાદા સંભાળીને બોલવું<br>(૨) હદમાં રહીને વિવેકથી આબરૂનો વિચાર કરી બોલવું |
| **મોઢું તોડવું-તોડી લેવું** | (૧) અવિનયી બની જવાબ આપવો<br>(૨) બોલવા ન દેવું<br>(૩) વઢી કે ધમકાવીને ચૂપ કરી દેવું |
| **મોઢું દેવું** | વચન આપવું |
| **મોઢું ધોવા જવું** | (૧) અવસર આવ્યે ખર્ચ ન કરવો<br>(૨) રડી ઊઠવું<br>(૩) હટી જવું<br>(૪) ફરી જવું |
| **મોઢું પડી જવું** | ઝંખવાણું પડી જવું |
| **મોઢું પહોળું થઈ જવું** | (૧) આશ્ચર્યચકિત થઈ જવું<br>(૨) મરી જવું |
| **મોઢું ફાટવું** | લાંચ લેવાની ઈચ્છા દેખાડવી |
| **મોઢું ફિક્કું પડી જવું** | (૧) મોઢું ઊતરી જવું<br>(૨) મોંનું પાણી ઊતરવું<br>(૩) રોગ, શરમ કે ખેદથી ચહેરાનો રંગ ઊડી જવો |
| **મોઢું ફેરવવું** | રીસ કે કંટાળો બતાવવો |

| | |
|---|---|
| **મોઢું ફેરવીને** | (૧) ગુસ્સે થઈ જઈને |
| | (૨) સામાની પરવા કર્યા વિના |
| **મોઢું બંધ કરવું** | (૧) ચૂપ કરવું; બોલતું રોકવું; બોલવા ન દેવું |
| | (૨) લાંચ આપી પોતાના પક્ષમાં લેવું |
| **મોઢું બગાડવું** | (૧) અભાવ કે અપ્રીતિ દર્શાવવી |
| | (૨) કંટાળો આણવો |
| **મોઢું ભરાઈ જવું** | (૧) તૃપ્ત થવું |
| | (૨) સંતોષ પામવો |
| **મોઢું મીઠું કરાવવું** | (૧) ખુશાલીમાં મીઠું ભોજન આપવું |
| | (૨) લાંચ આપવી |
| **મોઢું લાલ થવું** | (૧) જશ મળવો |
| | (૨) ખુશબખ્તી થવી |
| | (૩) સફળતાનો આનંદ થવો |
| **મોઢું વકાસીને રહેવું** | (૧) આશ્ચર્ય કે નિરાધારીમાં રહેવું |
| | (૨) મોં પહોળું કરીને બેસવું |
| **મોઢું વાઘનું હોવું** | (૧) દેખાવે બહાદુર હોવું |
| | (૨) બિહામણા હોવું |
| **મોઢું સિવાઈ જવું** | (૧) મૂંગા થઈ જવું |
| | (૨) હરફ ન ઉચ્ચારવો |
| **મોઢે કહેવું** | (૧) રૂબરૂમાં ને ખુલ્લી રીતે કહેવું |
| | (૨) લેખિત આધારે નહિ પણ સ્મરણમાંથી કહેવું |

**મોઢે ચડાવવું**
(૧) લાડ લડાવવાં; વંઠી જવું
(૨) અમર્યાદ કરવું; સામું બોલતું કરવું

**મોઢે તાળું દેવું-મારવું**
(૧) મોઢું બંધ કરવું
(૨) મૌન રહેવું; શરમ, ધાસ્તી કે ફજેતીથી ન બોલાય એમ કરવું

**મોઢે થઈ આવવું-થવું**
(૧) મૂએલાનો ખરખરો કરવો; ઊડતી મુલાકાત લેવી
(૨) રૂબરૂ મળવું; મળીને વાતચીત કરવી; મોઢું જોવા આવવું

**મોઢે-માથે ઓઢવું**
(૧) દેવાળું કાઢવું; નિરાશ થવું
(૨) હારવું; માથું ઢાંકી શોક કરવો

**મોઢે-માથે હાથ દઈને બેસવું**
ચુમાઈને, હારીને, નાછૂટકે નિરાશ થઈને થાકીને કે કંટાળીને બેસવું

**મોઢે સાકર પીરસવી**
(૧) મીઠા બોલ બોલી સામાનું મન પાણી પાણી કરી નાખવું
(૨) વાણીથી પિગળાવી દેવું કે ખુશ કરી નાખવું

**મોત બગડવું**
(૧) યશપૂર્વક ન મરવું
(૨) મરતાં અગાઉ કોઈ અનિચ્છનીય બનાવ બનેલો જોવાનું થવું

**મોતિયા મરી જવા-લેવાવા**
(૧) થાકી જવું
(૨) નાહિંમત થઈ જવું
(૩) શેહ પડી જવી
(૪) હોશકોશ ઊડી જવા

| | |
|---|---|
| **મોતી પરોવવાં** | (૧) બારીક કામ કરવું |
| | (૨) આંસુ પાડવાં |
| | (૩) સુંદર વાતો કરવી |
| | (૪) મોતીની માળા બનાવવી |
| **મોતીએ વધાવવું** | (૧) ઉમળકાથી આવકાર આપવો |
| | (૨) ઘણું માન આપવું |
| **મોતીનાં પાણી ઉતારવાં** | (૧) માન ઉતારવું |
| | (૨) ભાર ભાંગી નાખવો |
| **મોતીનું પાણી મોતીમાં રહેવું** | બાંધી મુઠ્ઠી લાખની રહેવી |
| **મોથ મારવી** | અતિ શૂરાતન બતાવવું |
| **મોભામોભ** | સળંગ; પોતાના ભાગનું કામ બીજા પાસે કરાવવું |
| **મોભે ચડાવવું** | (૧) ખોટાં વખાણ કરવાં |
| | (૨) મુલતવી રાખવું |
| **મોર મારવો** | (૧) દાવ જીતવો |
| | (૨) ન્યાલ થવું |
| | (૩) પરાક્રમ કરવું |
| **મોરચો જીતવો-તોડવો-ભાંગવો** | (૧) પહેલી હરોળમાં ભંગાણ પડવું |
| | (૨) વિજયી થવું |
| **મોરચો માંડવો** | (૧) સામે આવીને પડવું |
| | (૨) લડવાને સામું ઊભું રહેવું |
| **મોસાળ જવું** | કેદ ભોગવવી |

| | |
|---|---|
| મોંજોયું છોકરું | એકનું એક બાળક |
| મોંનો ટાળો કરવો | (૧) સામું ન જોવું |
| | (૨) બેદરકારીથી ઉડાવ્યા કરવું |
| મોં બાળવું | કંઈ આપીને વિદાય કરવું; કાળું કરવું |
| મોં લેવાવું | શરમાઈ જવું; મોં વીલું પડી જવું |
| મોં-માથા વિનાનું | ધડા વિનાનું; મેશ વગરનું; ગૂંચવાઈ ગયેલું |
| મોંઘાઈમાં રહેવું | માન માગવું |
| મોંઘુંસોંઘું કરવું | માન આપવું; મનાવવું |
| મોંનું માર્યું નીચું જુએ | લાંચ રુશ્વત ખાધી હોય તેણે શરમાવું પડે |
| મોંમાં હાથ ઘાલવા | આજીજી કરવી |
| મોં-માથું સૂઝવું નહીં | વાતમાં કંઈ ખબર પડવી નહીં |
| મ્યાનમાં રાખવું | (૧) અંકુશમાં રાખવું |
| | (૨) કબજામાં કે હદમાં રાખવું |
| યમના દૂત જેવું | (૧) યમરાજના દૂત જેવું નિર્દય |
| | (૨) કઠોર; નિષ્ઠુર કાળજાનું માણસ |
| યમનો પરોણો | કમકમાટી ઉપજાવે એવાં અત્યંત પાપ કરનાર કે ઘણો જ પાપી માણસ |
| યમપુરીની યાતના | (૧) ઘણું જ દુઃખ |
| | (૨) ભારે માંદગી |
| | (૩) સખત શિક્ષા |
| યમસદન પહોંચાડવું | ઠાર મારવું |
| યમસદન સિધાવવું | મરી જવું |

**યારી આપવી-દેવી**
(૧) નસીબ પાધરું ઊતરવું
(૨) પ્રયત્ન સફળ થવો
(૩) મદદ આપવી
(૪) ટેકો આપવો

**યાહોમ કરવું-કરીને ઝુકાવવું**
(૧) મરણિયા થઈ કોઈપણ જોખમે કાંઈપણ કામ કરવું
(૨) મરણિયા થઈને ઝુકાવવું

**યોગ સાધવો**
(૧) તકનો ઉપયોગ કરવો
(૨) યોગવિદ્યા પ્રમાણે ચિત્તવૃત્તિને નિરોધ કરવાનો અભ્યાસ કરવો

**રકઝક કરવી**
(૧) હા-ના કરવી; સામસામી આનાકાની કર્યા કરવી
(૨) પંચાત કરવી

**રકમ ઉપાડવી**
(૧) કોઈ ચીજ કે દાગીનો ચોરવો
(૨) મોટી સંખ્યામાં નાણાં ઉછીનાં લેવાં

**રગ ઊતરવી**
ગુસ્સો શાંત થવો

**રગ ઓળખવી-જાણવી-જોવી-તપાસવી**
(૧) મનોવૃત્તિ પારખવી
(૨) હૃદયના ધબકારા તપાસવા

**રગ ચડવી**
(૧) ગુસ્સે થવું; ક્રોધ ચડવો
(૨) જિદ્દી હોવું; હઠ પકડવી; હઠીલા કે મગરૂર હોવું
(૩) સ્નાયુનું મચકોડાઈ જવું

**રગ હાથમાં આવવી**
(૧) ગુણદોષ જાણવા
(૨) ભેદ જાણવો

| | |
|---|---|
| **રગશિયું ગાડું** | ધીમેધીમે રસળતું કામ |
| **રગેરગનો ભોમિયો** | (૧) સ્વભાવથી પૂર્ણ જાણીતો |
| | (૨) બધી વાતનો કે મર્મનો જાણીતો |
| | (૩) પૂરો જાણકાર |
| **રજનું ગજ કરવું** | નજીવી બાબતને વધારવી |
| **રડી ઊઠવું** | (૧) કંટાળી જવું |
| | (૨) ખોટમાં આવી જવું |
| | (૩) નિરાશ થઈ જવું |
| | (૪) અધૂરું મૂકવું |
| **રડી રહેવું** | નુકસાન વેઠી બેસી રહેવું |
| **રણ ખેડવું** | (૧) દેશ પરદેશ ફરવું ને દુઃખાદિ સહેવું |
| | (૨) લડાઈઓ કરવી |
| | (૩) યુદ્ધ કરવાં |
| **રણે ચડવું** | (૧) લડાઈમાં ઊતરવું |
| | (૨) લડવા જવું |
| | (૩) લડાઈ કરવી |
| **રફેદફે કરવું** | (૧) નાશ કરવો |
| | (૨) હતું ન હતું કરવું |
| **રફેદફે થવું** | (૧) ધૂળધાણી થવું |
| | (૨) પાયમાલ થવું |
| | (૩) નાશ પામવું |
| **રમકડું થઈ રહેવું-બની જવું-બની રહેવું** | ખૂબ અધીન થઈ રહેવું |

| | |
|---|---|
| **રમત કરવી-રમત માંડવી** | (૧) આનંદ કરવો |
| | (૨) કામની રીતે કામ ન કરતાં તેની સાથે ખાલી ખેલવું કે વખત બગાડવો |
| | (૩) વિના મને કામ કરવું |
| **રમત રમવી** | (૧) ખેલ ખેલવો |
| | (૨) દાવ નાખવો |
| | (૩) યુક્તિ વડે છેતરવું |
| | (૪) રમવું; ખેલવું |
| **રમતું કરવું** | (૧) અંદર ફરતું રહે તેમ કરવું; છૂટથી ફરે તેમ કરવું |
| | (૨) મોટું કરવું; તંગ નહિ બનાવવું |
| | (૩) ઢીલું કરવું; કાણું મોટું બનાવવું |
| | (૪) મારવું |
| **રમતું મૂકવું-મેલવું** | (૧) છૂટું મૂકવું |
| | (૨) બાધામાં વધ કરવાને બદલે પ્રાણીને દેવીના સ્થાનકે છૂટું મૂકવું |
| **રમાડી જવું** | છેતરી જવું |
| **રમાડી દેવું-નાખવું** | મારી નાખવું |
| **રમી જવું** | (૧) લીલા કરી રહેવું |
| | (૨) દેહ છોડવો |
| **રવાડે ચડવું** | અવળા માર્ગે દોરવાવું |
| **રવાના થવું** | (૧) ઊપડવું |
| | (૨) મરી જવું |
| | (૩) મોકલવું |

**રસ ઉતારવો**
(૧) ઘણા વખત સુધી ઊભા રહેવું
(૨) જેમ આવે તેમ બક્યા કરવું; હદથી વધારે બોલવું
(૩) ફોગટ ધક્કો ખાઈ પાછાં આવવું
(૪) બદદુવા દેવી

**રસ ઊતરવો**
(૧) બહુ ચાલવાથી કે ઊભા રહેવાથી થાકી જવું
(૨) રજનું ગજ કરવું
(૩) અતિશયોક્તિ કરવી

**રસ જામવો**
(૧) આનંદ કે ઊર્મિના આવેશમાં અમુક હદે પહોંચી ત્યાં સ્થિર થઈ રહેવું
(૨) કાવ્યરસની જમાવટ થવી
(૩) પ્રવાહીનું ચીકણું બનવું
(૪) પ્રવાહીનું ઠરવું

**રસાતલ જવું-થવું-વળી જવું**
(૧) તદ્દન ભાંગી પડવું
(૨) ધડે બેસવું
(૩) નિર્વંશ જવો
(૪) ભોંય બેસી જવું
(૫) પાયમાલી થવી
(૬) હાહાકાર થઈ જવો

**રસે ચડવું-ભરાવું**
(૧) ઉશ્કેરાવું; ઉત્તેજન મળવું; જોશ કાઢવો
(૨) ચડસે ભરાવું; મમતે ચઢવું; કસે ભરાવું

| | |
|---|---|
| **રસ્તા ઉપર લાવવું** | (૧) દુરસ્ત કરવું<br>(૨) સુધારવું<br>(૩) સન્માર્ગે ચડાવવું |
| **રસ્તામાંની ધૂળ** | કિંમત વગરની વસ્તુ |
| **રસ્તે પડવું** | (૧) કામમાં લાગી જવું; રસ્તો મળવો<br>(૨) જતા રહેવું; મરી જવું<br>(૩) પ્રપંચમાંથી ખસી જવું; રીતમાં આવવું<br>(૪) સરાડે ચડવું |
| **રસ્તે પાડવું-લાગવું** | (૧) ઉદ્યમે વળગાડવું<br>(૨) દિશા બતાવવી |
| **રસ્તો કાઢવો** | (૧) અંતરાય ટાળવો<br>(૨) આગળ વધવું<br>(૩) નિકાલ કરવો<br>(૪) ઉપાય કરવો |
| **રળી ખાવું** | (૧) ગુજરાન ચલાવવું<br>(૨) ગૃહવ્યવહાર ચલાવવો |
| **રળીખપીને ઊતરવું** | (૧) ઉપાધિમાંથી મુક્ત થવાની સ્થિતિએ પહોંચવું<br>(૨) નિવૃત્તિનો વખત આવવો<br>(૩) નફાનુકસાનમાં શક્તિ ખૂટી જવી<br>(૪) મેળવીને ગુમાવવું |
| **રંકને ઘેર રતન હોવું** | ગરીબ માણસને ત્યાં કિંમતી વસ્તુ હોવી |

| | |
|---|---|
| **રંગ ઉખાડવો** | (૧) પ્રતિકૂળ સ્થિતિ હોવી |
| | (૨) પ્રભાવ ન રહેવો |
| **રંગ ઉતારવો** | (૧) અફસોસમાં પડવું |
| | (૨) ભય કે શરમથી ભોંઠાં પડવું |
| | (૩) રંગ ઝાંખો પડી જવો |
| **રંગ કરવો** | (૧) જશ કે ખ્યાતિ મેળવવા રંગ લગાડવો |
| | (૨) રંગવું; વિજયી થવું |
| **રંગ ચડાવવો-દેવો** | (૧) ઉત્તેજન આપવું; શાબાશી આપવી |
| | (૨) ઉશ્કેરવું |
| **રંગ જામવો** | (૧) આનંદની છોળ ઊછળવી; ફાવી જવું; મજા આવવી |
| | (૨) પ્રતિષ્ઠા જામવી |
| **રંગ જોવો-દેખવો** | (૧) તટસ્થ રહેવું |
| | (૨) પરિણામ વિચારવું |
| | (૩) કોઈ વસ્તુનાં સ્થિતિ અને પરિણામ જોવાં |
| **રંગ દેખાડવો** | અદ્‌ભુત કામ કરી બતાવવું |
| **રંગ ફિકકો પડવો** | (૧) શોભા ઘટી જવી |
| | (૨) ઝાંખું પડવું |
| **રંગ બદલવો** | ગુસ્સે થવું; રાતાપીળા થવું; ભય અથવા સંકડામણમાં આવી પડવાથી માણસનો ચહેરો ફિક્કો થઈ જવો |

| | |
|---|---|
| **રંગ રાખવો** | (૧) પોતાનાં માન, હોદ્દો, ચડિયાતાપણું, વગેરે જાળવી રાખવાં |
| | (૨) શોભા રાખવી |
| **રંગ લાગવો-બેસવો** | (૧) અનુરાગ થવો; રંગ અડી જવો; રંગનો ડાઘ પડવો |
| | (૨) કોઈની સ્થિતિમાં બદલો લાવવો |
| **રંગતાળી દેવી-લેવી** | હરખના ઊભરાની તાળી દેવી |
| **રંગપાણી ઉડાવવાં** | (૧) કસૂંબો પીવો; જીવનનો આનંદ અનુભવવો |
| | (૨) સાથે મળી કેફી પીણું પીવું |
| **રંગમાં હોવું** | આનંદમાં હોવું |
| **રંગી નાખવું** | લોહીલુહાણ થાય ત્યાં સુધી માર મારવો |
| **રંગીને વાત કહેવી** | વાત વધારીને કહેવી |
| **રંગે રમવું** | (૧) આનંદભેર ભોગ કરવો |
| | (૨) આનંદમાં રમવું |
| | (૩) આનંદક્રીડા કરવી; રંગ છાંટવો |
| **રાઈ આવવી-ચડવી** | (૧) ગુસ્સે થવું; ઉશ્કેરાવું |
| | (૨) રીસ ભરાવી; ચિડાવું |
| | (૩) રાઈની બરાબર અસર થવી |
| **રાઈ ચડાવવી** | (૧) ઉશ્કેરવું |
| | (૨) તેજ કરવું |
| **રાઈ-મીઠું પડવાં** | (૧) અદેખાઈ આવવી |

| | |
|---|---|
| | (૨) ઈર્ષા આવવી |
| **રાઈ-લૂણ ઉતારવાં-જલાવવાં** | (૧) કોઈની બદનજર લાગી માની માથેથી રાઈ અને મીઠું ઉતારી આગમાં નાખવાં |
| | (૨) ઠેકાણે લાવવું |
| **રાઈતું કરવું** | (૧) કકડા કરવા; ખરાબી કે હાનિ કરવી |
| | (૨) કોઈનું જેમ આવે તેમ વાટવું |
| | (૩) છૂંદી નાખવું; કચરી નાખવું |
| | (૪) પોતાની પાસે નિરર્થક સાચવવું |
| **રાઈનો પર્વત કરવો** | (૧) નાની વાતને વધારી મૂકવી |
| | (૨) નાની વાતને મોટું રૂપ આપવું |
| | (૩) અતિશયોક્તિ કરવી |
| **રાખ ઉડાડવી** | ક્રોધ, વગેરે કારણથી બીજાને હેરાન કરવું |
| **રાખ ચોળાવવી** | (૧) દેવાળું કઢાવવું |
| | (૨) વેરાગી કે ભિખારી બનાવવું |
| | (૩) કોઈના પૈસા ધૂતી લેવા |
| **રાખધૂળ થઈ જવાં** | (૧) ખરાબ થવું |
| | (૨) બગડી જવું |
| | (૩) નકામું થઈ જવું |
| **રાગ આવવો** | (૧) ગુસ્સે થવું |
| | (૨) બનવું; મેળ મળવો |
| **રાગ ખાવો-થવો** | (૧) ઠીક ગોઠવાવું |
| | (૨) મેળ કરવો કે કરાવવો |

| | |
|---|---|
| રાગ હોવો | બનાવ હોવો; મેળ હોવો |
| રાગે ચડવું | (૧) ઠેકાણે પડવું |
| | (૨) સરાડે પડવું |
| રાજ આવવું | (૧) અમલ કે સત્તા પ્રાપ્ત થવી; રાજાની પેઠે બેઠાબેઠા ખાવાનું મળવું |
| | (૨) કામકાજમાંથી છુટ્ટી મળવી |
| | (૩) શેઠાઈ કરવાનો વખત મળવો |
| રાજ કરવું | (૧) રાજા તરીકે સત્તા ચલાવવી |
| | (૨) રાજાના જેવો અમલ ચલાવવો |
| | (૩) નિયમન કરવું; શાસન કરવું |
| રાડ ઊઠવી | બૂમ કે ફરિયાદ થવી |
| રાડ કરવી | (૧) કજિયો કરવો |
| | (૨) ફરિયાદ કરવી |
| | (૩) હઠ કરવી |
| રાડ નાખવી-પાડવી | (૧) ચીસ પાડવી |
| | (૨) ફરિયાદ કરવી |
| રાડ પડાવવી | ત્રાસ ફેલાવવો |
| રાડ લાગવી | લગની લાગવી |
| રાત બાપની હોવી | (૧) રાત્રે જે કાંઈ કરવું હોય તે કરી શકાય એમ થવું |
| રાત કહે તો રાત અને દહાડો કહે તો દહાડો | (૧) કોઈની ઇચ્છાને અનુસરીને જ વર્તવું તે |

| | |
|---|---|
| **રાત-દહાડાની ખબર ન હોવી** | (૧) આપોઆપ ખબર પડે એવી જાહેર થઈ ગયેલી નવીન બાબત વિશે પણ અજાણ હોવું<br>(૨) સાન કે દુનિયાદારીની ખબર કે જ્ઞાન ન હોવું |
| **રાત માથે લેવી** | (૧) રાતના જાગીને કામ કરવું<br>(૨) ઉજાગરો કરવો |
| **રાત લઈને ભાગવું** | (૧) અણધાર્યા છાનામાના ભાગી જવું<br>(૨) છૂપી રીતે પલાયન થઈ જવું |
| **રાતી રાયણ જેવું** | મજબૂત ને તંદુરસ્ત |
| **રાતુંપીળું થવું** | (૧) ઉશ્કેરાઈ જવું<br>(૨) ક્રોધાયમાન થવું |
| **રાનરાન ને પાનપાન થઈ જવું** | પાયમાલ ને હેરાન થઈ જવું |
| **રાફડો ફાટવો** | (૧) ઘણી મોટી સંખ્યામાં બહાર આવવું<br>(૨) જોશભેર બહાર આવવું<br>(૩) ઊભરાઈ જવું |
| **રામ ઊડી જવા** | (૧) ઉચ્ચ તત્ત્વ, સારાપણું કે હિંમત જતાં રહેવાં<br>(૨) મરણ પામવું |
| **રામ રમી જવા** | (૧) સત્ત્વ જતું રહેવું<br>(૨) મરણ પામવું; વિરક્ત થવું<br>(૩) પાયમાલ થવું; ભાંગીને ચૂરેચૂરા થઈ જવું |

| | |
|---|---|
| **રામકહાણી થવી** | (૧) રામના જેટલું સંકટ કે આફત આવી પડવી |
| | (૨) વીતવું |
| **રામશરણ થવું** | (૧) મરણ પામવું |
| | (૨) મરી જવું |
| **રામનામ જપવું** | (૧) છાનામાના બેસી રહેવું |
| | (૨) બેઠાબેઠા ચૂપચાપ જોયા કરવું |
| **રામનું રામાયણ** | (૧) નહિ જેવી વાતનું મોટું પીંજણ |
| | (૨) વાતનું વતેસર |
| **રામાયણ ઉકેલવું** | કોઈ વાતને વધારીને કહેવી |
| **રાહ ઉપર આવવું** | (૧) રસ્તે ચડવું |
| | (૨) ભુલાયેલો રસ્તો જડવો |
| | (૩) રીતભાત સુધારવી |
| **રાહ બતાવવો** | (૧) બરતરફ કરવું |
| | (૨) રસ્તો મપાવવો |
| | (૩) રજા આપી દેવી |
| | (૪) રસ્તો દેખાડવો |
| **રાહુની દશા હોવી** | (૧) માઠી દશા હોવી, અવદશા |
| | (૨) ખરાબ હાલત હોવી |
| **રાંડ્યા પછીનું ડહાપણ આવવું** | યોગ્ય સમય વીત્યા બાદ સમજ આવવી |
| **રીતમાં રહેવું** | (૧) રૂઢિ પ્રમાણે વ્યવહાર કરવો |
| | (૨) વ્યવસ્થિતપણે વર્તવું |
| **રીસનું જાળું** | વાતવાતમાં રિસાઈ જવું |

**રેકર્ડ તોડવો** — વિક્રમ આંક વટાવી જવો

**રેચ આપવો** — (૧) ધમકી આપવી
(૨) ધ્રુજાવવું
(૩) ધમકાવીને હલકું કરવું

**રેઢિયાળ ખાતું-ગાડું ચાલવું** — જોઈતી ઝડપે કામ ન થવું

**રેતીમાં નાવ ચલાવવી** — (૧) અશક્ય કામની સિદ્ધિ કરવી; અદ્‌ભુત ચતુરાઈ કે ચમત્કારથી ધારવામાં ન આવે એવાં કામ કરવાં
(૨) મહાપરાક્રમ કરવું

**રેતીમાં વહાણ હાંકવું** — ઘણી ખરાબ પરિસ્થિતિમાં પણ કામ ચલાવ્યે રાખવાની કરામત કરી બતાવવી

**રેવડી ઉડાવવી-કરવી** — (૧) મશ્કરી કરવી
(૨) હાંસીપાત્ર બનાવવું
(૩) ફજેતી કરવી
(૪) આબરૂ ધૂળધાણી કરવી

**રેવડી થવી** — (૧) ફજેતી થવી
(૨) બેઆબરૂ થવું
(૩) ભોંઠાં પડવું
(૪) આબરૂ જવી

**રેવડી દાણાદાણ કરવી** — (૧) ગભરાવી નાખવું; ખરાબખસ્ત કરવું
(૨) પૂરી ફજેતી કરવી; બેઆબરૂ કરવી
(૩) હાલહવાલ કરી નાખવા; ભોપાળું કાઢવું
(૪) મશ્કરી કરવી

| | |
|---|---|
| **રેવડીના પેચમાં લેવું** | (૧) ફસાવવું; મોટા ફાંસામાં નાખવું<br>(૨) સપડાવવું<br>(૩) આંટીમાં લેવું |
| **રેવડીના ફેરમાં આવવું-પડવું** | મુશ્કેલીમાં આવવું |
| **રોકડું પરખાવવું** | (૧) જેવો હોય તેવો તરત જવાબ આપવો<br>(૨) સ્પષ્ટ કહી દેવું<br>(૩) ચોખ્ખેચોખ્ખું કહી દેવું |
| **રોકડો જવાબ આપવો** | (૧) ચોખ્ખો જવાબ દેવો; ખુલ્લેખુલ્લું કહેવું<br>(૨) તરત ને ચોખ્ખો જવાબ દેવો<br>(૩) માથામાં વાગે તેવો સ્પષ્ટ જવાબ દેવો |
| **રોકડો હિસાબ આપવો** | ગોટાળા વિનાનો ચોખ્ખો હિસાબ આપવો |
| **રોગ કાઢી નાખવો** | (૧) નરમ પાડી નાખવું<br>(૨) પાંસરું કરવું<br>(૩) મદ ઉતારવો |
| **રોગાન કરવો-ચડાવવો** | (૧) ઉપર-ઉપરથી સુશોભિત કરવું<br>(૨) ટાપટીપ કરવી<br>(૩) ઉશ્કેરવું<br>(૪) ઢાંકપિછોડો કરવો |
| **રોગાન ફરવો** | (૧) નુકસાન થવું<br>(૨) બગડવું; મિથ્યા જવું<br>(૩) ખરાબ થવું |

| | |
|---|---|
| **રોટલા ભેગું થવું** | (૧) આજીવિકા મળવી<br>(૨) ભોજન મળવું<br>(૩) સમયસર જમવા જવું |
| **રોટલાનું ભૂખ્યું ન હોવું** | (૧) આજીવિકાની જરૂરતમાં ન હોવું<br>(૨) પ્રામાણિક અને સમૃદ્ધ જીવન જીવવું |
| **રોટલે પહોળું હોવું** | ખવડાવીને પ્રસન્ન થનારું હોવું |
| **રોટલે મોટું હોવું** | ખવરાવવા-પિવરાવવામાં કે આગતા-સ્વાગતામાં સારું હોવું |
| **રોટલો અભડાવવો-બગાડવો** | ચાલતી રોજી કે ગુજરાનમાં નુકસાન કરવું; ગુજરાન તોડવું |
| **રોટલો કરવો** | (૧) કચડી નાખવું; ચૂરો કે સંહાર કરવો<br>(૨) રોટલો બનાવવો<br>(૩) મારીમારીને બેવડ વાળી દેવું |
| **રોટલો જવો-તૂટવો** | (૧) ચાલતું ગુજરાન અટકવું કે બંધ થવું<br>(૨) રોજી બંધ થવી<br>(૩) આજીવિકા જવી |
| **રોટલો વાળવો** | (૧) કામ બગાડી નાખવું<br>(૨) એકઠું કરી બગાડી નાખવું |
| **રોટીને રોવું** | (૧) દુર્બળ સ્થિતિમાં આવી પડવું<br>(૨) ભૂખે મરવું |

| | |
|---|---|
| રોદણાં રડવાં | (૧) રડીને દુઃખની વાત જણાવવી-કહેવી |
| | (૨) શોકની વાતો કહેવી |
| રોફ ચલાવવો-પાડવો-રાખવો | (૧) દાબ પાડવો |
| | (૨) શેહમાં રાખવું |
| રોફ બેસાડવો | ધાક બેસાડવી |
| રોફ મારવો | (૧) ડોળ-દમામથી રહેવું |
| | (૨) ઉપરીપણું દાખવવું |
| | (૩) દાબ પાડવા જેવું વર્તન કરવું |
| રોળીટોળી નાખવું | વાતને બીજે પાટે ચડાવી દેવી |
| રુદ્રાવતાર ધારણ કરવો | ગુસ્સે થવું |
| રૂખ જોવી | તક છે કે કેમ તે તપાસવું |
| રૂખ બાંધવી | અટકળ કરવી |
| રૂડાં વાનાં થવાં | સારું થવું; ચઢતી થવી |
| રૂના ગાભલા જેવું | નિર્દોષ, ઊજળું તથા કુમળું |
| રૂપરૂપનો અવતાર-અંબાર હોવું | ખૂબ સુંદર હોવું |
| રૂપિયાની પાવલી કરવી | (૧) આટો વેચીને ગાજર ખાવાં |
| | (૨) સોના સાઠ કરવા |
| | (૩) લૂગડાં ફાડીને ચીંથરાં કરવાં |
| રૂપિયો ખોટો થતો દેખાવો | નિષ્ફળતા આવતી જણાવી |
| રૂંવાડાં ઊભાં થવાં | ગુસ્સો ચડવો |
| રૂવું-રૂંવાડું ન ફરકવું | જરાપણ અસર ન થવી |

| | |
|---|---|
| **રૂંવે રૂંવાં ઊભાં થવાં** | રોમાંચ થવો; પ્યાર, અચંબો, ભય, વગેરે વૃત્તિને લીધે શારીરિક લાગણી થઈ આવવી |
| **લઈ બેસવું** | (૧) આરંભ કરવો; માંડવું |
| | (૨) ખંતથી કામે વળગવું; ગભરાવું |
| | (૩) પચાવી પાડવું |
| | (૪) વહોરી લેવું; માની લેવું |
| **લક્ષ્મી પધારવી** | પુત્રી જન્મવી |
| **લગામ ખેંચવી-ઝાલવી-પકડવી** | (૧) કાબૂમાં લેવું |
| | (૨) બળવો કરવા જતું અટકાવવું |
| **લગામ છૂટી મૂકવી** | (૧) વશ ન રાખવું |
| | (૨) સ્વતંત્રતા આપવી |
| **લગામ તંગ કરવી** | (૧) અંકુશ મૂકવો; ખેંચી પકડવું |
| | (૨) ખર્ચમાં કાપ મૂકવો |
| | (૩) જુલમ કરવો |
| **લટકતું મૂકવું** | (૧) અધ્ધર ઝૂલે એમ મૂકવું |
| | (૨) દરકાર ન કરવી |
| | (૩) વચ્ચેથી રઝળાવવું |
| **લટપટિયાં કરવાં-લેવાં** | (૧) કામધંધા વગર રખડવું કે પડ્યા રહેવું |
| | (૨) નકામું કામ કરવું |
| | (૩) વાળ કાપનારનો ધંધો કરવો |
| **લટિયાં ગૂંથાવાં** | માંહોમાંહે ઘણા જ નિકટના સંબંધમાં આવવું; ગાઢ સગાઈ સંબંધમાં હોવું |

| | |
|---|---|
| **લટિયાં પીંખવાં** | (૧) ફેંદી નાખવું |
| | (૨) બાબરાં ખેંચવાં |
| | (૩) ભવાડો કે ફજેતો કરવો |
| | (૪) મારી નાખવું; મારવું |
| **લટ્ટુ થઈ જવું-બનવું** | (૧) ખૂબ આસક્ત થઈ જવું |
| | (૨) નરમઘેંશ બની જવું; પરવશ બનવું |
| | (૩) તન્મય બનવું; લેહ લાગી રહેવી |
| | (૪) સ્તબ્ધ થવું |
| **લપકા કરવા-તોડવા** | (૧) ટોણાં મારવાં; મહેણું મારવું |
| | (૨) બોલચાલમાં અને કામકાજમાં દોષ કાઢ્યા કરવા |
| **લપડાક ખાવી** | (૧) છેતરાવું; ઠગાવું |
| | (૨) ઠોકર ખાવી; નુકસાનમાં આવવું |
| | (૩) તમાચો ખાવો |
| **લપ્પનછપ્પન કરવી** | (૧) દોઢડહાપણ કરવું |
| | (૨) વધારીને કહેવું |
| **લબડધક્કે લેવું** | (૧) ઝપાટાબંધ કામ કરાવી લેવું |
| | (૨) દમદાટીથી કામ લેવું |
| | (૩) ધક્કા મારીને લઈ જવું |
| | (૪) ખૂબ ધમકાવવું |
| **લબાચા ઉઠાવવા** | મુકામ ઉઠાવવો; બીજે ઠેકાણે જવું |
| **લબાચા ફેરવવા** | ઘરનો સરસામાન ફેરવવો |

**લબાચા વીંખવા** (૧) ઈજ્જત ઓછી કરવી
(૨) ઘરની ઘરવખરી ચૂંથવી
(૩) ઝડતી લેવી

**લમણા ઝીકવા-લેવા** માથાફોડ કરવી

**લમણે હાથ દેવા** (૧) હિંમત હારી જવી
(૨) આશાભંગ થવું

**લલાટ લૂછવું** આશા છોડવી

**લહેર આવવી** (૧) કેફ કે વિષની અસરથી ઘેન આવવું
(૨) તાણ કે વાઈ આવવી
(૩) મજા પડવી
(૪) મોજાંની માફક આવવું

**લંક લગાડવો-લાગવો** (૧) લંકા જીતવી; મોટો જય મળવો
(૨) બીજીવાર ઉદ્યોગ કરવાનો રહે જ નહિ એવી ફતેહ મળવી
(૩) તરી જવાવું
(૪) તવંગર થઈ જવું

**લંકા કરવી-લાગવી** મોટી આગ લગાડવી; બાળવું; ફેંકી દેવું; ફના કરવું; પાયમાલ કરવું

**લંકા બાળવી** (૧) ખરાબ કરવું
(૨) ખુલ્લું કરી નાખવું
(૩) ઉઘાડું પાડી દેવું
(૪) ગુપ્ત વાત બહાર પાડવી

**લંકા લૂંટવી**
(૧) ઘણા મોટા ખજાના મેળવવા
(૨) ખૂબ ધન મેળવવું
(૩) લૂંટ ચલાવી ધનવાન થવું

**લંગર લડાવવાં**
(૧) માંહોમાંહે કજિયો કરાવવો
(૨) લંગીસ લડાવવું
(૩) પતંગ માટેના માંજાને બીજા માંજામાંથી તોડવા પ્રયત્ન કરવો

**લંગોટી મારવી**
(૧) પાસેની માલમતા ઉડાવી દઈ ગરીબ થઈ જવું
(૨) વૈરાગી થવું

**લાકડાં લડાવવાં**
સાચાંખોટાં કરી તકરાર કરાવવી

**લાકડાં સંકોરવાં**
(૧) ચાકરી દ્વારા મોટા માણસની કૃપા મેળવવા લડનારને લડવાનું ઉત્તેજન આપવું; તકરાર લંબાય તેમ કરવું
(૨) ખોટી ઉશ્કેરણી કરવી

**લાકડાની તલવાર ચલાવવી**
વગર સાધને કામ પાર પાડવું

**લાકડાની તલવારે લડવું**
(૧) છત કે વિત્ત વિનાની સ્થિતિ આવવી
(૨) પૂરતાં સાધન વગર ખોટો આડંબર કરી વ્યવહાર ચલાવ્યે રાખવો
(૩) પૂરતાં સાધન વિના લડવું

**લાકડાનો લાડુ**
(૧) દેખાવમાં સારી પણ ખરી રીતે બહુ મુશ્કેલીવાળી બાબત
(૨) લોઢાના ચણા

| | |
|---|---|
| લાકડી ઉગામવી | (૧) બીક બતાવવી |
| | (૨) મારવા જવું |
| | (૩) મારવા માટે લાકડી ઊંચી કરવી |
| લાકડું ઘાલવું-ઘાલી દેવું | (૧) આડખીલી ઊભી કરવી |
| | (૨) કેડ અક્કડ થઈ જવી |
| | (૩) પોતાના સ્વાર્થની બાબત વચમાં અડાવી દેવી |
| | (૪) પગપેસારો કરવો |
| લાકડે માંકડું વળગાડવું | (૧) યોગ્યતા જોયા વગર સંબંધ જોડી દેવો |
| | (૨) બે જણ વચ્ચે તકરાર થાય એવું કરવું |
| લાખ લાખની વાત થવી | (૧) તડાકા મારવા |
| | (૨) મોટી મોટી વાત થવી |
| લાખનું ઘર રાખ થવું | કિંમતી વસ્તુ નાશ પામવી |
| લાખે લેખાં થવાં | અપાર સમૃદ્ધિ મળવી |
| લાખે લેખાં લેવાવાં | (૧) લાખોની લેવડદેવડ કરવી |
| | (૨) સોએ કે હજારે નહિ પણ જ્યાં લાખે લખાણ ચાલતાં હોય તેમ થવું |
| | (૩) મોટી મોટી વાત થવી |
| લાગ આપવો | તક મળવી; પ્રસંગ પડવો; બનવું |

| | |
|---|---|
| **લાગ જોઈને ઘા કરવો-લાગ જોવો** | (૧) યોગ્ય વખતની રાહ જોવી |
| | (૨) પ્રસંગ ખોળવો |
| | (૩) વખત જોઈને પ્રહાર કરવો |
| **લાગ મેળવવો** | (૧) અનુકૂળ કે જોઈતો વખત મળે તેમ કરવું |
| | (૨) તક પ્રાપ્ત થવી |
| **લાગ લેવો** | (૧) આધાર રાખવો; ટેકણ દેવું |
| | (૨) વખતનો લાભ લેવો; આવેલ પ્રસંગ ન ગુમાવવો |
| | (૩) હકદાર થઈને જે લાગો આવે તે લેવો |
| **લાગમાંથી ખસી જવું-જતું રહેવું** | (૧) કોઈ સત્તા કે કાબૂમાંથી મુક્ત થવું |
| | (૨) કોઈના દબાણ કે કબજામાંથી છૂટવું |
| **લાગુ પડવું** | (૧) પછવાડે લાગવું; કેડો લેવો |
| | (૨) પાછળ પાછળ જવું; પ્રેમ કે મોહમાં પડવું; સંબંધ બાંધી દેવો |
| | (૩) લાગુ થવું |
| **લાગે લાકડાં ફાટવાં** | યુક્તિથી કઠણ કામ પાર પડવું |
| **લાગો નાખવો-ઘાલવો** | (૧) કર નાખવો |
| | (૨) હકસાઈ લેવાનો રિવાજ દાખલ કરવો |
| **લાજ આવવી** | શરમાવું |
| **લાજ તજવી-ખોવી** | બેશરમ થવું |

| | |
|---|---|
| લાજ મૂકવી | (૧) બેશરમ થવું; નફ્ફટ થવું |
| | (૨) લાજનો રિવાજ તજવો |
| લાજ રાખવી | (૧) આબરૂ સાચવવી |
| | (૨) મદદ કરવી |
| | (૩) માન જાળવવું |
| લાડ ઉતારવાં | ખુવાર કરવું |
| લાડ પહોંચાડવાં-ભુલાવી દેવાં | (૧) ખૂબ ધમકાવવું કે મારવું |
| | (૨) શિક્ષા કે નુકસાન કરીને ખબર લઈ નાખવી |
| લાડવો ખાવો-જમવો-લેવો | (૧) જશ મેળવવો |
| | (૨) ફાયદો કાઢવો-મેળવવો |
| લાડુ-લાપસી પીરસવાં | (૧) સાચીખોટી વાતથી ભોળવવું |
| | (૨) સાચાખોટા લાભ બતાવવા |
| લાત ખાવી-વાગવી | (૧) નુકસાન થવું |
| | (૨) પાટું ખાવું; તુચ્છકાર સહેવો |
| | (૩) હારી જવું; પાટુંનો માર સહેવો |
| | (૪) પગની ઠોકર સહન કરવી |
| લાત મારવી-લગાવવી | (૧) તરછોડી નાખવું; તુચ્છકારવું |
| | (૨) પરવા ન કરવી; દરકાર ન કરવી |
| | (૩) હારી જવું; પાટુંનો માર સહેવો |
| | (૪) પગની ઠોકર સહન કરવી |
| લાપસીમાં લીટા હોવા | માલમલીદાની જોગવાઈ હોવી |

**લાલ થઈ જવું**
(૧) અધિક સંપત્તિવાન થવું; ન્યાલ થવું
(૨) ક્રોધથી તપી જવું
(૩) ક્રોધનો અભિનય કરવો

**લાલપીળી આંખ કરવી**
ગુસ્સે થવું

**લાલબાઈ મેલવી-લગાડવી**
(૧) ઉતારી પાડવું
(૨) એકલાં રહેવા દેવું
(૩) તુચ્છકારવું
(૪) બાળી મૂકવું

**લાળ લાગવી**
(૧) કાંટાની ઝીણી અણી ખૂંચી જવી
(૨) ચસકો લાગવો
(૩) પ્રીતિ લાગવી

**લાળા ઊઠવા**
અતિશય બળતરા કે ચિંતા થવી

**લાળા ચાવવા**
લૂલો બચાવ કરવો

**લાંઘણ કરવી-નાખવી**
(૧) તદ્દન કોરો ઉપવાસ કરવો
(૨) ત્રાગું કરવું
(૩) પોતાનો હેતુ સાધવા કોઈની સામે લાંઘણ લઈ બેસવું
(૨) ખાવાપીવાના સોગન લઈ આડા થઈ બેસવું
(૩) ભૂખ્યાતરસ્યા બેસી રહેવું; ધામા નાખવા

| | |
|---|---|
| લાંછન લાગવું | આબરૂ જવી |
| લાંબા થઈ જવું | (૧) થાકી જવું; કંટાળી જવું |
| | (૨) પાયમાલ થઈ જવું; મરી જવું |
| લાંબી ખેંચવી | મૃત્યુ પામવું; ઘસઘસાટ ઊંઘવું |
| લાંબી ફાળ ભરવી | ભારે હામ ભીડવી; સાહસ કરવું |
| લાંબી લેખણે લખવું | (૧) પરોણો લઈ બળદ હાંકવો |
| | (૨) મોટા પ્રમાણમાં શક્તિ ઉપરાંત લેવડદેવડ કરવી |
| લાંબી સોડે સૂવું | દેવાળું કાઢવું; મરી જવું; છેલ્લું લાંબી વખતનું સ્મશાનમાં સૂવું |
| લાંબું કાઢવું | ઘણું જીવવું; ઘણા દહાડા જીવવું; લાંબું આયુષ્ય ભોગવવું |
| લાંબું ખાતું પાડવું | પરિચય અથવા વહીવટ વધારવો |
| લાંબું ખેંચવું | ઘણું જીવવું; મોડે સુધી સૂઈ રહેવું |
| લાંબું ચાલવું | ઘણા દિવસ સુધી ટકવું કે નભવું |
| લાંબું થઈ જવું-થવું | (૧) ઊંચેનું લેવા માટે પગનાં આંગળાં ઉપર ઊભા રહી હાથ ઊંચા કરવા |
| | (૨) મરી જવું; પાયમાલ થઈ જવું |
| લાંબે પને હોવું | ઊંચી કાઠીનું હોવું |
| લાંબે સાથરે સૂવું | (૧) દીર્ઘદૃષ્ટિ રાખીને કામ કરવું |
| | (૨) નિરાંત ધરવી |
| | (૩) મરણ પામવું |

| | |
|---|---|
| લાંબો હાથ કરવો | (૧) અડચણ નાખવી |
| | (૨) ભીખ માગવી |
| | (૩) મદદ કરવી |
| | (૪) માગણી કરવી; લાંચ લેવી |
| લીલા કરવી-રમવી-વિસ્તારવી | (૧) રંગરાગભર્યા વિલાસ કરવા |
| | (૨) મૃત્યુ પામવું |
| લીલા ઝાડ હેઠળ ભૂખ્યા રહેવું | છતી સગવડે અગવડ ભોગવવી |
| લીલા-સૂકાનો વિચાર કરવો | યોગ્યાયોગ્ય-સારામાઠાનો વિચાર કરવો |
| લીલાંપીળાં દેખાવાં | (૧) આંખે અંધારાં આવવાં |
| | (૨) ખૂબ નશો ચડવો |
| | (૩) ખૂબ ગભરાઈ જવું |
| લીલું કરવું | (૧) કાંઈ નવુંજૂનું કરવું |
| | (૨) ફાયદો કરવો; સંપત્તિ મેળવવી |
| | (૩) સારું કરવું |
| | (૪) કલ્યાણ કે ઉદય કરવો |
| લીલુંપીળું થવું-થઈ જવું | ગુસ્સે થવું |
| લીલું વાળવું | (૧) ફાયદો કરી આપવો |
| | (૨) કાંઈ સારું ન કરવું |
| લૂગડાં ખંખેરવાં | (૧) પોતાની પાસે કોઈ માલમતા નથી એમ દર્શાવવું |
| | (૨) નામક્કર જવું |
| લૂગડાં લેવાં | (૧) આબરુ લેવી; ફજેતો કરવો |
| | (૨) બહેન-દીકરીને વસ્ત્ર આપવાં |

| | |
|---|---|
| | (૩) વસ્ત્ર ખરીદ કરવાં |
| | (૪) લૂંટવું |
| **લૂગડાં સોતું સંભળાવી દેવું** | (૧) છૂપો ભેદ ખુલ્લો પાડવો |
| | (૨) છૂપું રહસ્ય પ્રગટ કરી દેવું |
| | (૩) મોઢામોઢ કહી દેવું |
| | (૪) સાફ સંભળાવી દેવું |
| **લૂણ ખાવું** | (૧) કોઈનો રોટલો ખાવો |
| | (૨) જેનો રોટલો ખાધો હોય તેના ઓશિંગણ કે વફાદાર રહેવું |
| | (૩) આભાર તળે રહેવું |
| **લેઈ નાખવું** | (૧) અણગમા કે જબરદસ્તીથી ગ્રહણ કરવું |
| | (૨) ઠપકો આપવો |
| | (૩) ધમકાવી કાઢવું |
| **લેખ લખવા** | (૧) છેવટનો નિર્ણય કરવો |
| | (૨) ભવિષ્ય લખવું |
| **લેખાં લેવાવાં** | (૧) દુષ્કર્મો માટે ખુલાસો પુછાવો |
| | (૨) જવાબદાર ગણાવું |
| | (૩) હિસાબ મગાવો |
| **લેખે ગણવું** | ગણતરીમાં લેવું |
| **લેખે લાગવું** | (૧) ઉપયોગમાં આવવું |
| | (૨) મજરે આવવું |
| | (૩) ફળીભૂત થવું |

| | |
|---|---|
| **લેમેલ થવી** | કામ બગડી જતું હોય તેવી પરિસ્થિતિમાં મૂકાવું; તાકીદ કે ઉતાવળની સાથે ગભરાટ આવવો |
| **લેવાઈ જવું** | (૧) ખસિયાણા પડવું |
| | (૨) શરીરે સૂકાવું |
| **લેવાનું દેવું થવું** | (૧) બહુ જ કઠણ સમય આવવો |
| | (૨) ભલાઈ કરતાં બૂરાઈ થવી |
| | (૩) લાભને બદલે હાનિ થવી |
| **લોચા વાળવા** | (૧) ખરું કારણ ન બતાવતાં બીજાં ઓઠાં ધરવાં; ગરબડ-ગોટાળો કરવો |
| | (૨) અસ્પષ્ટ લખવું કે બોલવું |
| **લોટ ઊડવો** | (૧) પાયમાલ થઈ જવું; ખલાસ થઈ જવું |
| | (૨) ભિખારી થઈ જવું |
| | (૩) સડી જવું; ખવાઈ જવું |
| **લોટ ચાટતું કરવું** | (૧) પાયમાલ કરવું |
| | (૨) સાધનરહિત બનાવવું |
| **લોટ ફાકવો** | (૧) કાયરતા દેખાડવી; ગરીબ હાલત થવી |
| | (૨) ગાંડાની માફક ગમે તેમ બકવું |
| | (૩) જખ મારી ખાંડ ખાઈ લાચાર બનવું |
| | (૪) સાધનરહિત સ્થિતિમાં મૂકાવું |

| | |
|---|---|
| **લોહી ઊકળવું** | (૧) ક્રોધ ચડવો; તપી જવું |
| | (૨) બળાપો થવો |
| **લોહી ઉકાળો કરવો** | (૧) કંકાસ કરવો |
| | (૨) હૈયાની બળતરા ક્રોધના આવેશમાં બહાર કાઢવી |
| **લોહી ઊડી જવું** | (૧) ઝાંખા પડી જવું |
| | (૨) નિસ્તેજ થવું |
| | (૩) શરમિંદું થઈ જવું |
| **લોહી પીવું** | (૧) જંપવા ન દેવું |
| | (૨) ચૂસી ખાવું |
| | (૩) ત્રાસ આપવો; સતાવવું |
| **લોહી બળવું** | (૧) ચિંતા થવી; સંતાપ થવો |
| | (૨) લાગણી થવી |
| **લોહીનું પાણી થવું** | (૧) ખૂબ મહેનત પડવી |
| | (૨) શરીર ફિક્કું પડી જવું |
| **લોહીનો કોળિયો ખાવો** | (૧) દિલગીરીનું ખાવું |
| | (૨) શોકના અવસરનું જમણ જમવું |
| | (૩) દુઃખ ને શોકનો ભોગવટો કરવો |
| **વકરો વાંઝિયો ન હોવો** | (૧) વકરો સાવ નફા વગરનો ન હોવો |
| | (૨) કંઈ ને કંઈક તો ફાયદો થવો જ |
| **વખત જોઈને વાત કરવી** | (૧) ટાણું જોઈને વાત કરવી |
| | (૨) વખત વિચારીને વાત છોડવી |
| | (૩) લાગ જોઈને ઘા કરવો |

| | |
|---|---|
| **વખત વખતની છાંયડી** | સુખદુઃખના વારાફેરા |
| **વખાનું માર્યું** | (૧) દુઃખને લીધે, સંકટને કારણે ભૂખમરો કે સંકટથી હણાયેલું<br>(૨) આપત્તિને લીધે આવી ચડેલું |
| **વખારે તાળાં દેવાવાં** | કોઈના વિના કામ અટકી પડવું |
| **વખારે નાખવું** | (૧) ઓછી અગત્ય આપવી<br>(૨) ટાઢો આવકાર આપવો<br>(૩) બહુ દરકાર ન રાખવી |
| **વખો પડવો** | (૧) ખાવાનું ખૂટવું<br>(૨) દુઃખ આવવું |
| **વગ ચલાવવી-લગાડવી** | લાગવગનો ઉપયોગ કરવો |
| **વગે કરવું-પાડવું** | (૧) આડું-અવળું કરવું; છુપાવવું<br>(૨) યોગ્ય ઠેકાણે ગોઠવવું<br>(૩) ઠેકાણે પાડવું; લાગ ને સગવડ હોય તે પ્રમાણે કાર્ય કરવું |
| **વગે પડવું** | (૧) બરાબર ગોઠવાઈ જવું<br>(૨) ખરું સમજાઈ જવું |
| **વગે લગાડવું** | (૧) કોઈ પણ કામમાં લેવું<br>(૨) કામમાં લગાડવું |
| **વગેસગે કરવું** | (૧) આડું-અવળું કરવું<br>(૨) ઠેકાણે પાડી દેવું |
| **વચન તોડવું-બોળવું** | (૧) બોલેલું પાળવું નહિ<br>(૨) બોલ્યું ન બોલ્યું કરવું<br>(૩) બોલીને ફરી જવું |

| | |
|---|---|
| **વજ્રની છાતી કે વજ્જરનું કાળજું** | બીક કે દયાની કશી લાગણી ન હોય તેવું |
| **વટાણા વાવવા કે માપવા** | નાસી જવું |
| **વટાવી ખાવું** | (૧) છેતરવું |
| | (૨) સરસાઈમાં ચડવું |
| **વડનાં વાંદરાં ઉતારે એવું** | મહા ઉધમાતિયું-તોફાની-અટકચાળું |
| **વડી-પાપડ વંઠી જવાં** | કામ બગડી જવું |
| **વણચાવ્યું બીડું ખાવું** | પ્રયત્ન વિના ફળની આશા રાખવી |
| **વણસી જવું** | (૧) બગડી જવું |
| | (૨) વંઠી જવું |
| **વણી નાખવું** | (૧) પાયમાલ કરવું |
| | (૨) તોડીફોડી નાખવું |
| | (૩) નાશ કરવો |
| **વણીને કહેવું-મૂકવું** | (૧) અટકળે કહેવું |
| | (૨) અતિશયોક્તિ કરવી |
| | (૩) ગપ્પાં હાંકવાં |
| **વણીને વાત કાઢવી** | (૧) બનાવટ કરવી |
| | (૨) વાત વધારીને કહેવી |
| **વધાઈ ખાવી** | (૧) કોઈને ખુશખબર પહોંચાડી બદલો મેળવવો |
| | (૨) ખુશખબર લઈ જવી |
| **વન હલાવવું** | ધાંધલ કરવી |
| **વરઘોડાની વાડી** | ક્ષણિક; ખોટા દમામવાળું |

| | |
|---|---|
| **વરઘોડો કરવો** | (૧) ફજેતી કરવી |
| | (૨) વરઘોડે ચડાવવું |
| **વરઘોડો કાઢવો** | (૧) ધતિંગ ઊભું કરવું |
| | (૨) વિઘ્ન આણવું |
| | (૩) ફજેતી કરવી |
| | (૪) વર-ચડાવો કરવો |
| **વરસ કૂતરાને નાખવાં** | (૧) ઉંમર પ્રમાણે શરીર ન વધવું |
| | (૨) જીવન એળે જવું |
| | (૩) આયુષ્ય વેડફાવું |
| | (૪) મૂરખ રહેવું |
| **વરસ દેખાવાં** | (૧) અવસ્થા જણાવી |
| | (૨) ઘડપણની શરૂઆત થવી |
| **વરસને વચલે દિ** | કોઈ એકાદ દિવસ; ક્વચિત; કોઈ વખત |
| **વરસાદની પેઠે વાટ જોવી** | બહુ આતુરતાથી રાહ જોવી |
| **વરસી જવું** | (૧) આપી દેવું |
| | (૨) ખુશ થઈને ઘણું આપવું |
| **વરાળ કાઢવી** | (૧) મન-હૈયાની બળતરા બહાર કાઢવી |
| | (૨) દુ:ખના ઉદ્ગાર કાઢવા |
| **વરે પડવું** | ઉપયોગી થવું |
| **વર્ષ વળવું** | દુકાળ પછીના વર્ષમાં સારું પાકવું |
| **વલખાં મારવાં** | ફાંફાં મારવાં |

| | |
|---|---|
| **વલણ ચૂકવવું** | નફા-નુકસાનની રકમ ચૂકતે કરવી |
| **વલો પડવો** | (૧) વલખાં મારવાં |
| | (૨) નિષ્ફળ જવું |
| **વશનું માણસ હોવું** | (૧) લાગવગ હેઠળનું માણસ હોવું |
| | (૨) સમાન અભિપ્રાયનું માણસ હોવું |
| **વસમી વેળા આવવી** | (૧) કપરા સંજોગો ઊભા થવા |
| | (૨) મુશ્કેલીનો વખત આવવો |
| **વસમું લાગવું** | (૧) ઝોબો આવવો |
| | (૨) બહુ જ દુઃખ થવું |
| **વહાણાં વહી જવાં** | ઘણા દિવસ થઈ જવા |
| **વહેતી નીકે પગ દેવો** | (૧) ચાલતા કામમાં અડચણ કરવી |
| | (૨) ખલેલ કરવી |
| | (૩) ચાલુ પ્રવાહને રોકવો |
| **વહેતું મૂકવું** | (૧) દૂર ખસેડવું |
| | (૨) ધ્યાન પર ન લેવું |
| | (૩) ન ગણકારવું |
| **વળ ઉતારવો** | (૧) અનુકૂળ અને સંતોષકારક વ્યવસ્થા કરવી |
| | (૨) ઘાટ ઉતારવો |
| | (૩) હુંપદ તોડવું |
| | (૪) મમત મુકાવવો |
| **વળ રાખવો** | (૧) અંટસ રાખવી |
| | (૨) પૂર્વગ્રહોને વળગી રહેવું |

| | |
|---|---|
| વળતાં પાણી થવાં | (૧) ઓટ શરૂ થવી |
| | (૨) જોર ઓછું થવું |
| | (૩) ઘડપણ, રોગ, વગેરે શરૂ થવાં |
| વળતી વેળા થવી | (૧) આથમતો દિવસ થવો |
| | (૨) પડતીની દશા થવી |
| વળતો દહાડો-દશા-દિવસ આવવો | સારી સ્થિતિ આવવી; ભાગ્યોદય થવો |
| વળે વળ બેસાડવો | યુક્તિથી બંધબેસતી ગોઠવણ કરવી |
| વંજો માપવો | નાસી જવું |
| વા આવવો | વિચારોનો જોશ બતાવવો |
| વા આવે એમ કરવું | (૧) મનમાં આવે તેમ કરવું |
| | (૨) ઈચ્છાનુસાર વર્તવું |
| | (૩) તરંગવશ વર્તવું |
| વા ખાતું કરવું | (૧) રખડાવવું; પતન કરાવવું |
| | (૨) ન લેખવવું |
| વા જોઈને વહાણ મૂકવું | (૧) મોકો જોઈને કાર્ય સાધવું |
| | (૨) વખત જોઈને વાત કરવી |
| વાના ઘોડા જેવું | તરંગી |
| વા નીકળી જવો | (૧) મરી જવું |
| | (૨) ઘણી મહેનત પડવી |
| વા વાવો | (૧) અસર થવી; ગુણદોષ લાગવા; ઘેલછા આવવી |
| | (૨) પ્રસરવું; વાવાઝોડું થવું |

(૩) સારીમાઠી વાતનો ફેલાવો થવો
(૪) સુખદુઃખ જોવાં કે અનુભવવાં
(૫) ફોગટ ઊડી જવું

**વા સાથે વાતો કરવી** — આપમેળે કે વગર બોલાવ્યે વાતો કર્યા કરવી

**વા-પાણી** — (૧) વાયુ (હવા) અને પાણી જેવું
(૨) અનિત્ય અને અસ્થિર
(૩) ફોગટ

**વાએ ઊડવું** — ફેલાવું; વાત ફેલાવી

**વાએ કમાડ દેવાવાં** — (૧) વાત અંધારામાં જવી
(૨) વાત ઊડી જવી

**વાએ જવું** — (૧) હવા (વાયુ)માં જવું
(૨) ફોગટ જવું

**વાએ વાત ચાલવી** — (૧) મુક્તપણે વાત થવી
(૨) લોકચર્ચાનો વિષય થઈ પડવો
(૩) ચારે બાજુ હકીકત જાહેર થવી

**વાએ વાત જવી** — (૧) જાહેર થઈ જવું
(૨) કશું છાનું ન રહેવું

**વાગતે ઢોલે જવું** — (૧) જાહેર રીતે જવું
(૨) વરઘોડે ચડવું
(૩) ફજેતી થવી

**વાગતો ઘંટ-ઘૂઘરો હોવો** — વાતોડિયો કે બોલકણો માણસ હોવો

| | |
|---|---|
| વાઘ મારવો | (૧) ઘણી બહાદુરીનું કામ કરી બતાવવું |
| | (૨) પરાક્રમ કરવું |
| | (૩) વાઘ મારવા જેવું મોટું પરાક્રમ કરવું |
| વાઘની બોડમાં હાથ ઘાલવો | જોખમભર્યું કાર્ય કરવાનો પ્રયત્ન કરવો |
| વાઘનું મોં લોહિયાળું | એક વખતનો ચોર, હંમેશનો ચોર |
| વાજ આણવું | (૧) કંટાળો આપવો; થકવી દેવું |
| | (૨) તોબા પોકારવી |
| વાજ આવવું | (૧) કાયર થવું |
| | (૨) હારી જવું |
| | (૩) ત્રાસી જવું |
| વાજતું ગાજતું-વાજતે ગાજતે | (૧) જાહેર રીતે |
| | (૨) ધામધૂમથી; ઠાઠમાઠથી |
| | (૩) ઢોલે ડંકા દેતાં આવવું |
| વાટ ઉઠાડીને | નાકામિયાબ બનાવીને |
| વાટ પડવી | (૧) ધાડ પડવી |
| | (૨) લૂંટ થવી |
| વાટ પાડવી | (૧) લૂંટવું |
| | (૨) રસ્તો પાડવો |
| | (૩) છીંડું પાડવું |
| વાટ પાડીને | લૂંટી લઈને |
| વાટ મારવી | પોતાને રસ્તે જવું |
| વાટ મુકાવવી | હરાવવું કે પાછું હઠાવવું; રસ્તો છોડાવવો |

| | |
|---|---|
| **વાટમાં વહેવું** | ભાગી જવું |
| **વાટેથી વઢવાડ લેવી** | રસ્તે ચાલતાં વગર કારણે તકરાર વહોરવી |
| **વાડ ઠેકવી** | મનસ્વીપણે વર્તવું |
| **વાડ તેવો વેલો** | જેવો રાજા તેવી પ્રજા |
| **વાડ વાંસે એરંડો** | મુખ્ય એકને નિમિત્તે બીજાએ લાભ લેવો |
| **વાડમાં પડવું** | રખડતું કે નધણિયાતું હોવું |
| **વાડી લૂંટાવી** | (૧) ધૂળમાં મળી જવું<br>(૨) બગડવું<br>(૩) વીખરાઈ જવું |
| **વાણાતાણા કરવા** | (૧) ગૂંચવી નાખવું<br>(૨) ચૂંથી નાખવું |
| **વાત ઉડાડવી** | (૧) ગપ ચલાવવી<br>(૨) વાત ફેલાવવી |
| **વાત ઊડી જવી** | (૧) મુદ્દો નકામો ગણાઈ બીજી જ વાત નીકળવી<br>(૨) વાત કપાઈ જવી |
| **વાત ખાઈ કે ગળી જવી** | (૧) અરજનો જવાબ આપવો બંધ થવો<br>(૨) સવાલનો જવાબ ન આપવો<br>(૩) મુદ્દો દબાવી દેવો |
| **વાત ગળે ઊતરવી** | સમજમાં આવવું |
| **વાત ચલાવવી-છેડવી** | (૧) અફવા ચલાવવી<br>(૨) ગપ હાંકવી<br>(૩) વાતચીતનો વિષય ખોલવો |

| | |
|---|---|
| **વાત ચાલવી-થવી** | (૧) ગપ ચાલવી; ગપાટો ચાલવો; ચર્ચા ચાલવી |
| | (૨) નિંદા થવી; હકીકત કે બીના રજૂ થવી કે કહેવાવી |
| **વાત નહીં, વાતનો પાયો નહીં** | આધાર વિનાની વાત |
| **વાત બગડવી-વધવી-વંઠવી** | (૧) આબરૂ ખોવી |
| | (૨) કાબૂ બહાર જવું |
| | (૩) અમર્યાદ થવું |
| | (૪) મામલો વધારે તેજ થવો |
| **વાત ભારે પડી જવી** | કરેલા કામનું પરિણામ સહન ન કરી શકાય તેવું આવવું |
| **વાત મારી જવી** | (૧) ધ્યાન ન આપવું; મુદ્દો કે મુદ્દાની બાબત ઊડી જવી |
| | (૨) ધારેલી બાબત પાર ન પડવી |
| | (૩) ખેલ કથળી જવો |
| | (૪) ધાર્યું ન થવું |
| **વાત વધી પડવી** | (૧) ઉશ્કેરાઈ જવું |
| | (૨) રજનું ગજ થઈ જવું |
| **વાતના તડાકા-ફડાકા** | ગપ્પાં; ટાઢા પહોરની વાતો |
| **વાતનું વતેસર કરવું** | (૧) મામૂલી વાતને છેક મોટી કરવી |
| | (૨) લંબાવી લંબાવીને કહેવું |
| **વાતોનાં વડાં-વાળું કરવાં** | નકામી લાંબી વાતો કર્યા કરવી; ખાલી લાંબી વાતો કરવી |

| | |
|---|---|
| વાદળ આવવું-ચડવું-ચડી આવવું | (૧) આકાશમાં વાદળાં ભેગાં થવાં<br>(૨) આફત આવી પડવી |
| વાદળ ઘેરાવું | (૧) આકાશ વાદળાંથી છવાઈ જવું<br>(૨) ભય કે સંકટ ઝઝૂમવું |
| વાદળ તૂટી પડવું | એકસામટું દુઃખ આવી પડવું |
| વાદળ વીખરાવું-વેરાવું | (૧) ઉઘાડ નીકળવો; વાદળ ખસી જવું<br>(૨) લપ જવી<br>(૩) સંકટ કે દુઃખ ઊતરી જવું |
| વાયડું થવું | (૧) દોઢડહાપણ ચલાવવું<br>(૨) હઠમાં આવવું |
| વાયદે ચડાવવું | (૧) ખોટું લાગવું<br>(૨) માઠું લાગવું |
| વાયરે ચડવું | (૧) એક પછી એક મુદત મળવી<br>(૨) ટલ્લે ચડવું |
| વાયરો ખાવો | (૧) ઊંચી સ્થિતિમાં આવી જતાં ફૂલાવું<br>(૨) ખૂબ ખીલવું; લહેરમાં આવવું<br>(૩) કોઈના કહેવાથી ઉશ્કેરાઈ જવું<br>(૪) ખોરંભે પડવું |
| વાયરો નીકળી જવો | (૧) થાકીને લોથ થઈ જવું<br>(૨) ઠૂશ નીકળી જવી<br>(૩) મરણતોલ થઈ જવું |
| વારણે જવું | (૧) ખૂબ પ્રસન્ન થઈ જવું<br>(૨) કુરબાન કરવું |

| | |
|---|---|
| **વારી જવું** | (૧) ઓવારણાં લેવાં; ફિદા ફિદા થઈ જવું |
| | (૨) બલા કે રોગદોગ લેવો |
| | (૩) મોહી પડવું; મુગ્ધ થઈ જવું |
| | (૪) વહાલમાં ભાગ આપવો; કુરબાન થઈ જવું |
| **વાર્યું કરવું** | (૧) રોક્યું રોકાવું |
| | (૨) સલાહ માનવી |
| **વાવટો ઉડાડવો** | (૧) ફજેત કરવું |
| | (૨) નાલેશી જાહેર કરવી |
| | (૩) વિજયી થવું |
| **વાસીદામાં સાંબેલું જવું** | અશક્ય કામ દેખાવું |
| **વાળ ઊભા થવા** | રોમાંચ થવો, ઘણી નવાઈ લાગવી |
| **વાળ વાંકો ન થવો** | જરા પણ ઈજા ન થવી |
| **વાંકી નજરે જોવું** | (૧) અપ્રસન્નતા દેખાડવી |
| | (૨) કુદૃષ્ટિ કરવી |
| | (૩) ગુસ્સે થવું |
| | (૪) છાનામાના જોવું |
| **વાંકી પાઘડી મૂકવી** | (૧) છેલાઈ કરવી |
| | (૨) ટાપટીપ કરવી |
| | (૩) દેવાળું કાઢવું |
| **વાંકું ચાલવું** | (૧) અનીતિને રસ્તે ચાલવું |
| | (૨) આડું ચાલવું |

| | |
|---|---|
| **વાંકું થવું** | માઠું થવું; ગુસ્સે થવું; ઊલટી અસર થવી |
| **વાંકું પડવું** | (૧) ઊલટું લાગવું |
| | (૨) માઠું લાગવું |
| | (૩) દોષ દેખાવો |
| **વાંકું બોલવું** | (૧) આડું કે જૂઠું બોલવું |
| | (૨) કબૂલ્યા કરતાં જૂઠું કહેવું |
| **વાંકું મોં કરવું** | (૧) મોં મરડવું |
| | (૨) અવળું જોવું |
| **વાંકો દહાડો થવો** | (૧) કમબખ્તીનો સમય આવવો |
| | (૨) પડતી દશા આવવી |
| **વાંસો થાબડવો** | ઉત્તેજન કે શાબાશી આપવી |
| **વાંસો ભારે થવો** | (૧) માર ખાવાનાં લક્ષણ થવાં |
| | (૨) વાંસામાં માર મારી હલકો કરવાની જરૂર પડવી |
| | (૩) મિજાજ વધવો; માર મારવો |
| **વિખ વાવવું** | શત્રુવટનું મૂળ રોપવું |
| **વિચાર દોડાવવો** | કલ્પના કરવી |
| **વિચાર ભમવો** | મન અસ્થિર હોવું |
| **વિચાર રાખવો** | (૧) વિવેક રાખવો |
| | (૨) મર્યાદા રાખવી |
| **વિવાહ પહેલાં માંડવો રોપવો** | (૧) પ્રસંગ પહેલાં સજાવટ કરવી |
| | (૨) મરતાં પહેલાં ઘોર ખોદવી |

| | |
|---|---|
| વીજળી વેગે જવું | (૧) ખૂબ ઝડપે જવું<br>(૨) તેજ ગતિએ જવું |
| વીમો કરવો-ખેડવો | (૧) જોખમમાં ઊતરવું<br>(૨) સાહસ કરવું |
| વીસ વસા થવું | પૂરું થવું; પાર ઊતરવું |
| વીંટીમાંનું નંગ હોવું | કાબેલ; પહોંચેલું; ઉસ્તાદ; અળવીતરું; લુચ્ચું હોવું |
| વેચી ખાય એવું હોવું | ગાંજ્યું ન જાય કે પતન કરે તેવું હોવું |
| વેઠ કાઢવી-વાળવી | મન વગરનું જેમતેમ કામ કરવું |
| વેઠે કંકોડી દળવી | નકામો પ્રયત્ન કરવો |
| વેઢા ગણવા | (૧) આતુરતાથી રાહ જોવી<br>(૨) વેઢા ગણી હિસાબ ગણવો<br>(૩) ગણતરી કરવી |
| વેઢે ગણાય એટલું | બહુ જૂજ સંખ્યામાં |
| વેતરણ રાખવી | સગવડ રાખવી |
| વેતરણમાં હોવું | તજવીજમાં હોવું |
| વેદ ભણવા | વેદ ભણવા જેવું ભારે મુશ્કેલ કામ કરવું |
| વેલો વધવો | કુટુંબ કે પરિવાર વધવો |
| વેળા ભજવી | ઓચિંતી ભારે આફત આવવી |
| શનિની દશા બેસવી | વિઘ્ન ઉપર વિઘ્ન આવવાં |
| શંખ ફૂંકવો | (૧) ઉત્તેજન આપવું; ફોગટ ફાંફાં મારવાં; દેવાળું કાઢવું; હારી જઈ અધવચ્ચે પડતું મૂકવું |

| | |
|---|---|
| | (૨) ભોપાળું બતાવી દેવું |
| | (૩) લાચારી અનુભવવી |
| **શંખ વાગવો** | (૧) ખાલીખમ થઈ જવું |
| | (૨) ખલાસ થઈ જવું |
| | (૩) ખાવાપીવાનું ખૂટી જવું |
| **શાતા વળવી** | (૧) શાંતિ મળવી |
| | (૨) નિરાંત વળવી |
| | (૩) સુખ થવું |
| **શાપ આપવો-દેવો** | બૂરું ઈચ્છવું |
| **શાપ લાગવો** | અમંગળ થવું |
| **શારડીથી શારવું** | મેણાં મારીને તથા દુઃખ દઈને સંતાપવું |
| **શાલ ઓઢાડવી** | (૧) ઈનામ-બક્ષિસ આપવી |
| | (૨) નિંદા કરવી |
| | (૩) વાંકું બોલવું |
| **શિખરે ચડાવવું** | (૧) કોઈ કામને ઉચ્ચ રીતે પાર ઉતારવું |
| | (૨) ફૂલાવવું; હદથી વધારે વખાણ કરવાં; માથે ચડાવવું |
| **શિંગડાં માંડવાં** | (૧) જોશભેર સામે થવું |
| | (૨) શિરજોરી કરવી |
| | (૩) સામા થવું |
| **શીશ સાટે** | જીવનો ભોગ આપીને |
| **શીશામાં ઉતારવું** | (૧) છેતરીને કાબૂમાં લેવું-વશ કરવું |
| | (૨) સમર્થને પણ પોતાની ધારણા કબૂલ કરાવવી |

| | |
|---|---|
| શુક્રવાર થવો-વળવો | (૧) લાભ થવો |
| | (૨) નસીબ ઉઘડવું |
| | (૩) ફતેહ થવી |
| શૂળી ઉપર સૂવા જવું | જીવને જોખમે ઝંપલાવવું |
| શેકી નાખવું | સંતાપવું |
| શેર લોહી ચઢવું-ચઢાવવું | (૧) હદ ઉપરાંત ખુશ કરવું |
| | (૨) આનંદમાં મસ્ત થવું |
| શ્રાવણ-ભાદરવો વહેવો-વરસવો | (૧) પુષ્કળ આંસુ આવવાં |
| | (૨) ચોધાર આંસુ સારવાં |
| શ્રીફળ આપવું-પકડાવવું | (૧) રજા આપવી |
| | (૨) બરતરફ કરવું |
| શ્વાસ ઊડી જવો | (૧) ભયને લીધે ધ્રાસકો પડવો |
| | (૨) મરી જવું |
| શ્વાસ કાઢી નાખવો | (૧) થકવવું |
| | (૨) મરણતોલ કરવું |
| | (૩) સંતાપવું |
| શ્વાસ હેઠે બેસવો | નિરાંત વળવી |
| સગડ મેલવો | પીછો છોડવો |
| સગડી માથે લેવી | બીજાની આપદા વહોરી લેવી |
| સગેવગે કરવું | આડુંઅવળું ગોઠવી દઈ બચી જવું |
| સજ્જડ થવું | (૧) હેબતાઈ જવું |
| | (૨) મરી જવું |

| | |
|---|---|
| **સડક થઈ જવું** | સ્તબ્ધ થઈ જવું |
| **સણકો થવો-લાગવો** | (૧) એકાએક વેદના થવી |
| | (૨) માઠું લાગવું |
| | (૩) માઠું લાગવાથી એકાએક અચકી પડવું |
| **સનસનાટી ફેલાઈ જવી** | બધું જ એકાએક આશ્ચર્યકારક થવું |
| **સપાટો કાઢી નાખવો** | (૧) ખો ભુલાવી દેવી |
| | (૨) ધમકાવવું |
| | (૩) મારવું |
| **સફાઈ મારવી-હાંકવી** | ખોટું અભિમાન કરવું |
| **સફાઈમાંથી હાથ ન કાઢવો** | (૧) ખોટી બડાઈ કર્યા કરવી |
| | (૨) પોતાની નિર્દોષતા રજૂ કર્યા કરવી |
| **સમય ભરાઈ જવો** | (૧) અવકાશ ન રહેવો |
| | (૨) વખત પૂરો થઈ જવો |
| | (૩) મૃત્યુ નજીક આવવું |
| **સરસ્વતી ભણવી-સંભળાવવી** | ગાળ દેવી |
| **સરાડે ચડવું** | (૧) રસ્તે ચડવું |
| | (૨) બંધબેસતું આવવું |
| **સરાણે ચડાવવું** | (૧) આરંભ કરી આપવો |
| | (૨) ઉશ્કેરી આપવું |
| | (૩) ધાર કાઢવી |
| | (૪) પાર પાડવું |

| | |
|---|---|
| **સવા શેર** | સંપૂર્ણ; ધાર્યાથી વધ, વધુ સમર્થ |
| **સવામણની તળાઈમાં સૂવું** | નિશ્ચિત થવું |
| **સવાર થવું** | (૧) કોઈના ઉપર કાબૂ મેળવવો |
| | (૨) તકાદો કરવો; ઘોડા કે વાહન ઉપર બેસવું |
| | (૩) ખૂબ ગુસ્સે થવું |
| | (૪) શિરજોરી કરવી |
| **સસલાનું શિંગડું શોધવું** | ફોગટ ફાંફાં મારવાં |
| **સળ ન સૂઝવી** | કશી ગમ ન પડવી |
| **સળ બેસવા** | (૧) મેળ પડવો |
| | (૨) સરળતા પ્રાપ્ત થવી |
| **સળ બેસાડવા** | બરાબર સમજાવી લેવું |
| **સળી કરવી-સળેકડું કરવું** | (૧) અકળાવવું |
| | (૨) અટકચાળું કરવું |
| | (૩) ઘોંચપરોણા કરવા |
| | (૪) ઉશ્કેરવું; ખીજવવું |
| **સંઘ કાશીએ જવો** | ધારેલા અર્થની સિદ્ધિ થવી; મનની મુરાદ પાર પડવી |
| **સંસાર તરવો** | સંસાર-વ્યવહારમાં કુશળ થઈ સારી રીતે ઘર ચલાવવું; ઈશ્વરને ઓળખવો |
| **સંસાર માંડવો** | પરણવું; દુનિયાદારીમાં પડવું |
| **સંસારસાગરમાં ડૂબવું** | પાપી થવું; કરમ બાંધવું |
| **સાકર પીરસવી** | (૧) મીઠું બોલી કામ કઢાવી લેવું |
| | (૨) ખુશામત કરવી |

| | |
|---|---|
| **સાચાંખોટાં કરવાં** | (૧) કાન ભંભેરવા |
| | (૨) સાચાનું જૂઠું અને જૂઠાનું સાચું ઠોકી બેસાડવું |
| **સાડા બાર ગણી જવા** | (૧) નાસી જવું |
| | (૨) છટકી જવું |
| **સાડા બાર વાગવા** | (૧) નાશ થવાની સ્થિતિ આવવી |
| | (૨) આવી બનવું |
| **સાડાસાતી આવવી-બેસવી** | (૧) સાડાસાત વર્ષની પનોતી બેસવી |
| | (૨) એકેય ધાર્યું કામ પાર ન પડવું |
| **સાણસામાં આવવું** | (૧) ઠપકામાં આવવું |
| | (૨) મુશ્કેલી કે અડચણમાં આવવું |
| | (૩) વશ થઈ જવું |
| | (૪) હેરાન થવું |
| **સાતે ઘોડે સાથે ચડવું** | બધાં કામ સાથે કરવાં |
| **સાતપાંચ ગણવા** | (૧) નાસી જવું |
| | (૨) પલાયન થવું |
| **સાતપાંચ થવી કે વીતવી** | (૧) શું કરવું તે સૂઝે નહીં તેવી સ્થિતિમાં આવી પડવું |
| | (૨) મહામુશ્કેલી થવી |
| **સાત પેઢી ઉકેલવી** | સાત પેઢીની નિંદા કરવી |
| **સાતમે આસમાને ચઢવું-જવું-પહોંચવું** | (૧) અતિશય મગરૂર થવું |
| | (૨) ખૂબ ગર્વ કરવો |
| | (૩) સંહાર કરવો |
| | (૪) વિનાશ કરવો |

| | |
|---|---|
| સાપે છછૂંદર ગળવું | કપરી મુશ્કેલીમાં આવવું |
| સાફ કરવું- કરી દેવું | (૧) ઉડાવી દેવું; ધોઈ નાખવું; સ્વચ્છ કરવું |
| | (૨) નડતર દૂર કરવું; પાયમાલ કરી નાખવું |
| | (૩) સૂપડેથી ઝાટકવું |
| સામાં શિંગડાં માંડવાં | (૧) મર્યાદા મૂકીને ઘૂરકવું |
| | (૨) આજ્ઞા ઉલ્લંઘવી |
| | (૩) સામા થવું |
| સામી પાઘડી મૂકવી | શત્રુવટ ધરાવવી |
| સામે પૂર જવું | કહીએ તેનાથી વિરુદ્ધ ક્રિયા કરવી |
| સાલ કાઢવું-ટાળવું | (૧) આડખીલી દૂર કરવી |
| | (૨) કાસળ કાઢવું |
| | (૩) બંધબેસતો સાંધો બનાવવો |
| સાંકડે આવવું | હરકત કે મુશ્કેલીમાં આવી પડવું |
| સાંજ-સવાર કરવી | વાયદા કરવા |
| સાંધા કરવા | (૧) આઘાપાછી કરવી |
| | (૨) સાચીખોટી વાતો ભેળવીને ઉશ્કેરવું |
| સિતારો પાધરો ન હોવો | અવળી દશા હોવી |
| સિંદૂર ફેરવવું | (૧) ધૂળમાં મેળવવું |
| | (૨) નકામું કરી દેવું |
| સીધું જોખવું | માર મારવો |

| | |
|---|---|
| **સુખડી આપવી** | બક્ષિસ આપવી |
| **સુખડી જમાડવી** | માર મારવો |
| **સુવાડી દેવું** | મારી નાખવું |
| **સૂઈ જવું** | (૧) ખર્ચાના માર્યા ખરાબ થઈ જવું |
| | (૨) ચગતા કનકવાનું નીચા નમી છાપરા વગેરે પર પડવું |
| | (૩) મરી જવું; બંધ પડવું |
| | (૪) હિંમત હારી જવી |
| **સૂકો વાંસ મારવો** | ચોખ્ખી ના પાડવી |
| **સૂતો સાપ જગાડવો** | હાથે કરીને દુશ્મન ઊભો કરવો |
| **સૂરજ ચડતી કળાએ હોવો** | (૧) ઉન્નતિનો સમય હોવો |
| | (૨) દિવસ ચડતો હોવો |
| **સૂરજ તપતો હોવો** | ચડતી હોવી |
| **સૂરજ સામે ધૂળ ઉડાડવી** | અધિક બળવાળા સાથે બાથ ભીડવી |
| **સે પૂરવી** | (૧) ટેકો આપવો |
| | (૨) મદદગાર નીવડવું |
| | (૩) બરકત જણાવી |
| **સોકટી મારવી** | (૧) ચોટ લાગવી |
| | (૨) ધારેલું કામ પાર પાડવું |
| | (૩) કામ સાધી લેવું; સામાના મહોરાને બાજીમાંથી ઉડાડવું |
| **સોકટી વાગવી** | (૧) યુક્તિ ફળવી |
| | (૨) હેતુ પાર પડવો |

| | |
|---|---|
| **સોડ તાણવી-તાણીને સૂવું** | (૧) આળસુ થઈ પડ્યા રહેવું |
| | (૨) નિરાંતે સૂવું; મરી જવું |
| | (૩) પગથી માથા સુધી ઓઢવું |
| | (૪) રિસાઈને સૂવું |
| **સોના સાઠ કરવા** | (૧) આબરૂ ખોવી |
| | (૨) ખોટ ખાવી |
| **સોનાના પારણે ઝૂલવું** | ગર્ભશ્રીમંત હોવું |
| **સોપો પડવો** | નીરવ શાંતિ થવી |
| **સોળે અંશ** | સંપૂર્ણ |
| **સોળે સંસ્કાર થઈ ચૂકવા** | બધાં સુખદુ:ખ વીતી ચૂકવાં |
| **સોંઘુંમોંઘું થવું** | (૧) માન માગવું |
| | (૨) આગ્રહની અપેક્ષા કરવી |
| **સોંસરું ઊતરી જવું** | બહુ અસર થવી |
| **સ્વાદ ચખાડવો** | (૧) અનુભવ કરાવવો |
| | (૨) મારવું |
| | (૩) સ્વાદ કરાવવો |
| **સ્વાહા કરવું** | (૧) ઉચાપત કરવી |
| | (૨) ગળી જવું |
| | (૩) ખાઈ જવું |
| **હક્કાબક્કા થઈ જવું** | ડઘાઈ જવું; વ્યાકુળ થઈ જવું |
| **હજમ કરવું** | (૧) વગર હક્કે બીજાની માલમતા પોતાના કામમાં લેવી |
| | (૨) ઉચાપત કરવી |

| | |
|---|---|
| હજાર ઘંટીનો લોટ ખાવો | ઘણો અનુભવ લેવો |
| હડકવા હાલવો | (૧) બહાવરું બનવું |
| | (૨) ચીડિયા અને ઉતાવળા સ્વભાવનું બનવું |
| હડધૂત કરવું | તરછોડવું |
| હડપ કરવું-કરી જવું | (૧) અન્યાયી રીતે પડાવવું |
| | (૨) એકદમ ગળે ઊતરી જવું |
| હડિયાપટ્ટી કરવી-કાઢવી | (૧) દોડાદોડી કરવી |
| | (૨) ધીંગામસ્તી કરવી |
| હડી કાઢવી કે મૂકવી | (૧) કોઈ કામ કરવા ઉતાવળા થવું |
| | (૨) ઝપાટાબંધ દોડવું |
| | (૩) વધુ પડતું ખર્ચ કરવું |
| હડે હડે કરવું | (૧) ખુવાર થવું |
| | (૨) હડધૂત થવું |
| હતું ન હતું થવું | (૧) નાશ થવો; મરી જવું |
| | (૨) પાયમાલ થવું |
| | (૩) દૃષ્ટિ બહાર જવું |
| હથિયાર હેઠાં મૂકવાં | (૧) પ્રવૃત્તિ તજી દેવી |
| | (૨) હાર કબૂલ કરવી |
| હથેળીમાં નચાવવું-રમાડવું | (૧) મરજી માફક ખેલાવવું |
| | (૨) લાડ કરી ખુશ કરવું |
| હથેળીમાં રાખવું | (૧) અતિશય માયામમતા બતાવવી |
| | (૨) પાસે રાખી ઝુલાવવું |
| | (૩) ફૂલાવવું |

| | |
|---|---|
| **હથેળીમાં સ્વર્ગ બતાવવું** | (૧) ઠગવું |
| | (૨) છેતરવું |
| | (૩) લાલચ બતાવવી |
| **હથોટી પડવી** | કામની આવડત આવવી |
| **હથોટી બેસવી** | કામ કરવાની ઝડપ અને મહાવરો થવો |
| **હબક લાગવી** | હેબતાઈ જવું |
| **હમચી ખૂંદવી** | નાચ્યા કરવું; ધમાલ કરવી |
| **હરખ કરવા જવું** | ખુશાલી વ્યક્ત કરવા જવું |
| **હરામનું ખાવું** | (૧) પારકી મહેનત ઉપર જીવવું |
| | (૨) આળસુ થઈ પડી રહેવું |
| **હલકું કરવું-પાડવું** | (૧) મન ખાલી કરવું |
| | (૨) મદ ઉતારવો; ગર્વ ઉતારવો |
| | (૩) માર મારીને અશક્ત કરવું |
| | (૪) વજનમાં ઓછું કરવું |
| **હલેસાંએ તરવું** | પોતાની પાસે સાધન અને આત્મબળ હોય તો તે વડે કામ કરીને ફતેહ મેળવવી |
| **હવનમાં હાડકાં નાખવાં** | (૧) સારા કામમાં દખલ કરવી |
| | (૨) યજ્ઞકાર્યમાં વિઘ્ન કરવું |
| | (૩) રંગમાં ભંગ પાડવો |
| **હવા ઊડવી** | વાત ચાલવી |
| **હવા ખાવી** | (૧) કંઈ ન મળવું |
| | (૨) ફોગટ જવું |

| | |
|---|---|
| **હવા સાથે લડવું** | (૧) નકામું લડી મરવું |
| | (૨) વા સાથે વાતો કરવી |
| **હવાઈકિલ્લા બાંધવા** | શેખચલ્લીના વિચાર કરવા |
| **હવામાં ઊડી જવું** | (૧) ખાલી કે નકામું જવું |
| | (૨) ગુમ થવું |
| **હવામાં બાચકા ભરવા** | મિથ્યા પ્રયાસ કરવો |
| **હવામાં હીંચકા ખાવા** | (૧) કામધંધા વિના રહેવું |
| | (૨) ઝોલાં ખવાવાં |
| | (૩) ટિચાવું |
| **હસતાં હાડ ભાંગવાં** | મીઠી બોલીમાં ઠપકો આપવો |
| **હસવામાંથી ખસવું થવું** | (૧) રજમાંથી ગજ થવું |
| | (૨) મશ્કરી કરવા જતાં માઠું પરિણામ આવવું |
| **હસવું ને લોટ ફાકવો** | એકસાથે પરસ્પર વિરોધી કરવું કે આચરવું |
| **હસી કાઢવું** | (૧) મશ્કરીમાં ગણી કાઢવું |
| | (૨) લેખામાં ન લેવું |
| **હસી નાખવું** | (૧) નમાલું ગણવું |
| | (૨) મજાકમાં ગણવું |
| | (૩) લક્ષમાં ન લેવું |
| | (૪) હસી પડવું |
| **હળદર ફટકડી કરવી** | (૧) આબરૂ ઘટે તેમ કરવું |
| | (૨) ફજેતી કરવી |
| | (૩) નુકસાનીમાં ઉતારવું |

| | |
|---|---|
| હળવા થવું | ખાનગી કે ખટકતી વાત કહીને નિરાંત અનુભવવી |
| હાકાબાકા ઊડી જવા | ગભરાઈ જવું |
| હાડ જવું | (૧) ખરું રૂપ પ્રકાશવું |
| | (૨) વંઠી જવું |
| હાડ ભાંગવાં-હાડકાં ભાંગવાં | (૧) સખત માર મારવો |
| | (૨) ખૂબ મહેનત કરવી |
| હાડકાં ખોખરાં કરવાં-નરમ કરવાં | (૧) માર મારવો |
| | (૨) માર મારી હલકું કરવું |
| હાડકાં ચાલવાં | કામ કરવાની શક્તિ હોવી |
| હાડકાં ચોરવાં | આળસ કરવી |
| હાડકાં રંગવાં | (૧) ખૂબ માર મારવો |
| | (૨) અતિશય નુકસાન કરવું |
| હાડકું નમાવવું | નીચા નમી મહેનત કરવી |
| હાડોહાડ લાગવું | બહુ ઊંડી અસર થવી |
| હાથ આપવો | (૧) મદદ કરવી |
| | (૨) સહાય કરવી |
| હાથ ઉઠાવવો | (૧) હક મૂકી દેવો |
| | (૨) સત્તા છોડી દેવી |
| | (૩) મારવાની તજવીજ કરવી |
| હાથ ઉપાડવો | માર મારવાની તજવીજ કરવી |
| હાથ કરડવા | ઉતાવળ કરવી |

**હાથ કાપી આપવા**
(૧) સહી-કબૂલાત આપ્યેથી વચમાં બંધાયેલા રહેવું
(૨) હસ્તાક્ષર આપવા

**હાથ કાળા કરવા**
(૧) કોઈ કલંકિત કામમાં સામેલ થઈ કલંક વહોરવું

**હાથ ખંખેરવા**
(૧) પ્રયત્ન છોડી દેવો
(૨) કોઈ જોખમ ભરેલા કામમાંથી હાથ ખસેડી લેવો
(૩) કામમાંથી ફારગત થઈ જવું
(૪) આશા છોડવી-મૂકવી; ઉડાવી દેવું
(૫) પાર મૂકવું

**હાથ ખેંચવો**
લોભ કરવો

**હાથ ખેંચી લેવો**
(૧) પ્રવૃત્તિમાંથી મુક્ત થઈ જવું
(૨) મદદ કરતાં બંધ થવું

**હાથ ઘસવા**
(૧) પસ્તાવો કરવો
(૨) પશ્ચાતાપ દર્શાવવો
(૩) હારી થાકવું

**હાથ ચોખ્ખો હોવો**
(૧) નિરપરાધી હોવું
(૨) પ્રામાણિક અને વિશ્વાસુ હોવું

**હાથ છૂટો હોવો**
(૧) મારવાની ટેવ હોવી
(૨) ઉદાર હોવું; ખર્ચાળ હોવું

| | |
|---|---|
| **હાથ જવો** | (૧) ટેકો જવો |
| | (૨) આધાર જવો |
| | (૩) હિંમત હારી જવી |
| **હાથ જોડવા** | કાલાવાલા કરવા, વિનંતી કરવી |
| **હાથ જોવો** | (૧) સામર્થ્ય જોવું |
| | (૨) શક્તિ-શારીરિક બળની પરીક્ષા કરવી |
| **હાથ ઝાટકવા** | જવાબદારીમાંથી મુક્ત થવું |
| **હાથ ઝાલવો-પકડવો** | (૧) મદદ કરવી |
| | (૨) આશરો આપવો |
| **હાથ ટાઢા કરવા** | (૧) સુખનો લહાવો લેવો |
| | (૨) દાન આપી સંતોષ પામવો |
| **હાથ ઠરવો** | (૧) ટેવાવું |
| | (૨) સારો અનુભવ થવો |
| **હાથતાળી આપવી** | (૧) છેતરવું |
| | (૨) નમકહરામ નીવડવું |
| | (૩) છટકી જવું |
| **હાથ દાબમાં આવવો** | (૧) ઉપકાર તળે આવવું |
| | (૨) સંકડામણમાં આવવું |
| **હાથ દાબવો-ચાંપવો** | (૧) ચૂપ રાખવું |
| | (૨) લાંચ આપવી |
| | (૩) સંકેત કરવો |

**હાથ દેખાડવો-બતાવવો**
(૧) આવડત બતાવવી
(૨) ખો ભુલાવે તેવી શિક્ષા કરવી
(૩) તાકાતનો પરચો આપવો
(૪) ભવિષ્ય જોવડાવવા હાથ ધરવો

**હાથ ધોઈ નાખવા**
(૧) આડો આંક વાળવો; આશા મૂકવી
(૨) કામ હાથમાંથી છોડી દેવું
(૩) ખતમ કરવું; જવાબદારી છોડી દેવી
(૪) દેવાળું કાઢવું

**હાથ નાખવો**
(૧) કોઈ બાબતમાં વચ્ચે પડવું
(૨) કૂટવું
(૩) તરાપ મારવી; લૂંટવું

**હાથ નીચા પડવા**
(૧) નિરાશ થવું
(૨) નાસીપાસ થવું
(૩) નિષ્ફળ જવું

**હાથ પર લેવું**
(૧) પોતાની તરફનું કરવું
(૨) શરૂ કરવું

**હાથ પીઠીવાળા કરવા**
પરણાવી દેવું

**હાથ ફેરવવો**
(૧) ઉચાપત કરવી; ઉપરથી સારું લગાડવું
(૨) પંપાળવું; વલૂરવું
(૩) સુધારો-વધારો કરવો
(૪) હાથ વડે ચોપડવું; રંગવું

| | |
|---|---|
| **હાથ ફેરવી જવું** | ચોરી જવું |
| **હાથ બાળવા** | (૧) આગોતરી કબૂલાત આપવી |
| | (૨) જાતે કામ કરવું |
| | (૩) હાથે રસોઈ કરવી |
| **હાથ બેસવો** | સારો અનુભવ થવો; ટેવાવું |
| **હાથ ભરવા** | લાંચ આપવી |
| **હાથ મારવો** | (૧) ઉચાપત કરવી; ચોરવું; રંગરોગાન ઇત્યાદિ પ્રવાહી ચોપડવું |
| | (૨) સારી પેઠે ખોવું |
| | (૩) સારી પેઠે પડાવવું |
| **હાથ મોં ભણી વળવો** | પોતાનો સ્વાર્થ પહેલાં સાધવો |
| **હાથ લાંબો કરવો** | (૧) ઉદારતા બતાવવી |
| | (૨) મદદ કરવી |
| **હાથ લાગવું** | (૧) મળી આવવું |
| | (૨) જડવું |
| **હાથ સંકડાશમાં હોવો** | નાણાંની તંગીમાં હોવું |
| **હાથ સારો હોવો** | (૧) પ્રવાહી હોવું |
| | (૨) પ્રામાણિક હોવું |
| | (૩) ચોખ્ખું હોવું |
| **હાથ હલકો હોવો** | કોઈ કામમાં હોશિયાર હોવું |
| **હાથ હેઠા પડવા** | (૧) નિરાશ થવું |
| | (૨) નિષ્ફળ જવું |
| | (૩) લાચાર થવું |

| | |
|---|---|
| **હાથ હોવો** | સામેલગીરી હોવી |
| **હાથથી જવું** | (૧) હાડ જવું |
| | (૨) વહી જવું |
| | (૩) આડે રસ્તે ઊતરી જવું |
| | (૪) ખરાબ થવું |
| **હાથની ચળ ઉતારવી** | (૧) વગર કારણે મારવું |
| | (૨) મારવાની ઇચ્છા પૂરી કરવી |
| **હાથપગ ગળી ભાંગી જવા** | (૧) કામ કરવાની દાનત ન હોવી |
| | (૨) સહાય વિનાનું થવું |
| | (૩) હિંમત હારી જવી |
| | (૪) હોશ જતા રહેવા |
| **હાથપગ જોડીને બેસવું** | કામધંધા વગરનું બેસી રહેવું |
| **હાથપગ હલાવવા** | (૧) કામ કરવું |
| | (૨) મહેનત કરવી |
| **હાથફેરો કરવો** | (૧) ઉઠાવી જવું |
| | (૨) ચોરી કરવી |
| | (૩) પંપાળવું |
| **હાથમાં ચાંપવું કે દાબવું** | લાંચ આપવી |
| **હાથમાં રહેવું** | (૧) કબજામાં રહેવું |
| | (૨) અંકુશમાં રહેવું |
| | (૩) જતું ન રહેવું |
| | (૪) બચવું; વપરાઈ ન જવું |

| | |
|---|---|
| હાથમાં લેવું | (૧) કોઈ કામ કરવાનું માથે લેવું |
| | (૨) શરૂ કરવું |
| | (૩) વશ કરવું |
| હાથી ઝૂલવા | અઢળક સંપત્તિના માલિક હોવું |
| હાથે ચૂડી પહેરવી | કાયર હોવું |
| હાથેપગે લાગવું | આજીજી કરવી |
| હાથેવાળો મેળવવો | (૧) પરણાવવું |
| | (૨) હાથોહાથની લડાઈ કરવી |
| હાથોહાથ કરવું | સહકારથી કરવું |
| હામી ભરવી | (૧) જામીન થવું, સંમતિ દર્શાવવી |
| | (૨) બાંયધરી આપવી |
| હાર ઉતારવો | (૧) ટેક ઓછો કરવો |
| | (૨) નરમ પાડવું |
| હારી ખાવું | (૧) નબળા પડવું |
| | (૨) મમત મૂકી દેવી |
| હાંજા ગગડી જવા | (૧) બીકથી નબળા પડવું |
| | (૨) શક્તિ સામર્થ્ય નરમ પડી જવું |
| | (૩) સખત માર મારવો |
| | (૪) ખૂબ મહેનત કરવી |
| | (૫) બીકથી થથરી જવું |
| હાંડલાં ખખડવાં | ઘરમાં કંકાસ થવો |
| હિલોળે ચડવું | (૧) તોફાન કે મસ્તીએ ચડવું |
| | (૨) હિલાળા ખાવા |

| | |
|---|---|
| **હિસાબ ન હોવો** | મહત્ત્વ ન ગણાવું |
| **હિસાબ લઈ નાખવો** | (૧) ઝડતી લેવી |
| | (૨) ઠપકો દેવો |
| | (૩) બદલો લેવો |
| **હિંડોળે ચડાવવું** | (૧) નિકાલ ન થવા દેવો |
| | (૨) ધક્કે ચડાવવું |
| | (૩) ઉશ્કેરવું; જાગૃત કરવું |
| | (૪) હચમચાવવું |
| **હિંમત આપવી** | નાહિંમત થતું અટકાવવું |
| **હિંમત હારવી** | (૧) કાયર થવું |
| | (૨) નિરાશ થવું |
| **હીર ગુમાવવું** | નૂર ગુમાવવું |
| **હીર તપાસવું** | (૧) કસોટી કરવી |
| | (૨) પારખું કરી લેવું |
| **હુકમ ઉઠાવવો** | આજ્ઞા પાળવી |
| **હુરિયો બોલાવવો** | (૧) ફજેતો કરવો |
| | (૨) ફજેતીનો પોકાર કરી શરમિંદું બનાવવું |
| **હૂંડી કમાવી** | હૂંડીનાં નાણાં મેળવવાં |
| **હેમાળે હાડ ગાળવાં** | ઈચ્છાપૂર્વક મરણ નોતરવું |
| **હૈયા ઉપર રાખવું** | (૧) ખૂબ સંભાળ રાખવી |
| | (૨) વહાલથી પાળવું |

| | |
|---|---|
| **હૈયામાં કોતરી રાખવું-લખી રાખવું** | બરાબર યાદ રાખવું |
| **હૈયું કબૂલ ન કરવું** | (૧) વિશ્વાસ ન બેસવો<br>(૨) હિંમત ન ચાલવી |
| **હૈયું કાઢવું** | સર્વસ્વ અર્પણ કરવું |
| **હૈયું ખાલી કરવું-ઠાલવવું** | મનનો ઊભરો બહાર કાઢવો |
| **હૈયું ટાઢું હિમ હોવું** | નિરાંત હોવી |
| **હૈયું ફાટવું** | દિલને સખત આઘાત લાગવો |
| **હૈયું રીઢું થવું** | સુખદુઃખથી ઘડાઈ જવું |
| **હૈયું હાથમાં ન રહેવું** | ઘણો પ્રેમ ઉત્પન્ન થવો |
| **હૈયે ધરવું** | મનમાં ઉતારવું; બરાબર લક્ષમાં લેવું |
| **હૈયે સેતાન સળવળવો** | હૈયે પાપ ઊઠવું |
| **હૈયે હાથ રાખવો** | ધીરજ રાખવી |
| **હોઠ ખાટા કરી નાખવા** | બહુ માર મારવો |
| **હોઠ ભીડવા** | ગુસ્સે થવું |
| **હોઠે પડવું** | લોકોમાં ચર્ચાવું |
| **હોળી સળગવી** | કલેશ, કંકાસ વગેરે દુઃખ ઉત્પન્ન થવાં |
| **હોળીનું નાળિયેર બનાવવું** | આફત કે જોખમમાં ત્રાહિતને સંડોવવો કે સપડાવવો |
| **હોશ ઊડી જવા** | (૧) નાઉમેદ થઈ જવું, બેચેન થઈ જવું<br>(૨) નિસ્તેજ થઈ જવું |
| **હોશમાં આવવું** | ગુમાવેલું ભાન પાછું આવવું |
| **હોશિયારી કરવી-બતાવવી-મારવી** | ડંફાસ મારવી |

| | |
|---|---|
| **હોંશમાં આવવું** | ઉમંગમાં આવવું |
| **હૃદય પીગળવું** | (૧) દયા આવવી |
| | (૨) લાગણી થવી |
| **હૃદય ભરાઈ આવવું** | (૧) શોકની લાગણીથી ડૂમો ભરાવો |
| | (૨) કોઈ પણ વિચાર ન સૂઝવો |
| | (૩) રડવું આવવું |

•

# કહેવતો

| | |
|---|---|
| અકકર્મીનો પડિયો કાણો | કમનસીબ વ્યક્તિને ન હોય ત્યાંથી મુસીબત આવે. |
| અક્કલ બડી કે ભેંસ ? | (૧) અક્કલ સૌથી વધુ મહત્ત્વની છે.<br>(૨) શરીરની સ્થૂળતા ચડે કે અક્કલ ? |
| અક્કલ વેચાતી મળે તો કોઈ ધનવાન મૂર્ખ રહે ખરો ? | અક્કલ જન્મજાત દેન છે. |
| અક્કલનો ઓથમીર; મંગાવી ભાજી ને લઈ આવ્યો કોથમીર. | મૂર્ખ માણસ જરૂરીને બદલે વ્યર્થ જ કામ કરે |
| અખણ ગયા; દખણ ગયા પણ લખણ ન ગયાં. | ગમે ત્યાં જાય પણ પ્રકૃતિ ન બદલાય. |
| અગસ્ત્યના વાયદા. | લાંબા ને ન પાળવાના એવા ખોટા વાયદા. |
| અગ્નિને ઊધઈ ન લાગે. | અગ્નિની માફક જે શુદ્ધ છે તેને ડાઘ લાગતો નથી. |
| અણદીઠાનું દીઠું અને જે ખાધું તે મીઠું. | અનધિકાર લાભ થાય તે પચાવી ન શકે. |
| અણવીંધ્યું મોતી નીવડ્યે વખાણ. | અનુભવ થયા પછી જ વખાણ થાય. |
| અણી ચૂક્યો સો વરસ જીવે. | કટોકટીમાંથી પાર ઊતરી જવું તે જ ઉત્તમ છે. |
| અતિ લોભ તે પાપનું મૂળ. | લોભના કારણે ઘણાં અનિષ્ટો જન્મે છે. |
| અધૂરો ઘડો છલકાય ઘણો. | જેનામાં ઓછી આવડત હોય તે વધારે દેખાવ કરે. |

| | |
|---|---|
| **અનાજ પારકું પણ પેટ કાંઈ ન પારકું ?** | બીજાનું હોય ત્યારે અકરાંતિયા થઈને ન ખાવું જોઈએ. |
| **અન્ન અને દાંતને વેર.** | ખાવાના સાંસા હોવા. |
| **અન્ન આહારે ને ઘી વહેવારે.** | દરેક વસ્તુ પ્રમાણસર શોભે. |
| **અન્ન એવો ઓડકાર.** | જેવો ખોરાક એવાં વાણીવર્તન થાય. |
| **અન્ન તેવું મન અને પાણી તેવી વાણી.** | જેવાં ખાનપાન એવાં જ બુદ્ધિવર્તન થાય. |
| **અફીણનો જીવડો સાકરમાં ના જીવે.** | ખરાબ વાતાવરણમાં રહેવા ટેવાયેલાને સારું વાતાવરણ ન ગમે. |
| **અબી બોલ્યા ને અબી ફોક.** | બોલીને તરત ફરી જવું. |
| **અરધમાં રામ ને અરધમાં ગામ.** | અસમાન વહેંચણી. |
| **અલ્લાહ યાર તો બેડા પાર.** | પ્રભુકૃપા હોય તો કામ પાર પડે. |
| **અવળી ગંગા વહી.** | સાવ ઊંધું કાર્ય થયું. |
| **આકાશ પાતાળ એક કરવાં.** | તમામ પ્રયત્નો કરવા. |
| **આખું કોળું શાકમાં જવું.** | બહુ મોટી ગફલત થવી. |
| **આગ લાગે ત્યારે કૂવો ખોદવાથી શું ?** | મુશ્કેલી આવે ત્યારે તેનો ઉપાય શોધવાથી અર્થ ન સરે. |
| **આગળ અગવાડું ને પાછળ પછવાડું.** | નિર્વંશ સ્થિતિ થવી. |
| **આગળ ઉલાળ નહિ ને પાછળ ધરાળ નહિ.** | કોઈ ચિંતા ન હોવી. |
| **આગે આગે ગોરખ જાગે.** | અગાઉથી ચિંતા ન કરવી. |
| **આટો વેચી ગાજર ખાવાં.** | મોંઘી ચીજવસ્તુના બદલામાં સોંઘી વસ્તુ મેળવવી; ઉડાઉપણાથી ખર્ચ કરી મોજમઝા માણવી. |

| | |
|---|---|
| આડી રાત તેની શી વાત ? | વિલંબ યોગ્ય નથી. |
| આડે લાકડે આડો વેહ. | ખરાબ સાથે ખરાબ વ્યવહાર ઘટે. |
| આણું કરવા ગયો ને ભૂલી આવ્યો વહુ. | મુખ્ય કામની વાત જ ભૂલાઈ ગઈ. |
| આથમ્યા પછી અસુર શું ને લૂંટાયા પછી ભો કેવો ? | સર્વસ્વ ગુમાવ્યા પછી ચિંતા કેવી ? |
| આદત જાય મૂએ. | પ્રાણ ને પ્રકૃતિ સાથે જ જાય. |
| આદમી આદમી અંતર; કોઈ દીવા કોઈ કંકર. | વ્યક્તિ વ્યક્તિએ વ્યક્તિત્વ અને શક્તિ ભિન્નભિન્ન હોય છે. |
| આદર્યાં અધૂરાં રહે; હરિ કરે સો હોય. | ભગવાનની ઈચ્છા પ્રમાણે કામ થાય છે. |
| આદુ ખાઈને પાછળ પડવું. | કોઈની પાછળ સતત પડી જવું. |
| આની પાઘડી એને માથે; એની પાઘડી આને માથે. | બીજાના દેવાદાર બની એકનું દેવું ચૂકવવું. |
| આપ ભલા તો જગ ભલા. | (૧) ભલા સાથે સૌ ભલું.<br>(૨) આપણે સારાં હોઈએ તો જગત સારું લાગે. |
| આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય. | કેટલાંક કામો જાતે કરાય તો જ સિદ્ધિ મળે. |
| આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ. | જાતમહેનત સર્વશ્રેષ્ઠ છે. |
| આપકી તો લાપસી; પરાઈ તો કુશકી. | પોતાનાં કાર્યની કિંમત વધુ આંકવી. |

| | |
|---|---|
| આપણે વેંત નમીએ તો કોઈ ગજ નમે. | થોડુંય માન આપીએ તો સામે વધુ માન મળે. |
| આપવીતી સહુ જાણે; પરવીતી કોઈ ન જાણે. | પોતાને દુઃખ પડે ત્યારે બીજાની વેદના સમજાય. |
| આપવો દોકડો ને લેવો બોકડો. | ઓછી કિંમત આપીને મોટી વસ્તુ લેવાનો પ્રયાસ કરવો. |
| આપ્યું વાણિયે ને ખાધું પ્રાણીએ. | બેજવાબદારીથી વર્તવાનો શો અર્થ ? |
| આબરૂના કાંકરા ને ફજેતીના ફાળકા. | (૧) આબરૂ બગાડવી.<br>(૨) અતિશય અપકીર્તિ થવી. |
| આભ જમીન એક કરવાં. | ભગીરથ પ્રયાસ કરવો. |
| આભ ફાટે ત્યાં થીગડું ન દેવાય. | દૈવ રૂઠ્યાનો; ખૂબ બગડી ગયેલા કામનો અને પાર વગરના દુઃખનો ઈલાજ નથી. |
| આરતી ઉતારું ને મંગળ ગાઉં બીજાને આપું તો હું શું ખાઉં ? | પોતાની મતલબ સરવી જોઈએ. |
| આરે આવેલું વહાણ ડૂબવું ? | છેક છેલ્લી ઘડીએ નિષ્ફળતા મળવી. |
| આવ બલા ને પકડ ગલા. | પારકી મુશ્કેલી ગળે વળગી. |
| આવતી વહુ ને બેસતો રાજા (વખણાયાં તો વખણાયાં). | પ્રથમ છાપ મહત્ત્વની છે. |
| આવે ત્યારે પવનવેગે ને જાય ત્યારે કીડીને વેગે. | રોગ અને આપત્તિ ઝડપથી આવે છે અને જાય છે વિલંબથી. |
| આવો ભાઈ હરખા આપણે બે સરખા. | બંને સમદુઃખિયા છીએ. |
| આવ્યા મળવા ને બેસાડ્યા દળવા | મહેમાન બનીને આવેલા માણસનું સન્માન કરવાને બદલે તેની સાથે અવિવેક દાખવવો. |

| | |
|---|---|
| **આવ્યો આસો ને મેઘ નાસો.** | (૧) આસો માસ આવતાં વર્ષાઋતુ પૂરી થાય છે.<br>(૨) સમય ગતિશીલ છે. |
| **આશા અમર છે.** | જીવન જીવવા આશા અમૃત સમાન છે. |
| **આશીર્વાદનો ઉધારો શો ?** | સારાં કામમાં ઢીલ ન કરવી. |
| **આંખ અને કાન વચ્ચે ચાર આંગળીઓનો ફેર છે.** | નજરે જોયેલું સાંભળેલા કરતાં વધુ વિશ્વસનીય હોય છે. |
| **આંખ આંજી સહેવાય પણ ફૂટી ન સહેવાય.** | સભ્યતા ભરેલું જૂઠું સહન થાય પણ ચોખ્ખે-ચોખ્ખું અપમાન સહન ન થઈ શકે. |
| **આંખ ઊઠી ખમાય પણ ફૂટી ન ખમાય.** | ક્રોધ સહન થાય પણ સંબંધ સાવ તોડી નાખ્યો ન ખમાય. |
| **આંખ ફૂટે ત્યાં પાંપણને ક્યાં રડવું ?** | બહુ મોટું નુકસાન થાય તેની સામે નાના નુકસાનની શી વિસાત ? |
| **આંખ મીંચાઈ ને નગરી લૂંટાઈ.** | પોતાની હયાતીમાં સઘળું સુરક્ષિત હોવું. |
| **આંખની ગરજ પાંપણે સરવાની છે ?** | જેનું જે કામ હોય તે જ તે કરી શકે. |
| **આંખનું આંજણ ગાલે ઘસ્યું.** | (૧) અઘટિત શણગાર સજ્યા.<br>(૨) એવું કાર્ય થયું કે અપયશ જ મળે.<br>(૩) અજ્ઞાનવશ અયોગ્ય પ્રવૃત્તિ કરવી. |
| **આંખને પોપચાનો ભાર ન લાગે.** | (૧) જે ઉપયોગી છે તે પ્રત્યે અણગમો ન હોવો જોઈએ.<br>(૨) સ્વજનો બોજારૂપ હોતાં નથી. |
| **આંખમાં અમી તેને દુનિયા સમી.** | જે સંબંધ મીઠો કે સારો કેળવી જાણે તે લોક-વ્યવહાર સારો જાળવી શકે. |

| | |
|---|---|
| **આંખમાં કમળો તે જગત પીળું દેખે.** | જેવું પોતાનું મન હોય તેવું જ જગત લાગે. |
| **આંખે આંધળો પણ ગાંઠે પૂરો.** | દેખીતી રીતે અશક્તિમાન લાગે પરંતુ સ્વાર્થમાં સંપૂર્ણ સજાગ હોય. |
| **આંગણે કૂવો ને વહુ ઉછાંછળાં.** | નુકસાન થવાની પૂરી સંભાવના. |
| **આંગળાં ચાટ્યે કંઈ પેટ ભરાય ?** | ખોટી કરકસરનો અર્થ નહિ. |
| **આંગળી આપતાં પહોંચો પકડવો.** | સહેજ છૂટ આપતાં કે દાખવવા જતાં સંપૂર્ણ છૂટ કે લાભ મેળવવો. |
| **આંગળી ચીંધ્યાનું પુણ્ય છે.** | સારું અને સાચું માર્ગદર્શન આપવું. |
| **આંગળી સૂજે થાંભલો ન થાય.** | નાની ચીજ કે બાબત ઘણી મોટી ન થઈ શકે. |
| **આંગળીથી નખ વેગળા એટલા વેગળા.** | પારકાં પોતાનાં ન બને. |
| **આંધળે બહેરું કુટાવું.** | એકના બદલે બીજું સમજવું. |
| **આંધળાનો ગોળીબાર.** | આડેધડ થયેલું વર્તન. |
| **આંધળા આગળ આરસી ને બહેરા આગળ શંખ.** | ભેંશ આગળ ભાગવત.<br>(૧) જેવી જેની ક્ષમતા હોય એવો વ્યવહાર તેની સાથે કરવો.<br>(૨) મિથ્યા પ્રયત્ન ન કરવો. |
| **આંધળા આગળ રોઈએ એટલે પોતાની જ આંખો ખોઈએ.** | કદર ન કરી શકનાર માણસ આગળ પોતાની હકીકત જણાવવાથી લાભને બદલે ઊલટું નુકસાન થાય. |
| **આંધળા ખરચનું અંતકાળે સરવૈયું.** | બહુ જ ઉડાઉ માણસ છેવટે દેવાળું કાઢે. |

| | |
|---|---|
| **આંધળાની ગત આંધળા જાણે.** | જાતઅનુભવ અનુસાર જ્ઞાન હોય. |
| **આંધળાની ગાયને અલ્લાહનાં રખોપાં.** | નબળાને ઈશ્વરનો આધાર હોય છે. |
| **આંધળામાં કાણો રાજા.** | અજ્ઞાનીઓમાં નજીવા જ્ઞાનવાળો પણ પંડિત ગણાય. |
| **આંધળો કહે ભીંત અને બહેરો કહે મસીદ.** | જોયા-સાંભળ્યા વિના બોલે તે ભળતું જ હોય. |
| **આંબા તો ક્યાંક ઊગે બાકી બાવળિયા બહુ હોય.** | સારાં માણસ બહુ ઓછાં મળી આવે. |
| **ઈન્સાફ આંધળો છે** | ન્યાય માટે સબળ અને સંપૂર્ણ પુરાવા આવશ્યક છે |
| **ઈંટનો જવાબ પથ્થરથી આપવો.** | જોરદાર પ્રતિકાર કરવો. |
| **ઉકરડે પડ્યું રતન- ચીંથરે વીંટ્યું રતન.** | કુશળ અને નિપુણ વ્યક્તિની યોગ્ય કદર નથી થતી. |
| **ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.** | બહુ સારી વસ્તુ ન મળે ત્યાં ઓછી ખરાબ પણ સારી ગણાય. |
| **ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર.** | ઉતાવળથી કામ બગડે, ધીરજથી સારું થાય. |
| **ઉતાવળે આંબા ન પાકે.** | ઉતાવળ કરવાથી સારું કામ થાય નહિ. |
| **ઉપર આભ ને નીચે ધરતી.** | કંઈ આધાર નહિ. |
| **ઉંદર ફૂંક મારતો જાય અને કરડતો જાય.** | મીઠું મીઠું બોલે અને ખબર ન પડે તે રીતે રીતે સ્વાર્થ સાધે. |
| **ઊગતા સૂરજને સૌ નમે.** | સત્તાને સૌ અધીન બનવા જાય. |
| **ઊજળું એટલું દૂધ નહિ.** | બાહ્ય દેખાવ પરથી ખરી કિંમત ન થાય. |

| | |
|---|---|
| ઊજળે લૂગડે ડાઘ નહિ. | વેશવર્તન સારાં હોય તો લાંછન ન લાગે. |
| ઊજળે લૂગડે ડાઘ લાગે. | સારા માણસનો નાનો દોષ પણ જણાઈ આવે. |
| ઊઠ વહુ વિસામો ખા; હું કાંતું તું દળવા જા | બીજાની પાસે મહેનત કરાવવી અને પોતે વધુ કામ કરે છે તેવો દેખાવ કરવો. |
| ઊતર્યો અમલ કોડીનો. | સત્તાધારીનું માન સત્તા ગુમાવ્યા પછી ન ટકે. |
| ઊને પાણીએ ઘર ન બળે. | મોટું કામ કરવા વિશેષ શક્તિ જોઈએ. |
| ઊપજ્યું તેવું નીપજ્યું. | મહેનત અનુસાર ફળ મળે છે. |
| ઊલમાંથી ચૂલમાં પડવું. | એક મુશ્કેલીમાંથી બચવા જતાં બીજી મુશ્કેલીમાં પડવું. |
| ઊલેચે અંધારું ન જાય. | મિથ્યા પ્રવૃત્તિથી ઉકેલ ન આવે. |
| ઊંઘ ન જુએ સાથરો અને ભૂખ ન જુએ ભાખરો. | જરૂરત પડ્યે બધી પરિસ્થિતિ અનુકૂળ થઈ જાય. |
| ઊંઘ ને આહાર વધાર્યા વધે અને ઘટાડ્યાં ઘટે. | આળસ અને મોજમઝામાં વિવેક તથા સંયમ રાખવો. |
| ઊંઘ વેચીને ઉજાગરો લીધો. | હાથે કરીને પારકી પંચાતમાં પડવું; વગર કારણે દુઃખ વહોરી લેવું. |
| ઊંઘતો બોલે પણ જાગતો ન બોલે. | (૧) જાણી જોઈને સાંભળે નહિ. (૨) અત્યંત સભાન હોવું. |
| ઊંટ ને વળી ઉકરડે ચડ્યું. | ઊંટ પોતે ઘણું ઊંચું છે એટલે જોનારને તે જલદી દેખાય છે; હવે જો તે ઉકરડે ચડે તો ઘણી સારી રીતે જોઈ શકાય છે; અર્થાત્ છૂપું ન રહેવું. |

| | |
|---|---|
| ઊંટ મરે ત્યારે મારવાડ સામું જુએ. | જેનું દિલ જ્યાં લાગેલું હોય તેનું જ સ્મરણ થાય. |
| ઊંટ મેલે આકડો અને બકરી મેલે કાંકરો. | બધાં બધી વસ્તુ ન ખાય; એકાદ તો છોડે જ. |
| ઊંટનાં અઢારે વાંકાં. | સ્વભાવે જ વાંકાપણું. |
| ઊંટનાં ઊંટ જતાં રહે અને કીડી અટકી રહે. | મોટી ભૂલો ધ્યાન બહાર રહે અને નાની અમથી ભૂલો નજરે ચડે. |
| ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠડા. | (૧) પ્રતિકૂળતાને નિવારવા અનુરૂપ યુક્તિ કરવી.<br>(૨) અગવડને સગવડરૂપ બનાવવી. |
| ઊંડા પાણીમાં ઊતરવું નહિ. | અનુચિત સાહસ ન કરવું. |
| એ તો ઊડતાં પંખી પાડે છે. | અતિશય પાવરધા હોવું. |
| એ પાણીએ મગ ચઢે નહીં. | એવા પ્રયત્નથી કામયાબી ના મળે. |
| એક એક કોદરે કાળ જાય. | ધીરજ રાખવાથી કપરો કાળ પણ વીતે. |
| એક કપૂત કુળ બોળે. | દુર્ગુણી પુત્ર કુળનું નામ બગાડે. |
| એક કરતાં બે ભલા. | બીજો સાથે હોય તો અનુકૂળતા વધે. |
| એક કસર ને સો સફર. | અલ્પ નુકસાની કે ખોટ પૂરવા ઘણા પ્રયત્નો કરવા-મોટો પુરુષાર્થ કરવો. |
| એક કામનાં ચાર કામ. | એક જ ફેરામાં ઘણાં કામ કરવાં; એક સાથે ઘણાં કામ પૂર્ણ કરવાં. |
| એક કાંકરે બે પક્ષી મારવાં. | એક પ્રયત્નથી બે કામ પાર પાડવા. |
| એક કોહેલું પાન સો પાન કહોવરાવે. | એક ખરાબ વસ્તુ ઝાઝાંને બગાડે. |
| એક ચિનગારી વન બાળે. | એક હાનિકારક બાબત સર્વનાશ નોતરે. |

| | |
|---|---|
| **એક જ લાકડીએ સહુને હાંકવા.** | કશા જ વિવેક વિના બધાં સાથે એક-સરખું વર્તવું. |
| **એક જાળામાં સો સાપ.** | બડાઈ હાંકતી મોટી ગપ જેવી વાત કરવી. |
| **એક દહાડાની શોભા ને જન્મારાની આભા.** | જીવનભરની કમાણી કેવળ એક જ પ્રસંગની વાહવાહ બોલાવવા ખર્ચી નાખવી. |
| **એક દીવે દીવો અને ઘણા દીવે દિવાળી.** | સંઘબળ ઉત્સવ જેવો આનંદ અર્પે છે. |
| **એક નન્નો સો દુઃખ હણે.** | એક વાર ના પાડવાથી અનેક દુઃખ ટળે. |
| **એક નૂર આદમી હજાર નૂર કપડાં.** | યોગ્ય કપડાંથી વ્યક્તિત્વ વિકસે છે. |
| **એક પગ દૂધમાં; એક પગ દહીંમાં.** | (૧) બંને પક્ષો સાથે સંબંધ રાખવો. (૨) બંને પક્ષોથી લાભ લેવો. |
| **એક પંથ ને દો કાજ.** | એક કામથી એક કરતાં વધુ લાભ થાય. |
| **એક પૈસા માટે ધોળકે (પાટણ) જવું.** | અતિશય કંજૂસ હોવું. |
| **એક ભવ મીઠો; પરભવ કોણે દીઠો ?** | વર્તમાનમાં મળતું સુખ કે મળતો લાભ વર્તમાનમાં જ ભોગવી લેવો. |
| **એક ભવમાં બે ભવ કરવા.** | બે લગ્ન કરવાં; બે સંસાર માંડવા. |
| **એક મરણિયો સોને ભારે.** | મરવાને તૈયાર થયેલા માટે કશું અશક્ય નથી. |
| **એક મ્યાનમાં બે તલવાર ન સમાય.** | બંને સમર્થ વ્યક્તિ એક જ સ્થાને ન રહી શકે. |

| | |
|---|---|
| **એક હાથે તાળી ના પડે.** | સહકાર વગર કામ ન થાય. |
| **એકડા વગરનાં મીંડાં.** | (૧) કંઈ કિંમત ન હોવી.<br>(૨) મુખ્ય માણસ વિના કોઈ કાર્ય સિદ્ધ ન થવું |
| **એકદમ લાડવો ખવાય નહિ.** | એક સાથે બધો લાભ ન મળે. |
| **એકનું નામ ને બીજાનું કામ.** | ખોટી રીતે કામ કરાવી લેવું. |
| **એકલ દોકલના અલ્લાહ બેલી.** | જેને કોઈ સથવારો નથી તેને ઈશ્વર સહાય કરે છે. |
| **એકે ઊજળા છત્રીશે ખેંગાર.** | ગુણવાન વ્યક્તિ કુળ ઉજાળે અને ઝાઝાં હોય પણ નકામાં નીવડે તો કુળ બોળે; હજાર કપૂત કરતાં એક સપૂત સારો. નિર્બળની સંખ્યા વધુ હોય તો પણ તેનો કાંઈ અર્થ નથી. |
| **એકે હજારાં ને સોએ બિચારાં.** | એક જવાંમર્દ હોય તો તે હજાર વ્યક્તિને પણ પહોંચે છે. |
| **એઠું ખાય તે ચોપડ્યાને ભરોસે.** | કાંઈ મળશે તેની લાલચમાં થતી પ્રવૃત્તિ. |
| **એના ટાંટિયા એના ગળામાં.** | કોઈની ખોટી યોજના એને જ હાનિકર્તા કરી ઊંધી વાળવી. |
| **એના પગે ભમરો છે.** | સતત રખડ્યા કરવું; કદી ઠરીઠામ ન બેસવું. |
| **એની લાકડી ને એનો બરડો.** | પોતાનાં સાધન વડે જ માર ખાવો; અર્થાત્ સ્વજનોથી નુકસાન થવું. |
| **એરણની ચોરી ને સોયનું દાન.** | મોટા પાપ કે ગુનાવાળું કૃત્ય ઢાંકવા અલ્પ સત્કર્મોનો આડંબર કરવો. |

| | |
|---|---|
| **એવા પોચા પહાણા નથી કે શિયાળ કરડી ખાય.** | પરિસ્થિતિને પહોંચી વળે તેવા હોવું. |
| **એવું તે શું રળીએ કે દીવો મેલીને દળીએ ?** | ઓછું કમાવા વધુ નુકસાની કરવી સારી નહિ. |
| **એવો ભોળો કે મૂકી જાય ગાગર ને લઈ જાય ગોળો.** | અતિશય લુચ્ચા હોવું. |
| **એવો સાચો કે જ્યાં બોલે ત્યાં ખાય તમાચો.** | અતિશય ભલા હોવું. |
| **ઓછું પાત્ર ને અદકું ભણ્યો ને વઢકણી વહુએ દીકરો જણ્યો.** | અલ્પજ્ઞાનીને અધિક મોભો મળે તો પરિણામ સારું ન આવે. |
| **ઓડનું ચોડ કરવું.** | બગાડી નાખવું; ધાર્યા કરતાં ઊલટું કરવું. |
| **ઓરડાનું ધન ઓટલે આવવું.** | ઘરની દોલતનો દેખાવ કે ઠઠારો કરવો. |
| **ઓરમાન મા તે માથાનો ઘા.** | ઓરમાન માતા ત્રાસદાયક. |
| **ઓળખાણ તો સોનાની ખાણ.** | પરિચયના ઘણા લાભ. |
| **કજિયાનું મૂળ હાંસી ને રોગનું મૂળ ખાંસી.** | જરાક અમસ્તી મજાકમશ્કરીમાંથી કજિયો થઈ જાય ને ઉધરસમાંથી રોગ થાય. |
| **કજિયાનું મોં કાળું.** | કંકાસથી દૂર રહેવું સારું; કજિયાથી હાનિકારક પરિણામ જ આવે. |
| **કડવું ઓસડ મા જ પાય.** | કડવી શિખામણ વહાલેશરી જ આપે. |
| **કડી ઉપર તાળું નહિ ને લાડુ ઉપર વાળુ નહિ** | મૂળ વસ્તુ જ સમર્થ હોય પછી એના ઉપર વધારાની વસ્તુની જરૂર ન રહે. |
| **કણ કણ કરતાં મણ થાય.** | ત્રેવડથી બચત થાય. |
| **કપટ ત્યાં ચપટ.** | કપટ કરવાથી માઠું પરિણામ મળે. |

| | |
|---|---|
| કપાળનું ટીલું ગાલે ન થાય. | દરેક ચીજવસ્તુનો ઉપયોગ યોગ્ય જગ્યાએ જ થાય. |
| કપાળે કપાળે જુદા મત પણ રોટલાટાણે એક મત. | ઘરમાં દરેકની અક્કલ જુદી હોય પણ બધાં વચ્ચે સંપ તો હોય જ. |
| કમજોર ને ગુસ્સા બહોત. | શક્તિ ઓછી હોય તે ગુસ્સો વધારે કરે. |
| કમાઉ દીકરો સહુને વહાલો. | જેનાથી લાભ મળતો હોય તે પ્રિય લાગે. |
| કમાડ કરતાં આગળો ભારે. | ચીજવસ્તુની ગોઠવણી યોગ્ય રીતે કરવી અને તેનો ઉપયોગ વિવેકથી કરવો. |
| કમાતાં આવડે; તો ધન ખેંચે | હુનર-આવડત હોય તો ઘણી કમાણી થાય. |
| કમોસમનાં કંકોડાં સ્વાદ ન આપે. | સમય પારખી કામ કરવું. |
| ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ? | મોટો તેનું મોટપણ દાખવે અને નાનો નાનપ બતાવે; અર્થાત્ મોટા સાથે નાનાની સરખામણી ન થાય. |
| કર ભલા હોગા ભલા. | ભલાઈનો સારો બદલો મળે જ છે. |
| કરકસર તે બીજો ભાઈ. | કરકસર આવશ્યક છે. |
| કરડે માંકડ ને માર ખાય ખાટલો. | ગુનો કોઈ કરે ને સજા ભોગવે બીજો. |
| કરણી તેવી પાર ઊતરણી. | જેવું કરે તેવું ફળ મેળવે. |
| કરતાં હોય તેમ કરીએ અને છાશની દોણી ભરીએ. | પોતાની આવડત મુજબ કામ કરવું અને જે મળે તેમાં સંતોષ માનવો. |
| કરમ કઠણ ને કાયા કોમળ. | સારું મળે નહિ ને ખરાબ ગમે નહિ. |
| કરમને શરમ નહિ ને ચોરીના દાને ધરમ નહિ. | સાચું કર્મ કરવું અને ધર્મનું પાલન કરવું. |

| | |
|---|---|
| **કરમમાં જ કોઠાં તો કોનાં લેવાં ઓઠાં ?** | નસીબમાં હોય એ જ મળે. |
| **કરમે કજોડું તો બહાર વગોણું.** | પહેલેથી જ અનુકૂળ સાથી ન સાંપડ્યું હોય ત્યાં વગોવાનું જ બને. |
| **કરવા ગયા કંસાર ને થઈ થૂલી.** | ધાર્યા કામમાં સફળ ન થવું; જે પરિણામ મેળવવું હોય તેને બદલે કોઈ જુદું જ પરિણામ આવવું. |
| **કરવી ખેતી તો જોડ ગાડું;** | જે ધ્યેય મેળવવું હોય એને જરૂરી બાબત |
| **કરવી વઢવાડ તો બોલ આડું.** | પહેલી મેળવવી એટલે સફળતા મળે. |
| **કરે ચાકરી તો પામે ભાખરી.** | મહેનત વગર ફળ મળતું નથી; |
| **કરે સેવા તો પામે મેવા.** | સેવાનું સારું ફળ મળે જ છે. |
| **કરે તેવું પામે.** | જેવું કર્મ કરીએ તેવું જ ફળ પામીએ. |
| **કરોળિયાનો એક પગ ભાંગે તોય શું અને રહે તોય શું ?** | ખૂબ માલદારને થોડી ખોટ જાય તોય વાંધો ન આવે. |
| **કર્મમાં લખ્યું તેલ તો ઘી ક્યાંથી ખાઉં ?** | નસીબમાં લખ્યું હોય તેમ થાય. |
| **કર્યું તે કામ ને વીંધ્યું તે મોતી.** | કામ કરવામાં વિલંબ ન કરવો. |
| **કર્યું ભગાના ભાઈ જેવું.** | કામ કરીને સાવ બગાડ્યું. |
| **કળથી થાય તે બળથી ન થાય.** | બળ કરતાં બુદ્ધિ ચડે. |
| **કસાઈને ઘેર ગાય બાંધવી.** | દયાહીન કૃત્ય કરવું. |
| **કસાઈને ઘેર કુશળ ને ધર્મીને ઘેર ધાડ.** | પાપીનું સારું થાય ને ધર્મીનું ખરાબ થાય એ કેવું ? |
| **કહેવાય નહિ અને સહેવાય નહિ.** | ત્રિશંકુ જેવી પરિસ્થિતિ થવી. |

| | |
|---|---|
| **કહેવું સાસુને સંભળાવવું વહુને.** | અન્ય માટે ઉચ્ચારેલા શબ્દોમાંથી આપમેળે પોતાના માટે ઘટિત સમજ મેળવવી. |
| **કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.** | ઘણી નિરાશા મળે તોય આશા તો ફળીને જ રહેવાની. |
| **કંકાસે ગોળાનાં પાણી સુકાય.** | કલેશ અને કંકાસ ઘરનો જ સર્વનાશ નોતરે છે. |
| **કાકા દીઠે કુટુંબ દીઠું; મામા દીઠે મોસાળ દીઠું.** | સગપણ છેવટે કામમાં આવે. |
| **કાકા મટીને ભત્રીજા થવું.** | ઊંચે પગથિયેથી ઊતરીને નીચે પગથિયે બેસવાનું થવું. |
| **કાકા મામા કહેવાના ને ઘરમાં હોય તે ખાવાના.** | આપત્તિના સમયે સગા-સંબંધી મદદરૂપ થતાં નથી; જે પોતાની પાસે છે એ જ ઉપયોગમાં આવે છે. |
| **કાગડા બધે જ કાળા.** | પ્રાણીમાત્રની પ્રકૃતિ સર્વત્ર સરખી હોય છે. |
| **કાગડાના મોઢામાં રામ ના હોય.** | પાપીના મોંમાંથી સારાં વેણ ન નીકળે. |
| **કાગડાની કોટે રતન બંધાવું.** | કજોડું થવું. |
| **કાગડાને શ્રાદ્ધ સોળે દહાડા.** | સ્વમાન વિના જીવન જીવનારને સઘળા દિવસો એકસરખા છે. |
| **કાગડો ચાલે મોરની ચાલ.** | દેખાદેખી કરવાનો અર્થ નહિ. |
| **કાગડો દહીંથરું લઈ ગયો.** | સારી વસ્તુ નઠારાને હાથ જવી. |
| **કાગનું બેસવું ને ડાળનું પડવું.** | ઓચિંતું કાંઈ બનવું; દૈવયોગે અણધારી આફત આવવી. |

| | |
|---|---|
| **કાગને કહે ડોબાં મરતાં નથી.** | કાગવાણીના અપશુકનથી ઢોર મરે નહિ. |
| **કાગનો વાઘ કરવો.** | નજીવી વાતને મોટું સ્વરૂપ આપવું. |
| **કાગળની હાંલ્લી ચૂલે ચડે નહિ.** | જેની જેવી શક્તિ અને આવડત એ મુજબ તે કામમાં લઈ શકાય. |
| **કાગળની હોડીએ કાંઈ દરિયો તરાય ?** | જેવું કામ તેવાં સાધન જોઈએ. |
| **કાચના ઘરમાં રહેવું ને કાંકરી મારવી.** | પોતે દોષિત હોવા છતાં બીજાના દોષો જાહેર કરવા. |
| **કાચા કાનનું તે નહિ સાનનું.** | બીજાનું સાંભળીને કે ખોટી ભંભેરણીથી નિર્ણય કરવો તે સમજદારી નથી. |
| **કાણાને કાણું ના કહેવાય.** | કોઈને અપ્રિય લાગે એવું કહેવું નહિ. |
| **કાપ્યા કાન ત્યારે આવી સાન.** | મંત્ર ફૂંકી જ્ઞાન આપ્યું ત્યારે સમજણ આવી. |
| **કામ કરે તે કાલા અને વાત કરે તે વહાલાં.** | ઘણી વાર કામ કરનાર કરતાં મીઠી વાતો કરનાર વગ જમાવી બેસે છે. |
| **કામ કર્યા તેણે કામણ કર્યા.** | (૧) પરિશ્રમ ફળદાયી છે.<br>(૨) કામ કરવાથી પ્રેમ પ્રાપ્ત થાય છે. |
| **કામ કામને શીખવે.** | ન આવડતું કામ પણ ધીરજથી શિખવાથી આવડવા માંડે છે. |
| **કામના વાદ થાય, કરમના નહિ.** | કામ કરવામાં ચડસાચડસી થઈ શકે કરમને અધીન જે મળે તેમાં વાદ ન કરાય. |
| **કામા (કામ) વહાલા લાગે ધામા વહાલા નહિ.** | કામ કરે તે જ સારું લાગે, માત્ર બેસી રહેનાર નહિ. |

| | |
|---|---|
| **કાયા કાચો કુંભ.** | જીવન ક્ષણભંગુર છે. |
| **કાયા પાણીનો પરપોટો ફૂટતાં વાર નહીં.** | જીવન ક્ષણભંગુર છે. |
| **કાશીનું કરવત જતાંયે વહેરે ને આવતાંયે વહેરે.** | ઈચ્છિત વસ્તુ મેળવવી હોય તોય મુશ્કેલી તો રહે જ. |
| **કાષ્ઠની હાંલ્લી એક જ વાર ચૂલે ચડે.** | એવું કામ જે એક જ વાર થઈ શકે. |
| **કાળ જાય ને કહેણી રહે.** | તક કે અવસર પ્રમાણે ન વર્તીએ તો શોભે નહિ ને પાછળથી સાંભળવાનું કાયમ રહે. |
| **કાળ જાય પણ કલંક ન જાય.** | સમય પસાર થઈ જાય પણ લાગેલું કલંક ભૂંસાતું નથી. |
| **કાળના કોદરાય ભાવે.** | મુશ્કેલ પરિસ્થિતિમાં જે મળે તે સારું લાગે. |
| **કાળા કાળા મંકોડા ને રાતી રાતી ઝિમેલો.** | તદ્દન નિરાધાર હોવું તદ્દન અભણ હોવું. |
| **કાળા માથાનો માનવી ધારે તે કરે.** | મનુષ્ય પુરુષાર્થ કરીને ધાર્યું પરિણામ લાવી શકે. |
| **કાંકરે કાંકરે પાળ બંધાય ને ટીપે ટીપે સરોવર ભરાય.** | થોડું થોડું કરતાં મોટું કામ પણ પાર પડે. |
| **કાંકરો કાઢવો.** | દૂર કરવું. |
| **કાંટા વિના ગુલાબ ના હોય.** | સુખ સાથે દુઃખ હોય જ. |
| **કાંટો કે ત્રાજવું કોઈની શરમ રાખે નહિ.** | ધર્મરાજાનો ન્યાય; એમાં કોઈની સિફારસ ચાલે નહીં. |

| | |
|---|---|
| કીડી ઉપર કટક. | નિર્બળ ઉપર બળવાનની ચડાઈ. |
| કીડીને કણ ને હાથીને મણ. | જેને જેટલું જોઈએ તેટલું મળી રહે. |
| કુમળો છોડ વાળીએ તેમ વળે. | નાનપણમાં જેટલી સારી ટેવો પાડવી હોય તેટલી પાડી શકાય. |
| કુલડીમાં ગોળ ભાંગવા જેવું. | છૂપું છૂપું કરવું; છાનું કરવું. |
| કુશકા ખાંડ્યે ચોખા ન મળે. | નિરર્થક પુરુષાર્થને વેડફવો નહિ. |
| કુંઠને ટીખળ સૂઝે. | જેની શક્તિઓ કુંઠિત અર્થાત્ અટકી જવા આવી છે એવાને મશ્કરી જ સૂઝે. |
| કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં. | શેઠ કરતાં વાણોતર વધારે માથું મારે. |
| કુંભારના ઘરનું હાંલ્લું છે તે બદલાવાય ? | પરિણીત સ્ત્રીને બદલી ન શકાય. |
| કુંવારાનું સહુ ને પરણે તેની વહુ. | કુંવારાનાં ઘણાં માગાં થાય પણ લગ્ન પછી જ વહુ કહેવાય. |
| કુંવારી કોઈ દી રાંડે નહિ. | જેની પાસે કંઈ હોય નહિ તે કંઈ જ ગુમાવતું નથી. |
| કૂકડીનું મોં ઢેફલે રાજી. | નાના માણસોને થોડાથી સંતોષ થાય. |
| કૂકડો હોય ત્યાં જ વહાણું વાય ? | આ કામ મેં કર્યું છે એવું મિથ્યાભિમાન; કોઈની ગેરહાજરીથી કામ અટકી જતું નથી. |
| કૂડના દાંડિયા કપાળમાં વાગે. | કપટનું પરિણામ શુભ અને સુખદાયક ન મળે. |
| કૂતરા બિલાડાનો મેળ. | ભારે દુશ્મનાવટ; અણબનાવ. |
| કૂતરાની ભાઈબંધી ખીજે કરડે; રીઝે મુખ ચાટે. | અઘટિત સંબંધથી લાભ કે ગેરલાભ દુઃખકર છે; બેઉ બાજુનું દુઃખ. |

| | |
|---|---|
| કૂતરાની પૂંછડી ભોંયમાં દાટે તોય વાંકી ને વાંકી. | પ્રયત્નો કરવા છતાં અસલ સ્વભાવ કાયમ રહે છે. |
| કૂવામાં હોય તો હવાડામાં આવે. | મૂળમાં શક્તિ હોય તો બહાર દેખાય. |
| કેડે છોકરું ને ગામમાં ઢંઢેરો. | પાસે જ હોવા છતાં બધે શોધી વળવું. |
| કેરી પાકે ને માણસ થાકે. | ધ્યેય સિદ્ધ કરવા માટે ઘણી જ પ્રક્રિયાઓ કરવી પડે. |
| કેળ ફળે એક જ વાર ને આંબા ફળે વારંવાર. | કુળવાન અને સદાચારી એક જ હોય તો તો પણ ઉપયોગી. |
| કેળામાં ખાંડ ને મૂળામાં મીઠું. | જેની જેવી પ્રકૃતિ તે મુજબ તેને પુષ્ટિ આપવી. |
| કોઈ અન્નનું ભૂખ્યું ને કોઈ માનનું ભૂખ્યું. | દરેકની મહત્ત્વાકાંક્ષા જુદી જુદી હોય છે. |
| કોઈ ધને મોટું કોઈ મને મોટું. | કોઈ ધનવાન હોય તો કોઈ ઉદાર હોય. |
| કોઈ પોતાનો વાંસો (બરડો) ને વાંક દેખે નહિ. | મનુષ્ય બીજાના અવગુણોને જુએ છે પણ પોતાના અવગુણો જોઈ શકતો નથી. |
| કોઈની જીભ ફરે ને કોઈના પગ ફરે. | કોઈ હુકમ કરે ને બીજો ધક્કા ખાય. |
| કોઠી ધોયે કાદવ નીકળે. | કુપાત્ર માટે કરેલા સારા પ્રયત્નો સારું પરિણામ આપતા નથી. |
| કોડિયા જેવડું કપાળ ને વચ્ચે મોટો ભમરો. | નસીબમાં જ ઓછું લખાયું હોય પછી વધુ ક્યાંથી મળે ? |
| કોણી મારી કુલડું કરે તેવું છે. | કાબેલ; સમયસૂચક છે. |
| કોણે કીધું કે બેટા બાવળીએ ચડજો. | અઘટિત સાહસ કરવાથી ખરાબ જ ફળ આવે; પોતે કરેલાં ખરાબ કર્મોનું પરિણામ પોતાને જ ભોગવવું પડે છે. |

| | |
|---|---|
| **કોણે દીઠી કાલ ?** | સમય ચલિત છે; ગતિશીલ છે. |
| **કોના બાપની દિવાળી ?** | બીજાના પૈસે ઉજાણી. |
| **કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે ?** | હિંમતવાન હોય તેની વાત ન્યારી છે. |
| **કોયલડી ને કાગ વાને વરતાયે નહિ.** | દેખાવ જોઈને ગુણ પારખવામાં ભૂલ ન કરવી. |
| **કોયલાની (કોલસાની) દલાલીમાં હાથ કાળા.** | દુર્જન સાથે કામ પડવાથી કલંક લાગે છે. |
| **કોરા ભાણે આરતી ના થાય.** | ભૂખ્યા પેટે ભગવાનને ન ભજાય. |
| **ખપ તેની છોત (છોછ) નહિ.** | જેની જરૂરિયાત હોય તે ગમે તેવી નિમ્ન હોય તો પણ સ્વીકારવી. |
| **ખમે તે જમે.** | સહન કરનારને લાભ મળે છે; પોષણ પર જ શક્તિનો આધાર છે. |
| **ખરચી ખૂટી કે યારી તૂટી.** | પૈસા ન હોય તો દોસ્તી તૂટી જાય છે; સ્વાર્થ પૂરો થતાં સંબંધ તૂટે. |
| **ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ?** | કંઈ અનુભવ હોય નહિ તે અનુભવનો ડોળ કરે તે ખોટો. |
| **ખાટલે મોટી ખોડ પરથમ પાયો જ ના મળે.** | એક એવો મોટો દુર્ગુણ કે જેથી બીજા બધા સદ્‌ગુણ નિરર્થક ગણાય. |
| **ખાટી છાશ ઉકરડે ઢોળાય.** | બિનઉપયોગી ચીજ-વસ્તુઓનો સંગ્રહ યોગ્ય નથી. |
| **ખાડો ખોદે તે પડે.** | બીજાનું બગાડનારનું પોતાનું જ બગડે છે; કરે તેવું પામે. |
| **ખાતર ઉપર દીવેલ.** | નુકસાન પર થોડું વધારે નુકસાન થવું. |

| | |
|---|---|
| **ખાતરનાં ગાડાં સાથે ચોપદાર ન શોભે.** | ચીજવસ્તુની સાચવણી માટે અનુરૂપ વિવેક દાખવવો. |
| **ખાતાં ખૂટે ને પહેરતાં તૂટે.** | વપરાતી વસ્તુને ઘસારો લાગે જ. |
| **ખાતી જાય; પીતી જાય ને ઘરના વળા ગણતી જાય.** | વર્તમાનને માણતા જવું ને ભવિષ્ય વિશે આયોજન કરવું. |
| **ખાધેપીધે દિવાળી ને ઊગરે ઉચાટે.** | આગળ-પાછળનો વિચાર કર્યા વિના ઉડાઉપણે રહેવું એ ખોટું. |
| **ખાધે શૂરા ને લડ્યે પૂરા.** | ખાવું સારીપેઠે ને કામમાં એદીપણું રાખવું. |
| **ખાબોચિયામાં ઢેખાળો નાખે તે** | ગંદી જગ્યાએ અટકચાળો કરે તો પોતાનું જ ખરાબ થાય છે. |
| **ખાય એનું જ ખોદે.** | જે પાલક અને પોષક હોય તેને નુકસાન કરવું; નમકહરામ થવું. |
| **ખાય નહિ ને ખાવા દેય નહિ.** | પોતાને નિરુપયોગી વસ્તુનો ઉપયોગ બીજાંને પણ ન કરવા દેવો. |
| **ખારા જળનું માછલું મીઠા જળમાં મરે.** | જીવન જીવવા માટે અનુકૂળ વાતાવરણ આવશ્યક છે. |
| **ખાલી ચણો વાગે ઘણો** | (૧) અધૂરપવાળી વ્યક્તિ વધારે દેખાવ કરે.<br>(૨) પોતાની અલ્પતા અને નાનપ ઢાંકવા ઘણા પ્રયત્નો કરવા પડે.<br>(૩) જેનામાં ઓછી આવડત હોય તે વધુ બતાવવાનો દેખાવ કરે. |
| **ખાવામાં જગલો ને કૂટવામાં ભગલો.** | મહેનત કોઈક કરે અને લાભ બીજો જ ભોગવે. |

| | |
|---|---|
| ખાવામાં જે ન જુએ તે વહેલો ખાટે સૂવે. | ખાનપાનમાં વિવેક નહિ રાખનાર માંદગીને નોતરે છે. |
| ખાળે ડૂચા ને દરવાજા ઉઘાડા. | નાની બાબતોમાં કાળજી રાખવી પણ મહત્ત્વની બાબત ધ્યાનમાં ન લેવી. |
| ખાંડણીમાં માથું ત્યાં ધક્કાનો શો ડર ? | હિંમતથી મુશ્કેલી સહન કરવી. |
| ખાંડું ધાર વિના ને ઘર ગાર વિના. | ઉપયોગની વસ્તુને જરૂરી મરમ્મત કરીએ નહિ તો બગડી જાય. |
| ખિસ્સામાં રાખવું. | હસ્તક રાખવું. |
| ખિસ્સાં ખાલી ભભકા ભારે. | ગરીબ હોવા છતાં અમીર દેખાવા આડંબર કરે. |
| ખીચડી પકાવવી. | સ્વાર્થ સાધવો. |
| ખિસ્સાં તર તો ફાવે તે કર. | પૈસા હોય તો મનમાન્યું થઈ શકે. |
| ખીજે કરડે પગ ને રીઝે ચાટે મુખ. | દુર્જન માણસનું વર્તન વિવેકી હોતું નથી. |
| ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ. | ઈશ્વર પ્રસન્ન થાય તો કોઈપણ રીતે માણસને ન્યાલ કરી દે છે. |
| ખુદા મહેરબાન તો ગધ્ધા પહેલવાન. | ભગવાનની કૃપા હોય તો માનવી તેના પ્રયત્નોમાં સફળ થાય છે. |
| ખુદાની લાકડી ખખડે નહિ. | ઈશ્વરનો કોપ ઊતરે ત્યારે જ ખબર પડે. |
| ખુરશી માટે દોડ કરવી. | હોદ્દો મેળવવા મથામણ કરવી. |
| ખુશામત ખારી ના લાગે. | પ્રશંસા હંમેશાં પ્રિય લાગે. |
| ખુશામત ખુદાને પણ પ્યારી લાગે. | પ્રશંસા તો પ્રભુને પણ ગમે છે. |

| | |
|---|---|
| **ખેડ, ખાતર ને પાણી કરમને લાવે તાણી.** | મહેનત અને અનુકૂળ સાધનોથી માણસ ભાગ્યને ચમકાવી શકે છે. |
| **ખેપ હાર્યા કંઈ ભવ નથી હાર્યા.** | એકવાર નિષ્ફળતા મળતાં નિરાશ ન થતાં પુરુષાર્થ ચાલુ રાખવો. |
| **ખોટું ખોવાય નહીં ને ભૂંડું મરે નહીં.** | અનિષ્ટ તત્ત્વોનો જલદી અંત આવતો નથી. |
| **ખોટો રૂપિયો વધારે ચળકે.** | અલ્પજ્ઞાની વિશેષ જ્ઞાની હોય તેવો દેખાવ કરે. |
| **ખોડી બિલાડી અપશુકનમાંથી ન જાય.** | ભૂંડું ભૂંડાનો ભાગ ભજવે. |
| **ખોદવો ડુંગર ને કાઢવો ઉંદર.** | ભારે પરિશ્રમ પછી તુચ્છ વસ્તુ હાથ લાગવી. |
| **ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ.** | કામ કોઈક કરે અને ફળ કોઈકને મળે. |
| **ગઈ તિથિ તો બ્રાહ્મણ પણ વાંચતો નથી.** | (૧) ભૂતકાળનાં સ્મરણોમાં રાચવું નહીં.<br>(૨) વીતી વાતનો શોક ન કરવો. |
| **ગત અવસર આવે નહીં ગયા ન આવે પ્રાણ.** | વીતી ચૂકેલું ફરી પાછું આવતું નથી. |
| **ગધેડા પર અંબાડી.** | કોઈ નજીવી અથવા હલકી ચીજને વધારે શોભાવવી. |
| **ગધેડા સાથે ઘોડું બાંધે તો ભૂંકતાં નહિ તો આળોટતાં તો શીખે.** | જેવો સંગ તેવો રંગ; સોબતની અસર આવે. |
| **ગધેડાં ચાલે બાર ગાઉ; તો કુંભાર ચાલે ચૌદ ગાઉ.** | વ્યવસ્થા કરનારને વિશેષ પરિશ્રમ કરવો પડે. |
| **ગધેડે બેઠા તો પછી ગામ બહાર શાને ઊતરવું ?** | લાજશરમ ન હોવી. |

| | |
|---|---|
| ગરજ સરી એટલે વૈદ્ય વેરી. | સ્વાર્થ પૂરો થાય કે સંબંધ તૂટી જાય. |
| ગરજવાનને અક્કલ ન હોય. | સ્વાર્થી સારાસારનો વિચાર ન કરે. |
| ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે. | ગરજ હોય ત્યારે અયોગ્ય વ્યક્તિને પણ માન આપવું પડે. |
| ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે. | હાથમાં હોય તે ખરું કે ખપનું બાકી ખોટું. |
| ગરબડ ગોટો ને સાહેબ મોટો. | ગેરસમજથી અયોગ્ય વ્યક્તિનેય માનપાન અપાય. |
| ગરીબ ગમારમાં ખપે; પૈસાદારથી શરમ પડે. | નાણાંને લીધે માનમોભો મળે. |
| ગરીબ બોલે તો ટપલા પડે; ધની બોલે તો તાળીઓ પડે. | ધનિકનાં માનપાન થાય. |
| ગરીબની જોરુ સબકી ભાભી. | નિર્ધન ઉપર સૌ હુકમ ચલાવે. |
| ગરીબનો બેલી પરમેશ્વર. | ઈશ્વર હંમેશાં ગરીબોનું રક્ષણ કરે છે. |
| ગાજ્યા મેહ વરસે નહિ ને ભસ્યા કૂતરા કરડે નહિ. | પોતાની શક્તિ વિશે મિથ્યા બણગાં ફૂંકવાં; બોલે તે કરે નહિ. |
| ગાજરની ચોરીમાં ફાંસીની સજા. | નાના ગુના માટે મોટી સજા થવી. |
| ગાજરની પિપૂડી વાગી ત્યાં સુધી વાગી નહિ તો કરડી ખાધી. | જે વસ્તુનો જ્યાં સુધી લાભ લેવાય ત્યાં સુધી લેવો; પછી તેનો અંત લાવી દેવો. |
| ગાજે તેનું વાજે. | પ્રચારથી પ્રસિદ્ધિ મળે. |
| ગાડી ચૂકી જવી | ઉંમર વીતી જવી; તક ગુમાવી દેવી. |
| ગામ ચલાવે તે ગામનો વેરી ને ઘર ચલાવે તે ઘરનો વેરી. | જવાબદારીવાળી કે કામ કરનાર વ્યક્તિનો જ વિરોધ થાય. |

| | |
|---|---|
| ગામ હોય ત્યાં ઉકરડો; નદી ત્યાં ઓવારો. | સિક્કાની બે બાજુ હોય છે. હંમેશાં સારી વસ્તુની બીજી બાજુ પણ હોય. |
| ગામના મોઢે ગરણું ના બંધાય. | બધાંને ટીકા કરતાં એકસાથે અટકાવી ન શકાય. |
| ગામનો ગઢ બાંધે તે નાકા-બારી રાખે. | રક્ષણ માટે કરેલી તૈયારીમાં બચાવની યુક્તિ પણ ગોઠવેલી હોય. |
| ગામનો જોગી જોગટો ને પરગામનો સિદ્ધ. | પારકું તેટલું સારું ને પોતાનું તે ખરાબ. |
| ગામમાં ઘર નહીં ને સીમમાં ખેતર નહીં. | ઠામઠેકાણા વિનાનું હોવું. |
| ગાય લેવી દૂઝણી ને વહુ લેવી શોભતી. | ગાય અને કન્યાની પસંદગી બહુ વિચાર પૂર્વક કરવી. |
| ગાય વાળે તે ગોવાળ. | કામ પાર પાડે તે ખરો શક્તિશાળી. |
| ગાંઠનાં ગોપીચંદન ખોવાં. | પોતાના પૈસા ખર્ચી નાખવા. |
| ગાંઠે પૂરો ને બોલવે શૂરો. | સંપત્તિ અને વાણી વર્તન બંને પાસે હોવાં. |
| ગાંડાંનાં ગામ ન વસે. | ગાંડાં પણ તરત પરખાય. |
| ગાંડી માથે બેડું. | ઠેકાણા વગરની વાત. |
| ગાંધી ગાંધીનો વેરી. | એક જ ધંધાવાળી બે વ્યક્તિઓ વચ્ચે અરસપરસ હરીફાઈ થાય છે. |
| ગુજરાતની બેટી ને સોનાની પેટી. | ગુજરાત ધન-ધાન્યથી સમૃદ્ધ છે ને તેથી અહીં રોજીરોટી મળી રહે. |
| ગુરુ ગયા ગામ ને ચેલા કરે ચાગ (લાડ). | નિયંત્રણ કરતી વ્યક્તિની ગેરહાજરીમાં એના હાથ હેઠળના માણસો લહેરથી વર્તે. |

| | |
|---|---|
| **ગોર પરણાવી દે; કંઈ ઘરસૂત્ર ન ચલાવી આપે.** | સંબંધ-વ્યવહાર તો પોતાની કુનેહથી જ ચલાવવો પડે. |
| **ગોળ અંધારે ખાધો તોય ગળ્યો અને અજવાળે ખાધો તોય ગળ્યો.** | ખરું હોય તે તો ખરું જ રહે છે; કદી ખોટું બનતું નથી. |
| **ગોળ જાય ગાંગડી ને ઘી જાય આંગળી.** | પ્રમાણમાં ઓછું હોય છતાં ઉત્તમ વસ્તુની પરખ આપોઆપ થઈ જાય. |
| **ગોળ નાખીએ એટલું ગળ્યું થાય.** | મોણ નાખો એટલું પોચું થાય. |
| **ગોળ ને ખોળ સરખો.** | સારાખોટાનો વિવેક ન હોવો. |
| **ગોળના પાણીએ નવરાવવું** | ખોટી આશા આપી કંઈ ન કરવું. |
| **ગોળે મરે એને ઝેરે શું કામ મારવું ?** | મીઠાશથી પતે ત્યાં કડવાશ ન વહોરવી. |
| **ઘડપણ તે બીજું બાળપણ.** | બાળપણમાં સંભાળની જરૂર પડે; તેમ ઘડપણમાં પણ સંભાળ જરૂરી છે. |
| **ઘડીની નવરાશ નહિ ને પાઈની પેદાશ નહિ.** | લાભ વગર દોડધામ કરવી. |
| **ઘણી કીડીઓ સાપને તાણે.** | નાની વ્યક્તિઓ ભેગી મળીને સહકારથી શક્તિશાળીને પણ હંફાવે. |
| **ધમધમતી વહેલે સૌ બેસે.** | શ્રીમંતાઈમાં સહુ સુખસાહ્યબી માણવા આવે. |
| **ઘર ગયું ને ઓસરી રહી.** | (૧) મુખ્ય વસ્તુ ચાલી જવી ને નકામી વસ્તુ બાકી રહેવી.<br>(૨) સંપત્તિ જવી ને માત્ર નામના રહેવી. |
| **ઘર ફૂટે ઘર જાય.** | અંદરોઅંદર મતભેદ પડતાં બહારનો શત્રુ ફાવી જાય. |

| | |
|---|---|
| **ઘર બાળીને તીરથ કરવું.** | ઘર વેડફીનેય લહેર કરવી. |
| **ઘર ભલું ને આપણે ભલાં.** | પારકી પંચાતમાં ન પડવું. |
| **ઘરકી મુરઘી દાલ બરાબર.** | ઘરની વ્યક્તિની કોઈ કદર કરતું નથી. |
| **ઘરડાં ગાડાં વાળે.** | વૃદ્ધજનોની સલાહ ખરે ટાણે ખપ લાગે. |
| **ઘરડાં ને ઘેલાં બરાબર.** | ઘડપણમાં માણસ બાલિશ બની જાય. |
| **ઘરડાં વગર ઘર નહિ ને વહુ વગર વર નહિ.** | ઘરમાં વૃદ્ધ અને વહુ બંનેની જરૂર છે. |
| **ઘરડી ગાય ને ગળે ટોકરા અથવા ઘરડી ઘોડી ને લાલ લગામ.** | ઘરડે ઘડપણ ઠાઠમાઠનો ચસકો કે શોખ દેખાય પણ શોભે નહિ. |
| **ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો.** | પોતાનાંને ભૂખે મારવાં અને પારકાંને પોષવાં. |
| **ઘરના ભૂવા ને ઘરના જાગરિયા.** | (૧) બધો લાભ આપસમાં થાય એવો ઘાટ કરવો.<br>(૨) કોઈ કોઈની ખોડ ન કાઢે અને મનફાવતું કરે એવો ઘાટ હોવો. |
| **ઘરનાં ઊઠ્યાં વનમાં ગયાં ને વનમાં ઊઠી લાય.** | કમનસીબી હોય તો તેનાથી છુટકારો થતો નથી. |
| **ઘરની કસર અને વહાણની સફર.** | જેમ સાગરમાં વહાણ દ્વારા સફર સફળ કરાય તેમ કરકસરથી ઘર સારી રીતે ચલાવી શકાય. |
| **ઘરનું ઘંઘોલિયું થવું.** | ઘરની શોભા નષ્ટ થવી; ઘરનો મોભો ભાંગી જવો. |
| **ઘરમાં ટકાના ત્રણ શેર; બહાર તિસમારખાં.** | ઘરમાં કંઈ ન ચાલે અને ઘરબહાર મિજાજી વર્તન હોવું. |

| | |
|---|---|
| **ઘરમાં વાઘ ને બહાર બકરી.** | ઘરમાં શૂરાતન બતાવે પણ બહાર કાંઈ ચાલે નહિ. |
| **ઘરમાં હાલ્લાં કુસ્તી કરે.** | અત્યંત ગરીબાઈ હોવી. |
| **ઘંટીના સો અને ઘંટાનો એક.** | (૧) દુર્બળ ઘણા પ્રયત્નો પછી સફળ બને છે જ્યારે સબળ પ્રથમ પ્રયત્ને જ સફળ થાય છે. |
| | (૨) બળિયાના એક પ્રહાર બરાબર દુર્બળના સો પ્રહાર હોય છે. |
| **ઘા પર મીઠું ભભરાવવું.** | દુઃખીને વધારે દુઃખ આપવું. |
| **ઘા ભેગો ઘસરકો.** | મોટા દુઃખ ભેગું નાનું દુઃખ. |
| **ઘાટ ઘાટનાં પાણી પીવાં.** | દેશ દેશનો અનુભવ લેવો. |
| **ઘાણીનો બળદ ઠેરનો ઠેર.** | પ્રગતિ કર્યા વિના હતા ત્યાંના ત્યાં. |
| **ઘી ઢોળાયું તો ખીચડીમાં.** | દેખીતું નુકસાન છતાં સરવાળે તેનો ફાયદો જ થઈ રહેવો. |
| **ઘી વિના લૂખો કંસાર; મા વિના સૂકો સંસાર.** | માતાના વાત્સલ્ય વિના જીવન જીવવામાં મીઠાશ મળતી નથી. |
| **ઘીના ઠામમાં ઘી પડવું.** | ઉચિત કે સારાંવાનાં થવાં. |
| **ઘેર ઘંટી ને ઘેર ઘેર દળવા જાય.** | પોતાની વસ્તુ વાપરવાને બદલે બીજાનો લાભ લેવો. |
| **ઘેર ઘેર માટીના ચૂલા.** | કોઈ કુટુંબ તકરાર વિહોણું ન હોવું. |
| **ઘેર બેઠાં ગંગા આવવી.** | અનાયાસે મોટો લાભ. |
| **ઘેલી થઈને છૂટે ને ગામ બધું લૂંટે.** | ભોળપણનો ડોળ કરીને પોતાને માટે કમાણી કરવી. |

| | |
|---|---|
| ઘોડો બચકું ભરે નહિ અને ભરે તો છોડે નહિ. | ગુણવાન માણસ કદી દુશ્મનાવટ કરે નહિ ને કરે તો પછી પાછીપાની કરે નહિ. |
| ચકલી નાની ને ફૈડકો મોટો. | ગજા ઉપરાંતની વાત. |
| ચટ મંગની; પટ શાદી. | વિના વિલંબે તરત જ કામ પૂર્ણ કરવું. |
| ચડ જા બેટા શૂળી પર. | વહાલ દેખાડીને કાસળ કાઢવું. |
| ચઢ ચૂલા ખાઉં. | જેવું બન્યું નથી કે વાપર્યું નથી. |
| ચઢે તે પડે. | કામ કરે તેને ક્યારેક નિષ્ફળતા પણ મળે. |
| ચતુર નર ચેતે ને મૂરખ હોય તે વેચે. | નાની અમથી ઘટનાથી પણ ચતુર માણસ સાવધાન બની કામ કરે છે; જ્યારે બુદ્ધિ વગરનો માણસ પ્રસંગને જલદી કળી શકતો નથી. |
| ચમડી તૂટે પણ દમડી ના છૂટે. | અતિશય કંજૂસ હોવું. |
| ચમત્કાર વિના નમસ્કાર નહિ. | બળ બતાવો તો સૌ નમ્ર બની વર્તે. |
| ચાકર કમાય ને શેઠ ખાય એ વેપાર ખોટમાં જાય. | પગારદાર નોકરોને માથે જ બધું કામ નાખી દેવામાં આવે તો એ ધંધામાં નુકસાન જ જાય. |
| ચાકર ચોરે તો બરકત જાય ને શેઠ ચોરે તો નખોદ જાય. | નાનો માણસ ચોરી કરે તો થોડું નુકસાન થાય પણ મૂળ માણસ પોતે જ ચોરી કરે તો સમૂળગો નાશ પામે. |
| ચાકરી કરે તો ભાખરી મળે. | નોકરી કરે તો આજીવિકા મળે. |
| ચાદર પ્રમાણે સોડ તાણવી. | (૧) જે પ્રમાણે કમાણી તે પ્રમાણે ખર્ચ કરવો. (૨) દેવું ન કરવું. |

| | |
|---|---|
| **ચામડાની જીભ ગમે તેમ વળે.** | માણસ સારું-નરસું બધું ફાવે તેમ બોલતો હોય છે. |
| **ચાર દિવસની ચાંદની ફિર અંધેરી રાત.** | થોડા સુખના દિવસો પછી દુઃખ આવે છે; સુખ કોઈને સદા રહેતું નથી. |
| **ચાર મળ્યા એટલે ચોરનો ભય ટળ્યો.** | એક કરતાં વધારે માણસો સાથે હોય તો ચોરનો ભય ન રહે. |
| **ચાલતા બળદને આર ના ઘોંચાય.** | કામ કરતાં માણસને ખોટી સતામણી કરવી નહિ. |
| **ચાલતી ગાડીએ ચડી બેસવું.** | ચાલતામાં ભળી જવું. |
| **ચાલતી સેરમાં પગ દેવો.** | ચાલતી બાજુ જોઈને વર્તવું, કોઈની ચાલુ રોજીમાં વિઘ્ન નાખવું. |
| **ચિંતા કરતાં ચિતા ભલી.** | ચિંતા મરણ કરતાંય ખરાબ છે. |
| **ચીભડાના ચોરને ફાંસીની સજા.** | અલ્પ ગુનો કર્યો હોય તેને ભારે સજા કરવી. |
| **ચૂલામાં બિલાડાં આળોટવાં.** | ખૂબ ગરીબાઈ હોવી. |
| **ચેત મછંદર ગોરખ આયા.** | પાપભર્યું કૃત્ય કે અનીતિભર્યું કામ કરનારને એવું કામ ન કરવા ચેતવવું. |
| **ચેતતા નર સદા સુખી.** | વિચારીને પગલું ભરનાર સુખી થાય. |
| **ચોખા ભેગી ઈયળ બફાવી.** | મોટાં ભેગું નાનું સાફ થઈ જવું. |
| **ચોખા મૂકવા જવું.** | નોતરું આપવા જવું. |
| **ચોર ને ચંદ્રમા સદાયનાં વેરી.** | બેઉ વિરુદ્ધ ગુણધર્મવાળા વચ્ચે દુશ્મનાવટ. |
| **ચોરના પગલાં ચોર જાણે.** | ચોર જ ચોરને ઓળખે. |
| **ચોરની ચાર અને જોનારની બે.** | ચોર ગમે તેમ કરીને ધાપ મારી જાય. |

| | |
|---|---|
| ચોરને કહે ચોરી કર ને શાહુકારને કહે જાગતો રહે. | બંને પક્ષોને તેને ગમતી વાત કરવી; કોઈને અપ્રિય ન થવું. |
| ચોરનો ભાઈ ઘંટી ચોર. | ચોર કે તેનો ભાઈ કોઈ કોઈથી ઊતરતો હોતો નથી. |
| ચોરાશી બંદરનો વાવટો ઊઠવો. | દેશ દેશાવર બહોળો વેપાર કરીને ધન મેળવવું. |
| ચોરી પર શિરજોરી. | ગુનો કરીને પાછા સામું થવું. |
| ચોળીને ચીકણું કર્યું. | અતિશય તપાસ કરવી કે ખૂબ ઊંડા ઊતરીને કામ કરવાથી નુકસાન થવું. |
| ચૌદમું રતન ચખાડવું. | માર મારવો. |
| ચૌદ ભવન એક થવાં. | પ્રલય થવો; ગજબ થવો |
| છછુંદરનાં છયે સરખાં. | એકેયમાં સારો ગુણ નહિ; કોઈમાં કશો ફરક નહીં. |
| છઠ્ઠીના લેખ તેમાં ન મરાય મેખ. | પ્રારબ્ધમાં જે લખ્યું હોય એ બનીને જ રહે. |
| છઠ્ઠીનું ધાવણ ઓકાવવું. | મરણતોલ માર મારવો. |
| છપ્પન ભૂંગળો વાગવી. | ખૂબ પૈસો હોવો. |
| છપ્પન દેશનું પાણી પીવું. | દેશદેશાંતરમાં મુસાફરી કરવી; જાત જાતના અનુભવ હોવા. |
| છપ્પન વેપારીને ભારો કૂંચી. | કરવું કંઈ નહિ ને દમામ ઘણો. |
| છપ્પનની છિનાળી કાઢવી | બધાં છાનાં કામ ઉઘાડાં પાડીને ફજેતી કરવી. |
| છાણના દેવને કપાસિયાની આંખો. | યોગ્યતા મુજબ સત્કાર કરવો. |

| | |
|---|---|
| છાણનો કીડો ઘીમાં મરે. | જેને જે વાતાવરણ અનુકૂળ હોય તેમાં જ તે જીવી શકે. |
| છાબડે સૂરજ ઢાંક્યો ના રહે. | સત્ય વસ્તુ છુપાવવાથી છુપાય નહીં. |
| છાશ ને લાંચ વધાર્યા વધે. | ખરાબ કૃત્યો વધારો એટલાં વધ્યા જ કરે. |
| છાશ મીઠી પણ કંઈ દૂધ કહેવાય ? | રંગ પરથી ગુણ પામી ન શકાય. |
| છાશ લેવા જવું ને દોણી સંતાડવી. | એવું કંઈ ન કરવું કે જે છુપાવવું પડે. |
| છાશમાં માખણ જાય ને વહુ ફૂવડ કહેવાય. | નુકસાન ખમવું ને મૂરખ દેખાવું. |
| છીંડે ચડ્યો તે ચોર | ચોરીની જગ્યાએ પકડાય તે ચોર |
| છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ના થાય. | છોકરાં મા-બાપને ભૂલી જાય પણ મા-બાપ પોતાનાં બાળક ઉપરનો સ્નેહ કદી ભૂલે નહીં. |
| જણનારીમાં જોર નહિ એમાં સુયાણી શું કરે ? | જેનું કામ હોય તેણે પોતે હિંમત ને જોર રાખવું જોઈએ; બાકી મદદગાર તો મદદ કરે. |
| જતિ બેઠો જપે ને જે આવે તે ખપે. | આમદાની મેળવવા ધર્મી થવાનો આડંબર કરવો. |
| જબાન હાર્યો તે જનમ હાર્યો. | વચનનું પાલન કરવું. |
| જમ, જમાઈ ને જાચક કોઈનાં ના થાય. | જમ, જમાઈ ને યાચક કોઈની શરમ રાખે રાખે નહિ. |
| જમણ જાય ને સગું દુભાય. | લાભ ગુમાવવો પડે અને છતાં સંબંધો વણસે. |

| | |
|---|---|
| **જમવામાં જગલો ને કૂટવામાં ભગલો.** | મહેનત કરનાર કોઈ ને મહેનતનાં ફળ અન્ય કોઈ મેળવે. |
| **જમીન પર પગ ન મૂકવો.** | ગર્વથી બહેકી જવું. |
| **જ્યાં ગંદવાડ ત્યાં મંદવાડ.** | સ્વચ્છતાથી સ્વાસ્થ્ય સારું રહે. |
| **જ્યાં જાય ઉકો ત્યાં સમુદ્ર સૂકો.** | કમનસીબને કંઈ જ અનુકૂળ થતું નથી. |
| **જ્યાં દેવ ત્યાં જાત્રા.** | શુભ અને સારા સ્થળની મુલાકાતે સૌ આવે. |
| **જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.** | કવિની કલ્પનાશક્તિને કોઈ સીમાડાઓ નડતા નથી. |
| **જ્યાં પંચ ત્યાં પરમેશ્વર.** | એકતામાં પ્રભુતા વસે. |
| **જ્યાં રોજગાર ત્યાં ઘરબાર.** | જ્યાં ધંધો-નોકરી હોય ત્યાં રહેવું પડે. |
| **જ્યાં સંપ ત્યાં જંપ.** | જ્યાં સંપ હોય ત્યાં કલહ અને કંકાસને કોઈ સ્થાન હોતું નથી. |
| **જ્યાં સુધી શ્વાસ ત્યાં સુધી આશ.** | મૃત્યુ લગી આશા ન છૂટે. |
| **જર ગયો ને જેબ ગયો.** | જેની પાસે ધન નથી તે આબરૂભેર જીવી શકતો નથી. |
| **જર, જમીન ને જોરુ એ ત્રણેય કજિયાનાં છોરું.** | પૈસો, જમીન અને સ્ત્રી એ ત્રણ ઝઘડાના કારણરૂપ છે. |
| **જવાન સાસુ મરે નહિ ને વહુનો દહાડો વળે નહિ.** | સાસુ જીવંત હોય ત્યાં સુધી વહુને સ્વાતંત્ર્ય મળતું નથી. |
| **જવાનીનું રળેલું ને પરોઢિયાનું દળેલું આપત્તિમાં કામ લાગે.** | બચત કરી હોય તો પાછલી અવસ્થામાં કામ લાગે. |
| **જા બિલ્લી કુત્તેકો માર.** | જાતે કામ ન કરે અને એક બીજાને, બીજો ત્રીજાને સોંપ્યા કરે. |

| | |
|---|---|
| **જાગ્યા ત્યાંથી સવાર.** | દોષ સમજાય કે તરત છોડવો. |
| **જાડી ચામડી હોવી.** | કઠણ દિલ હોવું. |
| **જાત વિના ભાત પડે નહિ.** | સારા જ સારી વસ્તુ ગ્રહણ કરે. |
| **જાનમાં કોઈ જાણે નહિ ને હું વરની ફૂઈ.** | સઘળું કામ મારા થકી થાય છે એવો આડંબર કરવો. |
| **જાયા તે જાવાના.** | જન્મ્યું તેનું મૃત્યુ નક્કી છે. |
| **જીભમાં ઝેર તો જગતથી વેર.** | કટુવાણીથી દુશ્મનો વધે. |
| **જીવતાની ખોડ મૂએ જાય.** | જે સ્વભાવ પડ્યો હોય તે મર્યા પછી જાય. |
| **જીવતો નર ભદ્રા પામે.** | જીવતો જન ગમે ત્યારે પણ સુખી થાય. |
| **જીવતો હાથી લાખનો, મૂએ સવા લાખનો.** | મૃત્યુ પછી જ પ્રાણીની કે માનવીની ખરી કિંમત થાય છે. |
| **જીવવું થોડું ને જંજાળ ઘણી.** | જીવવા કરતાં પણ સંસારની માયા ઝાઝી હોય છે. |
| **જીવે ત્યાં સુધી જંજાળ.** | જીવતાં હોઈએ ત્યાં સુધી બધી પ્રવૃત્તિ ચાલે. |
| **જીવ્યા કરતાં જોયું ભલું.** | ફરતા રહીને દુનિયા જોવી તે જિંદગી કરતાં પણ વધારે મહત્ત્વનું છે. |
| **જૂઠ્ઠાની આવરદા ચાર ઘડી.** | અસત્ય બહુ ટકતું નથી. |
| **જૂથ ત્યાં સૂથ.** | સંઘબળ એક શક્તિ છે. |
| **જૂની આંખે નવા તમાશા.** | ઘરડાંઓએ જુવાનિયાઓની રીતભાતના નવા રંગઢંગ જોવા તે. |
| **જે ગામ જવું નહિ એનો રસ્તો શીદ પૂછવો ?** | જે કામ ન કરવું તેની પંચાત ન કરવી. |

| | |
|---|---|
| જે જન્મે તે જાય. | જે જન્મ લે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. |
| જે થાય માવડિયું તેને ના મળે કાવડિયું. | માતાની આજ્ઞા અને સલાહ અનુસાર વર્તનાર કમાણી કરી શકતો નથી. |
| જે ન કરે વૈદ તે કરે દૈવ. | જ્યારે દવાદારૂ કામ નથી આવતાં ત્યારે ઈશ્વરીય મદદ કામ આવે છે. |
| જે મોઢે પાન ચાવ્યાં તે મોઢે કુશકા ન ચવાય. | માનમર્યાદા તજીને શરમજનક કામ ન થાય. |
| જેટલા ભોગ તેટલા રોગ. | બહુ ભોગનું પરિણામ અંતે રોગમાં આવે. |
| જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ. | શરમ છોડનારનું કોઈ નામ ન લે. |
| જેના હાથમાં તેના મોંમાં. | જેના કબજામાં ચીજવસ્તુ હોય તે તેના ઉપયોગમાં આવે છે. |
| જેની ગાંઠે નાણાં તેને નિત્ય ટાણાં. | જેની પાસે ધન તે આનંદમાં જીવે. |
| જેનું ખાય તેનું ગાય. | જેની પાસેથી કંઈ લાભ કે ફાયદો થાય તેના ગુણગાન ગવાય. |
| જેને કોઈ ન પરણે તેને ખેતરપાળ પરણે. | સ્ત્રીના કુંવારકા ગ્રહ ઉતારવા પડે. |
| જેને કોઈ ના પહોંચે એને પેટ પહોંચે. | જેનું બીજા કોઈ ન બગાડે એનું સંતાનો જ બગાડે. |
| જેના ઘેર પારણું તેનું શોભે બારણું. | બાળકથી ઘર રળિયામણું દીસે છે. |
| જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી. | રાજા પ્રજા પાસેથી ધન ઉપાર્જન કરે તો પ્રજાની સુખાકારી થતી નથી. |

| | |
|---|---|
| **જેવા શેઠ એવા વાણોતર.** | માલિકના ગુણ પ્રમાણે તેના હાથ નીચેના માણસો હોય છે. |
| **જેવા સાથે તેવા.** | જે જેવો વ્યવહાર કરે તેની સાથે તેવો વ્યવહાર કરવો. |
| **જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.** | જેવા પોતે હોય તેવા જ અન્ય પણ લાગે. |
| **જેવી દાનત એવી બરકત.** | જેવી વૃત્તિ તેવું ફળ. |
| **જેવી સોબત એવી અસર.** | જેવી સંગત તેવી અસર. |
| **જેવો દેશ તેવો વેશ.** | જ્યાં રહીએ ત્યાંના રીતરિવાજ અપનાવવા. |
| **જેવો સંગ તેવો રંગ.** | સોબત તેવી અસર થાય. |
| **જો વરસે આદરા તો બારે માસ પાધરા.** | આદ્રા નક્ષત્રમાં વરસાદ થાય તો આખું વર્ષ સારું જાય. |
| **જોશીના પાટલે ને વૈદ્યના ખાટલે.** | જોશીને કમાણી તેની સામે ગોઠવેલ પાટલે હોય છે ને વૈદ્યને કમાણી તેની સામે ઢાળેલ ખાટલે હોય છે; અર્થાત્ ધંધા માટે જરૂરી ગોઠવણી કરવી આવશ્યક છે. |
| **ઝાઝા જોગી મઠ ઊભડે.** | એક જ કામમાં બધા ઘાલમેલ કરે એ અનિષ્ટ છે. |
| **ઝાઝા હાથ રળિયામણા.** | વધુ માણસે ઝડપી અને સારું કામ થાય. |
| **ઝાઝાં મળ્યાં ને ખાવાનાં ટળ્યાં** | ઝાઝે છોકરે ઝાઝી હેરાનગતિ થાય. |
| **ઝાઝાં મોંએ ઝાઝી વાત.** | ઘણાં માણસો જુદા જુદા અભિપ્રાય આપે. |

| | |
|---|---|
| ઝાઝાંવાળાને ઝાઝો લાભ. | જેમ ઘણું હોય તેમ ઘણો લાભ થાય. |
| ઝાઝી ધીર; ઝાઝું દેવાળું. | ઘણી પળોજણ ઘણું દુઃખ લાવે, ઝાઝી ધીરધાર કરવાથી દેવું થાય. |
| ઝાઝી વાતે ગાડાં ન ભરાય. | વાત લંબાણથી નહિ પણ ટૂંકમાં કહેવી. |
| ઝાઝી સુયાણીએ વેતર વંઠે. | ઘણાં એકઠાં થવાથી કામ બગડે છે. |
| ઝાઝું કરે તે થોડા માટે. | બહુ દોડે તે થાકી જાય. |
| ઝાઝે ગૂમડે ઝાઝી પીડા. | વિશેષ જવાબદારી ઘણી જ પીડા કરે. |
| ઝાડ તેવાં ફળ. | જે પ્રમાણે કામ કરીએ એ પ્રમાણે ફળ મળે. |
| ઝીણો પણ રાઈનો દાણો. | નાનું પણ તેજદાર, નાની વસ્તુ પણ ઉપયોગી. |
| ઝૂંપડામાં રહેનારને ઝૂમણાના કોડ. | ગરીબને સુખસાહ્યબી ભોગવવાની ઈચ્છા. |
| ઝેરનાં પારખાં ન હોય. | મૃત્યુજનક પરિણામવાળાં કાર્યો પ્રયોગ તરીકે ન કરી શકાય. |
| ટકાની ડોસી ને ઢબ્બુ મૂંડામણ. | અસલ કિંમત કરતાં ખર્ચ વધારે. |
| ટકે શેર ભાજી ટકે શેર ખાજાં. | સારુંનરસું બધું સરખું. |
| ટકો મળે પણ તક ન મળે. | પૈસા કરતાં તકની કિંમત બહુ મોટી છે. |
| ટાઢા ટાઢ કરીએ નહિ ને ટાઢનાં માર્યા મરીએ નહિ. | આપત્તિ સમયે રોદણાં રડવાને બદલે આપત્તિનો સામનો કરવો. |
| ટાઢ વાય સૌને ન વાય વહુને. | નાના પાસે સૌ કામ કરાવે. |
| ટાઢા પહોરના તડાકા મારવા. | ગપ્પાં મારવાં. |
| ટાઢી ખીર. | અઘરું કામ પાર પાડી શકનાર. |

| | |
|---|---|
| **ટાઢે પાણીએ ખસ ગઈ.** | વિના પ્રયત્ને મુશ્કેલી ટળી. |
| **ટાણે મળે એ નાણે ન મળે.** | વખત આવ્યે જે મળે તે પૈસા દેતાં મળતું નથી. |
| **ટીપે ટીપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય.** | થોડે થોડે મોટું કામ થાય. |
| **ઠાકરને ચાકર ઘણા તો ચાકરને ઠાકર ઘણા.** | જેને પૈસા આપવા છે તેને કામ કરનાર મળી રહે છે અને જેને કામ કરવું છે તેને નોકરી ધંધે રાખનાર મળી રહે છે. |
| **ઠાકોર ગયા ને ઠગ રહ્યા.** | રાજનું રખોપું કરનાર ન હોય તો ઠગાઈ કરનારા ફાવે છે. |
| **ઠારો તેવાં ઠરજો ને બાળો તેવાં બળજો.** | કર્મ કરીએ એવા ફળ મળે છે. |
| **ઠૂંઠી ચૂડીઓ પહેરવા ગઈ ત્યારે મરૂડિયો માંદો પડ્યો.** | અક્કર્મીનો પડિયો કાણો. |
| **ઠોઠ નિશાળિયાને વતરણાં ઘણાં.** | જે ભણતો નથી તે ડોળ ઘણો કરે. |
| **ડગલે દૂર તે દેશાવરે દૂર.** | થોડું પણ છેટું તે છેટું. |
| **ડહાપણમાં દવ લાગવો.** | શાણપણ વગરનું વર્તન કરવું. |
| **ડાકણ સામે ડાકણ.** | જેવાની સાથે તેવા થવું. |
| **ડાકણેય એક ઘર મેલે.** | તદ્દન ઊતરેલ માણસ પણ કોઈ એકાદ જગ્યાએ તો અચૂક લાગણીથી વર્તે. |
| **ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે.** | પરોપદેશે પાંડિત્યમ્, પોતે ન કરે તે કરવા બીજાને ઠાવકે મોંએ શિખામણ દેવી. |
| **ડાહ્યો દીકરો દેશાવર ભોગવે ને ડાહી વહુ ચૂલામાં પેસે.** | દરેક માણસે પોતાની ફરજ બજાવવી જોઈએ. |

| | |
|---|---|
| ડાહ્યો ભૂલે ત્યારે ભીંત ભૂલે. | બુદ્ધિશાળી માણસો દ્વારા પણ ક્યારેક વગર વિચારેલાં કામ થાય છે. |
| ડાંગે માર્યા પાણી જુદાં ના પડે. | એક લોહીવાળામાં ઝટ કુસંપ ન કરાવી શકાય. |
| ડુંગરા દૂરથી રળિયામણા. | દૂરથી બધું જ સુંદર દેખાય છે. |
| ડુંગરે દવ લાગે તો દુનિયા જાણે પણ પેટમાં લાગે તે કોઈ ન જાણે. | પોતાની પીડા અન્યને કહી ન શકાય/ જણાવી ન શકાય. |
| ડુંગળીમાં એલચીનો સ્વાદ આવે નહિ. | સ્વભાવગત દુર્ગુણ નિવારી શકાતા નથી. |
| ડૂબતો માણસ ફીણને વળગે; ડૂબતો માણસ તરણું પકડે. | પડતો માણસ ગમે તેનો સહારો લે. |
| ડોસી મૂઆની બીક નથી; જમ પેધ્યાનો ભો છે. | એક વાર નુકસાન થાય ભલે પણ તેને બદલે અનિષ્ટ કાયમી બની જાય તે યોગ્ય નથી. |
| ડોળે દીઠું બને નહિ ને સાથે રહેવું ગમે નહિ. | આંખો વઢવી; દીઠે અણગમો ઉત્પન્ન થવો. |
| ઢબ્બુની ડોશી ને ટકાનું મૂંડામણ. | વસ્તુની મૂળ કિંમત કરતાં તેની પાછળ બીજું ખર્ચ વધી જવું તે. |
| ઢમ ઢોલ માંહે પોલ. | બહારથી સારા દેખાતા માણસો અંદરથી પોકળ હોય છે. |
| ઢાંક્યા કરમની કોઈને ખબર નથી. | ભવિષ્ય ક્યારે ખૂલે એ નક્કી નથી. |
| ઢીંચણ સમું ધાન ને કેડ સમું કામ. | ધાન્યની પુષ્કળતા અને કામમાં મચ્યા રહેવાનું હોવું તે. |

| | |
|---|---|
| **ઢેફું ભાંગીને ધૂળ કરવી.** | અયોગ્ય પ્રયત્નોનું પરિણામ સારું આવતું નથી. |
| **ઢેલના પગ બે દિવસ રાતા.** | અલ્પજીવી પણ અલ્પતાનું સૂચક. |
| **તકદીર આગળ તદબીર ચાલે નહિ.** | પ્રારબ્ધ સામે કોઈ યુક્તિ સફળ થતી નથી. |
| **તકનાં વાજાં તકે જ વાગે.** | દરેક ચીજને તેનાં યોગ્ય સમય અને સ્થળ હોય છે. |
| **તપ કીધે બાવો ન થવાય.** | નામના દેખાવથી ખરું પદ મળતું નથી. |
| **તપને અંતે રાજ ને રાજને અંતે તપ.** | દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ. |
| **તમાચો મારીને મોં લાલ રાખવું.** | ખોટા ભભકા કરી ધનિક હોવાનો પ્રયત્ન કરવો. |
| **તમાશાને તેડું નહિ ને ઈશકનું મૂલ નહિ.** | ગામમાં નાટક રંગતમાશા હોય ત્યાં જોવા સારું કોઈને બોલાવવા જવું ન પડે. |
| **તરણા ઓથે ડુંગર.** | માયારૂપી તરણાને લીધે સત્ય દેખાતું નથી. |
| **તરત દાન ને મહાપુણ્ય.** | ધર્મના કાર્યમાં વિલંબ ન કરવો. |
| **તળાવે તરસ્યો ને વેળાએ ભૂખ્યો.** | જે કોઈ અવસર કે પ્રસંગ ઊભો થાય તેનો લાભ લેવો. |
| **તંદુરસ્તી હજાર નિયામત.** | સારું સ્વાસ્થ્ય જેવું અન્ય કોઈ સુખ નથી. |
| **તારું મારું સહિયારું ને મારું મારા બાપનું.** | અન્યની માલિકીની ચીજવસ્તુમાં પોતાનો હિસ્સો રાખવો, પરંતુ પોતાની ચીજવસ્તુમાંથી કોઈને કંઈ ન આપવું. |
| **તાંબાની તોલડી તેર વાનાં માંગે.** | ઘરસંસાર માંડો ત્યારે ઘણી ચીજસામગ્રી જોઈએ. |

| | |
|---|---|
| **તીર નહિ તો તુક્કો.** | સફળતા મળે તો ઠીક નહીંતર ગુમાવવાનું શું ? |
| **તું ઝાડે ઝાડે ફર્યો છે પણ હું તો પાંદડે પાંદડે ફર્યો છું.** | પોતાને સર્વક્ષેત્રીય અનુભવ હોવો. |
| **તુંબડાં બાંધી દરિયો તરાય નહિ.** | અપૂરતાં સાધનો અને અપૂરતી તૈયારીથી નિયત લક્ષ્યાંક સિદ્ધ ન થઈ શકે. |
| **તુંબડીમાં કાંકરા.** | સમજી ન શકાય તેવી વાત. |
| **તેજીને ટકોરો ને ગધેડાને ડફણાં.** | બુદ્ધિશાળી ઈશારામાં સમજે, મૂર્ખ માટે માથાકૂટ કરવી પડે. |
| **તેરા તેલ ગયા ને મેરા ખેલ ગયા.** | વેપારી અને ગ્રાહક બંને પક્ષે કોઈ કંઈ પ્રાપ્ત ન કરે. |
| **તેરી ભી ચૂપ ને મેરી ભી ચૂપ.** | હેતુપૂર્વક મૌન રહેવું. |
| **તેલ ગયું તૂપ ગયું હાથમાં ચાડું રહ્યું.** | બધી બાજુએથી નુકસાન થવું. |
| **તેલ જુઓ તેલની ધાર જુઓ.** | બધી વાતનો ચોમેરથી વિચાર કરીને કામ કરવાની ભલામણ કરવી. |
| **થાપણ માટે સાપણ થાય.** | લેણું વસૂલ કરવા સારુ ગમે તે હદ સુધી જવું. |
| **થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ.** | જેવી વ્યક્તિ તેવો તેની સાથે વ્યવહાર. |
| **થૂંકે પડા ન વળાય.** | શક્તિ પ્રમાણે કામ કરી શકાય. |
| **થૂંક્યું ગળાય નહીં.** | વચનનું પાલન કરવું જોઈએ. |
| **થોડી ભૂખના ને ઝાઝી સુખના.** | સંતોષમાં સુખ છે. |
| **થોરે કેળાં ન પાકે.** | જાત નીચી તો ફળ ઊંચું ન જોવા મળે. |

**દક્ષિણા આપવી.** — લાંચ આપવી.

**દગો કોઈનો સગો નહીં.** — દગો દેનાર સગપણ જોતો નથી પણ દગો કરનારને જ નુકસાન થાય છે.

**દમ ત્યાં લગી દવા.** — શક્તિ અનુસાર ઉપચાર.

**દયા ડાકણને ખાય.** — દયા કરવા જતાં આફત વહોરવી પડે.

**દરેક કાળી વાદળીને રૂપેરી કોર હોય છે.** — દુઃખદ અનુભવો કે દુઃખદ ઘટનાઓમાં પણ કંઈક સારું રહેલું છે; નિરાશામાં પણ આશા છે.

**દહીંમાં ને દૂધમાં પગ રાખવો.** — બંને પક્ષમાં રહેવું.

**દંડ ઉપર ડામ.** — નુકસાન પર વધુ નુકસાન કરવું.

**દાંતને અને અન્નને વેર થવું.** — ગરીબાઈ ભોગવવી; ખાવાના સાંસા હોવા.

**દાઝ્યા પર ડામ દેવો.** — દુઃખ હોય અને વધારે દુઃખ દેવું.

**દાટ્યાં મડદાં ઉખેળવાં સારાં નહિ.** — વીતી ગયેલી દુઃખદ ઘટનાઓની યાદ વારંવાર ના કરવી.

**દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી.** — શોભાની શોભા ને કામનું કામ બંને હેત સરે.

**દાઢીમાં હાથ ઘાલવા.** — કાલાવાલા કરવા.

**દાનત તેવી બરકત.** — જેવી ઈચ્છા તેવો તેનો લાભ.

**દામ તેવું કામ અથવા દામ કરે કામ.** — પૈસાથી બધું થઈ શકે.

**દાવ આવ્યે સોગટી મારવી.** — તક મળે તેનો લાભ લેવો.

**દાળની સોબતથી ચોખો નર મટી નારી થયો.** — જેને જેવો વાસ તેને તેવો પાશ; સોબતના ગુણસંસ્કાર આવવા.

| | |
|---|---|
| **દિગંબરના ગામમાં ધોબીનું શું કામ ?** | ઘરાકી ન મળે એવા સ્થળે ધંધો કરવો નકામો છે. |
| **દિલ્હી બહુ દૂર છે.** | હજી ઘણું કરવાનું બાકી છે. |
| **દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય.** | દીકરી અને ગાયને બીજાની ઈચ્છા મુજબ જ વર્તવાનું હોય છે. |
| **દીઠા દેવ ને પહોંચી જાત્રા.** | જેમ તેમ કાર્ય આટોપવું. |
| **દીવા પાછળ અંધારું અથવા દીવા વાંસે અંધારું** | (૧) જાણીતા માણસના મરણ પછી નમાલો માણસ આવવાને લીધે ફેલાતી અંધાધૂંધી. (૨) પ્રસિદ્ધ પિતા પાછળ ઘણીવાર નામ બોળનાર સંતાન પાકે. |
| **દીવો લઈને કૂવામાં પડવું. અથવા દેખતે ડોળે છેતરાવું.** | જાણીબૂઝીને મુશ્કેલીમાં મૂકાવું; બુદ્ધિ હોવા છતાં તેનો ઉપયોગ ના કરવો અને પરિણામે નિષ્ફળતા મેળવવી. |
| **દુઃખનું ઓસડ દહાડા.** | સમય ગમે તેવા દુઃખને ભુલાવે છે. |
| **દુકાળમાં અધિક માસ.** | મુશ્કેલીમાં ઉમેરો થવો. |
| **દુઃખ વિના સુખ નહિ તે કષ્ટ વિના ફળ નહિ.** | રાત-દિવસની જેમ સુખ અને દુઃખનું ચક્ર ફર્યા કરે છે. |
| **દુખતી આંખે ઝોકો વાગે.** | દુઃખમાં દુઃખ ભળે. |
| **દૂધનો દાઝ્યો છાશ ફુંકીને પીએ.** | કડવા અનુભવને લીધે વ્યક્તિ જરૂર ન હોય ત્યાં ચેતીને ચાલે. |
| **દૂધમાંથી પોરા કાઢવા.** | નજીવી ભૂલો શોધ્યા કરવી. |

| | |
|---|---|
| **દેખતે ડોળે કૂવામાં પડવું.** | જાણીબૂઝીને નુકસાન વહોરવું. |
| **દેખવું નહિ ને દાઝવું નહિ.** | અણગમતા પ્રસંગથી દૂર જ રહેવું. |
| **દેવ એવી જાતરા.** | જે જેને યોગ્ય તે તેને આપવું; |
| **દેશ તેવો વેશ.** | જેવો સમાજ તેવું જ આચરણ હોવું જોઈએ. |
| **દોઢ વાંક વગર કજિયો થાય નહિ.** | ઝઘડા માટે બે પક્ષો કે બે વ્યક્તિઓ જવાબદાર હોય છે. |
| **દોરડી બળે પણ વળ ન છોડે.** | માણસ પોતાનો સ્વભાવ છોડી શકતો નથી. |
| **દ્રાવિડી પ્રાણાયામ.** | નકામી વધારે કરવામાં આવતી મહેનત. |
| **ધકેલ પંચે દોઢસો.** | આડેધડ કશી વ્યવસ્થા વિના કામ કરવાથી શું ? |
| **ધરમ કરતાં ધાડ પડવી.** | કોઈનું સારું કરવા જતાં નુકસાનીમાં આવી પડવું. |
| **ધરમના કામમાં ઢીલ શી ?** | ધર્મકાર્ય વિના વિલંબે કરવું. |
| **ધરમીને ઘેર ધાડ ને કસાઈ ને ઘેર કુશળ.** | કર્મ અનુસાર ફળ ન મળતાં વિપરીત ફળ મળે છે. |
| **ધાન ખાઈએ છીએ; ધૂળ નથી ખાતા.** | સમજણપૂર્વક કામ કરવું. |
| **ધીર સમાન જોગ નહિ ને રોષ સમાન રોગ નહિ.** | ધીરજ ફળદાયી હોય છે; ક્રોધ નુકસાન-કારક નીવડે છે. |
| **ધીરજનાં ફળ મીઠાં.** | ધીરજ રાખવાથી સારો લાભ થાય. |
| **ધુમાડાનાં બાચકા ભરવા.** | મિથ્યા પ્રયત્નો કરવા. |

| | |
|---|---|
| **ધોબી ધુએ મૂલે ને પાપી ધુએ કમૂલે.** | નિંદા કરી કિંમત લીધા સિવાય સામાનાં પાપ ધુએ. |
| **ધોબીનો કૂતરો નહિ ઘરનો નહિ ઘાટનો.** | (૧) માણસ જ્યારે દ્વિધામાં પડે છે ત્યારે તે નથી રહેતો ઘરનો કે નથી રહેતો ઘાટનો. (૨) બંને પક્ષને પ્રસન્ન રાખવા મથનાર નિષ્ફળ જાય છે. |
| **ધોળામાં ધૂળ નાંખી.** | વૃદ્ધાવસ્થામાં લાંછન લાગ્યું. |
| **ધોળે દહાડે અંધારું.** | અવ્યવસ્થા હોવી. |
| **ધોળે દહાડે તારા જોવા.** | અશક્ય વસ્તુ વિચારવી. |
| **ધોળે દહાડે તારા દીઠા.** | બહુ દુઃખ પામી હેરાન-પરેશાન થવું. |
| **ન કરું વરો, જમું ખરો, મને શેઠ કરો.** | કશું કર્યા વિના પોતાનું મહત્ત્વ ઠસાવવાનો હાંસીપાત્ર પ્રયત્ન. |
| **ન બોલવામાં નવ ગુણ.** | કોઈ ગંભીર વાત જોવા જાણવા છતાં પણ મૂંગા રહેવામાં જ મઝા છે. |
| **ન મામા કરતાં કહેણો મામો સારો.** | કશું જ ન મળે એ કરતાં થોડુંયે મળે તો સારું. |
| **નકટાને નાક નહિ ને નફફટને સાન નહિ.** | શરમ છોડીને વર્તવું. |
| **નકલમાં શી અક્કલ ?** | કોઈનું કરેલું કરવામાં કશી કારીગરી નથી. |
| **નખ વડે ભોંય ખોતરવી.** | ભોંઠા પડી જવું. |
| **નગારામાં પિપૂડીનો અવાજ ક્યાં સંભળાય ?** | મોટામાં નાનાનું કોણ સાંભળે ? |

| | |
|---|---|
| **નદીનું મૂળ ને ઋષિનું કુળ જોવાય નહિ.** | નદી અને ઋષિ આદરને પાત્ર છે; તેઓ તેમની પ્રવર્તમાન પ્રતિભાથી જ માન અને આદરને પાત્ર છે એથી ઉત્પત્તિ કે ઉગમ વિશે જાણવા પ્રયત્ન ના કરવો. |
| **નમાઝ પઢતાં મસીદ કોટે વળગી.** | સારું કામ કરવા જતાં આફત આવવી. |
| **નમે તે સૌને ગમે.** | નમ્રતા સૌથી મોટો ગુણ છે. |
| **નમ્યો તે પરમેશ્વરને ગમ્યો.** | નમ્રતા પ્રભુને પ્રિય છે. |
| **નર કરણી કરે તો નરકા નારાયણ** | મનુષ્ય જો સત્‌કાર્ય કરે તો એ પોતાનાં પુરુષાર્થથી મહાન પણ થઈ જાય. |
| **નરો વા કુંજરો વા.** | વિકલ્પ બતાવી સત્યને ઢાંકવા પ્રયત્ન કરવો. |
| **નવ નેજાં પાણી ચડે; પથ્થર ન ભીંજે કોર.** | કોઈ અસર ન થવી. |
| **નવરો બેઠો નખ્ખોદ વાળે.** | કામ વિનાનો માણસ કંઈ ને કંઈ ખટપટ કર્યા જ કરે. |
| **નસીબ બે ડગલાં આગળ.** | જ્યાં જાય ત્યાં કમનસીબી મળવી. |
| **નસીબના એવા બળિયા કે રાંધી ખીચડીને થઈ ગયા ઠળિયા.** | નસીબમાં જે લખાયું હોય તે થાય. |
| **નળ નીચે બેડું જોઈએ.** | તકનો ઉપયોગ કરવો જોઈએ. |
| **નાક ઉપર માખી બેસવા ન દેવી.** | કોઈનું જરી પણ અહેસાન ન ચડાવવું. |
| **નાક કટ્ટા તો કટ્ટા લેકિન ખીર-ઘી તો ચટ્ટા !** | આબરૂને નુકસાન પહોંચે તો પણ સ્વાદિષ્ટ ચીજનો સ્વાદ લેવો ? |
| **નાક નીચું ને પેટ ઊંચું.** | બીજાની ખુશામત કરીને પેટ ભરવું. |

| | |
|---|---|
| **નાકની દાંડી સમ આંખો રાખવી.** | પ્રામાણિક રહેવું. |
| **નાગાની પાંચશેરી ભારે.** | દુર્જનથી સૌ ડરે. |
| **નાગો ન્હાય શું ને નિચોવે શું ?** | જેની પાસે કંઈ જ નથી તે શું વાપરે ? જેણે આબરૂ ખોઈ તેને લાજશરમ નહિ. |
| **નાચવું નહિ ત્યારે આંગણું વાંકું.** | જ્યારે કામ કરવાની ઈચ્છા થતી નથી ત્યારે અનેક બહાનાં કઢાય છે. |
| **નાદાનની દોસ્તી ને જીવનું જોખમ.** | કમઅક્કલ વ્યક્તિ સાથેની મિત્રતા નુકસાનકારક છે. |
| **નાને મોઢે મોટી વાત.** | કક્ષા અને મોભાનો વિવેક રાખ્યા વિના કહેવું અને વર્તવું. |
| **નાનો તો પણ રાઈનો દાણો.** | ઉંમર કે કદ ભલે નાનું પણ શક્તિ વધુ. |
| **નામ મોટાં ને દર્શન ખોટાં.** | બહારથી પ્રતિષ્ઠા પણ અંદરથી દોષોથી ભરેલું. |
| **નાહ્યા તેટલું પુણ્ય.** | જેટલો લાભ કે ફાયદો લઈ શકાય તેટલો લેવો. |
| **નીચી બોરડી સૌ ખંખેરે.** | વધુ પડતી નમ્રતાને લીધે સહન કરવું પડે. |
| **નેવનાં પાણી મોભે ન ચઢે.** | અશક્ય વસ્તુ શક્ય ન બને. |
| **પગ જોઈને પાથરણું તાણવું.** | શક્તિ મુજબ કામ કરવું; આવક મુજબ ખર્ચ કરવું. |
| **પગની મોજડી કંઈ માથે ન મુકાય.** | વિવેકપૂર્ણ અને ઉચિત કાર્ય કરવું. |
| **પગે પનોતી બેસવી.** | (૧) પડતો દહાડો આવવો.<br>(૨) મુશ્કેલીઓ વધી જવી. |

| | |
|---|---|
| પડ્યો પોદળો ધૂળ ઊંચક્યા વિના ન રહે. | જ્યાં જાય ત્યાં લાભ શોધે. |
| પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહિ. | જેવી જાત તેવી ભાત પડે છે. |
| પડે તે ચડે ને ભણે તે ભૂલે. | જે અભિમાન કરે છે તેની પડતી થાય છે. |
| પથ્થર ઉપર પાણી. | જડ બુદ્ધિનો માણસ સમજે જ નહિ. |
| પહેરીએ ગામને ગમતું; ખાઈએ મનને ગમતું. | સ્વાસ્થ્ય સાચવવા પોતાને અનુકૂળ આહાર કરવો પરંતુ સમાજ સાથે રહેવા સમાજને અનુકૂળ થવું. |
| પહેલું સુખ તે જાતે નર્યા. | તંદુરસ્તી એ પ્રથમ સુખ. |
| પહેલો સગો પાડોશી. | પડોશીને સગા કરતા વધારે નજીકનો ગણવો. |
| પળમાં મન માળવે જાય. | મન બહુ ચંચળ છે. |
| પાઈની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ. | જેમાં કશું આર્થિક વળતર ન મળે તેવું. |
| પાકે ઘડે કાંઠા ન ચડે. | વખત વીત્યા બાદ પરિસ્થિતિમાં ફેરફાર અશક્ય. |
| પાઘડીનો વળ છેડે. | કામના પરિણામથી જ કામ પરખાય. |
| પાછલે બારણે પ્રવેશ. | અનુચિત રીતે કાર્યક્ષેત્રમાં આવવું. |
| પાટલી બદલવી. | પક્ષાંતર કરવું. |
| પાડાને વાંકે પખાલીને ડામ. | એકના દોષે બીજાને સજા. |
| પાણી પહેલાં પાળ બાંધવી. | મુશ્કેલી આવતા પહેલાં ઉપાય કરવો. |
| પાણી પીને ઘર પૂછવું. | કરવાનું કરી બેઠા પછી તેની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરવો. |

| | |
|---|---|
| **પાણી વલોવ્યે માખણ ન નીકળે.** | વ્યર્થ મહેનત કરવી. |
| **પાણીમાં રહેવું ને મગર સાથે વેર.** | જેની સત્તા હેઠળ રહેવું તેની સાથે દુશ્મનાવટ રાખવી. |
| **પાત્ર જોઈને વાત થાય.** | યોગ્યતા જોઈને વિશ્વાસ મૂકવો. |
| **પાપડી ભેગી ઈયળ બફાય.** | સારા ભેગું ખરાબ પણ નુકસાનમાં ઊતરે. |
| **પાપનું ધન પ્રાયશ્ચિતમાં જાય.** | અણહકની કમાણી અયોગ્ય માર્ગે જ વપરાય. |
| **પાપનો ઘડો ભરાય ત્યારે મોભ પર બેસીને પોકારે.** | પાપ આખરે બહાર જ પડે. |
| **પાપનો ઘડો ફૂટ્યા વિના રહે નહિ.** | (૧) છેવટે પાપ જાહેર થઈ જાય છે.<br>(૨) પાપભર્યા કૃત્યોનાં માઠાં પરિણામ અવશ્ય આવે છે. |
| **પારકાં છોકરાંને જતિ કરવા સૌ તૈયાર.** | પોતાનાં અને પારકાં વચ્ચેનો ભેદ; અન્યને મુશ્કેલીમાં નાખવા માણસ તૈયાર હોય છે. |
| **પારકી આશ સદા નિરાશ.** | બીજા ઉપર આધાર રાખતાં સહન કરવું પડે. |
| **પારકી જણી કાન વીંધે.** | (૧) દયાલાગણી બતાવ્યા વિના અન્ય કામ કઢાવે- કામ શીખવે.<br>(૨) પોતીકાનું ન ખમે એ પરાયાનું વેઠી લે. |
| **પારકે પૈસે દિવાળી.** | બીજાના પૈસે તાગડધિન્ના કરવા. |
| **પારકે ભાણે મોટો લાડુ.** | પોતાની વસ્તુ કરતાં બીજાની વસ્તુ સારી લાગે. |

| | |
|---|---|
| **પાશેરામાં પહેલી પૂણી.** | કાર્યની શરૂઆત કરવી. |
| **પાસે ન મળે કોડી ને ઊભી બજાર દોડી.** | ધનવાન હોવાના અબળખા કરવા. |
| **પાંચે આંગળીએ પહોંચો રૂડો.** | સહકારથી સફળતા મળે. |
| **પાંચે મિત્ર, પચીસે પડોશી ને સોએ સગો.** | આટલી રકમ તેમને ધીરતાં પાછી ન આવે તો ખમી જવું; પણ તેમની સાથે સંબંધ બગાડવો નહિ. |
| **પિયરમાં બારસ બોલે ને તેરશ ટૌકા કરે.** | ભૂખમરાની દશા હોવી. |
| **પીઠી ચોળે રંગ ન બદલાય.** | અમુક વસ્તુ એવી હોય કે ગમે તેટલા ઉપાયે પણ એમાં ફેરફાર ન જ થાય. |
| **પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી.** | સંસ્કાર કે ગુણ તો શરૂઆતથી જ દેખાઈ આવે છે. |
| **પૂછતા નર પંડિત.** | પૂછતાં પૂછતાં જ્ઞાન મેળવી શકાય. |
| **પેટ કરાવે વેઠ.** | પેટના પોષણ માટે બીજાની મજૂરી કરવી પડે. |
| **પેટ પાળે વેર બાળે.** | દીકરા ઘડપણમાં પાળે; વેર વંશવેલો બાળીની નિર્વંશ કરે. |
| **પેટનો બળ્યો ગામ બાળે.** | પોતાને દુઃખે સૌને દુઃખી કરે. |
| **પેટમાં ટાંટિયા હોવા.** | કપટ કરવું; દગો કરવો. |
| **પેટમાં પેસી નીકળવું.** | કોઈના અંતઃકરણની વાત જાણવી. |
| **પેટે પાટા બાંધવા.** | ભૂખ્યું રહેવું; ખૂબ કરકસર કરવી. |
| **પોચું દેખે ત્યાં સૌ દબાવે.** | નબળાને સૌ કોઈ નમાવે. |

| | |
|---|---|
| **પોતાની માનમરજાદ પોતાને હાથ.** | સ્વમાન જાળવો તેટલું માન પામો. |
| **પોથીમાંનાં રીંગણાં.** | કેવળ પુસ્તકિયું જ્ઞાન હોવું. |
| **પોપાંબાઈનું રાજ.** | નબળા કે પ્રમાદી માણસનો કારભાર. |
| **પ્રથમ ગ્રાસે મક્ષિકા.** | શરૂમાં વિઘ્ન નડવું. |
| **પ્રભુ પાધરા તો વેરી આંધળા.** | પ્રભુકૃપાથી દુશ્મનો પર વિજય મેળવવો. |
| **પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય.** | સ્વભાવ મૃત્યુ સુધી ન બદલાય. |
| **પ્રેમપંથ પાવકની જ્વાળા.** | પ્રેમ અને ભક્તિનો માર્ગ વિકટ છે. |
| **ફરતે એકાદશી ને વચમાં ગોકળઆઠમ.** | ભૂખમરાની દશા હોવી. |
| **ફરે તે ચરે બાંધ્યો ભૂખે મરે.** | પુરુષાર્થ વિના બેસી રહેનાર સુખી થતો નથી. |
| **ફાંસ કાઢતાં પેસે સાલ.** | એક દુઃખ નિવારતાં બીજું મોટું દુઃખ આવી પડે. |
| **ફૂલ નહિ ને ફૂલની પાંખડી.** | નજીવી ભેટ. |
| **ફૂવડનો મેલ ફાગણે ઊતરે.** | ફાગણ ઉત્સવનો સમય છે; એ એવો સમય છે કે ફૂવડ પણ ઉત્સવ માણે. |
| **બકરી આદુ ખાતાં શીખી.** | નબળી વ્યક્તિ પણ સમય આવે હોશિયાર થઈ જાય છે. |
| **બકરું કાઢતાં ઊંટ પેસે.** | નાનું વિઘ્ન દૂર કરતાં મોટું વિઘ્ન આવી જાય. |
| **બધાં પાલખીએ બેસે ત્યારે ઊંચકે કોણ ?** | શાસક અને શ્રમિક બંને જરૂરી. |
| **બધું ગામ ઘોરે ત્યારે ઘેલી ઘેંશ ઓરે.** | આળસુ અને ઉધમાતિયા વ્યક્તિ. |

| | |
|---|---|
| **બને તો કોઈના થઈ રહીએ; નહિ તો કોઈને પોતાનાં કરી લઈએ.** | આપણામાં આવડત ન હોય તો કોઈના આધીન રહેવું અને જો ડહાપણ હોય તો તેનાથી અન્યને વશ રાખવા. |
| **બલા જવી.** | અણગમતું દૂર થવું. |
| **બહાર બકરી ને ઘરમાં વાઘ.** | જાહેરમાં કંઈ ન કરી શકનાર માણસ ઘરમાં શૂરાતન બતાવે. |
| **બહાર લાખનો ને ઘરમાં કાખનો.** | બહાર પ્રતિષ્ઠા સારી હોવા છતાં ઘરમાં કંઈ ન ઊપજવું. |
| **બહારની ડોશીને બાળવા જાય ને ઘરની ડોશીને કૂતરાં ખાય.** | ઘરનું કામ ન કરવું પણ બહારનું કામ કરવું. |
| **બહારનો બહાર ને અંદરનો અંદર.** | બહારથી ભોળું દેખાય ને અંદરથી પાકું. |
| **બહુ દોડે તે બહુ થાકે.** | (૧) અતિ જોર કરવું સારું નહિ.<br>(૨) જે ઘણો ખર્ચ કરે તેને પાછળથી નાણાભીડ અનુભવવી પડે. |
| **બહુ બીએ તેને બહુ ખાય.** | કાયર અથવા નબળા માણસને લોકો વધુ પરેશાન કરે. |
| **બહુચરાજીનો કૂકડો પેટમાં બોલે.** | પાપ કર્યું હોય તે પચે જ નહિ; વહેલું મોડું પણ એ પ્રકાશમાં આવે જ. |
| **બહુ તંત બળવંત.** | બળ કરતાં અક્કલ વધુ ચઢે. |
| **બહેરા આગળ શંખ ફૂંક્યો તો કે હાડકાં કરડે છે (અથવા ચાવે છે).** | બહેરો માણસ પોતાની ખામી છુપાવવા ગમે તે કારણ બતાવે. |
| **બહેરો બે વાર હસે.** | અયોગ્ય રીતે પોતાની ખામીઓ છુપાવનાર મિથ્યાભિમાની હોય છે. |

| | |
|---|---|
| બળતામાં ઘી હોમવું. | ઉશ્કેરણી કરવી. |
| બળથી ન થાય તે કળથી થાય. | ઘણીવાર બુદ્ધિથી કે યુક્તિથી જે કામ થાય તે તાકાતથી ન થાય. |
| બળિયાના બે ભાગ. | બળવાન વ્યક્તિ નિર્બળ પાસેથી વસ્તુ આંચકી લે. |
| બંદા પહોળા ને શેરી સાંકડી. | ઉડાઉ અને ખર્ચાળ માણસને આખરે મર્યાદાઓ નડે છે. |
| બંદાની દાઢીમાં એવા ગુણ જેમ ખાસડાં પડે તેમ આવે નૂર. | લુચ્ચા માણસો સમજાવ્યાથી ન માને પણ માર ખાય ત્યારે સારી રીતે વર્તે. |
| બાઈ બાઈ ચાળણી. | ઘેર ઘેર ફરવું અને જેતેની માગણી કરવી. |
| બાઈને કોઈ લેનાર નહિ ને ભાઈને કોઈ દેનાર નહિ. | બાઈ કે ભાઈ બંનેમાંથી કોઈની આબરૂ ન હોવી. |
| બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા. | ગુણ-સંસ્કાર વારસાગત હોય છે. |
| બાપડી બાપડી સૌ કરે પણ કાપડી કોઈ ન કરે. | વાત સૌ કરે પણ પાલનપોષણ તો પોતાનાં હોય તે જ કરે. |
| બાપનું બારમું ને બાઈડીનું સીમંત ફરી ફરીને આવે નહિ. | જિંદગીમાં અમુક પ્રસંગ એક જ વાર આવે. |
| બાપને પૈસે તાગડધિન્ના. | બાપની કમાણી પર મોજમજા લૂંટવી; પોતે કામ કરવામાં આળસ દાખવવી. |
| બાપનો કૂવો હોય માટે ડૂબી મરાય નહિ. | બાપદાદાના વખતથી ચાલી આવતી જૂની રસમ હાનિકારક હોય તો તેને વળગી ન રહેવાય. |
| બાર ગાઉએ બોલી બદલાય. | સ્થળેસ્થળે બોલાતી બોલીમાં ફેર પડે. |

| | |
|---|---|
| બાર ભૈયા ને તેર ચોકા. | જૂથ નાનું પણ મતભેદ ઘણા. |
| બાર હાથનું ચીભડું તેર હાથનું બી. | અશક્ય વાત. |
| બારસો ચુહા મારી બિલ્લી હજ કરવા ચાલી. | અંદરખાનેથી પાપાચારની પ્રવૃત્તિ કરવી અને બહાર પરમાર્થનો આડંબર કરવો. |
| બારે દહાડા કાંઈ સરખા જાય છે ? | મનુષ્યના જીવનમાં ચડતી-પડતી આવતી રહે છે. |
| બારે બુદ્ધિ, સોળે સાન, વળ્યા તો વળ્યા નહિ તો પથ્થર પહાણ. | વયના વિકાસ પ્રમાણે ગુણો ન વિકસે તો જીવન દુઃખમય બને છે. |
| બારે વહાણ બૂડ્યાં. | ધંધામાં ખૂબ જ નુકસાન થવું. |
| બાવા આદમના જમાનાનું. | ખૂબ જૂના જમાનાનું. |
| બાવા બેઠા જપે ને જે આવે તે ખપે. | અનાયાસે જે મળે તેનો લાભ લેવો. |
| બાવાનાં બેય બગડ્યાં. | બેય બાજુથી પસ્તાવું. |
| બાવો નાચ્યો ત્યારે બોદલી પણ નાચી. (અથવા ઘોડીયે નાચી). | એકે કર્યું એટલે બીજાએ પણ કર્યું; સમજ્યા વગર કોઈનું અનુકરણ કરવું. |
| બાંડા ગામમાં બે બારસ. | મૂર્ખ માણસોના ગામમાં દરેકની વાત જુદી જુદી હોય છે. |
| બાંધી મુઠ્ઠી લાખની ને ઉઘાડી તે રાખની. | વાત ગુપ્ત રહે ત્યાં સુધી મહત્ત્વની, પ્રગટ થઈ ગયા પછી તેની કિંમત નહીં. |
| બાંધે પોટલે વેપાર થાય નહિ. | ધંધા માટે બતાવવું; સમજાવવું જરૂરી-બોલે એનાં બોર વેચાય. |
| બિચારાનાં બારેય વહાણ બૂડ્યાં. | ચારે બાજુથી વિપત્તિ આવી પડવી. |

| | |
|---|---|
| **બુઢ્ઢી ઘોડી ને લાલ લગામ.** | વૃદ્ધાવસ્થામાં રંગરાગ કે શણગાર શોભાસ્પદ ન ગણાય. |
| **બુંદથી બગડી તે હોજથી ન સુધરે.** | ગયેલી આબરૂ પાછી આવતી નથી. |
| **બે આંખની શરમ પડે.** | ઓળખાણ કે રૂબરૂ હાજરીની અસર પડે છે. |
| **બે ઘરનો પરોણો ભૂખે મરે.** | અનિશ્ચિતતાથી વર્તનાર માણસ મુશ્કેલીમાં મુકાય. |
| **બે ઘોડે ચડાય નહિ.** | બેઉ લાભ એકી સાથે ન લેવાય. |
| **બે પાંદડે થવું.** | સુખી થવું. |
| **બે બાવીસની ગરજ સારે.** | બે જ ભાઈઓ કે મિત્ર હોય પણ જો સંપ હોય તો તેઓ બાવીસ માણસની ગરજ સારી શકે. |
| **બે હાથ વગર તાલી ન પડે.** | બંનેના વાંક વિના ઝઘડો ન થાય. |
| **બે હાથે લાડવો ન ખવાય.** | બંને પક્ષમાંથી ફાયદો ન મેળવી શકાય. |
| **બેઠાની ડાળ શા માટે કાપવી ?** | પોતાનું અહિત થાય તેવું કામ કરવું ન જોઈએ. |
| **બેઠું ખાય તે એઠું ખાય.** | જે પરાવલંબી છે તે સ્વમાની જીવન જીવી શકતું નથી. |
| **બેઠેલો પોપડો ન ઉખેડવો ને સૂતેલો ઝઘડો ન જગાડવો.** | ભૂતકાળની વાત યાદ કરીને દુઃખી ન થવું. |
| **બેની લડાઈમાં ત્રીજો ફાવે.** | બે માણસના ઝઘડામાં ત્રીજાને લાભ મળે. |
| **બેસતો રાજા, આવતો મેહ ને આવતી વહુ, વગર વિચારે વાહવાહ કરે સૌ.** | અનુભવ થયા વિના પણ આ ત્રણની પ્રશંસા કરાય. |

| | |
|---|---|
| **બોબડી બેય ચૂકી, ન રહ્યા ઘરના કે ન રહ્યા ઘાટના.** | એકેય પક્ષે લાભ ન થવો. |
| **બોલતાંનાં બોર વેચાય; ના બોલે તેની ખારેક પણ ન વેચાય.** | (૧) જે માણસ બોલે તે પોતાનું કામ કરી શકે; વેપાર ધંધામાં માલ વેચવામાં પ્રચારની જરૂરિયાત છે.<br>(૨) ધંધામાં પ્રચારથી માલ ખપે. |
| **બોલતી બંધ કરવી.** | સામાને દલીલ કરતું બંધ કરવું. |
| **બોલવા કરતાં કરી બતાવવું સારું.** | સામાન્ય રીતે જે માણસો ઓછું બોલે તે જ કાર્ય કરી બતાવે. |
| **બોલવું અને લોટ ફાકવો એ સાથે ન બને.** | એકસાથે બે કામ ન થઈ શકે. |
| **બોલવું એક ને કરવું જુદું.** | વાણી અને વર્તન જુદાં હોવાં. |
| **બોલે તે બે ખાય.** | પોતાની ઉપસ્થિતિને બોલીને જાહેર કરે તેને લાભ મળે છે. |
| **બોલે તેનાં બોર વેચાય.** | (૧) કહ્યા વિના કોઈ ન જાણે<br>(૨) પ્રચાર વિના કામ થાય નહિ. |
| **બોલે તો બે ખાય.** | બિનજરૂરી બોલવાથી નુકસાન પણ થાય. |
| **બોલે નહિ હસી તો સૌ જાય ખસી.** | જો જીભમાં-વાણીમાં કટુતા હોય તો તેને કોઈ સાથે સંબંધ રહેતો નથી. |
| **બોલ્યા વગર મા પણ પીરસે નહીં.** | આપણને કોઈની મદદની જરૂર હોય તો સામી વ્યક્તિ પાસે આપણે તે રજૂ કરવી જોઈએ, કહ્યા વગર કોઈ સમજે નહીં. |

| | |
|---|---|
| **બોલ્યું નહિ બોલ્યું નહિ થાય.** | બોલેલાં શબ્દો ફરી ગળી શકાતા નથી. |
| **બોલ્યું બહાર પડે ને રાંધ્યું વરે.** | (૧) ગયો સમય પાછો ન આવે.<br>(૨) વિચાર્યા વગર બોલવું નહિ. |
| **બોલ્યો બોલ ને માર્યું તીર કદી પાછાં નહિ આવે.** | યોગ્ય વિચાર કરીને બોલવું અને કરવું. |
| **ભગાના ઘર જેવું કરી બેસવું.** | સઘળું અવ્યવસ્થિત કે અસ્તવ્યસ્ત હોવું. |
| **ભણતાં પંડિત નીપજે; લખતાં લહિયો થાય.** | મહાવરાથી બધું સાધ્ય થાય; મહાવરાથી જ મનુષ્ય પૂર્ણ થાય છે. |
| **ભણી ગણીને ઊંધાં વળ્યાં.** | ભણ્યા પણ ગણ્યા નહિ. |
| **ભણે ગણે તે લેખાં લખે ને ન ભણે તે દીવો ધરે.** | વિદ્વાન સર્વત્ર પૂજાય છે જ્યારે અભણ માણસને માન મળતું નથી. |
| **ભણે તેની વિદ્યા, મારે તેની તલવાર ને પાળે તેનો ધરમ.** | વિદ્યા, શૂરવીરતા અને ધર્મ જે સાચવી જાણે-પાળે તેનાં જ તે થઈ રહે છે. |
| **ભણેલાને ચાર આંખ અભણ આંધળો.** | અર્થાત્ નિરક્ષરતા અંધત્વ સમાન છે. |
| **ભણ્યા પણ ગણ્યા નહિ.** | માત્ર જ્ઞાન હોય પણ તેનો વ્યાવહારિક અમલ ન આવડે તો તે વ્યર્થ છે. |
| **ભણ્યો ગણ્યો તે ઘોડે ચડે.** | ભણેલો માન અને આદરને પાત્ર બને. |
| **ભણ્યો ભૂલે ને તારો ડૂબે.** | કોઈ કોઈ વાર નિષ્ણાતથી પણ ભૂલ થઈ જાય છે. |
| **ભરતામાં ભરાય.** | સંપત્તિ હોય ત્યાં અધિક સંપત્તિ એકત્રિત થાય. |
| **ભરમ ભારી ને ખિસ્સાં ખાલી.** | વગર પૈસે ડોળ કરવો. |

| | |
|---|---|
| **ભરે ગજના ગજ પણ ફાડે તસુ બી નહિ.** | વાતો મોટી મોટી કરે પણ નાનું સરખું કામ પણ કરી ન શકે. |
| **ભર્યે ભાણે ભૂખ્યો ને ભર્યે તળાવે તરસ્યો.** | વસ્તુ નજર સમક્ષ હોવા છતાં ઉપભોગ ન કરી શકે. |
| **ભર્યા પેટ ઉપર ખાંડવી ખારી.** | જમીને તૃપ્ત થયેલું માણસ ભાવતાં ભોજન પણ ખાઈ શકે નહિ. |
| **ભર્યા ભારમાં રહેવું સારું.** | માનમાં રહેવું. |
| **ભર્યો ઘડો છલકાય ઘણો ને ભૂંડો ભૈયો મલકાય ઘણો.** | દુર્જન માણસ મીઠું બોલે. |
| **ભર્યો છલકે નહિ છલકે સો આધા; ઘોડા ભૂંકે નહિ ભૂંકે સો ગધ્ધા.** | જ્ઞાની માણસ છકી ન જાય- અર્ધજ્ઞાની વધુ દંભ કરે. |
| **ભલાનું ભલું થાય ને ભૂંડાનું ભૂંડું થાય.** | ભલાઈ કરનારનું ઈશ્વર હંમેશાં ભલું જ કરે છે અને ભૂંડું કરનારને તેની સજા મળે જ છે. |
| **ભલાનો ભાઈ ને ભૂંડાનો જમાઈ.** | વ્યક્તિ જેવી હોય એ રીતે એની સાથે વર્તવું. |
| **ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.** | નિરાંત અનુભવવી. |
| **ભલો ભલાઈ નહિ છોડે ને ભૂંડો ભૂંડાઈ નહિ છોડે.** | પ્રાણી પોતાનો મૂળ સ્વભાવ છોડી શકતો નથી. |
| **ભસતાં કૂતરાં કરડે નહિ.** | બણગાં ફૂંકનાર કે બડાઈ હાંકનાર કંઈ કરી શકતા નથી. |
| **ભસતો કૂતરો ભાગ્યે જ કરડે.** | લાંબીચોડી વાત કરનારથી કંઈ થતું નથી. |

| | |
|---|---|
| **ભાઈએ આપેલું પેટીએ ને ભોજાઈએ આપેલું ખૂંટીએ.** | ભાઈ દ્વારા બહેનને કિંમતી ચીજવસ્તુ મળે, જે પેટીમાં રાખી શકાય; ભોજાઈ દ્વારા અતિ-સામાન્ય ચીજવસ્તુ મળે જેને પેટીમાં સાચવીને મૂકવાની જરૂર નથી. |
| **ભાગ્યમાં કોઈનો ભાગ નથી.** | મનુષ્યને તેનું પ્રારબ્ધ તેણે પોતે જ ભોગવવું પડે છે. |
| **ભાગ્યમાં હોય તો ઘર બેઠાં આવે.** | પ્રારબ્ધ અનુસાર પ્રાપ્તિ થાય છે. |
| **ભાગ્યશાળીના ભૂત રળે ને અકકર્મીની બાયડી મરે.** | ભાગ્યશાળીને બધું આપોઆપ મળી રહે અને કમનસીબ દુઃખી થાય. |
| **ભાણે આવ્યું તે જમવું ને કરમે આવ્યું તે વેઠવું.** | પ્રારબ્ધ પ્રમાણે સુખદુઃખ વેઠવાં જ પડે છે. |
| **ભાત મેલીએ પણ સાથ ન મેલીએ.** | ખાવાનું છોડવું પડે તો છોડવું પણ મિત્રતા દુઃખ વેઠીને પણ નિભાવવી. |
| **ભાભા મારા રળી આવ્યા, સોના સાઠ કરી આવ્યા.** | ખોટનો ધંધો કરી આવ્યા. |
| **ભાભોજી ભારમાં તો વહુ લાજમાં.** | મોટાએ મોટપણ જાળવવું જેથી નાની વ્યક્તિ પણ એનું માન જાળવે. |
| **ભાલાની અણી ને ચોખાની કણી; માર્યા વગર રહે નહિ.** | નાની વસ્તુ પણ નુકસાનકારક થઈ પડે છે. |
| **ભાવ તેવી ભક્તિ.** | મનમાં પ્રગટેલી ભાવના મુજબ ભક્તિ થઈ શકે. |
| **ભાવ વિના ભક્તિ નહિ.** | ભાવના કે શ્રદ્ધા હોય તો જ ભક્તિ થઈ શકે. |
| **ભાવતું'તું ને વૈદે કહ્યું.** | પોતાને ગમતું હોય ને હિતસ્વી એ જ સૂચવે. |

| | |
|---|---|
| **ભાવમાં સારું કાંઈ તોલમાં સારું ?** | વેપારમાં સાટા પદ્ધતિ મુજબ ચીજવસ્તુની આપ-લે તેની કિંમત અનુસાર થઈ શકે છે વજન અનુસાર ન થઈ શકે. બાજરીના ભારોભાર સોનું ન વેચી શકાય. |
| **ભાવિ ભુલાવે તેમાં આપણો શો ઉપાય ?** | ભાગ્ય બળવાન છે; એટલે અઘટિત થાય ત્યારે અન્ય દોષને પાત્ર નથી. |
| **ભાવે એટલું ખાવું નહિ ને આવડે એટલું લવવું નહિ.** | કોઈ પણ કાર્ય મર્યાદામાં રહીને કરવું. |
| **ભાંગી હાંલ્લી ચૂલે ચડે નહિ.** | નકામી વસ્તુનો ઉપયોગ કરી શકાય નહિ. |
| **ભાંગ્યાં હાલ્લાંમાં બધા પગ મૂકે છે.** | નબળી હાલતમાં આવેલા માણસનો સહુ લાભ લેવા નીકળે. |
| **ભાંગ્યું ભાંગ્યું તોયે ભરૂચ.** | પડતી અવસ્થામાં પોતાના ગૌરવને ટકાવી રાખવું. |
| **ભીખનાં હાંલ્લાં શીકે ચડે નહિ.** | ભીખ માગ્યે શ્રીમંત ન થવાય. |
| **ભીનું સંકેલવું.** | તપાસ આગળ વધતી અટકાવવી. |
| **ભીંત જોઈને ભાર મૂકવો.** | શક્તિ પ્રમાણે ભક્તિ કરવી. |
| **ભીંત સામે માથું ઘસે અફળાય ત્યારે ખસે.** | શક્તિનો વિચાર કર્યા વગર પગલું ભરનાર હારે ત્યારે જ પાછો પડે. |
| **ભીંતને લાત મારીએ તો પગમાં વાગે.** | શક્તિનો વિચાર કર્યા વગર પગલું ભરે તો પોતાને જ નુકસાન થાય. |
| **ભૂખ ના જુએ ભાખરો ને ઊંઘ ના જુએ સાથરો.** | ભૂખ્યા માણસને કે ઊંઘમાં આવેલ માણસને સારાસારનો વિવેક હોતો નથી. |

| | |
|---|---|
| **ભૂખ વગરનું ભોજન ને કંઠ વગરનું ગાવું.** | ઈચ્છા વગર થતા કાર્યમાં રસ હોતો નથી. |
| **ભૂખ વેઠે ઢોર ને દુઃખ વેઠે માણસ.** | ઢોર ભૂખ સહન કરી જીવી શકે અને માણસો દુઃખ વેઠીને પણ જીવી શકે. |
| **ભૂખી કૂતરી ભોટીલાં ખાય.** | ભૂખ એવી ભૂંડી છે કે તે પ્રેમ અને વાત્સલ્યને પણ વિસારે છે. |
| **ભૂખે મરતું ચોરી શીખે.** | ભૂખ્યો માણસ ગમે તે અનિષ્ટ કરે છે. |
| **ભૂખે મરતો છોકરાં વેચે.** | ભૂખ્યો માણસ પ્રેમ/વાત્સલ્ય અને સારાસારનો વિવેક કરતો નથી. |
| **ભૂખે મરવા કરતાં ભાલે મરવું સારું.** | અણીના સમયે મોટું જોખમ ખેડી લેવું જોઈએ. |
| **ભૂખ્યાને ભાન નહિ ને સ્વાર્થીને સાન નહિ.** | ભૂખ્યો અને સ્વાર્થી માણસ અવિચારી અને અવિવેકી કામ કરતાં અચકાય નહિ. |
| **ભૂખ્યો ઘા એરણ ઉપર.** | ભૂખ્યો માણસ સાનભાન ગુમાવી બેસે છે. |
| **ભૂખ્યો સિંહ તરણું ન ખાય.** | દુઃખને પ્રસંગે પણ સ્વમાની માણસ પોતાની ટેક ભૂલતો નથી. |
| **ભૂત જાય વસવાથી ને ડાઘ જાય ઘસવાથી.** | વસવાથી કે રહેવાથી વહેમ દૂર થઈ જાય અને કપડાં પર પડેલો ડાઘ ઘસવાથી દૂર થાય છે. |
| **ભૂત મરે ને પલીત જાગે.** | એક દુઃખ જાય ત્યાં બીજું દુઃખ આવે. |
| **ભૂતનું ઠેકાણું આંબલી.** | જેવો માણસ તેવો વાસ. |
| **ભૂતને પીપળા ઘણા.** | ભૂતને રહેવા માટે ઘણાં સ્થાન મળી રહે; અર્થાત્ ભૂંડાને બધી અનુકૂળતા મળી રહે. |

| | |
|---|---|
| **ભૂલચૂક લેવીદેવી.** | નાણાકીય વ્યવહારમાં ભૂલ હોય તો પછીથી સુધારી લેવી. |
| **ભૂલ્યાં ત્યાંથી ફરી ગણવું.** | પાછલી ભૂલ ભૂલી જઈ ફરી ભૂલ ન થાય તે રીતે શરૂઆત કરવી. |
| **ભૂવો ધૂણે તોયે નાળિયેર તો ઘર ભણી જ નાખે.** | સ્વાર્થી માણસ સર્વદા પોતાનો સ્વાર્થ સિદ્ધ થાય એવું કામ કરે. |
| **ભૂંડા માણસથી ભૂત બી નાસે.** | ભૂંડા ભૂત કરતાંયે ખરાબ. |
| **ભૂંડાથી નહિ બીવું, પણ ભૂંડાના ફેલથી અથવા ભૂંડાની ભલાઈથી બીવું.** | ભૂંડા માણસની ભલાઈમાં કપટ રહેલો હોય છે માટે ચેતતા રહેવું સારું. |
| **ભૂંડાના દોસ્ત ઘણા ને ભલાના દુશ્મન ઘણા.** | અનિષ્ટોનું સંગઠન જલદી થાય છે. |
| **ભૂંડી ભેંશ ને ચાંદરો પાડો, આંધળી દોનારી ને ગોવાળ ગાંડો.** | સાથ અને સથવારો સારો અને સહકાર-યુક્ત ન હોય ત્યારે સફળતા મળતી નથી. |
| **ભૂંડું તાકે તેનું ભૂંડું થાય.** | જેવું કરે તેવું ભોગવે. |
| **ભૂખ ઘણી હોય પણ બે હાથે ન ખવાય.** | કામની રીતે કામ થાય; ખોટી ઉતાવળ વ્યર્થ નિવડે. |
| **ભે વિનાની પ્રીત નહિ.** | કોઈપણ જાતના ભયરૂપી અંકુશ વગર વસ્તુ કે વ્યક્તિને દાબમાં રાખી શકાય નહિ. |
| **ભેંશ આગળ ભાગવત ને અંધા આગળ આરસી.** | અણસમજુને ઉપદેશ આપવો નકામો છે. |
| **ભેંશ કૂદે તે ખીલાને જોરે.** | પીઠબળ વિના ઉત્સાહ ન હોય. |

| | |
|---|---|
| **ભેંશ જીરવે ખાણ ને ભાર જીરવે વહાણ.** | ગજા પ્રમાણે ભાર વહી શકે. |
| **ભેંશ ભાગોળે ને ઘેર ઝૈડકાં.** | શેખચલ્લી જેવી ખોટી ધમાલ. |
| **ભેંશ ભાગોળે ને છાશ છાગોળે અને સોદા બજારમાં.** | અનિશ્ચિત વસ્તુની અગાઉથી આશા બાંધવી નહિ. |
| **ભેંશનાં શિંગડાં ભેંશને ભારે.** | પોતાનો ભાર પોતે જ વેઠવો પડે. |
| **ભોક્તા વિણ કલા નહિ.** | રસ માણનાર ન હોય તેને કલાનું મૂલ્ય ન સમજાય. |
| **ભોગવે તે ભાગ્યશાળી.** | વાપરે એનું ધન; જે ભોગવી જાણે કે વાપરી જાણે તે ભાગ્યશાળી ગણાય છે. |
| **ભોંય ખોતરવી પડે તેના કરતાં ચૂપ બેસવું સારું.** | શરમજનક પરિસ્થિતિમાં મુકાવું પડે તેના કરતાં મૌન વધુ આવશ્યક છે. |
| **ભોંયે પડ્યું ભાગ્યનું જડે તેના બાપનું.** | જે હસ્તગત કરે તે માલિકી ભોગવે. |
| **મકોડાને પાંખ આવે તે મરવાની નિશાની.** | ન જોયાનું જોવાથી અભિમાન થવું. |
| **મખમલની મોજડી માથે ન પહેરાય.** | જે વસ્તુ જ્યાં શોભતી હોય ત્યાં જ શોભે. |
| **મગનું નામ મરી ન કહેવું.** | કાંઈપણ બોલ્યા વિના જોયા કરવું. |
| **મઠ વાવીને બાજરો લણવો.** | પરિશ્રમ કરવાથી જીવન જીવવા રોટલો કમાઈ શકાય. |
| **મડદાં બાળવા જનાર ભેગાં ન બળે.** | એકનું કષ્ટ બીજો ન વેઠી શકે. |
| **મણ ભાત ને સવામણ કૂસકી.** | વસ્તુ તદ્દન ખરાબ હોવી. |

| | |
|---|---|
| **મણનું માથું જજો; પણ નવટાંકનું ન જશો.** | જીવ કરતાં પણ આબરૂ મોટી વસ્તુ છે. |
| **મતલબનાં સૌ દોસ્ત.** | લાભ હોય ત્યારે સૌ સંબંધ રાખે. |
| **મધ દરિયામાં ખારવા ખૂટ્યા.** | જેની પર વિશ્વાસ મૂક્યો હોય તે જ માણસ દગો દે. |
| **મધ પર મકોડા થાય.** | લાભ દેખાય ત્યાં જ સૌ દોડે. |
| **મધ હોય ત્યાં માખી ભમે.** | લાભ દેખાતો હોય ત્યાં સૌ જાય. |
| **મન કહે હું માળિયે બેસું ને કરમ કહે હું કોઠીમાં પેસું.** | ઈચ્છા કર્મને આધીન છે. |
| **મન ચંગા તો કથરોટમાં ગંગા.** | અંતઃકરણ પવિત્ર હોય તો યાત્રા કરવાની જરૂર નથી. |
| **મન, મોતી, ને કાચ ભાંગ્યાં સંધાય નહિ.** | (૧) મન, મોતી અને કાચ એકવાર તૂટ્યા પછી સંધાય નહિ, માટે આ ત્રણ વસ્તુ પ્રત્યે સાવચેત રહેવું.<br>(૨) મનમાં પડેલી તિરાડ ફરી સંધાતી નથી. |
| **મન રાખવું ને ઝેર ચાખવું બરાબર છે.** | કોઈની પણ ઈચ્છાને માન આપીને રહેવું મુશ્કેલ છે. |
| **મન હોય તો માળવે જવાય.** | ઈચ્છા હોય તો બધું થાય. |
| **મનમાં પરણ્યાં મનમાં રાંડ્યાં.** | જાતે વિચાર કરવો ને જાતે માંડી વાળવો. |
| **મને નહિ પણ મારા પડોશીને હજો.** | પહેલો સગો પડોશી. |
| **મફતકા ચંદન ઘસ બે લાલજી.** | પારકે પૈસે આનંદ કરવો. |
| **મફતનાં મરી કોને તીખાં લાગે ?** | પારકે પૈસે મજા કરવી સૌને ગમે. |

| | |
|---|---|
| **મફતનું ખાવું ને મસીદમાં સૂવું.** | કોઈ જાતનો કામધંધો નહિ કરતાં રમતારામ થઈ ફરવું. |
| **મમ મમ સાથે કામ કે ટપ ટપ સાથે કામ ?** | કાર્યના પરિણામ સાથે નિસબત રાખવી. |
| **મર કહેવાથી કોઈ મરતું નથી.** | કોઈના કાંઈ કહેવા માત્રથી કશું થઈ જતું નથી. |
| **મરઘી આપીને ઈંડું લીધું.** | મોંઘી વસ્તુ આપીને નજીવી વસ્તુ લેવી. |
| **મરનારને ઉપાડનારની પીડા શી ?** | મૃત્યુ પછીની ચિંતા નિરર્થક છે. |
| **મળે ચાર ચોટલા તો ભાંગે ઓટલા.** | સ્ત્રીઓ ભેગી થાય તો નિંદા કરી ઘર ભાંગે. |
| **મસાણે વાસ તેને શો ત્રાસ ?** | જે દૂર હોય તે દુઃખ ન આપે. |
| **મહાદેવના ગુણ પૂજારી જાણે.** | જે જેના સંપર્કમાં રહેતો હોય તે તેના ગુણ વિશેષ જાણે. |
| **મહેતા મારેય નહિ તે ભણાવે નહિ.** | ક્રિયાહીન રહેવું. |
| **મહેર ત્યાં લહેર.** | લાગવગ હોય ત્યાં બધા લાભ લઈ શકાય. |
| **મંજીરા વગાડવા.** | કામ છોડી આળસ કરવી. |
| **મા તે મા બીજા બધા વગડાના વા.** | મા સમાન બીજું કોઈ નથી. |
| **માબાપ જનમ આપે, કરમ નહિ.** | દરેક વ્યક્તિ પોતાનું કરમ પોતાની સાથે જ લઈ આવે છે. |
| **મા મૂળો ને બાપ ગાજર.** | વર્ણસંકર જાતિ. |

| | |
|---|---|
| **મા લગી મોસાળ ને બાપ લગી કુટુંબ.** | મા હોય ત્યાં સુધી મોસાળ સાથે સંબંધ રહે અને બાપ હોય ત્યાં સુધી કુટુંબ ધ્યાન રાખે. |
| **માખ શોધે ચાંદું ને વૈદ શોધે માંદું.** | સૌ પોતાનો લાભ જુએ. |
| **માગનારને વાયદો દેવાય કાંઈ પેટને વાયદો દેવાય ?** | ભૂખ કદી ખમી શકાતી નથી. |
| **માગવા કરતાં મરવું ભલું.** | અપમાન સહન કરીને માગવું તેના કરતાં મૃત્યુ બહેતર છે. |
| **માગવી ભીખ ને કરવી શીખ.** | માગીને ખાવુંને ઉપરથી તોર દાખવવો. |
| **માગ્યા વિના મા પણ ના પીરસે.** | જોઈતું હોય તો માગવું પડે. |
| **માગ્યાં મોત પણ નથી આવતાં.** | આપણી અપેક્ષા પ્રમાણે જ જીવનમાં સુખ દુ:ખ નથી આવતાં. |
| **માછલાંને તરતાં શીખવવું પડે નહિ.** | જાતિ સ્વભાવ પ્રમાણે કામ કરે. |
| **માણસ ધારે કાંઈક ને ઈશ્વર કરે કાંઈક.** | ધારવું માણસને હાથ; કરવું ઈશ્વરને હાથ છે. |
| **માણસને ઈશારો ને ગધેડાંને ડફણાં.** | ચતુર નર સાનમાં સમજી જાય. મૂરખને ગમે તેટલું કહીએ તોપણ અસર થાય નહિ. |
| **માણસનો તોલ એક બોલમાં.** | વાણીથી માણસની પરખ થઈ જાય છે. |
| **માથા કરતાં પાઘડી મોટી.** | ગજા બહારનું કામ કે જવાબદારી. |
| **માથું દુ:ખે ને કૂટે પેટ.** | જેની જરૂર હોય તે નહિ ને અન્ય વાત કરવી. |

| | |
|---|---|
| **માથું મુંડાવે જતિ નહિ ને ઘૂમટો તાણે સતી નહિ.** | બાહ્ય દેખાવથી આંતરિક ગુણ પામી શકાતા નથી. |
| **માના રેંટિયામાં સમાય; બાપના રાજમાં ન સમાય.** | સંતાનોનું પાલન માતા પેટે પાટા બાંધી કરે; પરંતુ પિતા માતા જેટલું કષ્ટ સહન ન કરે. |
| **માને તો દેવ નહિ તો પથ્થર.** | શ્રદ્ધા જ ફળે. |
| **માયા દેખી મુનિવર ચળે.** | લક્ષ્મી જોઈને જોગીઓ પણ લલચાઈ જાય છે. |
| **માર માર્યા ભુલાય; પણ કટુ વચન ન ભુલાય.** | કડવાં વેણ માર કરતાં વધુ દુ:ખદાયી હોય છે. |
| **મરતાંને સૌ મારે.** | દુબળાને સૌ દુ:ખ દેવા તૈયાર થાય. |
| **મારનાર કરતાં બચાવનાર મોટો છે.** | (૧) મારનાર ઘણો બળવાન હોય પણ રક્ષણ કરનાર તેનાથી મહાન છે.<br>(૨) ઈશ્વર જેનું રક્ષણ કરે છે તેને કોઈનો ભય હોતો નથી. |
| **મારી બલા જાણે.** | અજાણ હોવું. |
| **મારે તેની તલવાર.** | સાધનનો ઉપયોગ કરે તેનું સાધન ગણાય. |
| **માલ કરતાં હેલ ભારી.** | સોના કરતાં ઘડામણ મોંઘું. |
| **માળી રૂઠ્યો ફૂલ લેશે; કાંઈ ચોટલી તો નહિ લે !** | શક્તિ ઉપરવટ કોઈ નુકસાન કરી શકતું નથી. |
| **માંડવો બાંધવા સૌ કોઈ આવે છોડવા કોઈ ન આવે.** | કાર્યના આરંભમાં ઘણાં હાજરી આપે; વિસર્જન વેળાએ કોઈ હાજર ન રહે. |
| **માંદા ઢોરને બગાઈ ઘણી.** | (૧) ગરીબોને જ વધારે પીડવામાં આવે.<br>(૨) નબળાને પીડાઓ પણ ઘણી હોય. |

| | |
|---|---|
| **માંહ્યલા ગુણ મહાદેવજી જાણે.** | આંતરિક ગુણો અજ્ઞાત હોય છે. |
| **મિયાં બીબી રાજી તો કયા કરેગા કાજી ?** | પતિ-પત્ની વચ્ચે સુમેળ હોય તો સમાજની શી પરવા ? |
| **મિયાંની મીંદડી થઈ જવું.** | બીકણ કે નામર્દ દેખાવું. |
| **મિયાં શેર તો બીબી સવાશેર.** | પતિ કરતાં પત્નીનું ચલણ વધારે. |
| **મીઠાં બોલાં લોક ને કડવીબોલી મા.** | ખુશામત કરનારા ઘણાં મળે; પરંતુ કડવી શિખામણ તો અંગત અને હિતેચ્છુઓ જ આપે. |
| **મીઠાં ઝાડનાં મૂળ ન ખોદાય.** | કોઈની ભલમનસાઈ કે ઉદારતાનો ગેરલાભ ન લેવાય. |
| **મીઠી છરી ને ઝેરથી ભરી.** | ખુશામતખોર માણસથી ચેતતા રહેવું. |
| **મીઠું બોલે શું રંધાયું ?** | મીઠા શબ્દોથી કંઈ પેટ ભરાતું નથી વાત પકવાનથી ભૂખ ન ભાંગે. |
| **મુખમાં રામ ઔર બગલમાં છૂરી.** | દેખાવે સારું પણ દિલમાં કપટી. |
| **મુસાભાઈનાં વા ને પાણી.** | ખર્ચની કોઈ જવાબદારી નહિ. |
| **મૂઈ ઘો કાચંડામાંથી ન જાય** | સત્ત્વશીલ વ્યક્તિનું માઠી સ્થિતિમાંય કંઈક મૂલ્ય તો જળવાઈ રહે છે. |
| **મૂઈ ભેંશના મોટા ડોળા.** | વસ્તુ જતી રહે પછી તેની પ્રશંસા થાય. |
| **મૂકીએ ખસતું તો આવે પગે પડતું.** | માણસ ઘણીવાર સમજાવવાથી ન સમજે પણ હારે ત્યારે સમજે. |
| **મૂગે ખાધો માર, નહીં વ્હાર નહીં બચાવ.** | લાચાર માણસ પોતાનો બચાવ કરી શકતો નથી. |
| **મૂરખને માથે કાંઈ શીંગડાં હોય ?** | મૂર્ખ છાના રહેતા નથી. |

| | |
|---|---|
| **મૂર્ખાઓના ગામમાં ધૂતારા વસે, ધપ્પા પડે ને ખડખડ હસે.** | મૂરખ જલદી છેતરાય છે; તેથી મૂર્ખાઓ સાથેના વ્યવહારમાં ધૂર્ત માણસો લાભ લે છે. |
| **મેરી બિલ્લી મુજસે મ્યાંઉ.** | પોતે જ પોષેલ વ્યક્તિ દગો દે. |
| **મેરી બી ચૂપ તેરી બી ચૂપ.** | એકબીજાની વાત એકબીજાએ મળીને છાની રાખવી. |
| **મેલે લૂગડે વહેવારિયો ધોયે લૂગડે દેવાળિયો.** | દેવાદાર વધારે દંભથી ફરે. |
| **મેસથી કાળું કલંક.** | ખરાબ કર્મનું કલંક કાજળ કરતાં પણ વધુ કાળું એટલે કે તે ક્યારેય ભૂંસાતું નથી. |
| **મોટા એટલા ખોટા.** | એકવાર મોટાઈ આવ્યા પછી તેના અહંને કારણે તેઓ મદદરૂપ થતા નથી. |
| **મોટા માનના ભૂખ્યા ગરીબ ધાનના ભૂખ્યા.** | મોટા આડંબરી લોકો પ્રતિષ્ઠાના ભૂખ્યા હોય જ્યારે ગરીબ માણસ ધાન માટે આતુર હોય છે. |
| **મોટાંનાં પરણે રીતે ને ગરીબનાં પરણે ગીતે.** | મોટા માણસો ધનસંપત્તિથી લગ્ન-વિવાહ ઊજવે જ્યારે ગરીબ લોકો લગ્ન પ્રસંગે ગીતો ગાઈ આનંદ માણે છે. |
| **મોટાનાં ઘરના પોલા વાંસા.** | મોટાની રહેણી કરણીમાં મોજમઝા અને વિલાસિતા હોવાથી ક્યારેક નીતિનિયમનો ભંગ થતો હોય છે; મોટો હોય પણ વાસ્તવિક રીતે કંઈ ન હોય. |
| **મોટાનાં પગરખાંમાં પગ ઘલાય નહિ.** | મોટાનાં વાદ ન લઈ શકાય. |

| | |
|---|---|
| **મોઢું વાઘનું પણ પૂંછડું શિયાળનું.** | દેખાવે બહાદુર છતાં બીકણ. |
| **મોઢે ચડાવ્યાં માથે ચડે.** | અતિશય લાડથી બહેકાવવું કે સામું બોલતું કરવું. |
| **મોઢે સાકર ને પેટમાં કાતર.** | મોઢેથી મીઠું બોલનાર પણ મનમાં દ્વેષ રાખનાર. |
| **મોત આગળ વૈદનું શું ચાલે ?** | મોત કોઈને મૂકતું નથી. |
| **મોર પીંછે રળિયામણો.** | રૂપ થકી માણસ શોભે છે. |
| **મોર વગડામાં નાચ્યો કોણે જોયો ?** | સાચી સાબિતીનો અભાવ હોવો. |
| **મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે.** | સાચી વસ્તુને જાહેરાતની જરૂર નથી. |
| **મોસાળે જમવું ને મા પીરસનાર.** | લાભની પ્રાપ્તિ માટે સઘળી અનુકૂળતા મળી રહેવી. |
| **મોં એવી લપડાક ને ગાલ એવો તમાચો.** | યોગ્યતા મુજબ સત્કાર કરવો. |
| **મોં વાટે કોળિયો જાય ને નાક વાટે દાણો ન જાય.** | કાર્યપદ્ધતિ યોગ્ય હોવી. |
| **રખડતા રામ જ્યાં બેઠા ત્યાં મુકામ.** | કંઈ કામધંધો કરવો નહિ. |
| **રખપત તો સખપત.** | જાતે સાચવીએ એટલી જ આબરૂ સચવાય. |
| **રજનું ગજ ને વાતનું વતેસર.** | નાની વાતને મોટું સ્વરૂપ આપવું. |
| **રમાડ્યું કોઈ ન જાણે રોવડાવ્યું સૌ જાણે.** | મેળવેલ ફાયદાને ભાગ્યે જ યાદ કરે છે; પણ થયેલું નુકસાન હંમેશ માટે ગવાયા કરે છે. |
| **રસ્તાની બોરડી સૌ કોઈ ઝૂડે.** | ધણીધોરી વિનાને સૌ કોઈ લૂંટે; તેને સૌ હેરાન કરે. |

| | |
|---|---|
| **રહે ઝૂંપડીમાં ને ખ્વાબ જુએ મહેલનાં.** | પાસે કોડી પણ ન હોય અને હવાઈકિલ્લા બાંધવા. |
| **રહે તો આપથી ને જાય તો સગા બાપથી.** | સમજે તો પોતાની મેળે સમજે અને ન સમજે તો સગા બાપને કહ્યે પણ ન સમજે. |
| **રંગ ગયા પણ ઢંગ ગયા.** | પ્રાણ ને પ્રકૃતિ સાથે જ જાય. |
| **રંગનાં ચટકા હોય કાંઈ કૂંડાં ભરાય.** | અતિશયમાં સાર નહિ; દરેક વસ્તુ મર્યાદામાં શોભે. |
| **રાઈનો પર્વત ને પર્વતની રાઈ.** | નાની વાતને મોટું સ્વરૂપ આપવું અને મોટી વાતને તુચ્છ ગણવી. |
| **રાખનાર રામ તો મારનાર કોણ ?** | પ્રભુ જેનું રક્ષણ કરે તેને બીજા કોઈનો ડર રહેતો નથી. |
| **રાજા કહે તે હા ને બાપ પરણે તે મા.** | સત્તા આગળ શાણપણ નકામું છે. |
| **રાજા દંડે તેને પહોંચાય પણ નસીબ દંડે તેને ન પહોંચાય.** | રાજાનો દંડ અમુક સમય સુધી હોય જ્યારે પ્રારબ્ધનો દંડ જીવનભર વેઠવો પડે. |
| **રાજા, વાજા ને વાંદરા, એને જેમ ભંભેરીએ તેમ ભમે.** | રાજા, વાજાં ને વાંદરાં-ત્રણમાંથી એકેયનો ભરોસો નહિ; આડું પડતાં વાર લાગે નહિ. |
| **રાજાને ગમી રાણી, છાણાં વીણતી આણી.** | જેની સાથે મન માન્યું તેની જાત જોયા વિના લગ્ન કરવું. |
| **રાણાને કાણો કેમ કહેવાય ?** | શાસકના દોષ ના જોવાય. |
| **રાત અંધારી ને તલ કાળા લે વાણિયા તારા ને તારા.** | અંધેર વ્યવસ્થા. |
| **રાત થોડી ને વેશ ઝાઝા.** | સમય ઓછો ને કામ વધારે. |

| | |
|---|---|
| **રાતે બોલ્યા દિવસે ફોક.** | વચન ન પાળવું. |
| **રામ નામ જપના, પરાયા માલ અપના.** | ભક્તિનો ડોળ કરી, ઠગાઈ કરી અન્યનું હડપ કરવું. |
| **રામ રાખે તેને કોણ ચાખે ?** | પ્રભુ રક્ષે તેને કોઈ નુકસાન ન કરી શકે ? |
| **રામને નામે પથ્થર તરે.** | શ્રદ્ધાથી મુશ્કેલ અને અસંભવિત કાર્ય પાર પડી શકે છે. |
| **રામને રળવું નહિ ને સીતાને દળવું નહિ.** | પતિ-પત્ની બેઉ આળસુ. |
| **રાહનાં ગાડાં કાંઈ રાહમાં અટકવાનાં છે ?** | સમય સમય પછીનું કામ કરે છે; કશું જ અટકી પડતું નથી. |
| **રાંકને ઘેર રતન.** | ખૂબ જ હર્ષજનક બાબત બનવી. |
| **રાંટી ઘોડે પલાણ માંડી.** | હલકી વસ્તુથી કામ લેવું. |
| **રાંડ્યા પછીનું ડહાપણ.** | નુકસાન થયા પછી ડહાપણ આવે તો કામ આવતું નથી. |
| **રાંધે કોઈ ને જમે કોઈ.** | જે જેના પ્રારબ્ધનું હોય તેને જ મળે. |
| **રેતીમાં નાવ ચલાવવું.** | અત્યંત ગરીબાઈમાં ઘરસંસાર નિભાવવો. |
| **રેવડી દાણાદાણ.** | મહામુશ્કેલી હોવી. |
| **રૈયત રાજા રામની નથી થઈ.** | દુનિયા સ્વાર્થથી ભરેલી છે. |
| **રોકડા (મૂડી) કરતાં વ્યાજ વહાલું.** | પૌત્રો પ્રત્યે અપાર પ્રેમ-વાત્સલ્ય રાખવું. |
| **રોગ આવે ઘોડા વેગે ને જાય કીડી વેગે.** | રોગ આવે ઝડપથી પણ દૂર થતાં વિલંબ લાગે. |

| | |
|---|---|
| રોગ, ઋણ ને શત્રુ તેને ઊગતાં જ ડામવાં જોઈએ. | રોગ અને દેવું વધે તથા શત્રુ બળવાન બને એ પહેલાં જ તેમને નષ્ટ કરવાં. |
| રોગનું આવે આયખું ત્યારે વૈદ્ય વિશ્વંભરનાથ. | રોગ મૃત્યુ આવવાથી મટી જાય છે. |
| રોગનું મૂળ ખાંસી ને કજિયાનું મૂળ હાંસી. | ઉધરસમાંથી રોગ થાય અને મશ્કરીમાંથી કજિયો થાય. |
| રોજ મરે તેને કોણ રડે ? | હંમેશના દુ:ખનું મહત્ત્વ હોતું નથી. |
| રોતો જાય ને અણચી કરતો જાય. | રોઈને ઘર રાખે તેવો. |
| રોતો જાય ને મારતો જાય. | દેખાવ રડવાનો કરે પણ બીજાનું અહિત કરતો હોય. |
| રૂપે રૂડા ને કર્મે કૂડા. | રૂપ એ દોષનું કારણ છે. |
| રૂપે રૂડી પણ કર્મે ભૂંડી. | રૂપ હોય પણ ગુણ ન હોય. |
| લકડી આગળ બકરી નાચે. | ધમકી આપવાથી જ સીધું ઊતરે. |
| લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવું. | આવેલી તક ન ગુમાવાય. |
| લક્ષ્મી વગરનો લપોડ; ગરથ વગરનો ગાંગલો. | લક્ષ્મી માનમોભાનું કારણ છે. |
| લક્ષ્મી શોભે દાને. | ધનનો યશસ્વી ઉપયોગ દાન છે. |
| લખણ લખેસરીનાં ને કરમ ભિખારીનાં. | પુરુષાર્થ પ્રમાણે પુરસ્કાર ન મળવો. |
| લખતાં લહિયો નીપજે ભણતાં પંડિત થાય. | કોઈ પણ કાર્ય કરતાં રહેવાથી એમાં પ્રવીણતા આવે છે. |
| લખતો ભૂલે ને તરતો ડૂબે. | જે કામમાં પડે તેની જ ભૂલ થાય. |
| લખાણું તે વંચાણું. | જે લખાયું હોય તે જ અમલમાં મુકાય. |

| | |
|---|---|
| **લખ્યા લેખ મટે નહિ.** | નસીબમાં લખ્યું હોય તે જ થાય. |
| **લગનનાં ગીત લગને જ ગવાય.** | જયારે જે શોભતું હોય ત્યારે જ તે શોભે. |
| **લગને લગને કુંવારા.** | જીવનમાં આવતી દરેક મંગળ ઘડીએ ઉત્સુક બનવું. |
| **લડાઈમાં ઘા ને રમતમાં દાવ ચૂકવા નહિ.** | લડાઈ જીતવા અનુકૂળ તક જે મળે તે જતી ન કરવી. |
| **લપસી પડ્યા તો કહે દેવને નમસ્કાર કર્યા.** | (૧) ભૂલ કે નિષ્ફળતામાં સમાધાન કરવું.<br>(૨) વિપત્તિનો આનંદથી સ્વીકાર કરવો. |
| **લંકાની લાડી ને ઘોઘાનો વર.** | પ્રેમની કોઈ સીમાબંધન નથી; તેમાં કોઈ ઊંચનીચના ભેદ રહેતા નથી. |
| **લંકામાં સોનું તે શા કામનું ?** | સારી કે સસ્તી છતાં દૂરની વસ્તુ શા કામની ? |
| **લંગડાનો વૈદ કાણો.** | વિકલાંગની ગત વિકલાંગ જાણે. |
| **લાકડાના લાડુ ખાય તે પસ્તાય અને ન ખાય તે પણ પસ્તાય.** | બંને બાજુથી ગેરલાભ. |
| **લાખ મળ્યા નહિ ને લખેશરી થયા નહિ.** | ફળપ્રાપ્તિ માટે પુરુષાર્થ પૂરેપૂરો કર્યો નહિ. |
| **લાખના ટૂટ્યા કોડીએ ન સંધાય.** | જેણે મોટી રકમની ખોટ ખાધી; તે નાની રકમથી પૂરી શકાતી નથી. |
| **લાખે લેખાં ને કોડી ને દેખા.** | લાખો રૂપિયાનો હિસાબ લખે પણ ધન ન કમાય. |
| **લાગે તો તીર નહિ તો તુક્કો.** | કાર્ય થાય તો સારું ન થાય તો સારું-પ્રયત્ન તો કરવો જ. |

| | |
|---|---|
| **લાડી ને પાડીનાં નીવડ્યે વખાણ.** | વહુને વાછરડીની કામથી પરખ. |
| **લાલો લોભ વગર લોટે નહિ.** | લોભી માણસ સ્વાર્થ સાધવા બધા ચાળા કરે. |
| **લાંબા જોડે ટૂંકો જાય મરે નહિ તો માંદો થાય.** | કોઈનો વાદ કરવો નહિ, પોતાની શક્તિ પ્રમાણે વર્તવું. |
| **લાંબા હાથ હોય તે કાંઈ વાડમાં ખોસાય નહીં.** | શક્તિ હોય તે કંઈ નિરર્થક વેડફી ન દેવાય. |
| **લાંબું જોઈને ડરવું નહીં ને ટૂંકું જોઈને લડવું નહિ.** | દેખાવ પરથી કોઈની શક્તિનો અંદાજ ન કઢાય. |
| **લીમડાને સો મણ સાકરમાં સીંચે તો પણ કડવો ને કડવો.** | ગમે તેટલા પ્રયત્નો કરવાં છતાં અસલ પ્રકૃતિ યથાવત્ રહે. |
| **લીલા ઝાડ હેઠળ ભૂખે મરે તેવો.** | (૧) અતિશય શરમાળ હોવું.<br>(૨) આળસુ; આવડત કે હોશિયારી વગરનું; મૂર્ખ હોવું. |
| **લીલા પીળા થઈને ફરીએ તે શા ઉપર ?** | બનીઠનીને મહાલવા ધનનો ખર્ચ થાય; પરંતુ આવો ખર્ચ કરતાં પહેલાં તેમાં વિવેક સાચવવો જરૂરી છે. |
| **લીલા વનના સૂડા ઘણાં.** | લાભ દેખાય ત્યાં ઘણાં આવે. |
| **લીલો ઘડો ટપલા ખમે પણ સૂકો ન ખમે.** | સહન કરવાની શક્તિ સૌની એકસરખી હોતી નથી. |
| **લુચ્ચાની પાંચશેરી ભારે.** | કપટ કરનાર માણસ ઘણીવાર જીતી જાય. |
| **લૂલી વાસીદું વાળે ને સાત જણ ઝાલવા જોઈએ.** | પોતાનાં કામમાં બીજાં માણસોને પણ રોકી રાખવાં. |

| | |
|---|---|
| લૂંટાયા તો લૂંટાયા પણ ચોર તો દીઠા. | લૂંટાયા પછી અફસોસ નહિ. |
| લૂંટાયા પછી ભય શો ? | સઘળું ગુમાવ્યા પછી બીવું નકામું. |
| લેતી વખત ઢીલા ને આપતી વખતે વીલા. | લેવાનું ગમે, આપવાનું નહીં. |
| લેવા ગયો બકરી ને ખોઈ આવ્યો ઊંટ. | થોડું સુખ લેવા જતાં મોટી પીડા આવી પડવી. |
| લોકની લાજે કે પેટની દાઝે. | લાચાર પરિસ્થિતિ. |
| લોકવાણી તે દેવવાણી. | લોકના અભિપ્રાયનો સ્વીકાર કરવો. |
| લોટ ફાકવો ને હસવું એ બે સાથે બને નહિ. | એકસાથે બે કામ ન થાય. |
| લોભ ત્યાં થોભ નહિ. | લાલસા કદી તૃપ્ત થતી નથી. |
| લોભિયા વસે ત્યાં ધુતારા ભૂખ્યા ન મરે. | લોભ કરનાર છેતરાય છે. |
| લોભે લક્ષણ જાય. | લોભથી બુદ્ધિ નષ્ટ થાય. |
| વખત આવ્યો ખોટો ને બાપ કરતાં દીકરો મોટો. | ક્યારેક એવી વિપરીત વેળા આવે છે જ્યારે અનુચિત અને જેમાં તર્કબદ્ધતા નથી એવા સંજોગોને પ્રાધાન્ય મળે છે. |
| વખત જાય પણ વાત રહી જાય. | કાળ જાય પણ કહેણ રહી જાય. |
| વખત તેવાં વાજાં. | સમય પ્રમાણે વર્તવું. |
| વખત તેવી વાત ને પવન તેવી પીઠ. | લાગ જોઈને ઘા કરવો. |
| વખતનાં ગીત વખતે ગવાય. | જેવો સમય હોય તેને અનુરૂપ વર્તન કરાય. |

| | |
|---|---|
| **વખતની વાત વખતે છાજે.** | જે સમયે જે કરવું જોઈએ તે સમયે તે કરવું. |
| **વખાણી ખીચડી દાંતે વળગે.** | અતિ પ્રશંસા પામેલ વસ્તુ છેવટે હાનિ પહોંચાડે. |
| **વખાનો માર્યો વન વેઠે.** | ખરાબ વખત આવ્યો હોય તો વનવાસ પણ વેઠવો પડે. |
| **વગ કરે પગ.** | લાગવગથી પ્રવેશ પામી શકાય છે. |
| **વગર બોલાવ્યું બોલે એ તણખલાને તોલે.** | આપબોલો પોતાનું સ્વમાન ગુમાવે છે. |
| **વચમાં આડી રાત તેની શી વાત ?** | સમય હોય તો સમસ્યાનો નિકાલ થઈ શકે. |
| **વડ તેવા ટેટા ને બાપ તેવા બેટા.** | જેવા બાપના ગુણ હોય તેવા જ દીકરાના ગુણ હોય છે. |
| **વડા થઈએ પણ વડાની હારમાં ઊભા રહીએ ત્યારે ખરા.** | મોટાઈ રાખવાની નહિ પણ મોટા સજ્જનો જેવાં સત્કર્મ કરી તેઓની કક્ષા સુધી પહોંચીએ તો જ મોટાઈ ગણાય. |
| **વધાર્યું વધે ને ઘટાડ્યું ઘટે.** | જે પ્રમાણે વાપરીએ તે પ્રમાણે વધ-ઘટ થાય. |
| **વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.** | જેને લીધે પોતે કાર્ય કરી રહ્યો છે તેનું હિત વિચાર્યા વિના માત્ર પોતાનો લાભ થાય એ રીતે કામ કરવું. |
| **વર રાજી શીખથી, ભિખારી રાજી ભીખથી.** | જેવું પાત્ર હોય તેવું તેને મળે તો તે ખુશ થાય. |
| **વર વિનાની હજો પણ ઘર વિનાની ન હજો.** | સ્ત્રીઓ માટે પતિ કરતાં પણ આશ્રયસ્થાન વધારે મહત્ત્વનું છે. |

| | |
|---|---|
| **વરને કોણ વખાણે તો કહે વરની મા.** | પોતાનું એટલું સારું એમ માનવાપણું. |
| **વરમાંથી ઘર થાય.** | વરના પુરુષાર્થથી ઘર વસાવવા માટે સઘળી જરૂરિયાતો પરિપૂર્ણ થાય છે. |
| **વરસ ખાઈ ગયો છે.** | ઉંમર પ્રમાણે શરીર ન થવું. |
| **વરસાદને અને વહુને જશ નહિ.** | બંનેની અનિવાર્યતા છતાં તેમની ટીકાઓ થાય છે. |
| **વરસાદના ભીંજવેલા સારા પણ સૂકવેલા માઠા.** | ભીંજવવાની ક્રિયા ક્યારેક આકસ્મિક છે ને પ્રાયોજિત હોય તો તેમાં આનંદ માણવાનો ઉદ્દેશ છે; જ્યારે સૂકવવાની ક્રિયામાં ચોક્કસ હેતુ છે ને તે વરસાદમાં પાર પડતો નથી. |
| **વસુ વિના નર પશુ.** | લક્ષ્મી વિનાના માણસની ગણના થતી નથી. |
| **વહાલાજીના મહિના ગાવા.** | દોષો વ્યક્ત કરવા. |
| **વહુ, વછેરો ને વાછરડો એ નીવડે વખાણ.** | કોણ કેવું છે, એ સમય આવ્યે ઓળખાય. |
| **વહુની રીસ ને સાસુનો સંતોષ.** | જે પરસ્પર વિરોધી છે તે એકબીજાને નુકસાન થવાથી સંતોષ અનુભવે છે. આનંદમાં રાચે છે. |
| **વહેતી ગંગા ને ચાલતો ધર્મ.** | પોતાનો સ્વાર્થ સિદ્ધ થાય એ પ્રમાણે ધર્મના સિદ્ધાંતોનું પાલન કરવાનું પાખંડ કરવું. |
| **વહેલો તે પહેલો ને ભૂલે તે ઘેલો.** | પહેલાની પહેલ. |

| | |
|---|---|
| વહેવાર વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે. | અપનાવેલા અભિગમ અનુસાર જાહેરજીવનમાં પરિણામ મળે છે. |
| વળીને એક ખીલાનું દુ:ખ તો મોભને હજારનું. | નાનાને થોડી ને મોટાંને વધારે જવાબદારી તેથી તેને વધુ પીડા સહન કરવી પડે છે. |
| વા એટલા ઘા, બફા સો નફા. | બાફ લેવો એ સારું પણ પવન નુકસાનકારક છે. |
| વા જોઈ વહાણ હંકારવું. | સમય અને સંજોગો પારખીને કામ કરવું. |
| વા વાતને લઈ જાય. | કશું જ છાનું ન રહેવું. |
| વાએ ઊડ્યા હાથી જાય ને ડોસી કહે મારી પૂણીઓ કયાં ? | મોટાં નુકસાનમાં નાનાં નુકસાન બદલ દિલગીર થવું. |
| વાઘ ને બકરી એક ઓવારે પાણી પીએ. | પ્રેમ અને સહિષ્ણુતાને વર્તનમાં ઉતારવાં. |
| વાઘના મોંમાં ગયું પાછું આવે નહિ. | દુર્જનના સંગમાં અહિત જ થાય. |
| વાઘને કોણ કહે તારું મોં ગંધાય છે ? | શક્તિશાળી માણસોનો વાંક હોય છતાં સમાજ તેઓને કંઈ કહી શકતો નથી. |
| વાડ એવો વેલો ને ગુરુ એવો ચેલો. | જેનો સંગ લાગ્યો હોય એના ગુણ આવે જ. |
| વાડ ચીભડાં ગળે. | રક્ષક જ ભક્ષક બને એ સારું નહિ. |
| વાડ રાખે ખેતરને ખેતર રાખે વાડને. | અન્યોન્યનો સહકાર જરૂરી. |
| વાડ વિના વેલો ન ચડે. | (૧) આધાર વિના વિકાસ ન થાય.<br>(૨) ઊંચું સ્થાન કે પદ પ્રાપ્ત કરવા કોઈ મોટી વ્યક્તિની ઓથ જોઈએ જ. |

| | |
|---|---|
| વાડ વેલાને ગળી જાય ત્યારે ફરિયાદ કોને કરવી ? | રક્ષણ કરનાર જ જ્યારે ભક્ષક બને ત્યારે કોને કહેવું ? |
| વાઢી આંગળી ઉપર ન મૂતરે તેવા. | કોઈનું કામ ન કરનાર વ્યક્તિ. |
| વાણિયાનો જીવ પેટમાં. | સ્વાર્થીને સ્વાર્થની જ મતલબ રહે. |
| વાણિયાભાઈ અબી બોલ્યા ને અબી ફોક. | વચન ન પાળવું તે. |
| વાણિયો રીઝ્યો તાલી આપે. | વાણિયાની ખાસિયત-ખુશ થાય તો માત્ર તાલી જ આપે. |
| વાણિયો સાંચે પળી પળી ને ઉઠાવે કુપ્પા. | વાણિયો આપે ઓછું ને તેના બદલામાં લે વધુ. |
| વાણોતરનો વેચ્યો શેઠ વેચાય. | નોકર પર ભરોસા મૂકી દેવામાં આવે ને પોતે કામકાજમાં ધ્યાન ન આપે તો ધંધામાં નુકસાન જાય. |
| વાત કરવી હુંકારે ને લડાઈ લડવી તુંકારે. | જેવું કામ હોય તે પ્રમાણે વર્તવું. |
| વાર્યા ન વળે હાર્યા વળે. | કંઈ ઉપાય ન ચાલે ત્યારે આપમેળે ઠેકાણે આવે. |
| વાવડી ચસકી. | અક્કલ વગરની વાતો થવી. |
| વાવણી ને તાવણી ઉતાવળી સારી. | વાવણી અને તાવણી વખતે ત્વરા અને કુશળતા રાખવી. |
| વાવમાં હોય તે હવાડામાં આવે. | મૂળમાં હોય તે બહાર દેખાય. |
| વાવવું તેવું લણવું અને કરવું તેવું પામવું. | જેવાં કર્મ તેવું ફળ. |

| | |
|---|---|
| **વાવે તે લણે ને ખોદે તે પડે.** | કરણી તેવી પાર ઉતરણી. |
| **વાસી ફૂલ ચીમળાઈ જાય; રૂપ જોબન તેમ નાસી જાય.** | માનવનું શરીર નાશવંત છે. |
| **વાસી ફૂલમાં વાસ નહિ ને જોબન બારે માસ નહિ.** | સમય જાય એમ બધું પલટાય; શક્તિ સદા ન ટકે. |
| **વાસી વધે નહિ ને કુત્તા પામે નહિ.** | પ્રમાણસરનું હોવું. |
| **વાસીદામાં સાંબેલું જાય.** | કામમાં બેકાળજી દાખવવી. |
| **વાંકી આંગળી વિના ઘી ના નીકળે.** | સંસાર વ્યવહારમાં યુક્તિ પ્રયુક્તિઓ વાપરવી પડે છે. |
| **વાંદરાને દારુ પાયો.** | અટકચાળાને વળી વધુ છૂટ આપવી. |
| **વાંદરાને નિસરણી આપવી.** | મૂર્ખને મૂર્ખાઈભર્યા કામ કરવા અનુકૂળતા કરી આપવી. |
| **વાંદરો સો વર્ષનો થાય પણ ઠેક ભૂલે નહિ.** | ઉંમર થતાં શાણપણ અને ગંભીરતા આવવાને બદલે એનું એ ઉછાંછળાપણું સ્વભાવમાં ચાલુ રહે. |
| **વાંસના કજિયામાં વન બળે.** | નાની વસ્તુને કારણભૂત બનાવી મોટું રૂપ આપવું; ભારે નુકસાન કરવું. |
| **વિદ્વાનની સોબત સારી મૂરખની કૃપા પણ નઠારી.** | વિદ્વાન મનુષ્યોની સોબત રાખવામાં શાણપણ છે પણ મૂર્ખની કૃપાદૃષ્ટિ પણ બૂરી છે. |
| **વિદ્યાહીન નર તે પશુ.** | ભણેલો હોય તે જ માણસ ગણાય. |
| **વિનાશકાળે વિપરીત બુદ્ધિ.** | આપત્તિ આવવાની હોય ત્યારે અવળું જ સૂઝે છે. |

| | |
|---|---|
| વિવેકથી બંને રહે; દોણી ને વળી દૂધ. | વિવેકી તથા બુદ્ધિશાળી માણસ બેવડો લાભ મેળવી શકે છે. |
| વિશ્વાસે વહાણ ચાલે. | એકમેક પરના વિશ્વાસથી સમાજજીવન ચાલે છે. |
| વીતી હોય તે જાણે. | દુઃખ અનુભવનાર જ દુઃખ સમજી શકે. |
| વીતે વિવાહે માંડવો શોભે નહિ. | અવસર પ્રમાણે સઘળું સારું લાગે. |
| વીંછી માને ખાય, સર્પ બચ્ચાંને ખાય. | જાતિસ્વભાવ અનુસાર વર્તન. |
| વેચાતો કજિયો વોરવો નહિ. | કોઈ અન્યને માટે અથવા કારણ વિના ઝઘડો કરવો નહિ. |
| વેણે વેણે વાંકું પડે. | નાની નાની વાતમાં લડી ઊઠે એવા સ્વભાવનું; કજિયાખોર. |
| વેપારે વધંતી લક્ષ્મી. | વેપાર કરવાથી સમૃદ્ધિ વધે. |
| વેરાગ તનનો સાચો નહિ મનનો વેરાગ તે સાચો. | બાહ્ય દેખાવ હંમેશાં સાચો હોતો નથી; મનથી જે અનાસક્ત હોય તે જ સાચો સાધુ. |
| વેળા વેળાની છાંયડી. | મનુષ્ય કરતાં સમય વધુ બળવાન છે. |
| વેળાએ મળ્યાં તે કેળાં. | જે સમયે જે ઉપયોગી છે તે સમયે જ એ મળે તો તે વધુ યોગ્ય છે. |
| વૈકુંઠ નાનું ને ભગતડાં બહુ. | સ્થળનો લાભ લેવા ઘણાં માણસો મથે. |
| વૈદ-ગાંધીનાં સહિયારાં. | ઉભય એકબીજાને નફો કે લાભ થાય એ પ્રમાણે હળીમળીને ધંધો કરે. |
| વૈદનાં મરે નહિ ને જોશીનાં રાંડે નહિ. | ઓસડ અને ભવિષ્યકથન માત્ર મન મનાવવા પૂરતાં છે. |

| | |
|---|---|
| **વૈદ્ય ભૂવાને ડાકલાંવાળા, આવે ચડ્યા ને જાય પાળા.** | દરદીને સાજો કરવાની ગરજથી આવાંઓને વાહનમાં બેસાડીને લાવવામાં આવે છે પણ તેઓ નિષ્ફળ જાય છે ત્યારે તેમને પગપાળા જવું પડે છે. |
| **વૈદ્ય ને ગુરુ આગળ જૂઠું બોલવું નહિ.** | વૈદ્ય અને ગુરુ સમક્ષ અસત્ય વિગત રજૂ કરવામાં આવે તો સાચી સલાહ ન મળે. |
| **વૈદ્યને તેડવા ગયો ને મૂઆનાં સાજ પણ લેતો આવ્યો.** | અગમચેતી વિચારીને અવળું કામ કરવું. |
| **વો દિન કહાં કે મિયાંકે પાંવમેં જૂતી ?** | શેખીખોરની વાણીમાં બધું હોય પણ એના શરીર કે ઘરમાં કશું ન હોય. |
| **વ્યાજમાં રાજ ડૂબે.** | દેવું દુઃખ સમાન છે; વ્યાજ ભરવાથી અર્થતંત્ર ખોરવાઈ જાય. |
| **શણગાર્યો બાવળ પણ શોભે.** | શણગારથી કદરૂપો માણસ પણ શોભી ઊઠે છે. |
| **શત્રુ ને રોગ ઊગતાં ડામવાં.** | દુઃખ દર્દના કારણોનું નિવારણ તરત જ કરવું. |
| **શરમાય તે ભૂખ્યું રહે.** | જે શરમમાં રહે તેને પોતાને જ ગેરલાભ થાય. |
| **શરીર કટાઈ જાય તે કરતાં કસાઈ જાય તે સારૂં.** | આળસ કરતાં ઉદ્યમથી શરીર પણ સારું રહે છે અને આર્થિક લાભ પણ મળે છે. |
| **શરીરનું પોષણ ખોરાકથી ને આત્માનું પોષણ સંતોષથી.** | અન્નથી શરીર અને જ્ઞાનથી આત્મા પોષાય છે. |
| **શરીરે સુખી તો સુખી સર્વ વાતે.** | સ્વાસ્થ્ય સર્વ સુખોનું કારણ છે. |

| | |
|---|---|
| **શહેરનો ગરીબ તે ગામડાનો શાહુકાર.** | માણસનું વ્યક્તિત્વ સ્થળ મુજબ પરિવર્તન પામતું હોય છે. |
| **શહેરમાંથી નીકળી વનમાં ગયાં ત્યાં પણ લાગી આગ.** | શાંતિ મેળવવાના પ્રયત્નોમાં નિષ્ફળ જવું. |
| **શંકા ભૂત ને મંછા ડાકણ.** | ભૂત અને ડાકણ એ આપણી જ માન્યતાઓ અને શંકાઓ છે. |
| **શાણાને સાન ગધેડાને ડફણાં.** | ચતુરને ઈશારો અને મૂર્ખને માર. |
| **શાલીગ્રામ પર મરી ન વટાય.** | જે પૂજ્ય અને શ્રધ્ધેય છે તેનો આદર કરવો; વિવેકભર્યો ઉપયોગ કરવો. |
| **શિખામણ તો તેને દઈએ જેને શિખામણ લાગે.** | શિખામણ કે જ્ઞાન યોગ્ય વ્યક્તિને આપવાથી અર્થ સરે. |
| **શિખામણ લાગે ગળી તેની દશા વળી.** | કોઈની સાચી વાત માને તો તે સુખી થાય. |
| **શિયાળ તાણે સીમ ભણી ને કૂતરું તાણે ગામ ભણી.** | સૌ પોતપોતાના લાભ જુએ. |
| **શિયાળો ભોગીનો ઉનાળો જોગીનો.** | રાગ અને ત્યાગના રસ્તા નિરાળા છે. |
| **શિર સલામત તો પઘડિયાં બહોત.** | માણસ જીવંત હોય તો તેને પોષણ મળી રહે છે. |
| **શિંગડે ઝાલે તો ખાંડો ને પૂછડે ઝાલે તો બાંડો.** | દરેક રીતે વાંકું પડવું. |
| **શીરા માટે શ્રાવક થવું.** | નજીવા લાભ માટે ધર્મભ્રષ્ટ થવું. |
| **શૂળીનું દુઃખ કાંટે.** | નાની આપત્તિથી મોટી ઉપાધિ આપોઆપ દૂર થઈ જાય. |

| | |
|---|---|
| **શૂળીનો ઘા કાંટે સરવો.** | મોટું જોખમ કોઈ નાની આપત્તિથી પતી જવું. |
| **શેક્યો પાપડ ભાંગે એવા ન હોવું.** | (૧) એટલા બધા નબળા હોવું કે કાંઈ થઈ શકે નહિ.<br>(૨) શક્તિશાળી ન હોવું. |
| **શેઠ આવ્યા તો કહે નાખો વખારે.** | ઘટિત સત્કારનો અભાવ. |
| **શેઠની શિખામણ ઝાંપા લગી.** | ડાહ્યા માણસના બોધની અસર થોડો સમય જ રહે છે. |
| **શેરડી ભેગો એરંડો પાણી પીએ.** | એકની સાથે બીજું પણ લાભ પામે. |
| **શેરડીનો સાંઠો પૂંછડા લગી ગળ્યો ન હોય.** | માણસ સર્વગુણસંપન્ન નથી. |
| **શેરને માથે સવા શેર.** | દુનિયામાં એકબીજાથી બળવાન મળી આવે છે. |
| **શેરી જોઈ ચાલીએ કંથડો જોઈ મહાલીએ.** | શક્તિ પ્રમાણે કામ કે ખર્ચ કરવું; પછેડી જોઈ સોડ તાણવી. |
| **શ્રમ વગર પ્રારબ્ધ લૂલું.** | પુરુષાર્થ આગળ પ્રારબ્ધ પાંગળું છે. |
| **શ્રાદ્ધ સરાવ કે બાપ બતાવ.** | સત્ય વસ્તુ ન હોય તેને અસ્તિત્વ વિનાની ગણવી. |
| **શ્રાવણ ઊતર્યો નથી ને ભાદરવો ચડ્યો નથી.** | શરીર એવું ને એવું રહેવું. |
| **શ્વાસ ત્યાં લગી આશ.** | જીવનની છેલ્લી ક્ષણ સુધી આશા છોડવી નહિ; આશા અમર છે. |
| **સઈની સાંજ ને મોચીનું વહાણું.** | ખોટા વાયદા કરવા. |

| | |
|---|---|
| **સઈનો દીકરો જીવે ત્યાં લગી સીવે.** | (૧) બાપદાદાના ધંધાને વળગી રહે. (૨) મૃત્યુ સુધી અવિરત કામ કરતાં રહેવું. |
| **સકર્મીની જીભ ને અકર્મીના ટાંટિયા.** | નસીબદાર માણસો હુકમ કરવા ને કમનસીબ તે હુકમો ઉપાડવા સર્જાયેલા હોય છે. |
| **સગપણ ને કામ ટાળ્યાં ટળે નહીં.** | જીવન-વ્યવહાર માટે જે અનિવાર્ય છે તેને નિવારી શકાતું નથી. |
| **સગપણમાં સાઢુ ને જમણમાં લાડુ.** | જમણમાં લાડુ જેમ ઉત્તમ ગણાય છે તેમ સગપણમાં સાઢુનું સમજવું. |
| **સગા સગાની ઘોર ખોદે.** | પોતાનાં સગાં હોય એ જ ખરાબ કરે. |
| **સઘળું કરવું સહેલું, એક સત્ય પાળવું દોહેલું.** | સત્યપાલન દોહ્યલું છે. |
| **સઘળું પાછું મળે; શરીર, સહોદર ને મૂઆં માબાપ ફરી મળે નહીં.** | મનુષ્ય જીવન નાશવંત છે. |
| **સટ્ટો જરૂર બેસાડે બટ્ટો.** | જુગારી ધંધો પ્રતિષ્ઠા ઘટાડે છે. |
| **સત બરાબર તપ નહિ ને જૂઠ બરાબર પાપ નહિ.** | સાચું બોલવું એ ઉત્તમ પ્રકારનું તપ છે, જૂઠું બોલવું એ મહાપાપ છે. |
| **સતી શાપ દે નહિ ને શંખણીના લાગે નહિ.** | જે ખરેખર સતી સ્ત્રી હોય તે કદાપિ કોઈનું બૂરું ઇચ્છે નહિ અને જે બૂરું ઇચ્છે તે સતી હોય જ નહીં. |
| **સત્તરસોના સરવાળામાં ઓગણીસોની ભૂલ.** | હિસાબ વ્યવસ્થિત રાખવો નહિ-લખવો નહિ એ બરાબર નથી. |
| **સત્તા આગળ શાણપણ નકામું.** | બળવાન કે શક્તિમાન આગળ ડહાપણ નકામું છે. |

| | |
|---|---|
| **સત્યે પથ્થર તરે અસત્યે તૂંબડું પણ ડૂબે.** | સત્યનો સર્વદા વિજય થાય છે, અસત્ય નાશને નોતરે છે. |
| **સબ ઘડી ઘરકી તો એક ઘડી હરકી.** | આખો દિવસ પોતાના માટે સમય કાઢીએ તો દિવસમાં એકાદ ઘડી ઈશ્વરને માટે કાઢવી જોઈએ. |
| **સબસે બડી ચૂપ.** | મૌન શક્તિશાળી છે, શાંત રહેવાથી ફાયદો થાય છે. |
| **સમ ખાય તે સદા જૂઠો.** | વાતવાતમાં સોગન ખાય તેનો ભરોસો કરવો નહિ. |
| **સમજુ વેરી સારો પણ મૂરખ ભાઈબંધ ખોટો.** | મૂરખ મિત્ર કરતાં શાણો શત્રુ સારો. |
| **સમય અને ભરતીનાં પાણી કોઈની રાહ જોવા થોભતાં નથી.** | સમય અવિરત ગતિશીલ છે. |
| **સમુંદર તરીને ખાબોચિયામાં ડૂબ્યા.** | મોટાં સાહસ સફળતાપૂર્વક પાર પાડવાં અને નજીવા કામ કરતાં નિષ્ફળ જવું. |
| **સમુદ્ર આગળ લૂણની ભેટ.** | જેની જે ચીજવસ્તુ છે તે જ તેને આપવી. |
| **સમો વરતે સાવધાન.** | વખત જોઈ વર્તન કરવું. |
| **સરપ (સર્પ) દરમાં પાંસરો ચાલે.** | માણસ સંકટ અગર સંકડામણમાં આવ્યે સીધો ચાલે. |
| **સર્વ સાથ જે જગન્નાથ.** | જનતાનો સહકાર જગન્નાથ સમાન બળવાન છે. |
| **સવા મણ તેલે અંધારું.** | સાધનો હોવા છતાં ગેરવ્યવસ્થા હોવી. |
| **સવા મણની કોઠી ભરાય પણ સવાશેરની કોઠી ન ભરાય.** | પેટની ભૂખ સંતોષવા જીવનભર મથવું પડે. |

| | |
|---|---|
| **સવેળાએ સંઘર્યું હોય તો અવસરે આવે કામ.** | નકામી ચીજ ગણીને સંઘર્યું હોય તે પણ વખત આવ્યે કામ લાગે છે. |
| **સસરાની શૂળી સારી પણ પિયરની પાલખી ભૂંડી.** | સ્ત્રીનું સ્થાન તેના સાસરે જ શોભે. |
| **સસરાને ઘેર ઘોડો ને જમાઈને હણહણાટ.** | સસરાની સંપદાને ભોગવવા જમાઈ ઉત્સુક હોય છે. |
| **સહિયારી સાસુ ને ઉકરડે મોંકાણ.** | જે સહિયારું છે તેની દેખસંભાળ કોઈ રાખતું નથી. |
| **સહુ પોતપોતાનાં ગીત ગાય.** | સૌને પોતાની જ વાતો કરવી ગમે. |
| **સહેજે આવ્યું દૂધ બરાબર.** | સહેજમાં મળી જાય તેનું મૂલ્ય ઘણું હોય. |
| **સળગતી સગડી માથે લઈ ફરિયાદ કરવા જવું.** | બળાપા સાથે ફરિયાદ કરવી. |
| **સંગ તેવો રંગ.** | સોબતની અસર પડે છે. |
| **સંઘર્યો સાપ પણ કામમાં આવે.** | દુનિયામાં કોઈ ચીજ નકામી નથી. |
| **સંપ ત્યાં જંપ.** | સંપથી શાંતિ ને સુખ મળે છે. |
| **સંભારીને નામું લખે, ઊંટે ચડીને ઊંઘે.** | જેમ ઊંટે ચડીને ઊંઘવાથી પડવાનો ભય છે તેમ ઉધાર આપેલ વસ્તુ તરત જ ન લખવાથી ભૂલવાનો પાકો ભય છે. |
| **સાકરને કડવી કોઈ કહે નહિ.** | સારા માણસને કોઈ દુર્જન ન કહે. |
| **સાકરે મરે તેને ઝેર શું કરવા આપવું જોઈએ ?** | મીઠું બોલવાથી પતી જતું હોય તો કડવું ન કહેવું. |
| **સાગ સીસમ ને સોનું કદી ન થાય જૂનું.** | સાગ સીસમ અને સોનું ક્યારેય જૂનાં થતાં નથી. |
| **સાગરનું નીર ગાગરમાં ન સમાય.** | અતિશયપણું અને અગાધતા સાથે ન જોવા મળે. |

| | |
|---|---|
| સાચને નહીં આંચ. | સત્યનો સદા જય થાય છે. |
| સાજા ખાય અન્ન ને માંદા ખાય ધન. | બીમાર માણસ પાછળ ધન વધારે વપરાય. |
| સાજે લૂગડે થીંગડું ન હોય. | કારણ વગર કોઈ કાર્ય ન થાય. |
| સાઠ નિશાળીએ ઊંચકી મહેતાજીની સોય. | શબ્દનો કેવળ શબ્દશઃ અર્થ કરી હાસ્યાસ્પદ બનવું. |
| સાત દીકરાનો બાપ ટોપલે ઢંકાય; એક દીકરાનો બાપ ચરુએ પંકાય. | સાત દીકરાઓ દ્વારા થતાં કાર્યોથી પિતાને જે નામના મળે; એથી અધિક નામના એક દીકરાનાં કાર્યોથી બાપને મળે. |
| સાત દીકરીએ બાપ વાંઝિયો. | પુત્રી એ પારકું ધન છે. પુત્ર દ્વારા વંશવેલો જીવંત રહે છે. |
| સાત પગલાં સાથે ચાલતાં મૈત્રી-સંબંધ બંધાઈ જાય છે. | સારા માણસ સાથે થોડું પણ બેસવા-ચાલવાથી મિત્રતા થઈ જાય છે. |
| સાત સાંધે ત્યાં તેર તૂટે. | ઊપજ કરતાં ખર્ચ વધી જવું. |
| સાતમાં શૂરું ને પાંચમાં પૂરું. | ગમે તેમ ગબડે એવું. |
| સાપ કાંચળી બદલે પણ વળ ન મૂકે. | પ્રાણ અને પ્રકૃત્તિ જતી નથી. |
| સાપ કાઢતાં ઘો પેઠી. | એક મુશ્કેલી દૂર કરતાં બીજી મુશ્કેલી બેઠી. |
| સાપ ગયા ને લિસોટા રહ્યા. | કાર્ય પૂરું થઈ જાય એ પછી પણ તેના સંસ્કાર ચાલુ રહે. |
| સાપ મરે નહીં, અને લાઠી ભાંગે નહીં. | એકેને હાનિ ન થાય એમ કળથી કામ લેવું. |
| સાપના મોંમાંથી અમૃત ન નીકળે. | દુષ્ટ લોકો પાસેથી સારાની આશા ન રાખવી. |

| | |
|---|---|
| **સાપને ઘેર સાપ પરોણો જીભ ચાટીને પાછો વળાણો.** | સમાન ગુણધર્મીઓનો એકબીજા સાથે વ્યવહાર એકબીજાને અનુકૂળ હોય છે. |
| **સાપે છછુંદર ગળવું.** | કામને પૂર્ણ કરવા જતાં એવા સંજોગ ઊભા થાય કે તેને પૂર્ણ કરવામાં પણ નુકસાન અને છોડી દેવામાં પણ નુકસાન. |
| **સામાબોલી સાસરે ન સમાય.** | સામો જવાબ આપનારી વહુનું સાસરે માન રહેતું નથી. |
| **સારા કામમાં સો વિઘ્ન.** | સારું કામ કરવાનો આરંભ કરીએ ત્યારે અનેક વિઘ્નો આડાં આવે છે. |
| **સારામાં સહુનો ભાગ.** | સુખમાં સૌ ભાગ પડાવે. |
| **સારો હોય તો માટી નીકર કચરાની પાટી.** | પતિ સારો હોય તો જ સ્ત્રીને સુખ મળે, નહિતર આખું જીવન બરબાદ થઈ જાય. |
| **સાસરે સમાય નહિ ને પિયરે માય નહિ.** | ક્યાંય અનુકૂળ થઈને ન રહે તેવા સ્વભાવની સ્ત્રી. |
| **સાસુ કોઈની સાકર નહિ ને મા કોઈની ડાકણ નહીં.** | સાસુએ વહુ સાથે મીઠાશભર્યો વ્યવહાર રાખવો તથા સાસુએ વહુને માતા જેવો પ્રેમ આપવો. |
| **સાસુ ગઈ શિવરાત વહુને આવી નવરાશ.** | સાસુની ગેરહાજરીમાં વહુને સુખ. |
| **સાસુ દમે સવેળા; તો વહુ દમે કવેળા.** | સાસુ દેખતાં દુઃખ આપે તો વહુ છાની રીતે દુઃખ આપે. |
| **સાહેબ (ખુદા) મહેરબાન તો ગધ્ધા પહેલવાન.** | ઈશ્વરની કૃપા હોય તો મૂર્ખ પણ ઉત્તમતા પામી શકે છે. |

| | |
|---|---|
| **સાંભળ્યાનો સંતાપ અને દીઠાનું ઝેર.** | સાંભળવાથી અને નજરે જોવાથી દુઃખ થાય છે. |
| **સાંભળીએ જનનું ને કરીએ મનનું.** | બધાંની વાત સાંભળવી પણ આપણા મનને ઠીક લાગે તે જ કરવું. |
| **સાંકડા કપાળમાં સોળ ભમરા.** | ગરીબનું નસીબ ગરીબ. |
| **સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે.** | કલાની કદર ન કરવી. |
| **સિંહ પાંજરે પડ્યો ગરીબ.** | વિવશતા શક્તિશાળી માટે પણ દુઃખકર છે. |
| **સિંહ મરે પણ ઘાસ (ખડ) નહિ ખાય.** | ટેકીલા માણસો પોતાની ટેક કે પોતાનો સ્વભાવ ક્યારેય છોડતા નથી. |
| **સીદીભાઈનો ડાબો કાન.** | કામ કરવાની સહેલી રીત પડતી મૂકી અઘરી રીત લેવી. |
| **સીદીભાઈનો છોકરો સૌથી રૂપાળો.** | પ્રેમ અને વાત્સલ્યના લીધે પોતાનાં સંતાન રૂપાળાં લાગે. |
| **સીદીભાઈ સો મણ સાબુ ચોળે તો પણ કાળા ને કાળા.** | જે જેવું હોય તેવું જ રહે. |
| **સુખે સાંભરે સોની ને દુઃખે સાંભરે રામ.** | સુખ કે વૈભવને ભોગવતાં પ્રભુનું સ્મરણ નથી થતું. |
| **સુથારની સોડમાં ને લુહારની કોઢમાં બેસવું નહિ.** | સુથાર અને લુહાર પાસે બેસવાથી ઓજાર વાગવાનો ભય રહે છે. |
| **સુથારનું મન બાવળિયે.** | સ્વાર્થભરી નજર હોવી. |
| **સુપાત્રે દાન કુપાત્રે ધાન.** | દાન પાત્ર જોઈને અપાય. |

| | |
|---|---|
| **સૂઝ વિનાની સાસરે ગઈ ખાસડાં ખાઈ પાછી ફરી.** | મૂર્ખ, અજ્ઞાની માણસની અવદશા જ થાય છે. |
| **સૂડી વચ્ચે સોપારી.** | ધર્મસંકટ આવવું. |
| **સૂતરનો તાંતણો નથી કે તોડી નાખીએ.** | અગાધ-અતૂટ પ્રેમ-સંબંધ હોવો. |
| **સૂતા જેવું સુખ નહિ ને મૂઆ જેવું દુઃખ નહિ.** | ઊંઘ્યા કે મર્યા પછી કશી ઉપાધિ રહેતી નથી. |
| **સૂતેલા સિંહને જગાડવો નહિ.** | જાણીજોઈને જોખમ ન લેવું. |
| **સૂરજ કાંઈ છાબડે ઢાંક્યો રહે નહિ.** | જે શક્તિશાળી, પ્રતિભાશાળી અને કીર્તિવંત છે, તે વ્યક્તિ છૂપી રહી શકતી નથી. |
| **સૂરજ સામે ધૂળ નાખીએ તો આપણી જ આંખમાં પડે.** | જે સમર્થ છે, તેજસ્વી છે તેની નિંદા-કૂથલી કરીએ તો પોતાને જ નુકસાન થાય છે. |
| **સૂરત સોનાની મૂરત.** | સૂરત સમૃદ્ધ છે. |
| **સૂરતનું જમણ ને કાશીનું મરણ.** | કાશીમાં નીપજેલ મરણ સ્વર્ગ આપે છે; તેમ સૂરતમાં જમણ સ્વર્ગ સમું સુખ આપે છે. |
| **સૂવાનું મૂકી જાગવાનું વોર્યું; ઊંઘ વેચી ઉજાગરો વોર્યો.** | બિનજરૂરી મુશ્કેલી હાથે કરીને ઊભી કરવી. |
| **સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય.** | અધૂરી શક્તિ અને અપૂર્ણ સંપત્તિ હોવા છતાં પૂર્ણતાનો આડંબર કરવો. |
| **સેવા કરે તો મેવા મળે.** | જે બીજાનું ભલું કરે તેને અવશ્ય તેનું સુફળ મળે જ છે. |

| | |
|---|---|
| **સો ઉંદર મારીને બિલાડી પાટે બેઠી.** | પાપભર્યા કૃત્યો કર્યા પછી તે છુપાવવા ધર્મી થવાનો આડંબર કરવો. |
| **સો ગરણે ગળીએ ત્યારે એક વાત કરીએ.** | ખૂબ વિચાર કરી- આવશ્યક સૂચનો મેળવી-સલાહ લીધા પછી નિર્ણય કરવો. |
| **સો જજો પણ સોનો પાલનહાર ન જજો.** | ગરીબ અને દુઃખી માણસોની સેવા કરનાર લાંબું જીવજો. |
| **સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો.** | ત્રાસ અને સીતમનો બદલો લેવાની તક એક વખત મળે છે. |
| **સો મણ તેલે અંધારું.** | (૧) ઘણાં સાધન હોવા છતાં થતી ગેરવ્યવસ્થા કે બગાડ.<br>(૨) સાધન હોવા છતાં કામ સફળ ના થાય. |
| **સો સુવાવડ અને એક કસુવાવડ.** | કસુવાવડનું દુઃખ એ સો સુવાવડ કરતાં પણ અધિક છે. |
| **સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ.** | માર પડે ત્યારે જ્ઞાન આવે. |
| **સોના કરતાં ઘડામણ મોંઘું.** | વૃદ્ધાવસ્થાને જીરવવી, નિભાવવી મોંઘી છે; તે ખર્ચાળ છે. |
| **સોનાની કટારી ભેટે બંધાય; કેડે ન ખોસાય.** | અતિશય પ્રિય વ્યક્તિ સાથે ઘટિત વ્યવહાર કરવો; તેની સાથે હાનિ ભરેલો વ્યવહાર ન કરવો. |
| **સોનાની થાળી ને લોઢાની મેખ.** | અનેક સદ્‌ગુણો એક અવગુણથી ઝાંખા પડે. |

| | |
|---|---|
| **સોનું જાણી સંઘર્યું નીકળ્યું કથીર.** | માણસના મૂલ્યાંકનમાં-માણસને ઓળખવામાં ભૂલ ખાવી. |
| **સોનું જોઈએ કસી ને માણસ જોઈએ વસી.** | સુવર્ણને પારખવાની પદ્ધતિ તેના કસવામાં છે તેવી રીતે માણસની સાચી ઓળખ તેના પરિચયે થાય છે. |
| **સોનું દેખી મુનિવર ચળે.** | માયાથી મહાપુરુષોનાં મન પણ ચલિત થાય છે. |
| **સોમાં નવાણુંની ભૂલ.** | હિસાબમાં ગોટાળો. |
| **સોય પછવાડે દોરો.** | સોયને દોરો અનુસરે છે. |
| **સોળે સાન વીસે વાન વળ્યા તો વળ્યા નહિ તો પથ્થર પહાણ.** | પુખ્ત ઉંમર થવાથી પુખ્ત વિચાર બંધાય છે અને વીસ વર્ષની ઉંમર થતાં સુધીમાં શરીરનો બાંધો બંધાઈ જાય છે, પછી કાંઈ ફેરફાર થતો નથી. |
| **સોંઘું ભાડું ને સિદ્ધપુરની જાત્રા.** | મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું; ઓછા ખર્ચે યાત્રા જેવું પુણ્ય રળવું. |
| **સૌ ગયાં સગેવગે વહુ રહ્યાં ઊભે પગે.** | વહુને આનંદ-પ્રમોદથી વંચિત રાખવી. |
| **સૌ સારું જેનું છેવટ સારું.** | જીવનપર્યંત સૌની સાથે સારો સંબંધ રાખ્યો હોય તેનું અંતમાં સારું જ થાય છે. |
| **સૌ સૌના ઘરનાં શેઠ.** | માણસ પોતાના ક્ષેત્રમાં હકૂમત ચલાવી શકે. |
| **સૌ સૌને તુંબડે તરે છે.** | દરેક પોતાની શક્તિ અનુસાર સફળતા મેળવી શકે છે. |
| **સૌનું થશે તે વહુનું થશે.** | આપત્તિ કે સંકટ સમયે કોઈ એક વ્યક્તિ વિશે ન વિચારવું; સમૂહનું વિચારવું. |

| | |
|---|---|
| **સ્થાન પ્રધાન; બળ નહિ પ્રધાન.** | મહિમા માણસનો નહિ; પણ માણસના સ્થાનનો છે. માન ગાદીને છે, ગાદી ઉપર બેસનારને નહિ. |
| **સ્મશાનવૈરાગ્ય સ્મશાનમાં જ રહે.** | ક્ષણિક જ્ઞાન. |
| **સ્વપ્નાનાં સુખદુઃખ જાગતાં સુધી.** | સ્વપ્ન-સૃષ્ટિ વાસ્તવિક નથી. |
| **સ્વાર્થ આગળ પરમાર્થ આંધળો.** | પોતાનો જયાં સ્વાર્થ દેખાય ત્યાં પરમાર્થને સ્થાન રહેતું નથી. |
| **હક્કનું હશે તો તકે આવશે.** | સૌને સૌના પ્રારબ્ધ અનુસાર સુખ-દુઃખ મળે છે. |
| **હક્કનું પચે; હરામનું ન પચે.** | નીતિનું ધન વપરાય અને અનીતિનું એળે જાય. |
| **હજાર કામ મૂકીને નહાવું ને સો કામ મૂકીને ખાવું.** | જીવન માટે સ્નાન અને અન્ન જરૂરી. |
| **હજી તો દૂધિયા દાંત છે.** | બિનઅનુભવી હોવું. |
| **હજી તો પગ ભોંયે અડ્યા નથી.** | દુનિયાના અનુભવથી અજાણ હોવું. |
| **હથિયાર કરતાં હિંમત વધે.** | હિંમત વિના વિજય હાંસલ થતો નથી. |
| **હથેળીનો ગોળ જ્યારે ખાવો હોય ત્યારે ખવાય.** | પોતાની પાસે જે વસ્તુ હાજર હોય તે જ ઉપયોગમાં આવે. |
| **હનુમાન હડીઓ કાઢે ને ભૂત ભૂસકા મારે.** | ઘરમાં ખાવાનું ન હોવું; આર્થિક સ્થિતિ ખરાબ હોવી. |
| **હમ બી રાણી; તુમ બી રાણી કોણ ભરે બેડે પાણી ?** | બધા શેઠ થાય તો કામ કોણ કરે ? |
| **હર દરદની દવા; દોઢડાહ્યાની દવા નહીં.** | જે સમજુ છે તેને ભૂલ સમજાવીએ તો તે સુધારે; પરંતુ મૂરખને સમજાવો તો પણ તે સમજી શકતો નથી. |

| | |
|---|---|
| **હરામનું ખાવું ને મસીદમાં સૂવું.** | આળસુ પડી રહેવું. |
| **હરામનો માલ પચે નહિ.** | પ્રામાણિક કમાણી ભોગવવી. |
| **હરિગુણ ગાતી ને હૈયામાં કાતી.** | નામ ભગવાનનું લે પણ કામ શેતાનનું કરે. |
| **હલકી ગાલ્લી વધારે દોડે.** | જેને માન મોભાનું અભિમાન છે તે વધુ સ્ફૂર્તિથી -સફળતાથી કામ કરે. |
| **હલકું લોહી હવાલદારનું.** | નાના માણસને માથે દોષ આવે. |
| **હલાવી ખીચડી ને લડાવી દીકરી.** | ખીચડીને રાંધતી વેળાએ હલાવવાથી તે સીઝતી નથી; એટલે હલાવવાથી ખીચડી બગડે; તેમ દીકરીને લાડ લડાવવાથી તે કેળવી શકાતી નથી. |
| **હવનમાં હાડકું.** | શુભ કાર્યમાં વિઘ્ન નાખવું. |
| **હવે પાછલાં બારણાં કેમ લીધાં ?** | પાછલે બારણેથી-છાનામાનાં-નાસી છૂટવું. |
| **હવેલી જોઈ ઝૂંપડું પાડી ન નખાય.** | કોઈનો વાદ થાય નહિ. |
| **હવેલી લેતાં ગુજરાત ખોઈ.** | વગર વિચાર્યું પગલું ભરવાથી પરિણામ સારું આવતું નથી. |
| **હસે તેનું ઘર વસે.** | આનંદમાં રહેવાથી જીવન સમૃદ્ધ બને છે. |
| **હશે તેનું જશે.** | જેની પાસે કંઈક હશે તેનો વ્યય થશે. |
| **હસવામાંથી ખસવું થવું.** | મજાક કરવા જતાં માઠું પરિણામ આવવું. |
| **હસવું ને લોટ ફાકવો સાથે બને નહિ.** | એકસાથે બે કામ ન કરી શકાય. |

| | |
|---|---|
| **હસ્યાં તેનાં વસ્યાં અને રોયાં તેનાં ખોયાં.** | આવેલી પરિસ્થિતિને આનંદથી વધાવવી ને આનંદ સાથે કાર્ય પરિપૂર્ણ કરવું; સંજોગોનો પડકાર ઝીલવાને બદલે જે રોદડાં રડે છે તે કંઈ પામી શકતું નથી. |
| **હંસ ગયા ને બગલા રહ્યા.** | અસલ વસ્તુ જતી રહી ને નકલી વસ્તુ રહી. |
| **હંસની ચાલ ચાલવા જતાં કાગડો પોતાની ચાલ ભૂલ્યો.** | નકલ ન કરવી. |
| **હા અને નાને વેર છે.** | (૧) મતમતાંતર હોવા.<br>(૨) કહેવાથી ઊલટું જ કરવું. |
| **હાકેમ બદલાય; પણ હુકમ ન બદલાય.** | સત્તાધારી વ્યક્તિ બદલાય પણ ખુરશી નહીં. |
| **હાજર સો હથિયાર.** | અણીને વખતે હાથ પર હોય તે જ ઉપયોગી બને. |
| **હાડ હસે ને લોહી તપે.** | આનંદ અને ગુસ્સો બંને સાથે હોવાં. |
| **હાડિયાના મનને હસવું ને દેડકાના પ્રાણ જાય.** | એકને મન ગમ્મત બીજાને મન પ્રાણ જાય- તકલીફ. |
| **હાથ ચાંપ્યે કંઈ પેટ ન ભરાય.** | કોઈ વસ્તુ માટે વ્યર્થ વલખાં મારવાથી તે પ્રાપ્ત થતી નથી. |
| **હાથ ભરે પણ તસુ ન ફાડે.** | નિરર્થક દેખાવ કર્યા કરવું. |
| **હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.** | પોતાની ભૂલનો પોતે ભોગ બનવું. |
| **હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા.** | પસ્તાવા કરતાં જાતે કરી લેવું સારું. |
| **હોઠ સાજા તો ઉત્તર ઝાઝા.** | વાણીશક્તિ હોય તો ગમે ત્યારે તેનો ઉપાય કરી શકાય. |

# પરિશિષ્ટ - ૧

## રૂઢિપ્રયોગ તરીકે કેટલાંક વ્યક્તિવિશેષ - પાત્રો

| પાત્ર | ધ્વનિત અર્થ |
|---|---|
| ગણપતિ | કાર્ય આરંભ કર્યો સૂચવવા. |
| ગણેશ | દુંદાળું- મોટું પેટ અને સૂક્ષ્મ દૃષ્ટિ સૂચવવા. |
| રંગલો | ભવાઈમાં રજૂ થતું પ્રથમ પાત્ર; મશ્કરો |
| નંગ | મૂર્ખતા કે ખંધાઈ સૂચક શબ્દ-ઉદા., "વાહ ! તમે તો નંગ છો !" |
| રાધા | પ્રેમિકા |
| ભદ્રંભદ્ર | દરેક આચરણમાં ધર્મશાસ્ત્રનું આડંબર સાથે અવલંબન, વાણી અને વર્તનમાં કૃત્રિમ રીતે શાસ્ત્રોનું અનુકરણ કરનાર એક પાત્ર (રમણભાઈ નીલકંઠ રચિત હાસ્યનવલ "ભદ્રંભદ્ર"નું એક પાત્ર) |
| અડવો | ભવાઈનું એક પાત્ર, જે તર્કરહિત અને અવિચારી સાહસો કરે છે. સાહસને નામે હાસ્યાસ્પદ વર્તન કરતી વ્યક્તિ માટે પ્રાયોજિત |
| ઢ | અણઆવડતવાળી વ્યક્તિ |
| દુર્વાસા | અતિક્રોધ ધરાવતી વ્યક્તિ |
| અગસ્ત્ય | લાંબા ને ન પાળવાના એવા ખોટા વાયદા કરનાર વ્યક્તિ |

| | |
|---|---|
| ભીષ્મ | દૃઢ ને મહાન પ્રતિજ્ઞાનું પાલન કરનાર |
| ભગીરથ | પ્રબળ પુરુષાર્થ કરનાર |
| પનોતી | જ્યોતિષમાં શનિની દશા; પડતી દશા જ્યોતિષશાસ્ત્રમાં શનિનો ગ્રહ હાનિકારક બને એ સમય |
| અક્કલનો બારદાન | મૂર્ખ માણસ |
| ઝોડ | "ઝોડ" એટલે ભૂત-પ્રેતનો વળગાડ, જે વ્યક્તિનો અભિગમ વળગાડ જેવો ત્રાસજનક હોય તેને માટે પ્રયોજાતો શબ્દપ્રયોગ |
| ખાખરાની ખિસકોલી | બિનઅનુભવી અને સીમિત શક્તિવાળી વ્યક્તિ |
| બગભગત | ઠગ ભગત |
| ઘરકી મુરઘી | અત્યંત વિદ્વાન કે કુશળ, પણ પોતાના વિસ્તારમાં કંઈ જ કિંમત ન હોય |
| ઊંટવૈદ | માણસની દવા કરવાની લાયકાત વગરનો લેભાગુ વૈદ |
| ધોબીનો કૂતરો | ઠામઠેકાણા વગરની રખડતી વ્યક્તિ |
| ગંજીનો કૂતરો | ખાય નહીં ને ખાવા દે નહીં એવો અદેખો માણસ |
| રાવણ | મિથ્યા અભિમાનનું પ્રતીક |
| ઘાંચીનો બળદ | એક જ ઘરેડમાં કામ કૂટનાર |
| બારમો ચંદ્રમા | દુશ્મનાવટ વ્યક્ત કરવા યોજાતો શબ્દપ્રયોગ |

| | |
|---|---|
| **સુરદાસ** | "અંધજન" માટે વપરાતો શબ્દપ્રયોગ |
| **પ્રજ્ઞાચક્ષુ** | "અંધજન" માટે વપરાતો શબ્દપ્રયોગ |
| **દાધારંગું** | ઠેકાણા વગરનું, ગાંડા જેવું |
| **બીકણ બિલાડી** | ખૂબ બીકણ વ્યક્તિ |
| **મખ્ખીચૂસ** | કંજૂસ |
| **છછુંદર** | અત્યંત તુચ્છ વ્યક્તિ |
| **શેખચલ્લી** | કપોલકલ્પિત વિચારો કરનાર, હવાઈકિલ્લા બાંધનાર |
| **મગતરું** | તુચ્છ, અપમાનસૂચક શબ્દપ્રયોગ |
| **હંસલો** | આત્મા, જીવ |
| **મહમદ તઘલખ** | અવ્યવહારુ અને તરંગી વ્યક્તિ |
| **અમીચંદ** | વિશ્વાસઘાત કરનાર, દેશદ્રોહી |
| **મંથરા** | કાનભંભેરણી કરનાર અને કાવતરાખોર સ્ત્રી, દગો-પ્રપંચ જેવા કરતૂત કરનાર સ્ત્રી |
| **કુબ્જા** | કાળી-કૂબડી, બેડોળ સ્ત્રી |
| **હિડિમ્બા** | કદાવર, સ્થૂલ અને બિહામણી સ્ત્રી |
| **તાડકા** | અતિશય ઊંચી સ્ત્રી |
| **ત્રિશંકુ** | અધવચ્ચે લટકી રહેવું તે, નહીં અહીંનું નહીં ત્યાંનું એવી સ્થિતિ |
| **છાપેલું કાટલું** | નામચીન |
| **ચમચો** | ખુશામત કરનાર વ્યક્તિ |
| **કડછો** | બુદ્ધિ ચલાવ્યા વિના આડેધડ કામ કરનાર વ્યક્તિ |

| | |
|---|---|
| **રબ્બર સ્ટેમ્પ** | પોતાનું મૌલિક વ્યક્તિત્વ ન હોય અને બીજાના આદેશ પ્રમાણે કામ કરતી વ્યક્તિ |
| **ગુંદરિયો** | માન કે અપમાનની તમા રાખ્યા વિના ચિટકી રહેનાર |
| **કુંભકર્ણ** | ઊંઘણશી વ્યક્તિ |
| **રાજા હરિશ્ચંદ્ર** | રાજા હરિશ્ચંદ્ર સત્યનો એક આદર્શ છે, પરંતુ સત્યનું પાલન નહિ કરનાર માટે વ્યંગમાં યોજાતો રૂઢિપ્રયોગ |
| **શ્રવણ** | પિતૃભક્ત પુત્ર |
| **નારદ** | એક પક્ષને કંઈ અને બીજા પક્ષને તેથી કંઈક જુદું જ કહી બંને પક્ષોને લડાવી મારનાર |
| **સતી સીતા** | (૧) સતીત્વનો આદર્શ<br>(૨) સતી ન હોય તેવી સ્ત્રી માટે વ્યંગમાં વપરાતો પ્રયોગ |
| **શકુની** | મુત્સદીગીરી અને ખંધાઈભર્યું નકારાત્મક વ્યક્તિત્વ |
| **રાજા રામ** | (૧) આદર્શ પતિ<br>(૨) કલ્યાણ રાજ્યના શાસક |
| **ઘંટ** | કોઈથી છેતરાય નહિ. અનુભવે ઘડાયેલી પરંતુ પોતાની શક્તિઓને અન્યને છેતરવામાં ઉપયોગ કરે તેવી વ્યક્તિ |
| **ગુરુ ઘંટાલ** | પાક્કો-ધૂર્ત અથવા ઉસ્તાદ |

| | |
|---|---|
| લુખ્ખો | કંઈ જ કમાતો ન હોય, પરંતુ દાદાગીરી કરી પૈસા પડાવતો હોય એવો સફેદ ગુંડો |
| કાગડો | કટુ વચન બોલનાર, લુચ્ચાઈ અને નકારાત્મક ચતુરાઈનું પ્રતીક |
| વૃકોદર | ખાઉધરો |
| દિલ્હીનો શાહુકાર | મોટો ઠગ |
| ભૂખડી બારસ | (૧) ખાઉં ખાઉંની દાનતવાળું<br>(૨) કંગાલ |
| કડકો | ખિસ્સે તદ્દન ખાલી |
| પોઠિયો | ચમચાગીરી કરનાર |
| અપ્સરા | રૂપવતી સ્ત્રી, રૂપાળી સ્ત્રી |
| દીવડી | ગૃહિણી માટેનો શબ્દપ્રયોગ |
| માંડવો | 'બાળકીનો જન્મ થયો છે' એવું જણાવવા થતો શબ્દપ્રયોગ |
| બાબરો ભૂત | દેખાવમાં બિહામણી વ્યક્તિ |
| મદનિયું | ઠીંગણી તથા શરીરે સ્થૂળ વ્યક્તિ |
| મરચું | સ્વભાવે અત્યંત ઉગ્ર |
| ભામાશા | સ્વદેશ માટે તમામ મિલકત ન્યોચ્છાવર કરનાર આદર્શ વ્યક્તિ |
| કાર્ટૂન | દેખાવે અને વર્તને હાસ્ય પેદા કરે તેવી વ્યક્તિ |
| દોઢડાહ્યો | વર્તનમાં ડહાપણનો અતિરેક કરનાર વ્યક્તિ |

| | |
|---|---|
| **બલિનો બકરો** | કોઈના કૂડા કરતૂતનો ભોગ બનતી વ્યક્તિ |
| **ગાડાનો બેલ** | વ્યવહારનો સઘળો બોજ પોતાને શિરે લે અને અન્ય સભ્યો તાગડધિન્ના કરે એવી વ્યક્તિ |
| **અંગૂઠા છાપ** | નિરક્ષર; અભણ |
| **જૂનો જોગી** | અનુભવી |
| **છૂપો રુસ્તમ** | પ્રકાશમાં-જાહેરમાં ખાસ ન આવ્યો હોય એવો કલાકાર, કસબી કે ઉસ્તાદ |
| **સહદેવી જોશી** | પૂછ્યા વિના ઉત્તર ન આપે તેવી વ્યક્તિ |
| **પ્યાદું** | કોઈ પ્રપંચમાં નિમિત્ત બનનાર વ્યક્તિ |
| **કુહાડીનો હાથો** | કોઈનું ખરાબ કરવામાં કોઈનું સાધન બનનાર |
| **કોડાફાડ** | આખાબોલી કડવાબોલી વ્યક્તિ |
| **મુસાભાઈ** | ખર્ચ કર્યા પછી, તેના પૈસા ચૂકવે નહિ ને હાથ ઊંચા કરે તેવી વ્યક્તિ |
| **રાજાનો સાળો** | વહીવટમાં ગેરલાભ લેનાર વ્યક્તિ |
| **દશમો ગ્રહ** | કનડગત કરનાર જમાઈ માટે આ શબ્દપ્રયોગ થાય છે. |
| **તિસમારખાં** | બડાશખોર, શેખી મારનાર વ્યક્તિ |
| **પોપાંબાઈ** | શિથિલ રાજ્યકર્તા |
| **બલા** | (૧) આફત |
| | (૨) વણઆમંત્રિત મહેમાન |
| **લલ્લુ** | મૂર્ખ વ્યક્તિ |

| | |
|---|---|
| **ચારસો વીસ** | ઠગ, દગાબાજ, ધૂર્ત |
| **કોઈનો લાડકવાયો** | શહીદ |
| **પાંચમી કતારિયો** | દેશદ્રોહી વ્યક્તિ |

•

# પરિશિષ્ટ : ૨

## કહેવત તરીકે કેટલાંક કવિત અને સૂત્રો

(‘કહેવત’ મહદ અંશે સૂત્રાત્મક કથનો છે, પરંતુ આપણા લોકસાહિત્યમાં એવી ઘણી પદ્યરચના છે, જે સ્વરૂપે મુક્તક, સુભાષિત, જોડકણું કે દુહા સાખીઓના સ્વાંગમાં વિલસે છે. જનસમુદાયમાં આ રચનાઓ આજપર્યંત જીવંત છે તેના અનેક કારણોમાંનું એક કારણ તેમની કાવ્ય-પ્રવાહિતા છે. આવી કેટલીક રચનાઓ અહીં રજૂ કરી છે.)

(૧)

પહેલું સુખ તે જાતે નર્યા,
બીજું સુખ તે ઘેર દીકરા,
ત્રીજું સુખ તે કોઠીએ જાર,
ચોથું સુખ તે સુલક્ષણી નાર.

(૨)

શાક બગડ્યું તેનો દિવસ બગડ્યો,
અથાણું બગડ્યું તેનું વરસ બગડ્યું,
જુવાની બગડી તેનું જીવતર બગડ્યું
દીકરો બગડ્યો તેનું કુળ બગડ્યું.

(૩)

કડી ઉપર તાળું નહિ ને લાડુ ઉપર વાળુ નહિ,
ડગલા ઉપર શાલ નહિ ને બખ્તર ઉપર ઢાલ નહિ,
મઠને ખેતર માળો નહિ, ઉંદરનો ઉચાળો નહિ,
ઘેલીને ગવાળો નહિ, કુંવારાને સાળો નહિ,
બ્રાહ્મણને ઘેર પાળો નહિ, નાગર બચ્ચો કાળો નહિ,
ચાટવામાં ફાડ નહિ ને ઘરજમાઈને લાડ નહિ.

(૪)

પંથવર ભાંગે હાડ, બીજવર લડાવે લાડ;
ત્રીજ વર કલ્લી સાંકળાં, ચોથ વર મરણ લાકડાં.

(૫)

એક ગોરીનો નાવલો, હીંડે જાણે કળાયેલ મોર,
બે ગોરીને નાવલો, હીંડે જાણે હરાયું ઢોર.

(૬)

એક નૂર આદમી, હજાર નૂર કપડાં;
લાખ નૂર જેવર, કરોડ નૂર નખરાં.

(૭)

મહેમાન, માગણ ને મહીપતિ, ચોથી ઘરની નાર;
એ આપ્યા વિણ ખસે નહિ, કહે : 'લાવ ને લાવ';

(૮)

જમીન, જોરુ ને જર, એ ત્રણ કજિયાનાં ઘર.
શિંગ, ડોડી ને પોપટો, એ ત્રણ જાતનાં અનાજ.
ફૂંક, માર ને ઘસરકો, એ ત્રણ જાતનાં વાજિંત્ર.
ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય, એ ત્રણ જાતનાં ખેલ.
ફરતું, ચરતું ને તરતું, એ ત્રણ જાતનાં વાહન.
ધાર, અણી ને ધુબાકો, એ ત્રણ જાતનાં હથિયાર.

(૯)

જોશી, ડોશી ને વટેમાર્ગુ, એ ત્રણ ફોગટિયાં.
વૈદ, વેશ્યા ને વકીલ, એ ત્રણ રોકડિયાં.

(૧૦)

વગે પીરસણું, વગે ન્યાય, વગ ન હોય તે પાછો જાય;
વગે વાવણાં, વગે કૂવા, વગ વિનાના કુંવારા મૂઆ.

(૧૧)

ઝાડ વંઠ્યું જે બગલું બેઠું, કાયા વંઠી જે કાળિયું પેઠું
કૂવો વંઠ્યો કબૂતર બેઠું, ઘર વંઠ્યું જે ભગતડું પેઠું.

(૧૨)

પારકો કાગળ, પારકી લેખણ
પારકી શાહી, મતુ કરે મારા માવજીભાઈ

(૧૩)

વાંઢાને વલોણું નહિ ને વેશ્યાને વગોણું નહિ.
હથેળીમાં વાળ નહિ ને ગધેડાને ગાળ નહિ.
ચાડિયાને શરમ નહિ ને અઘોરીને ધરમ નહિ.
સંતને તંત નહિ ને સાધુજનને સ્વાદ નહિ.

(૧૪)

જેનો જેવો ઢંગ, તેનો તેવો રંગ
ચંદન ધોઈ માછલી, પણ છૂટી નહિ ગંધ.

(૧૫)

રાગ, પાગ ને પારખું, નાડી ને વળી ન્યાય
તરવું, તાંતરવું ને તરસ્યું, એ આઠે આપ કળાય

(૧૬)

અક્કલ ઉધારે ન મળે, હેત ન હાટ વેચાય;
રૂપ ઉછીનું ના મળે, પ્રીત પરાણે ન થાય.

(૧૭)

અંધાને અંધો કહીએ, કડવું લાગે વેણ;
ધીરે રહીને પૂછીએ : શેને ખોયાં નેણ ?

(૧૯)

આંબે મોર ને લાખે લેખાં, જાતે દા'ડે કાંઈ ન દેખા.

(૨૦)

ઉદ્યમ તો સૌ આદરે, પામે કર્મ પ્રમાણ;
કર્મીને હીરા જડે, અકર્મીને પહાણ.

(૨૧)

કમાય થોડું ને ખરચે ઘણું,
પહેલો મૂરખ એને ગણું.

(૨૨)

કરવી ખેતી તો જોડ ગાડું,
કરવી વઢવાડ તો બોલ આડું.

(૨૩)

પારકા ઘેર પરોણા ત્યારે આભામંડળ;
પોતાના ઘેર પરોણા ત્યારે બાઘામંડળ.

(૨૪)

દાઢમાં ખટકે કાંકરો, કણું ખટકે ને'ણ.
વચન ખટકે ઉરમાં, ગયાં ખટકે સે'ણ.

(૨૫)

સદા ન જોબન સ્થિર રહે, સદા ન લક્ષ્મી ગેહ.
જોબન ચલ સંસાર ચલ, ચલ વૈભવ ચલ દેહ.

(૨૬)

ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, ગુણ, જ્ઞાન;
બુદ્ધિ સહિત વિદ્યા ઘટે, ચિંતા ચિતા સમાન.

(૨૭)

વાતે રીઝે વાણિયો, રણે રીઝે રજપૂત;
બ્રાહ્મણ રીઝે લાડવે, બાકળે રીઝે ભૂત.

(૨૮)

પીરની માનતા મુજાવર વધારે.
શેઠનું માહાત્મ્ય ગુમાસ્તા વધારે.
દેવનું માહાત્મ્ય પૂજારી વધારે.

(૨૯)

મન મેલાં, તન ઊજળાં, બગલાં કપટી અંગ;
તેથી તો કાગા ભલા, તનમન એક જ રંગ.

(૩૦)

ચાતક, ચકવા, ચતુર નર, નિશદિન ફરે ઉદાસ;
ખર, ઘુવડ ને મૂરખ જન, સુખે સૂએ નિજ વાસ.

(૩૧)

બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું;
સૂતેલાનું દીસે સૂતું, ચાલે ભાગ્ય ચલંતનું.

(૩૨)

વિપત પડે ન વલખીએ, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજીએ, ઉદ્યમ વિપતને ખાય.

(૩૩)

સિંહમૂછ, ભોરિંગમણિ, કરપી ધન, સતી નાર;
જીવતાં પરકર નવ ચઢે, ત્યમ ક્ષત્રી તલવાર.

(૩૪)

તારાના તેજમાં ચંદ છૂપે નહિ, સૂર્ય છૂપે નહિ વાદળછાયો;
રણચઢ્યો રજપૂત છૂપે નહિ, દાની છૂપે નહિ જાચક આયો.

(૩૫)

વા ફરે, વાદળ ફરે, ફરે નદીનાં પૂર;
શૂરા બોલ્યા ના ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂર.

(૩૬)

કોયલડી ને કાગ વાને વરતાયે નહિ;
જીભલડીમાં જવાબ સાચું સોરઠિયો ભણે.

(૩૭)

ચીલે ચીલે ગાડી ચલે, ચીલે ચલે કપૂત;
પણ એ ચીલે નવ ચલે, ઘોડા, સિંહ, સપૂત.

(૩૮)

કાયા છે માટી સમી, ઘડીએ તેમ ઘડાય;
કાંચન એ ત્યારે બને, જેમ કસોટી થાય.

(૩૯)

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

(૪૦)

વિદ્યા પુસ્તકમાં અને પરકબજામાં ધન;
ભીડ પડે કામ ના'વે એ વિદ્યા ને ધન.

(૪૧)

સગપણ કે સ્નેહમાં દેણા લેણા દામ;
અંતે હેત રહે નહિ, કરજો જોઈને કામ.

(૪૨)

વેર, વ્યસન, વૈભવ ને વ્યાજ;
વહાલાં થઈ કરશે તારાજ.

(૪૩)

શેરીમિત્રો સો મળે, તાળીમિત્ર અનેક;
જેમાં સુખદુઃખ પામીએ, તે લાખોમાં એક.

(૪૪)

ધન, જોબન ને ઠાકરી, તે ઉપર અવિવેક
એ ચારે ભેગાં થયાં, અનરથ કરે અનેક.

(૪૫)

ઘેલી માથે બેડલું, મરકટ કોટે હાર,
જુગારી ગાંઠે ગર્થ, તે ટકે કેટલી વાર.

(૪૬)

પીંપળપાન ખરંતાં હસતી કુંપળિયાં,
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

(૪૭)

મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ખેડતાં, એને નહિ સાંધો, નહિ રેણ.

(૪૮)

વિદ્યા વપરાતી ભલી, વહેતાં ભલાં નવાણ,
અણછેડ્યા મૂરખ ભલા, છેડ્યાં ભલાં સુજાણ.

(૪૯)

આક મૂળનું દાતણ કરે, નરણા હરડે ખાય;
દૂધે વાળુ જે કરે, તે ઘરે વૈદ્ય ન જાય.

(૫૦)

આંખે ત્રિફળા દાંતે લૂણ, પેટ ન ભરીએ ચારે ખૂણ;
અને જમીને ડાબે પડખે સૂએ, તે ઘરે વૈદ્ય ન જાય.

(૫૧)

કુણી કુણી કાકડી ને ભાદરવાની છાશ,
તાવ સંદેશો મોકલે આજ આવું કે કાલ.

(૫૨)

સૂંઠ, સંચળ ને કાંચકો, જે ખાય તેને ન આવે આંચકો.

(૫૩)

ખાવું તો તોળી-તોળી, પીવું તો ઘોળી-ઘોળી;
સૂવું તો રોળી-રોળી, એ ઓસડ ને એ ગોળી.

(૫૪)

વીજળી થઈ ઈશાની, ને રૂપિયાની કોથળી વિસારી.

(૫૫)

દિવસે કરે વાદળાં, રાતે કાઢે તારા;
ખરે બપોર છાંટા, એ અગનોતરાના ચાળા.

(૫૬)

રોહણ વાય અને મૃગસર તપે, તો રાજા પીડાય અને પ્રજા ખપે.

(૫૭)

અગર બળતાં ગુણ કરે, ને સુખડ વાસંતાં,
શૂરા હોય તે રણે ચડે, ને કાયર ભાગંતા.

(૫૮)

કડવી વેલકી  કડવી તુંબડિયા, સડસઠ તીરથ ફિરકે આઈ;
ગંગા નાહી ગોમતી નાહી, તો ભી ન મીટી કડવાઈ.

(૫૯)

ઠાઠ, તિલક ઔર મધુરી બાની; દગાબાજકી યહી નિશાની.

(૬૦)

સમો સમો બળવાન, નહિ પુરુષ બળવાન.
કાબે અર્જુન લૂંટિયો; વહી ધનુષ વહી બાણ.

(૬૧)

અબે તબેકા સોલ હી આના, અઠેકઠેકા બાર;
ઈકડં તિકડં આઠ હી આના, શું શાં પૈસા ચાર.

●

# સંદર્ભ ગ્રંથસૂચિ


૧. **કહેવત માળા-ભાગ-૧, ભાગ-૨**
જમશેદજી નશરવાનજી પીતીત

૨. **ભગવદ્ ગો-મંડળ (ભાગ-૧ થી ૯)**
સંપાદન : મહારાજા ભગવતસિંહ (ગોંડલ નરેશ)
(પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ)

૩. **બૃહદ કહેવત કથાસાગર**
લેખક : અરવિંદ નર્મદાશંકર શાસ્ત્રી
(પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ)

૪. **નીતિશિક્ષણ**
લેખક : આનંદશંકર ધ્રુવ
(વડોદરા રાજ્ય પ્રકાશન)

૫. **ગુજરાતી કહેવતસંગ્રહ**
લેખક : સ્વ. આશારામ દ. શાહ

૬. **કહેવતો**
લેખક : શાંતિલાલ ઠાકર
(સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય)

૭. **કહેવતો-કથાનકો**
લેખક : સ્વામી પ્રણવતીર્થજી
(શ્રી સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા)

૮. **કહેવતો : એમનું ઐક્ય અને સામ્ય**
લેખિકા : રંભાબહેન ગાંધી
(મુખ્ય વિક્રેતા : આર. આર. શેઠની કંપની, મુંબઈ)

૯. **ગુજરાતી કહેવતો**
લેખક : દામુભાઈ મહેતા

૧૦. **રૂઢિપ્રયોગ કોશ**
ભોગીભાઈ ભીખાભાઈ ગાંધી

૧૧. **ગૂજરાતી સાર્થ જોડણીકોશ-ગૂજરાત વિદ્યાપીઠ**